# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ -રાજ્યશાસ્ત્ર
PSCM 102 / PSCS 102
PSCMJ 102 / PSCMN 201
સરકારી તંત્ર વ્યવસ્થા
(મુખ્ય તથા ગૌણ)










# બંધારણનો પરિચય

1

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે, જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ !

કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**સંપાદન:**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**વિષય સમિતિ:**

| | |
|---|---|
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ.પુષ્પાબહેન મોતિયાની | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**વિષય સલાહકાર સમિતિ( PAC):**

| | |
|---|---|
| ડૉ. દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા. |
| ડૉ.ગજેન્દ્રસિંહ પી. જાડેજા | એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, એમ.કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ. હેમાબહેન જીકાદરા | એસોસિએટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર , ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી,વડોદરા. |

**લેખન:**

| | |
|---|---|
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| ઉર્વિકા એસ. પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |


પ્રકાશક: ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ISBN: "978-93-89456-23-3"

પ્રકાશન વર્ષ : 2020

# વિભાગ 01
## બંધારણનો પરિચય

**એકમ : 1**
**બંધારણ - 1** 5

**એકમ : 2**
**બંધારણ - 2** 13

## વિભાગ 01

# બંધારણનો પરિચય

સરકારી તંત્રવ્યવસ્થા પેપર નંબર **02** ના વિભાગ **01** માં બે એકમો છે. જેમાં બંધારણની ચર્ચા કરવામાં આવી છે.

એકમ : **1** બંધારણ – **1** માં બંધારણનો અર્થ અને વ્યાખ્યા સમજાવવામાં આવી છે. આદર્શ બંધારણના લક્ષણો જેવા કે બંધારણ લિખિત અને સંક્ષિપ્ત હોવું જોઈએ, બંધારણ દેશની પરિસ્થિતિને અનુકુળ હોવું જોઈએ, મૂળભૂત હક્કોને સ્થાન હોવું જોઈએ, બંધારણમાં અંતિમ અર્થઘટન અંગેની સ્પષ્ટતા હોવી જોઈએ, વગેરેથી તમે પરિચિત બનશો.

એકમ : **2** બંધારણ - **2** માં એરીસ્ટોટલનું બંધારણીય વર્ગીકરણ સમજાવવામાં આવ્યું છે. સાર્વભૌમ સત્તા કેટલી વ્યક્તિ પાસે છે? તેનો ઉપયોગ પ્રજા હિતમાં થાય તો તેનું શુદ્ધ સ્વરૂપ ક્યાં નામે ઓળખાય છે? સત્તાનો દૂર ઉપયોગ થાય તો તે સરકારનું વિકૃત સ્વરૂપ ક્યાં નામે ઓળખાય છે? આ સમગ્રની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત આધુનિક વર્ગીકરણ જેમાં લિખિત બંધારણ અને અલિખિત બંધારણ, સુપરીવર્તનશીલ બંધારણ અને દુષ્પરીવર્તનશીલ બંધારણનો સમાવેશ થાય છે. તેની ચર્ચા કરવામાં આવી છે. મોન્તેસ્કના સત્તા વિભાજનના સિદ્ધાંતને આ એકમમાં સમજાવવામાં આવ્યો છે.

એકમ ૧

# બંધારણ – ૦૧

## રૂપરેખા


૧.૦ ઉદ્દેશો

૧.૧ પ્રસ્તાવના

૧.૨ બંધારણ : અર્થ અને વ્યાખ્યા

૧.૩ આદર્શ બંધારણનાં લક્ષણો

- ૧.૩.૧ બંધારણ લિખિત હોવું જોઈએ.
- ૧.૩.૨ બંધારણ સંક્ષિપ્ત છતાં મુદ્દાસર અને સ્પષ્ટ જોગવાઈઓ ધરાવતું હોવું જોઈએ.
- ૧.૩.૩ બંધારણ જે તે દેશની પરિસ્થિતિઓને અનુકૂળ હોવું જોઈએ.
- ૧.૩.૪ પ્રજાનાં મૂળભૂત હક્કોને બંધારણમાં સ્થાન મળવું જોઈએ.
- ૧.૩.૫ બંધારણ સમયને અનુરૂપ પરિવર્તનશીલ તથા સુધારાઓનો અવકાશ ધરાવતું હોવું જોઈએ.
- ૧.૩.૬ બંધારણમાં આદર્શોને સ્થાન તથા દેશ-સમાજના લાંબાગાળાના પરિવર્તનના સંકલ્પોવાળું હોવું જોઈએ.
- ૧.૩.૭ બંધારણમાં વ્યવહારિકતા અને વાસ્તવિકતાનો સમન્વય થયેલો હોવો જોઈએ.
- ૧.૩.૮ બંધારણનાં અંતિમ અર્થઘટન અંગેની સ્પષ્ટતા હોવી જોઈએ.

૧.૪ સારાંશ

૧.૫ ચાવીરૂપ શબ્દો

૧.૬ તમારી પ્રગતિ ચકાસો

૧.૭ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

૧.૮ સંદર્ભ સૂચિ


## ૧.૦ ઉદ્દેશો

વિદ્યાર્થી મિત્રો આ એકમનાં અભ્યાસથી તમે નીચે મુજબની સમજ પ્રાપ્ત કરશો.

- બંધારણ એટલે શું ? તે જાણી શકશો.
- બંધારણની વ્યાખ્યા અને સમજૂતીનાં આધારે આદર્શ બંધારણની ખાસિયતો સમજી શકશો.

## ૧.૧ પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો સ્વાભાવિક છે કે તમને સૌ પ્રથમ પ્રશ્ન એવો થાય કે બંધારણ એટલે

શું ? વિજ્ઞાન વિષયમાં માનવીનાં શરીર બંધારણની વાત તમે સ્કૂલનાં અભ્યાસમાં ભણી ચૂક્યા હશો. તો આ બંધારણ કયું ? માનવ સમૂદાયે પોતાની સલામતી, જાનમાલનું રક્ષણ તથા સુખાકારીમાં વધારો કરવા માટે રાજ્યનું સર્જન કર્યું છે. રાજ્ય અને બંધારણને શું સંબંધ છે ? તે બન્ને એકબીજા સાથે કઈ રીતે સંકળાયેલા છે ? શું બંધારણ હોવું જરૂરી છે? આ પ્રશ્નોનાં જવાબોની સમજ આપણે આ એકમમાં મેળવીશું. આ એકમમાં બંધારણ એટલે શું ? તેનો ઉદ્ભવ-વિકાસ કઈ રીતે થયો ? આદર્શ બંધારણના કેવા લક્ષણો હોય છે, આ સમગ્રની ચર્ચા આપણે કરીશું.

## ૧.૨ બંધારણ : અર્થ અને વ્યાખ્યા

આધુનિક સમયમાં બંધારણ શબ્દનો પ્રયોગ સામાન્ય બની ગયો છે. જ્યારે એક ચોક્કસ ભૌગોલિક વિસ્તાર ધરાવતા દેશમાં વસેલો માનવ સમુદાય જીવન જરૂરિયાતની પ્રાથમિક સેવાઓ ઉપરાંત પોતાના સર્વાંગી વિકાસ માટેની તકો ઈચ્છતો હોય ત્યારે રાજ્ય માટે પોતાના દેશના નાગરિકોની આકાંક્ષાઓને પૂરી કરવાનું કાર્ય કરવાનું હોય છે. બંધારણ શબ્દનો ઉપયોગ જ્યારે રાજ્યનાં સંદર્ભમાં કરવામાં આવે છે ત્યારે તે વિશિષ્ટ અર્થ ધરાવે છે. બંધારણ એટલે દેશના એવા કાયદાઓ કે નીતિ-નિયમોનો સમૂહ જેના માધ્યમથી સરકાર પોતાની સત્તાનો ઉપયોગ કરે છે અને પ્રજા કલ્યાણના કાર્યો કરે છે. રાજ્યનાં સ્વરૂપને મૂળભૂત રીતે રજૂ કરનાર મૂળભૂત સિદ્ધાંતોને બંધારણ તરીકે ઓળખવામાં આવે છે. દરેક દેશના સરકારીતંત્રને સુયોગ્ય અને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે ચોક્કસ પ્રકારનાં નિયમો અને વ્યવસ્થાની જરૂર પડે તે સ્વાભાવિક છે. બંધારણમાં સરકારની શાખાઓની રચના કઈ રીતે થશે ? તેની સત્તાઓ કઈ-કઈ છે ? તેના અંગો ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચેના આંતરસંબંધો કેવા પ્રકારનાં હશે? લોકોના અધિકારો કેવી રીતે સુરક્ષિત કરાયા છે ? આ સમગ્ર બાબતોની વિગત બંધારણમાં જણાવેલ હોય છે. દરેક દેશે બંધારણનો લગભગ સ્વીકાર કરેલો હોવાથી આજની સદીને બંધારણવાદ અથવા બંધારણશાહી તરીકે ઓળખવામાં આવે છે.

**વ્યાખ્યા :** જુદા-જુદા વિદ્વાનોએ બંધારણની જુદી-જુદી વ્યાખ્યા આપી તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

૧. **ડાયસી**

"રાજ્યનાં જે કાયદાઓ અને રૂઢિઓ દ્વારા રાજકીય સમાજનું માળખું નિશ્ચિત થાય છે તથા વ્યક્તિ અને રાજ્યની સંસ્થાઓ વચ્ચેનાં આંતર સંબંધો કેળવાય છે તેને બંધારણ કહે છે."

૨. **ગિલક્રિસ્ટ**

"જે નિયમોનો સમૂહ સરકારનાં વ્યવસ્થાતંત્ર અને તેની શાખાઓ વચ્ચે સત્તાની વહેંચણી તથા તેના અમલ માટેનાં સામાન્ય સિદ્ધાંતો દર્શાવે છે તેને બંધારણ કહે છે."

૩. **લાસ્કી**

"દરેક સુવ્યવસ્થિત રાજ્યને બંધારણ હોય છે અને તે કાનૂની આદેશો ઘડવાની અંતિમ પદ્ધતિઓ નક્કી કરે છે."

ઉપરોક્ત વ્યાખ્યાઓને આધારે બંધારણ અંગે નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.

**I આધુનિક સમયમાં લગભગ દરેક દેશ માટે બંધારણ અનિવાર્ય છે.**

**II બંધારણ એક એવો મૂળભૂત કાયદો છે જે રાજ્યનું સંચાલન કરે છે.**

**III સરકારે બંધારણ મુજબ વર્તવાનું છે. બંધારણ સરકારને સત્તા પણ આપે છે સાથે નિયંત્રણ પણ રાખે છે.**

**VI બંધારણ કાયદા માટે, કાયદા દ્વારા અને કાયદાથી વ્યવસ્થિત થયેલું રાજકીય સમાજનું માળખું છે.**

**V કાયદાઓનો અને નીતિ નિયમોનો સમૂહ એટલે બંધારણ.**

## ૧.૩ આદર્શ બંધારણનાં લક્ષણો

જેવી રીતે આદર્શ વ્યક્તિ, આદર્શ સંસ્થા, આદર્શ નેતા, આદર્શ પિતા, આદર્શ સંતાન, આદર્શ શિક્ષકના લક્ષણો હોય છે તેમ એક આદર્શ બંધારણ કેવું હોવું જોઈએ તેનો પણ વિચાર કરવામાં આવ્યો છે. આદર્શ બંધારણની લાક્ષણિકતાઓ નીચે મુજબ સમજીએ.

**૧.૩.૧ બંધારણ લિખિત હોવું જોઈએ.**

**૧.૩.૨ બંધારણ સંક્ષિપ્ત છતાં મુદ્દાસર અને સ્પષ્ટ જોગવાઈઓ ધરાવતું હોવું જોઈએ.**

**૧.૩.૩ બંધારણ જે તે દેશની પરિસ્થિતિઓને અનુકૂળ હોવું જોઈએ.**

**૧.૩.૪ પ્રજાનાં મૂળભૂત હક્કોને બંધારણમાં સ્થાન મળવું જોઈએ.**

**૧.૩.૫ બંધારણ સમયને અનુરૂપ પરિવર્તનશીલ તથા સુધારાઓનો અવકાશ ધરાવતું હોવું જોઇએ.**

**૧.૩.૬ બંધારણમાં આદર્શોને સ્થાન તથા દેશ-સમાજના લાંબાગાળાના પરિવર્તનના સંકલ્પોવાળું હોવું જોઇએ.**

**૧.૩.૭ બંધારણમાં વ્યવહારિકતા અને વાસ્તવિકતાનો સમન્વય થયેલો હોવો જોઈએ.**

**૧.૩.૮ બંધારણનાં અંતિમ અર્થઘટન અંગેની સ્પષ્ટતા હોવી જોઈએ.**

વિદ્યાર્થીઓ હવે આપણે ઉપરોક્ત લાક્ષણિકતાઓનો વિગતવાર અભ્યાસ કરીશું.

### ૧.૩.૧ બંધારણ લિખિત હોવું જોઈએ :

કેટલાક દેશના બંધારણો લિખિત હોય છે તો કેટલાક દેશના બંધારણો અલિખિત પણ જોવા મળે છે. દા.ત. ઈંગ્લેન્ડનું બંધારણ અલિખિત છે. જયારે ભારતનું બંધારણ લિખિત છે. લિખિત બંધારણને દસ્તાવેજી બંધારણ તરીકે પણ ઓળખવામાં આવે છે. લિખિત બંધારણ એટલે બંધારણમાં સમાવિષ્ટ જોગવાઈઓ અને વિગતો લિખિત સ્વરૂપે આપવામાં આવી હોય તેને લિખિત બંધારણ કહે છે. બંધારણના ઘડતર અને અમલીકરણમાં રૂઢિઓ અને પ્રણાલિકાઓનો ફાળો ખૂબ અગત્યનો હોય છે. પરંતુ આદર્શ બંધારણ તેને જ કહી શકાય કે દરેક અગત્યની બાબતો દસ્તાવેજ સ્વરૂપે અમલમાં હોય. લિખિત બંધારણ હોવાથી સરકાર મન ફાવે તે રીતે વર્તન કરી શકતી નથી અને બંધારણની જોગવાઈઓ સરકાર પર એક પ્રકારનું નિયંત્રણ ધરાવે છે. વળી, પ્રજામાં પણ બંધારણનાં ઉમદા ખ્યાલો અંગે સ્પષ્ટ સમજ કેળવાય છે સંદિગ્ધતા દૂર થાય છે.

### ૧.૩.૨ બંધારણ સંક્ષિપ્ત છતાં મુદ્દાસર અને સ્પષ્ટ જોગવાઈઓ ધરાવતું હોવું જોઈએ.

એવું જરૂરી નથી કે બંધારણમાં નાનામાં નાની બાબતો ઝીણવટપૂર્વક રજૂ કરવામાં આવી હોય. પરંતુ વિસ્તૃત બંધારણ ગૂંચવાડો ઊભું કરે તેવી શકયતા નકારી શકાય

નહિ. માટે આદર્શ બંધારણ એ છે કે જે ટૂંકું હોય અને જરૂરી લાગતા મુદ્દાઓની છણાવટ ક્રમિક રીતે પરંતુ સ્પષ્ટ ભાષામાં થયેલી હોય. સારા બંધારણની એક આવશ્યકતા તેની સ્પષ્ટતા પણ છે. સ્પષ્ટતાનાં સંદર્ભમાં ભાષાકીય સ્પષ્ટતાનો પણ સમાવેશ થાય છે. દ્વિઅર્થી ભાષા કે અર્થઘટનનાં પ્રશ્નો ઊભા કરે તેવી ભાષાના પ્રયોગને ટાળે એવું બંધારણ હોય તે અપેક્ષિત છે. બંધારણમાં સરકારી તંત્રવ્યવસ્થાનાં અગત્યનાં સિદ્ધાંતો કે જોગવાઈઓનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે થયેલો હોવો જોઈએ. એ બાબત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે બંધારણ એટલું પણ સંક્ષિપ્ત ન હોય કે સરકારની કોઈ શાખા કે અંગ વિશે પૂર્ણ સ્પષ્ટતા જ ન હોય. અમેરિકાનું બંધારણ માત્ર સાત કલમોનું છે. જ્યારે ભારતનું બંધારણ અતિવિસ્તૃત છે. ટૂંકમાં, બંધારણ ખૂબ નાનું પણ ન હોવું જોઈએ અને અતિવિસ્તૃત પણ ન હોવું જોઈએ.

**૧.૩.૩ બંધારણ જે – તે દેશની પરિસ્થિતિઓને અનુકૂળ હોવું જોઈએ.**

દરેક દેશની સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક, પર્યાવરણીય, આધ્યાત્મિક, નૈતિક પરિસ્થિતિઓ અલગ-અલગ હોય છે. દરેક દેશની સરકારનો પ્રકાર પણ અલગ હોય છે. દરેક દેશના પ્રશ્નો અને સમસ્યા પણ અલગ-અલગ હોય છે. એટલા માટે આદર્શ બંધારણ એ છે કે જે પોતાના દેશની પરિસ્થિતિઓને અનુકૂળ આવે એ પ્રકારનું હોય. જરૂરી નથી કે કોઈ એક દેશના બંધારણે સ્વીકારેલી અને સફળ થયેલી બાબત અન્ય દેશના બંધારણ માટે યોગ્ય જ પુરવાર થાય. દરેક દેશનું કદ અને વસ્તી પણ અલગ છે. માનવ મિજાજ પણ ધ્યાને લેવો ઘટે. દરેક દેશના લોકોની સમજ અને દેશની આબોહવા પણ અસરકારક પરિબળો હોય છે. જે દેશની પ્રજા માટે બંધારણ ઘડવાનું છે તે પ્રજામાં શિક્ષણનું પ્રમાણ કેવું છે ? લોકોની જાગૃતિનું પ્રમાણ કેટલું છે? લોકો બંધારણને સમજીને સ્વીકારી શકે તેવી બુદ્ધિ ક્ષમતા ધરાવે છે ? તે બાબતોનો ખૂબ ઊંડાણપૂર્વક વિચાર કરેલો હોવો જોઈએ. કારણ કે જે દેશનું બંધારણ તે દેશની પરિસ્થિતિઓને અનુકૂળ ન હોય તો તે ગમે તેટલું સારું હોવા છતાં પણ સફળ પુરવાર નથી થતું.

**૧.૩.૪ પ્રજાના મૂળભૂત હકોને બંધારણમાં સ્થાન મળવું જોઈએ.**

કોઈ પણ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે મૂળભૂત હકો પાયાની આવશ્યકતા છે. આધુનિક દેશોનાં બંધારણોમાં પ્રજાના મૂળભૂત હક્કોને બંધારણમાં જ સ્થાન મળે તે જરૂરી છે. અહીં એ બાબત પણ ખૂબ જરૂરી છે કે માત્ર અધિકારોને બંધારણમાં સ્થાન આપી દેવાથી વાત પૂરી થતી નથી પરંતુ અધિકારોના ભંગ બદલ તેના રક્ષણની ખાતરી આપતી જોગવાઈઓનો ઉલ્લેખ પણ આદર્શ બંધારણમાં થયેલો હોવો જોઈએ. દેશમાં શાસનનો ગમે તે પ્રકાર અમલમાં હોય પરંતુ લોકો માટે અતિઆવશ્યક એવા મૂળભૂત હક્કોને જો બંધારણમાં જ સ્થાન આપવામાં આવ્યું હશે તો પ્રજા ઉપર જુલ્મ કે ત્રાસ ગુજારી શકવાના અવકાશો ઊભા નહીં થાય.

**૧.૩.૫ બંધારણ સમયને અનુરૂપ પરિવર્તનશીલ તથા સુધારાઓનો અવકાશ ધરાવતું હોવું જોઈએ.**

કોઈ પણ દેશનું બંધારણ જયારે ઘડવામાં આવે છે ત્યારે તે સમયની પરિસ્થિતિઓનો પ્રભાવ સૌથી વધુ તેની ઉપર પડે તે સ્વાભાવિક છે. કાળક્રમે બંધારણમાં સમાવિષ્ટ હોય તેવી બાબતોની પ્રસ્તુતતા વિચારવી જોઈએ. બંધારણમાં સમયને અનુરૂપ થઈને ફેરફાર કરવાની જોગવાઈઓ હોવી જોઈએ. માનવ વસતીમાં વધારો થતા જરૂરિયાતો પણ બદલાય છે. લોકોની બંધારણ પ્રત્યેની આકાંક્ષાઓમાં પણ ફેરફાર થાય છે. આદર્શ બંધારણ એ છે કે જે પોતાની સ્થિરતા જાળવી રાખીને પરિવર્તન સ્વીકારે. જો આમ ન બને તો દેશમાં ક્રાંતિ થવાની શક્યતા પણ રહે છે. બંધારણ અતિ કડક પણ ન

હોવું જોઈએ અને ખૂબ લવચીક પણ ન હોવું જોઈએ કે ગમે ત્યારે ગમે તે ફેરફાર કરી શકાય. સ્થિતિસ્થાપકતાનો મધ્યમ માર્ગ અપનાવી શકાય તે પ્રકારના બંધારણનું ઘડતર થયેલું હોવું જોઈએ. આ પ્રકારનું બંધારણ દીર્ઘજીવી અને વિકસિત બંધારણ બને છે.

### ૧.૩.૬ બંધારણમાં આદર્શોને સ્થાન તથા દેશ-સમાજના લાંબાગાળાના પરિવર્તનના સંકલ્પોવાળું હોવું જોઈએ.

કોઈ પણ દેશનું બંધારણ તે દેશના લોકોનું પ્રતિબિંબ પાડે છે. દેશનું બંધારણ આદર્શવાળું હોય તે ખૂબ જરૂરી છે. અહીં આદર્શોનો અર્થ એટલે એવા મૂલ્યો જે લોકકલ્યાણ માટે આવશ્યક હોય. સમતા, ન્યાય, બંધુત્વ, બિનસાંપ્રદાયિક્તા, સમાજવાદ, ઉદારમતવાદ જેવા આદર્શોને બંધારણમાં સ્થાન હોવું જોઈએ. જો કે બંધારણ માત્ર આદર્શોથી જ ભરપૂર હોય એ પણ પૂરતું નથી. સાથે વ્યવહારિક પણ હોવું જોઈએ. ખાસ કરીને લોકશાહી દેશના બંધારણમાં આદર્શોને સ્થાન આપવામાં આવેલું હોય છે. દા.ત. ભારતના બંધારણમાં રાજયનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેમાં ઉચ્ચ આદર્શોને સ્થાન આપવામાં આવ્યું છે. જો કે તેનો અમલ રાજય માટે ફરજિયાત વિષય નથી આમ છતાં આદર્શ પ્રસ્થાપિત કરતાં આ નીતિદર્શક સિદ્ધાંતો છેવટે તો જે તે દેશની સંસ્કૃતિને ઉજાગર કરે છે. જેના દ્વારા નવા રાજકીય સમૂહનું નિર્માણ તથા તેની ભાવિ પેઢીમાં સંસ્કારિતાનું સિંચન થાય છે અને બંધારણ પ્રત્યેની ભાવના દઢ થાય છે.

### ૧.૩.૭ બંધારણમાં વ્યવહારિકતા અને વાસ્તવિકતાનો સમન્વય થયેલો હોવો જોઈએ.

બંધારણની જોગવાઈ વ્યવહારિક અમલમાં સરળ હોવી જોઈએ. કોઈપણ દેશનું બંધારણ સંપૂર્ણ હોતું નથી. આમ છતાં શકય તેટલી બાબતોને આવરી લે તે પ્રકારનું બંધારણ આદર્શ બંધારણ ગણાય છે. માત્ર સિદ્ધાંતો અને નિયમોના ઉલ્લેખથી જ બંધારણની સર્વોપરિતા પ્રસ્થાપિત થતી નથી. બંધારણની જોગવાઈઓ આજથી ૨૦ કે ૩૦ વર્ષ પછી વ્યવહારિક રહેશે ? તે બાબતનો વિચાર કરીને ઘડવામાં આવેલું બંધારણ વાસ્તવિક્તા સાથે કદમ મિલાવીને ચાલી શકે છે. સમય અને સંજોગ મુજબ ઉપસ્થિત થતા પ્રશ્નો સામે ટકી શકે છે અને પરિસ્થિતિઓનો વ્યવહારું ઉકેલ સંભવ બનાવી શકે છે.

### ૧.૩.૮ બંધારણના અંતિમ અર્થઘટન અંગેની સ્પષ્ટતા હોવી જોઈએ.

કોઈ પણ દેશનું બંધારણ તેના ઘડવૈયાઓ દ્વારા ભલે ગમે તેટલી કાળજી રાખીને ઘડવામાં આવ્યું હોવા છતાં તેમાં કયાંક કોઈક કચાશ કે ઊણપ રહી જાય તે સ્વાભાવિક અને સહજ છે. બંધારણની કોઈ જોગવાઈઓ કે કલમો કે કલમોના કોઈ શબ્દોનાં અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે તેનું અર્થઘટન કોણ કરશે તેની સ્પષ્ટ જોગવાઈ કરેલી હોય તે એક આદર્શ બંધારણની ખૂબ અગત્યની લાક્ષણિકતા છે.

## ૧.૪ સારાંશ

કોઈ પણ દેશનું બંધારણ જે તે સમયની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઘડવામાં આવતું હોય છે. બંધારણની રચના માટેનાં ઘણા હેતુઓ હોય છે જેમાં મર્યાદિત સરકારની રચના, સર્વોપરી કાયદાનો સ્વીકાર, રાજકીય આદર્શોની સ્થાપના, નાગરિકોને અધિકારોની સ્પષ્ટતા, જાનમાલના રક્ષણની ખાતરી આપવી, સામાજિક-આર્થિક પરિવર્તન માટેના અહિંસક માર્ગ તરીકે તેનું ઘડતર થાય છે. આદર્શ બંધારણ એ છે કે જેમાં આદર્શોને સ્થાન આપવામાં આવ્યું હોય આમ છતાં તે વ્યવહારિક અને વાસ્તવિક હોય. આધુનિકતા સાથે તાલ મિલાવી શકે તેવું તાર્કિક અને વૈજ્ઞાનિક અભિગમથી રચાયેલું બુદ્ધિગમ્ય બંધારણ

સમયની સાથે ચાલી શકે છે. આદર્શ બંધારણ લિખિત સ્વરૂપે હોય તો સરકાર કે તેની શાખાઓ કાર્યક્ષેત્ર તથા અપાયેલી સત્તા અંગે દ્વિધા અનુભવતી નથી. ચોકસાઈ અને સ્પષ્ટતા એ આદર્શ બંધારણની અગત્યની લાક્ષણિકતા છે. આદર્શ બંધારણ કાયમી, દીર્ઘજીવી અને પરિવર્તનશીલ હોય છે. તે સર્વગ્રાહી અને સર્વવ્યાપક હોય છે. કોઈ પણ દેશનું બંધારણ લઘુકદનું કે ખૂબ વિશાળકદનું ન હોવું જોઈએ. પ્રજાના મૂળભૂત હક્કો તથા ફરજોને સ્થાન મળેલું હોવું જોઈએ. બંધારણમાં સમતા, ન્યાય, સમાજવાદ, ઉદારમતવાદ, બિનસાંપ્રદાયિકતા, સમાનતા, સ્વતંત્રતા જેવા આદર્શોને સ્થાન હોવું જોઈએ. જેથી સમરસ સમાજની રચનામાં નાગરિકોને બળ પૂરું પાડે. આ સાથે એ પણ જરૂરી છે કે બંધારણનું છેવટનું અર્થઘટન કોણ કરશે ? બંધારણમાં સમાવિષ્ટ બાબતો, જોગવાઈઓ કે કલમો કે શબ્દોનાં અર્થઘટનનો પ્રશ્ન થાય ત્યારે તેના અંતિમ અર્થઘટનની જોગવાઈનો પણ ઉલ્લેખ થયેલો હોય તે આદર્શ બંધારણની અગત્યની લાક્ષણિકતા છે. આમ છતાં દરેક દેશની પરિસ્થિતિ અને જરૂરિયાતોને અનુરૂપ ઘડવામાં આવેલું બંધારણ આદર્શ બંધારણ ગણાય છે.

## ૧.૫ ચાવીરૂપ શબ્દો

- **બંધારણ** : કાયદાઓ અને નીતિનિયમોનો દસ્તાવેજ અથવા મહાગ્રંથ.
- **આદર્શ બંધારણ** : એવું બંધારણ જેમાં બંધારણ કેવું હોવું જોઈએ તેના તમામ અપેક્ષિત અને ઈચ્છનીય લક્ષણો જણાવેલ હોય.
- **લિખિત બંધારણ** : જે બંધારણ દસ્તાવેજી સ્વરૂપે આપવામાં આવ્યું હોય. જેની કલમો કે જોગવાઈઓ લિખિત સ્વરૂપે બંધારણમાં દર્શાવવામાં આવી હોય તેને લિખિત બંધારણ કહેવામાં આવે છે.

## ૧.૬ તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

૧. "રાજ્યનાં જે કાયદાઓ અને રૂઢિઓ દ્વારા રાજકીય સમાજનું માળખું નિશ્ચિત થાય છે તથા વ્યક્તિ અને રાજ્યની સંસ્થાઓ વચ્ચેનાં આંતર સંબંધો કેળવાય છે તેને બંધારણ કહે છે." આ વ્યાખ્યા બંધારણશાસ્ત્રી ડાયસીની છે.

૨. કાયદાઓ અને નીતિનિયમોનો સમૂહ એટલે બંધારણ.

૩. સરકારે બંધારણ મુજબ વર્તન કરવાનું હોય છે.

૪. કોઈ પણ દેશનું બંધારણ જે તે દેશની પરિસ્થિતિઓ, જરૂરિયાતો અને સંજોગોને અનુરૂપ હોય છે.

૫. બંધારણ લિખિત હોય તે આદર્શ બંધારણની લાક્ષણિકતા નથી.

**(ખ) નીચે આપેલા બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ આપો.**

**(૧) આદર્શ બંધારણની લાક્ષણિકતા છે કે તે ..................................**

(અ) પરિવર્તનશીલ હોય

(બ) અપરિવર્તનશીલ હોય
(ક) સંદિગ્ધ હોય
(ડ) સમય મર્યાદિત હોય

**(૨) આદર્શ બંધારણ એ છે જેમાં બંધારણનાં અંતિમ અર્થઘટનની સ્પષ્ટતા ........................**

(અ) ન હોય
(બ) સ્પષ્ટતા હોય
(ક) તટસ્થ
(ડ) કહેવાય નહિ.

**(૩) ................................ ને આદર્શ બંધારણમાં સ્થાન હોવું જોઈએ.**

(અ) મૂળભૂત અધિકારોને
(બ) સરમુખત્યારશાહીને
(ક) માત્ર ફરજોને
(ડ) સામાજિક રૂઢિઓ તથા પરંપરાને

**(૪) લિખિત બંધારણને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?**

(અ) દસ્તાવેજી બંધારણ
(બ) બિનદસ્તાવેજી બંધારણ
(ક) સુપરિવર્તનશીલ બંધારણ
(ડ) દુષ્પરિવર્તનશીલ બંધારણ

**(૫) આદર્શ બંધારણનાં લક્ષણો છે ................................**

(અ) બંધારણમાં વ્યવહારિકતા અને વાસ્તવિકતાને સ્થાન
(બ) આદર્શોને સ્થાન
(ક) સંક્ષિપ્ત, મુદ્દાસર અને સ્પષ્ટ
(ડ) ઉપરોક્ત ત્રણેય

**(ગ) નીચે આપેલા પ્રશ્નનો વિગતવાર જવાબ આપો.**

**૧. બંધારણ એટલે શું ? આદર્શ બંધારણની લાક્ષણિકતાઓનું વિગતવાર વર્ણન કરો.**

..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................
..................................................................

## ૧.૭ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(ક) ખરાં-ખોટાનાં જવાબો.**

૧. ખરું

૨. ખરું

૩. ખરું

૪. ખરું

૫. ખોટું

**(ખ) બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ.**

૧. પરિવર્તનશીલ હોય

૨. સ્પષ્ટતા હોય

૩. મૂળભૂત અધિકારોને

૪. દસ્તાવેજી બંધારણ

૫. ઉપરોક્ત ત્રણેય

## ૧.૮ સંદર્ભ સૂચિ


૧. પાઠક અને પંડયા :'રાજ્યશાસ્ત્રનો પરિચય' ભાગ-૨, અનડા બુક ડીપો, અમદાવાદ, આઠમી આવૃત્તિ, ૧૯૯૩

૨. બ્રહ્મભટ્ટ આર. ડી. :'રાજ્યતંત્ર' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૭૩

૩. શુકલ ગજેન્દ્ર બી. :'રાજ્યશાસ્ત્ર' અતુલ પ્રકાશન, અમદાવાદ. ૨૦૦૭-૦૮

એકમ ૨

# બંધારણ – ૦૨

## રૂપરેખા


૨.૦ ઉદ્દેશો

૨.૧ પ્રસ્તાવના

૨.૨ એરિસ્ટોટલનું બંધારણીય વર્ગીકરણ

  ૨.૨.૧ ટીકા

૨.૩ આધુનિક વર્ગીકરણ

  ૨.૩.૧ લિખિત બંધારણ

  ૨.૩.૨ અલિખિત બંધારણ

  ૨.૩.૩ સુપરિવર્તનશીલ બંધારણ

  ૨.૩.૪ દુષ્પરિવર્તનશીલ બંધારણ

૨.૪ મોન્તેસ્કનો સત્તા વિભાજનનો સિદ્ધાંત

  ૨.૪.૧ મહત્ત્વ અને મર્યાદાઓ

૨.૫ સારાંશ

૨.૬ ચાવીરૂપ શબ્દો

૨.૭ તમારી પ્રગતિ ચકાસો

૨.૮ સંદર્ભ સૂચિ

૨.૯ તમારી પ્રગતિ ચકાસોના જવાબો


## ૨.૦ ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીમાં નીચેની બાબતો અંગે સમજ કેળવાશે.

- એરિસ્ટોટલે આપેલ બંધારણીય વર્ગીકરણની સમજૂતી પ્રાપ્ત કરશે.
- વિદ્યાર્થીઓ આધુનિક વર્ગીકરણ અંતર્ગત નીચેના મુદ્દા મુજબ સમજૂતી પ્રાપ્ત કરશે.
  - ★ લિખિત બંધારણ
  - ★ અલિખિત બંધારણ
  - ★ સુપરિવર્તનશીલ બંધારણ
  - ★ દુષ્પરિવર્તનશીલ બંધારણ
- સત્તા વિભાજનનાં સિદ્ધાંતની સમજૂતી પ્રાપ્ત થશે.

## ૨.૧ પ્રસ્તાવના

જ્યારે સરકારી તંત્રવ્યવસ્થાનો તમે અભ્યાસ કરતાં હોય ત્યારે એરિસ્ટોટલનાં બંધારણીય વર્ગીકરણને સમજ્યા વગર આગળનો અભ્યાસ અધૂરો ગણાય. એરિસ્ટોટલ રાજ્યશાસ્ત્રનાં પિતા છે. તેમણે ગ્રીસનાં ૧૫૮ બંધારણોનો અભ્યાસ કર્યો હતો. આધુનિક સમયમાં સરકારોનાં વિવિધ વર્ગીકરણને સમજવાનું ત્યારે જ શક્ય બને છે જ્યારે એરિસ્ટોટલ દ્વારા સૂચવેલ બંધારણીય વર્ગીકરણ આપણે સમજીએ. આ એકમમાં આપણે આધુનિક વર્ગીકરણોની સમજૂતી પણ પ્રાપ્ત કરીશું. મોન્ટેસ્ક દ્વારા આપવામાં આવેલો સત્તા વિભાજનનો સિદ્ધાંત શું છે ? આ સમગ્રની સમજૂતી મેળવીએ.

## ૨.૨ એરિસ્ટોટલનું બંધારણીય વર્ગીકરણ

બંધારણીય વર્ગીકરણ પ્રાચીન સમયમાં સાર્વભૌમ સત્તા કેટલી વ્યક્તિ પાસે છે તે આધારે કરવામાં આવતું હતું. એરિસ્ટોટલે આ વર્ગીકરણમાં સાર્વભૌમ સત્તાધારીની નીતિમત્તા ઉપર ભાર આપ્યો છે. સંખ્યાના આધારે જ નહીં પરંતુ સાર્વભૌમ સત્તાધારી વ્યક્તિ પોતાની સત્તાનો ઉપયોગ કેવી રીતે કરે છે તે બાબતનો ઉલ્લેખ કરીને બંધારણનું વર્ગીકરણ રજૂ કર્યું છે. એરિસ્ટોટલ દ્વારા જે બંધારણીય વર્ગીકરણ રજૂ કરવામાં આવ્યું છે તેમાં બે બાબતો ખૂબ અગત્યની છે.

૧. **રાજ્યમાં સત્તા ધરાવનાર વ્યક્તિની સંખ્યા.**

૨. **સરકારનું શુદ્ધ કે વિકૃત સ્વરૂપ તેના ઉદ્દેશ પર આધારિત છે એટલે કે તેનો ઉપયોગ કોના હિતમાં થાય છે તે તપાસવું.**

એરિસ્ટોટલે પોતાનાં ખૂબ જ પ્રચલિત પુસ્તક 'પોલિટીક્સ'માં આ બંધારણીય વર્ગીકરણની સમજૂતી આપેલ છે. તુલનાત્મક પદ્ધતિથી તેમણે આ વર્ગીકરણનો અભ્યાસ કરી પ્રસ્તુત કરેલ છે જે આ પ્રમાણે છે :

ટેબલ ૧

| **સાર્વભૌમ સત્તા કેટલી વ્યક્તિ પાસે છે ?** | **સાર્વભૌમ સત્તાનો ઉયોગ પ્રજાના હિતમાં થાય તેવી શુદ્ધ સ્વરૂપ ધરાવતી સરકાર** | **સત્તાનો દૂરઉપયોગ થાય કે પોતાના સ્વાર્થ માટે તો સરકારનું વિકૃત સ્વરૂપ** |
|---|---|---|
| એક | રાજાશાહી (મોનાર્કી) | જુલ્મશાહી (ટીરેની) |
| અમુક | કુલીનશાહી (એરિસ્ટોક્સી) | ઈજારાશાહી (ઓલિગાર્કી) |
| ઘણા પાસે | બંધારણીય લોકશાહી (પોલિટી) | ટોળાશાહી (ડેમોક્સી) |

**I** સાર્વભૌમ સત્તા જો કોઈ એક વ્યક્તિ પાસે હોય અને એ ધારણ કરનાર શાસક પોતાની સત્તાનો ઉપયોગ પ્રજાના હિતમાં કરતો હોય તો તેનું શુદ્ધ સ્વરૂપ રાજાશાહી સરકાર તરીકે ઓળખાય છે. પરંતુ જો તે રાજા સત્તાનાં નશામાં પોતાની વિવેકબુદ્ધિને ત્યાગીને સત્તાનો દૂર ઉપયોગ કરવા લાગે અથવા તો પોતાનાં સ્વાર્થ માટે કરે તો તે જુલ્મશાહી સરકારનું વિકૃત સ્વરૂપ ધારણ કરે છે.

**II** જુલ્મશાહીની પરિસ્થિતિ લાંબા સમય સુધી રહેતી નથી. એક સમય એવો આવે છે જ્યારે અમુક લોકો સાર્વભૌમ સત્તા ધારણ કરે છે. જે કુલીનશાહી તરીકે ઓળખવામાં આવે છે. જેમાં કેટલાક લોકો સાર્વભૌમ સત્તાનો સમાજ અને પ્રજાકલ્યાણના હિતમાં ઉપયોગ કરે છે. સમય જતાં તેનું વિકૃત સ્વરૂપ ઈજારાશાહી તરીકે બહાર આવે છે. ચોક્કસ લોકોનો ઈજારો સ્થપાતા લોકો કંટાળી જાય છે.

**III** ઈજારાશાહીની સ્થિતિમાંથી બહાર આવવા માટે સાર્વભૌમ સત્તા ઘણા લોકો પાસે આવે છે. જેનું શુદ્ધ સ્વરૂપ બંધારણીય લોકશાહી (પોલિટી) તરીકે ઓળખાય છે. બંધારણીય લોકશાહી શબ્દને **'કોન્સ્ટીટ્યુશનલ ડેમોક્રસિ'** કહેવામાં આવે છે.

**VI** એરિસ્ટોટલે જણાવેલ આ ચક્ર ક્રમિક રીતે ચાલ્યા જ કરે છે. દરેક સરકારનો પ્રકાર સાર્વભૌમ સત્તાના દુરુઉપયોગને કારણે વિકૃત બને છે અને એ વિકૃત સરકારમાંથી ફરી સારી સરકારની સ્થાપના થાય છે. એરિસ્ટોટલના મતે સરકારો ચક્રની જેમ પરિવર્તન પામે છે. રાજાશાહીમાંથી જુલ્મશાહી, જુલ્મશાહીમાંથી અમીરશાહી, અમીરશાહીમાંથી ઈજારાશાહી, ઈજારાશાહીમાંથી બંધારણીય લોકશાહી,લોકશાહીમાંથી ટોળાશાહી અવિરત રીતે આ ચક્ર ચાલ્યા જ કરે છે.

### ૨.૨.૧ ટીકા

એરિસ્ટોટલના આ બંધારણીય વર્ગીકરણની આલોચકો દ્વારા કેટલીક ટીકા પણ કરવામાં આવી છે. જેમકે તેઓ રાજય અને સરકાર વચ્ચેના તફાવતને ધ્યાને લેતા નથી. એરિસ્ટોટલે રજૂ કરેલ વર્ગીકરણ ઉપર તે સમયની રાજકીય સ્થિતિ અને રાજકરણની અસર જોવા મળે છે. મર્યાદિત વસતી અને વિસ્તાર ધરાવતા નગરરાજ્યોનાં સંદર્ભમાં તે રજૂ કરવામાં આવ્યું હતું. વળી, એરિસ્ટોટલે સંખ્યાનાં આધારે સરકારનાં પ્રકારની વાત કરી છે જે વૈજ્ઞાનિક રીતે યોગ્ય નથી. સંખ્યાબળને ધ્યાને લેવા જતા ગુણાત્મક પરિબળ છૂટી જાય તેવું લાગે છે. પ્રાચીન સમયમાં આ વર્ગીકરણ શકય છે કે બંધબેસતું અને યોગ્ય હોય પરંતુ સમય, સંજોગ બદલાયા છે. આધુનિક સમયમાં તેની પ્રસ્તુતતા સંપૂર્ણતઃ રહેતી નથી અથવા કહો કે જુદા અને નવા સંદર્ભમાં તેને તપાસવી રહી. દા.ત. એરિસ્ટોટલે લોકશાહીને સરકારનાં વિકૃત પ્રકાર તરીકે ઓળખાવી છે. પરંતુ આધુનિક સમયમાં તો લોકશાહીને સરકારના એક ઉત્તમ પ્રકાર તરીકે સ્વીકારવામાં આવી છે. એરિસ્ટોટલ દ્વારા રજૂ કરવામાં આવેલ વર્ગીકરણની ભલે કેટલીક મર્યાદાઓ હોય તેમ છતાં આધુનિક સરકારોનાં વર્ગીકરણને સમજવાની, તેના અભ્યાસની દિશા આ વર્ગીકરણ આપે છે. વળી શાસકમાં નીતિમત્તાના સિદ્ધાંતની વાત કરીને તેઓએ અગત્યનો વિચાર આપ્યો છે.

## ૨.૩ આધુનિક વર્ગીકરણ

આધુનિક સમયમાં બંધારણનું વર્ગીકરણ મુખ્યત્વે લિખિત બંધારણ અને અલિખિત બંધારણ, સુપરિવર્તનશીલ બંધારણ અને દુષ્પરિવર્તનશીલ બંધારણ તરીકે કરવામાં આવેલું છે. ઐતિહાસિક બંધારણ પરંપરાગત રીતે વિકાસ પામતું બંધારણ છે. તેનાં ઘડતર માટે ખાસ પ્રયત્નોની જરૂર પડતી નથી. તે સામાન્ય રીતે અલિખિત બંધારણ

હોય છે. જ્યારે બીજા પ્રકારનાં બંધારણો સાર્વભૌમ સત્તા દ્વારા, રાજા દ્વારા અથવા બંધારણ સભા દ્વારા ચોક્કસ સમયે અને હેતુપૂર્વક માનવ પ્રયત્નોથી અસ્તિત્વ અને અમલમાં આવ્યા હોય છે. સામાન્ય રીતે આ પ્રકારનાં બંધારણો લિખિત સ્વરૂપે જોવા મળે છે. દા.ત. ઈંગ્લેન્ડનું બંધારણ ઉત્ક્રાંતીય વિકાસનું પરિણામ છે. જ્યારે અમેરિકા અને ભારતનું બંધારણ પૂરતો સમય લઈને પદ્ધતિપૂર્વક ઘડવામાં આવ્યું છે.

**૨.૩.૧ લિખિત બંધારણ :**

જે બંધારણમાં તમામ બાબતો લિખિત સ્વરૂપે આપવામાં આવેલી હોય તેને લિખિત બંધારણ તરીકે ઓળખવામાં આવે છે. બંધારણની જોગવાઈઓ, કલમો અને બાબતો દસ્તાવેજી સ્વરૂપે જોવા મળે છે. આ લિખિત બંધારણને દસ્તાવેજી બંધારણ તરીકે પણ ઓળખવામાં આવે છે. મોટાભાગે લિખિત બંધારણ એક જ દસ્તાવેજ સ્વરૂપે જોવા મળે છે. આધુનિક લિખિત બંધારણની સૌ પ્રથમ શરૂઆત અમેરિકામાં ૧૭૮૭નાં લિખિત બંધારણથી કરવામાં આવેલી છે. બ્રિટન જેવા અપવાદને બાદ કરતાં આજના મોટાભાગના રાજ્યોએ લિખિત બંધારણનો સ્વીકાર કર્યો છે. જે દેશે લિખિત બંધારણનો સ્વીકાર કર્યો છે તે સફળ પૂરવાર થયેલા જોવા મળે છે. આ લિખિત બંધારણના કેટલાક ફાયદા પણ જોવા મળે છે.

સ્પષ્ટતા અને ચોક્કસતા એ લિખિત બંધારણનો સૌથી મોટો ગુણ છે. બંધારણની તમામ જોગવાઈઓ, કલમોની લિખિત સ્વરૂપે સ્પષ્ટતા હોવાથી અસ્પષ્ટતા કે ગૂંચવણનો અવકાશ રહેતો નથી. જો કોઈ અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો પણ તેમાં જણાવેલ પદ્ધતિ તથા કાર્યવાહીને આધારે અર્થઘટન કરી ઉકેલ લાવવામાં આવે છે. લિખિત બંધારણ ઘણા બધા લોકોની બુદ્ધિ, ક્ષમતા અને ગહન ચર્ચાનું પ્રતિબિંબ પાડે છે. બંધારણમાં કોઈ બાબત સમાવવી હોય તો તેની ઉપર નિષ્ણાંતો કે ઘડવૈયાઓ દ્વારા વિચાર-મંથન કરવામાં આવેલું હોવાથી ચોક્કસાઈ જળવાય છે. આ પ્રકારનું બંધારણ લોકોને સ્થિરતા આપે છે અને અચોક્કસતા કે અસ્થિરતાનો ભય ટાળે છે. સત્તાધારી પક્ષ ગમે ત્યારે તેમાં ફેરફાર મનમરજી મુજબ કરી શકતો નથી. ફેરફારને અવકાશ ચોક્કસ છે પરંતુ ફેરફાર કરવાની પદ્ધતિ વિશિષ્ટ પ્રકારની હોય છે. બંધારણનું સાતત્ય જળવાય છે. પ્રજાનાં અધિકારોને લિખિત બંધારણમાં સ્થાન આપવામાં આવે છે. પ્રજાનાં અધિકારો ઉપર કોઈ વ્યક્તિ, સંસ્થા કે સરકાર નિયંત્રણ મૂકે તો તેના રક્ષણની જોગવાઈઓ દ્વારા પ્રજાના અધિકારોનું રક્ષણ પણ થાય છે જે લિખિત બંધારણનો સૌથી મોટો ફાયદો છે. પ્રજા ખરા અર્થમાં સલામતિ અને સુરક્ષા અનુભવે છે. સરકારના ત્રણ અંગો ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રની જવાબદારી શું છે તેમની કઈ સત્તાઓ છે આ સમગ્ર બાબતો લિખિત સ્વરૂપે બંધારણમાં સ્પષ્ટ રીતે રજૂ થયેલી હોવાથી સરકાર ગમે તે પક્ષની આવે અને જાય પરંતુ બંધારણીય રીતે તંત્ર અવિરત ચાલું જ રહે છે. સરકારે બંધારણમાં જણાવેલ વિગત અનુસાર વર્તન કરવાનું હોવાથી સરકાર ઉપર નિયંત્રણ રાખવાનું કાર્ય પણ લિખિત બંધારણ કરે છે.

લિખિત બંધારણની કેટલીક મર્યાદાઓ પણ જોવા મળે છે. જેમ કે ઘડવૈયાઓ દ્વારા ભલે ગમે તેટલી ચોકસાઈ રાખવાનો પ્રયત્ન થયો હોય આમ છતાં ક્યાંક કોઈક કચાશ રહી જવાની સંભાવના છે સંપૂર્ણ ચોકસાઈ કે સ્પષ્ટતા શક્ય નથી. લિખિત બંધારણમાં કોઈ કલમ કે શબ્દ બાબતે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે ન્યાયતંત્રને આ કાર્ય સોંપવામાં આવે છે. છેવટનું અંતિમ અર્થઘટન ન્યાયતંત્રએ કરવાનું હોવાથી ન્યાયતંત્રની સત્તામાં વધારો થાય છે જે ભવિષ્ય માટે ખતરો ઊભો કરે છે. લિખિત બંધારણમાં કેટલીક કલમો અને જોગવાઈઓ બાબતે વર્તમાન પ્રસ્તુતતા કેટલી ? તેની પ્રાસંગિકતાનો વ્યવહારુ પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

### ૨.૩.૨ અલિખિત બંધારણ :

અલિખિત બંધારણ એટલે જે દેશનું બંધારણ સંપૂર્ણ લિખિત દસ્તાવેજી સ્વરૂપે ન હોય પરંતુ પ્રણાલિગત રીતે તે બંધારણનો ક્રમશ: વિકાસ થયો હોય તેને અલિખિત બંધારણ કહેવામાં આવે છે. આ અલિખિત બંધારણો ક્રમિક અને ધીમી ગતિએ વિકાસ પામે છે. જો કે અલિખિત બંધારણમાં કેટલીક બાબતો લખાયેલી પણ જોવા મળે છે. અમુક નિયમો લિખિત સ્વરૂપે જોવા મળે છે. દા.ત. ઈંગ્લેન્ડનાં બંધારણમાં કેટલીક જોગવાઈઓ લિખિત સ્વરૂપે છે અલિખિત બંધારણને બિન દસ્તાવેજી બંધારણ તરીકે પણ ઓળખવામાં આવે છે.

અલિખિત બંધારણનાં કેટલાંક ફાયદા તથા ગેરફાયદાઓ છે. બંધારણમાં સરળતાથી સમયની માંગ મુજબ ફેરફાર કરવો હોય તો કરી શકાય છે. કારણ કે, અલિખિત બંધારણમાં ફેરફાર કરવાની પદ્ધતિ સરળ હોય છે. પરિણામે બંધારણની સ્થિતિ સ્થાપકતા પણ જળવાય રહે છે. આ પ્રકારના બંધારણમાં દેશમાં ક્રાંતિની શકયતા ઘટી જાય છે. પ્રજાની ઈચ્છા અને મહત્ત્વકાંક્ષાઓ મુજબ સમયની માંગ મુજબ સાદી અથવા ખાસ રીતે પ્રયોજીત તથા પ્રસ્તાવિત બહુમતીથી ખાસ તેમજ સામાન્ય કાયદામાં જેવી રીતે ફેરફાર થાય છે તેવી રીતે ફેરફાર કરી શકાય છે. અહીં લિખિત બંધારણની જેમ ન્યાયતંત્રની સત્તા વધવાની શકયતા રહેતી નથી. સંસદે ઘડેલ કાયદાને ન્યાયતંત્ર રદબાતલ કે ગેરબંધારણીય જાહેર કરી શકતી નથી. જો કે એ બાબત પણ અગત્યની છે કે આ પ્રકારનાં બંધારણમાં અસ્થિરતા ઊભી થવાની શકયતા રહે છે. સત્તાધારી વ્યક્તિ કે પક્ષ પોતાની મરજી મુજબ સરળતાથી ફેરફાર કરી શકે છે. જો તે દીર્ઘદ્રષ્ટા ન હોય અને સમાજ કે રાષ્ટ્રનાં કલ્યાણની બદલે 'સ્વ' હિતમાં સત્તાનો દૂરઉપયોગ કરીને સ્વાર્થવૃત્તિથી પ્રેરાઈને ફેરફાર કરે તો બંધારણમાં સ્થિરતાનું પ્રમાણ રહેતું નથી. બંધારણ જોખમમાં મૂકાય છે. આ પ્રકારનાં બંધારણમાં લિખિત કોઈ બાબત ન હોય તો સરકાર ઉપર નિયંત્રણ રાખી શકાતું નથી. પ્રજાના મૂળભૂત અધિકારોને સ્થાન લિખિત સ્વરૂપે મળતું નથી. માટે તેનાં અમલીકરણમાં બંધારણીય પગલાં લેવા બાબતે મુશ્કેલી સર્જાવાની શકયતા રહેલી છે. જો લોકશાહીને જીવન પ્રણાલી તરીકે સ્વીકરવામાં આવી હોય અને લોકશાહી ખરા અર્થમાં લોકશાહીની જેમ કાર્યરત હોય તો અલિખિત બંધારણ હોવા છતાં પ્રજા શાંતિથી પોતાનું જીવન જીવી શકે છે. દેશમાં વ્યવસ્થા પણ બરાબર જળવાઈ રહે છે. શાસકપક્ષની નીતિ અલિખિત બંધારણમાં અગત્યની બની રહે છે.

### ૨.૩.૩ સુપરિવર્તનશીલ બંધારણ :

સુપરિવર્તનશીલ બંધારણ અને દુષ્પરિવર્તનશીલ બંધારણોનું વર્ગીકરણ એ બાબત પર કરવામાં આવે છે કે દેશનાં બંધારણમાં ફેરફાર કરવાની પદ્ધતિ કેવા પ્રકારની છે. જે દેશનાં બંધારણને સામાન્ય કાયદાની જેમ બદલી શકાય છે અને એ માટે કોઈ વિશિષ્ટ પદ્ધતિનો ઉપયોગ કરવો પડતો નથી તો તે બંધારણને સુપરિવર્તનશીલ બંધારણ તરીકે ઓળખવામાં આવે છે.

### ૨.૩.૪ દુષ્પરિવર્તનશીલ બંધારણ :

દુષ્પરિવર્તનશીલ બંધારણ એટલે બંધારણને સામાન્ય કાયદાની જેમ બદલી ન શકાય અને બદલવા માટે વિશિષ્ટ પદ્ધતિનો ઉપયોગ કરવો પડે તો તે બંધારણને દુષ્પરિવર્તનશીલ બંધારણ તરીકે ઓળખવામાં આવે છે. કોઈ પણ દેશનું બંધારણ સુપરિવર્તનશીલ હોય છે અથવા દુષ્પરિવર્તનશીલ હોય છે. આ બન્નેનો તુલનાત્મક અભ્યાસ આપણે નીચે મુજબ કરીશું.

**સુપરિવર્તનશીલ બંધારણ અને દુષ્પરિવર્તનશીલ બંધારણનો તુલનાત્મક અભ્યાસદર્શાવતું**

**ટેબલ ૨**

| ક્રમ | સુપરિવર્તનશીલ બંધારણ | દુષ્પરિવર્તનશીલ બંધારણ |
|---|---|---|
| ૧. | જે બંધારણમાં સહેલાઈથી કે સરળતાથી ફેરફાર થઈ શકે તેને સુપરિવર્તનશીલ બંધારણ કહેવામાં આવે છે. | જે બંધારણમાં પરિવર્તન કરવા માટે સરળતાથી ફેરફાર થઈ શકતો નથી પરંતુ કેટલીક ખાસ પદ્ધતિઓમાંથી પસાર થઈને ફેરફાર લાવી શકાય છે તેને દુષ્પરિવર્તનશીલ બંધારણ કહે છે. |
| ૨. | સુપરિવર્તનશીલ બંધારણને ચલિત બંધારણ તરીકે પણ ઓળખવામાં આવે છે. | દુષ્પરિવર્તનશીલ બંધારણને અચલિત બંધારણ તરીકે પણ ઓળખવામાં આવે છે. |
| ૩. | મોટાભાગે જ્યાં એકતંત્રી સરકારનો સ્વીકાર થયો હોય ત્યાં આ પ્રકારનું બંધારણ જોવા મળે છે. | મોટાભાગે સમવાયતંત્રી રાજ્યમાં આ પ્રકારનું બંધારણ જોવા મળે છે. |
| ૪. | ઝડપી ફેરફાર કરી શકાય છે. | ઝડપી ફેરફાર કરવો હોય તો મુશ્કેલ છે. |
| ૫. | સુપરિવર્તનશીલ બંધારણ મોટાભાગે પ્રણાલિકાઓમાંથી સર્જાયેલું હોય છે. | આ પ્રકારનાં બંધારણનું ઘડતર બંધારણ સભા દ્વારા કરવામાં આવેલું હોય છે. |
| ૬. | સુપરિવર્તનશીલ બંધારણમાં સામાન્ય રીતે અલિખિત બાબતો હોય છે પરંતુ મહત્ત્વની બાબતો લિખિત પણ હોય છે. | દુષ્પરિવર્તનશીલ બંધારણમાં મોટાભાગની બાબતો લિખિત હોય છે છતાં અમુક પ્રણાલીકાઓનો પણ સ્વીકાર થયો હોય છે. |
| ૭. | ઈંગ્લેન્ડ સુપરિવર્તનશીલ બંધારણનું ઉત્તમ ઉદાહરણ છે. | અમેરિકા દુષ્પરિવર્તનશીલ બંધારણ છે. |
| ૮. | બંધારણમાં સંજોગોને અનુરૂપ ફેરફાર થઈ શકે છે. | સ્થિર પ્રકારનું બંધારણ છે. ધારવામાં આવે ત્યારે ફેરફાર થાય જ એવું જરૂરી નથી. |
| ૯. | ક્રાંતિની શક્યતા નહિવત્ત હોય છે. | ક્રાંતિ થવાની શક્યતા રહેલી છે. |
| ૧૦. | અસ્થિરતાનું પ્રમાણ વધુ | સ્થિર બંધારણ |
| ૧૧. | પ્રજાની સ્વતંત્રતા અને હક્કો ભયમાં મૂકાવાની સંભાવના છે. | બંધારણમાં પ્રજાનાં હક્કો અને સ્વતંત્રતાનું રક્ષણ થવાની સંભાવના છે. |

ગાર્નરના મતે "જે બંધારણ સામાન્ય કાયદા કરતાં ઊંચું સ્થાન ધરાવતું નથી, જેને સામાન્ય કાયદાની જેમ બદલી શકાય છે, જેનો સમાવેશ એક દસ્તાવેજમાં થાય

છે કે જે મોટાભાગે પ્રણાલિકાઓનો બનેલો હોય તેને સુપરિવર્તનશીલ કે ચલનશીલ કે સ્થિતિસ્થાપક બંધારણ ગણવું જોઈએ." જ્યારે દુષ્પરિવર્તનશીલ બંધારણ જુદા-જુદા સ્ત્રોતમાંથી જન્મે છે, તેનું સ્થાન સામાન્ય કાયદા કરતાં ઊંચુ હોય છે અને તેમાં પરિવર્તનની પદ્ધતિ જુદી (વિશિષ્ટ) હોય છે.

આમ બંધારણનાં આધુનિક વર્ગીકરણમાં લિખિત અને અલિખિત બંધારણ તથા સુપરિવર્તનશીલ અને દુષ્પરિવર્તનશીલ બંધારણનો સમાવેશ થાય છે.

## ૨.૪ મોન્તેસ્ક્યુનો સત્તા વિભાજનનો સિદ્ધાંત

૧૮મી સદીના ફ્રાંસના ચિંતક મોન્તેસ્કે સત્તા વિભાજનનો સિદ્ધાંત વ્યવસ્થિત રીતે રજૂ કર્યો. પ્રાચીન સમયમાં એરિસ્ટોટલના સમયથી જ એક યા બીજી રીતે તેની ચર્ચાઓ જોવા મળે છે. 'સામાજિક કરારના સિદ્ધાંત'ની ચર્ચા કરતી વખતે જહોન લોકે પણ તેનો ઉલ્લેખ કર્યો છે. મોન્તેસ્ક ઉપર તત્કાલીન રાજકીય પરિસ્થિતિની અસર જોવા મળે છે. મોન્તેસ્કે ઈંગ્લેન્ડમાં સરકારી માળખામાં પ્રજાની સ્વતંત્રતાના મૂળ જોયા. મોન્તેસ્કનો સત્તા વિભાજનનો સિદ્ધાંત આપણે વિગતવાર સમજીએ.

પ્રાચીન સમયમાં રાજાશાહી હોવાથી રાજા ધારા ઘડવાનું, તેનું અમલીકરણનું અને ન્યાય આપવાનું કાર્ય કરતા હતાં. આ ત્રણેય કાર્યો આધુનિક સમયમાં સરકારના ત્રણ મુખ્ય અંગો કરે છે. પ્રથમ ધારાસભા કે જે કાયદા ઘડવાનું કાર્ય કરે છે. બીજી કારોબારી જે ઘડેલા કાયદાનું અમલીકરણ કરવાનું કાર્ય કરે છે અને ત્રીજું ન્યાયતંત્ર જેનું કાર્ય ન્યાય આપવાનું છે. સત્તા વિભાજનનો સિદ્ધાંત એટલે આ ત્રણેય અંગો એકબીજાથી સ્વતંત્ર રહીને પોત-પોતાના અધિકારક્ષેત્રની મર્યાદામાં રહીને કાર્યો કરે. કોઈ એકબીજામાં દરમિયાનગીરી ન કરે. રાજયનાં સંગઠનને સુવ્યવસ્થિત બનાવનાર વહીવટીસંસ્થા તે સરકાર છે. સરકાર દ્વારા જ કોઈ પણ રાજયનાં સ્વરૂપને આપણે જાણી શકીએ છીએ. આથી સરકારની સત્તા કોની પાસે છે અને કેટલા પ્રમાણમાં છે તે પ્રશ્ન અગત્યનો બની રહે છે. સત્તા વિભાજન મુજબ ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર આ ત્રણેય અંગો એકબીજાથી અલગ રહી કાર્ય કરે છે.

મોન્તેસ્કયુના સમયમાં ફ્રાંસમાં લુઈ ૧૪માનું શાસન હતું. તે કહેતો કે, **"હું પોતે જ રાજય છું"** સરકારની ત્રણેય શાખાઓની કામગીરી તેના હાથમાં હતી. તેણે પોતાના પુસ્તક **'ધી સ્પિરિટ ઓફ લૉઝ'**માં સત્તા વિભાજનનાં સિદ્ધાંતના વિચારની રજૂઆત કરી હતી. જેની મુખ્ય બાબતો નીચે મુજબ છેઃ

- **I** **વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર ભાર આપ્યો.**
- **II** **માનવી દ્વારા સત્તાનો દુરુપયોગ થવાની શકયતા રહેલી છે. કારણ કે સત્તા માનવીને સ્વચ્છંદી અને અભિમાની બનાવે છે.**
- **III** **સત્તાનો સત્તા પર અંકુશ હોવો જોઈએ. એટલે કે સત્તાની વહેંચણી એવી રીતે કરવામાં આવેલી હોવી જોઈએ કે કોઈ પણ અંગ પોતાના કાર્યક્ષેત્રની મર્યાદામાં રહીને કાર્ય ન કરે તો બીજું અંગ તેનાં ઉપર અંકુશ રાખે.**
- **VI** **ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર એ એકબીજાની અતિરિકતતાને નિયંત્રિત કરવી જોઈએ.**

### ૨.૪.૧ મહત્ત્વ અને મર્યાદાઓ

આ સિદ્ધાંત એક રીતે વ્યક્તિ સ્વાતંત્ર્યનું રક્ષણ કરે છે. કાર્યવિભાજન કે

શ્રમવિભાજનને સ્વીકારવામાં આવ્યું છે. આ સાથે ન્યાયતંત્રની નિષ્પક્ષતા ઉપર પણ ભાર આપવામાં આવ્યો છે જે આધુનિક સમયની પણ માંગ છે. જો કે આ સિદ્ધાંતની કેટલીક ટીકા પણ કરવામાં આવેલી છે કોઈપણ બંધારણમાં કે સરકારમાં સત્તાનું આવું સંપૂર્ણ વિભાજન શક્ય નથી. વ્યક્તિ સ્વાતંત્ર્ય માટે સત્તાનું વિભાજન હોવું જ જોઈએ એવું માની લેવાને પણ કોઈ કારણ નથી. સત્તા વિભાજન કરતાં **'કાર્યવિભાજન'** શબ્દ વધુ યોગ્ય અને બંધબેસતો લાગે છે. આધુનિક સમયમાં રાજકીય પક્ષોના ઉદય અને વિકાસને કારણે આ સિદ્ધાંતની વ્યવહારિકતા સામે પ્રશ્ન ઉપસ્થિત થયો છે. સત્તા વિભાજનના સિદ્ધાંતની કેટલીક મર્યાદાઓ હોવા છતાં તેનું મહત્ત્વ ઘણું બધું છે. અમેરિકામાં તેનો સવિશેષ પ્રભાવ પડયો છે. આધુનિક સમયમાં સત્તાઓની વહેંચણીનાં આધારે સરકારોનું મુખ્ય બે પ્રકારે વર્ગીકરણ કરવામાં આવે છે. જેમાં સંસદીય સરકાર અને પ્રમુખીય સરકારનો સમાવેશ થાય છે. પ્રમુખીય પ્રકારની સરકાર સત્તા વિભાજનનાં સિદ્ધાંત પર રચાયેલી હોય છે.

## ૨.૫ સારાંશ

આધુનિક સમયમાં ખાસ કરીને લોકશાહી દેશોમાં બંધારણ અગત્યનું સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. એરિસ્ટોટલે રજૂ કરેલું બંધારણીય વર્ગીકરણ અગત્યનું છે. સાર્વભૌમ સત્તા ધારણ કરનાર વ્યક્તિની સંખ્યાને ધ્યાને રાખી તેના શુદ્ધ સ્વરૂપ અને વિકૃત સ્વરૂપ અંગે એરિસ્ટોટલે સમજૂતી આપી છે. તેમણે સમજાવેલ ચક્ર અવિરત ચાલ્યા જ કરે છે. આલોચકો દ્વારા એરિસ્ટોટલનાં બંધારણીય વર્ગીકરણની કેટલીક ટીકાઓ થઈ હોવા છતાં આધુનિક વર્ગીકરણને સમજવાનો પાયો પૂરો પાડે છે. ખાસ કરીને એરિસ્ટોટલે શાસનમાં નીતિમત્તા ઉપર ભાર આપીને અગત્યના વિચારને વહેતો કર્યો છે. આધુનિક વર્ગીકરણોમાં આપણે લિખિત બંધારણ અને અલિખિત બંધારણ વિશે સમજૂતી પ્રાપ્ત કરી. જે બંધારણની બાબતો લિખિત સ્વરૂપે કે દસ્તાવેજી સ્વરૂપે જોવા મળે છે તેને લિખિત બંધારણ તરીકે ઓળખવામાં આવે છે, દા.ત. અમેરિકાનું બંધારણ તથા ભારતનું બંધારણ, જ્યારે ઈંગ્લેન્ડમાં અલિખિત સ્વરૂપે બંધારણ જોવા મળે છે. જો કે ચુસ્ત રીતે આ વર્ગીકરણને પકડી રાખવાની જરૂર નથી. સમય અને સંજોગો અનુસાર તેમાં પણ ફેરફાર થાય છે. બંધારણમાં ફેરફાર કરવાની પદ્ધતિના આધારે તેના મુખ્ય બે પ્રકારોની સમજૂતી પણ આપણે મેળવી, જેમાં સુપરિવર્તનશીલ બંધારણ અને દુષ્પરિવર્તનશીલ બંધારણની વાત કરી. સરળતાથી ફેરફાર શક્ય બને તે સુપરિવર્તનશીલ બંધારણ છે અને ફેરફાર કરવા માટે સામાન્ય કાયદા કરતાં વિશિષ્ટ પદ્ધતિનો ઉપયોગ કરવો પડે તેને દુષ્પરિવર્તનશીલ બંધારણ કહે છે. જેના કેટલાક ફાયદા તથા ગેરફાયદા છે. ફ્રાંસના ૧૮મી સદીનાં ચિંતક મોન્તેસ્ક દ્વારા આપવામાં આવેલા સત્તા વિભાજનનાં સિદ્ધાંતમાં ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રની વચ્ચેના સત્તાવિભાજનની સમજૂતી આપણે મેળવી. ખાસ કરીને મોન્તેસ્કે વ્યક્તિ સ્વાતંત્ર્યને જાળવવાની હિમાયત કરી હતી. આ સિદ્ધાંતની કેટલીક ટીકા થઈ હોવા છતાં આધુનિક સરકારોના કાર્યોનું વિભાજન કરવામાં આ સિદ્ધાંત અગત્યનો પુરવાર થયો છે. વળી, તેણે વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર સવિશેષ ભાર આપ્યો છે જે લોકશાહી માટે પોષક છે. અમેરિકા જેવા રાજ્ય ઉપર સત્તા વિભાજનના સિદ્ધાંતનો પ્રભાવ અને અસર સવિશેષ જોવા મળે છે.

## ૨.૬ ચાવીરૂપ શબ્દો

- **જુલ્મશાહી** : જે શાસનતંત્ર હેઠળ પ્રજા ઉપર દમન ગુજારવામાં આવે, અસહ્ય ત્રાસ અને અત્યાચારો કરવામાં આવે તેવી

વિકૃત વ્યવસ્થા.

- **ઈજારાશાહી** : જેમાં અમુક વર્ગનો જ ઈજારો પ્રસ્થાપિત થયેલો હોય તેવું વિકૃત સ્વરૂપ.
- **પોલિટી** : એરિસ્ટોટલ મુજબ **'પોલિટી'** એટલે બંધારણીય લોકશાહી. જો કે આધુનિક સમયમાં બંધારણીય લોકશાહી માટે **'કોન્સ્ટીટ્યુશન ડેમોક્રેસી'** શબ્દ વાપરવામાં આવે છે.
- **દસ્તાવેજી બંધારણ** : જે બંધારણ લિખિત સ્વરૂપે ઘડવામાં આવ્યુ હોય તે.
- **સુપરિવર્તનશીલ બંધારણ:** સંજોગો અનુસાર પરિવર્તનોને સરળતાથી સ્વીકારી ફેરફાર કરી શકાય તેવું બંધારણ. જેમાં ફેરફાર કરવા માટે વિશિષ્ટ પદ્ધતિની જરૂર નથી.
- **સત્તા વિભાજન** : સત્તાનું વિભાજન ખાસ કરીને સરકારના મુખ્ય ત્રણ અંગો ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચેના સત્તાવિભાજનને ધ્યાને લઈ આ શબ્દ મોન્તેસ્ક દ્વારા રજૂ થયેલ સિદ્ધાંતમાં વાપરવામાં આવ્યો છે.
- **દુષ્પરિવર્તનશીલ બંધારણ:** બંધારણમાં સરળતાથી પરિવર્તન શક્ય બનતું નથી. ખાસ વિશિષ્ટ પધ્ધતિમાંથી પસાર થઈને પરિવર્તન લાવી શકાય તેવું બંધારણ.

## ૨.૭ તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલા ખરાં-ખોટાં વિધાનો જણાવો.**

૧. એરિસ્ટોટલે રજૂ કરેલ બંધારણીય વર્ગીકરણ સાર્વભૌમ સત્તા ધારણ કરનાર વ્યક્તિની સંખ્યાના આધારે રજૂ થયેલું છે.

૨. લિખિત બંધારણને દસ્તાવેજી બંધારણ પણ કહે છે.

૩. સુપરિવર્તનશીલ બંધારણને ચલિત બંધારણ તરીકે પણ ઓળખવામાં આવે છે.

૪. એરિસ્ટોટલે 'પોલિટીક્સ'માં વૈજ્ઞાનિક ઢબે સત્તા વિભાજનનો સિદ્ધાંત રજૂ કર્યો.

૫. મોન્તેસ્કે સત્તા વિભાજનનો સિદ્ધાંત આપ્યો.

**(ખ) નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

૧. એરિસ્ટોટલે ............................ પુસ્તકમાં બંધારણીય વર્ગીકરણ રજૂ કર્યું.

૨. સાર્વભૌમ સત્તા એક વ્યક્તિ પાસે હોય તો તેનું શુદ્ધ સ્વરૂપ ................... ......... તરીકે ઓળખાય છે.

૩. સાર્વભૌમ સત્તા ............................ વ્યક્તિ પાસે હોય તો તેનું શુદ્ધસ્વરૂપ કુલીનશાહી તરીકે ઓળખાય છે.

૪. રાજાશાહીનું વિકૃત સ્વરૂપ ............................ છે.

૫. કુલીનશાહીનું વિકૃત સ્વરૂપ એટલે ............................

૬. ઘણા બધા પાસે સાર્વભૌમ સત્તા હોય તો તેનું શુદ્ધ સ્વરૂપ ધરાવતી સરકાર એટલે ............................

૭. બંધારણીય લોકશાહીનું વિકૃત સ્વરૂપ ............................ છે.

૮. મોન્તેસ્ક ............................ દેશનો ચિંતક હતો.

૯. મોન્તેસ્કે ............................ નો સિદ્ધાંત આપ્યો.

૧૦. દુષ્પરિવર્તનશીલ બંધારણને ............................ તરીકે પણ ઓળખવામાં આવે છે.

**(ગ) નીચે આપેલ બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ આપો.**

**૧. એરિસ્ટોટલે કેટલા બંધારણોનો તુલનાત્મક અભ્યાસ કર્યો હતો ?**

અ. ૧૫૮

બ. ૧૫૯

ક. ૧૬૦

ડ. ૨૫૮

**૨. એરિસ્ટોટલના બંધારણીય વર્ગીકરણમાં નીચેની બાબતે ધ્યાને લેવામાં આવી છે.**

અ. સંખ્યાને

બ. સર્જનાત્મકતાને

ક. સત્તા વિભાજનને

ડ. ઉપરોક્ત બધા

**૩. આધુનિક વર્ગીકરણમાં કેવા બંધારણોનો સમાવેશ થાય છે ?**

અ. લિખિત અને અલિખિત બંધારણ

બ. સુપરિવર્તનશીલ અને દુષ્પરિવર્તનશીલ બંધારણ

ક. ઉપરોક્ત બન્ને

ડ. એકપણ નહિ

**૪. જે બંધારણની બાબતો લિખિત કે દસ્તાવેજી સ્વરૂપે આપવામાં આવેલી હોય તે બંધારણને ............................ બંધારણ કહે છે.**

અ. લિખિત બંધારણ

બ. બિન દસ્તાવેજી બંધારણ

ક. દુષ્પરિવર્તનશીલ બંધારણ

ડ. ઉપરના ત્રણેય

**૫. લિખિત બંધારણની સૌ પ્રથમ શરૂઆત કયાં દેશથી થઈ હતી ?**

અ. અમેરિકા

બ. ભારત

ક. ન્યુઝિલેન્ડ

ડ. સ્વિટ્ઝરલેન્ડ

**૬. અમેરિકામાં સૌ પ્રથમ કયારે લિખિત બંધારણની શરૂઆત થઈ ?**

અ. ૧૭૮૭માં

બ. ૧૮૮૭માં

ક. ૧૯૮૭માં

ડ. ૧૬૮૭માં

૭. **અમેરિકાનું બંધારણ કેટલી કલમોનું છે ?**

અ. ૦૭ કલમો

બ. ૦૮ કલમો

ક. ૦૯ કલમો

ડ. ૧૦ કલમો

૮. **લિખિત બંધારણની ખાસિયત ............................**

અ. સ્પષ્ટતા અને ચોક્કસતા

બ. અસ્પષ્ટતા

ક. અસ્થિરતા

ડ. તટસ્થતા

૯. **અલિખિત બંધારણમાં ફેરફાર કરવાની પદ્ધતિ કેવી હોય છે ?**

અ. જુદી પદ્ધતિ હોય છે.

બ. વિશિષ્ટ પદ્ધતિ હોય છે.

ક. અઘરી પદ્ધતિ હોય છે.

ડ. સરળ પદ્ધતિ હોય છે.

૧૦. **અલિખિત બંધારણમાં ............................**

અ. સ્થિતીસ્થાપકતા જળવાય છે.

બ. અસ્થિતીસ્થાપકતા જોવા મળે છે.

ક. ક્રાંતિની શકયતા રહે છે.

ડ. ત્રણેય

૧૧. **સુપરિવર્તનશીલ બંધારણ મોટાભાગે શેમાંથી સર્જાયેલું હોય છે ?**

અ. પ્રણાલીકાઓમાંથી

બ. કાયદામાંથી

ક. લિખિત બાબતોમાંથી

ડ. બંધારણ સભા દ્વારા

૧૨. **સુપરિવર્તનશીલ બંધારણનું ઉત્તમ ઉદાહરણ કોણ પૂરું પાડે છે ?**

અ. ભારત

બ. અમેરિકા

ક. ઈંગ્લેન્ડ

ડ. ત્રણ માંથી એકપણ નહિ

૧૩. **દુષ્પરિવર્તનશીલ બંધારણનું ઉત્તમ ઉદાહરણ કોણ પૂરું પાડે છે ?**

અ. અમેરિકા

બ. ભારત

ક. ઈંગ્લેન્ડ

ડ. ત્રણમાંથી એક પણ નહિ

**૧૪. સુપરિવર્તનશીલ બંધારણની અગત્યની બાબત છે કે –**

અ. ક્રાંતિની શક્યતા નહિવત્

બ. ક્રાંતિની શક્યતા ભરપૂર

ક. તટસ્થ

ડ. પરિવર્તનનો અસ્વીકાર

**૧૫. દુષ્પરિવર્તનશીલ બંધારણનો અગત્યનો ગુણ –**

અ. સ્થિર બંધારણ

બ. પ્રજાના હક્કોને સ્થાન અને રક્ષણ

ક. ઉપરોક્ત અ અને બ બન્ને

ડ. ઉપરોક્ત ત્રણેય નહિ

**૧૬. મોન્તેસ્કે પોતાનાં કયાં પુસ્તકમાં સત્તા વિભાજનનાં સિદ્ધાંતને રજૂ કર્યો છે ?**

અ. ધી સ્પિરિટ ઓફ લોઝ

બ. પોલિટીક્સ

ક. રિપબ્લિક

ડ. સોશ્યલ કોન્ટ્રાકટ

**૧૭. સત્તા વિભાજન કઈ બાબત ઉપર ભાર આપે છે ?**

અ. સરકારના ત્રણેય અંગો વચ્ચે સત્તાની વહેંચણી

બ. વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર ભાર

ક. ઉપરોક્ત અ અને બ બન્ને

ડ. સત્તાના કેન્દ્રીકરણ ઉપર ભાર

**૧૮. "હું પોતે જ રાજય છું" આવું કોણે કહ્યું હતું ?**

અ. ફ્રાંસના રાજા લુઈ ૧૪માં એ

બ. રશિયાના રાજાએ

ક. ઈંગ્લેન્ડના રાજાએ

ડ. મોન્તેસ્ક

**૧૯. કયાં દેશ ઉપર સત્તા વિભાજન સિદ્ધાંતનો સૌથી વધુ પ્રભાવ અને અસર પડેલી જોવા મળે છે ?**

અ. ફ્રાંસ

બ. અમેરિકા

ક. બ્રિટન

ડ. રશિયા

**૨૦. સત્તા વિભાજનનો સિદ્ધાંત કોણે આપ્યો ?**

અ. મોન્તેસ્ક

બ. એરિસ્ટોટલ

ક. જહોન લૉક

ડ. થોમસ હોબ્ઝ

**(ઘ) નીચે આપેલ ટૂંકનોંધ લખો.**

**૧. લિખિત બંધારણ**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**૨. અલિખિત બંધારણ**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**૩. સુપરિવર્તનશીલ બંધારણ અને દુષ્પરિવર્તનશીલ બંધારણ વચ્ચેનો તફાવત**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**(ચ) નીચે આપેલ પ્રશ્નોના વિગતવાર જવાબ આપો.**

**૧. એરિસ્ટોટલનાં બંધારણીય વર્ગીકરણને વિગતવાર સમજાવો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**૨. લિખિત અને અલિખિત બંધારણ વિશે તુલનાત્મક અભ્યાસ કરો.**

..............................................................................

..............................................................................

..............................................................................

............................................................

............................................................

............................................................

............................................................

૩. **આધુનિક બંધારણનાં વર્ગીકરણને વિસ્તૃત રીતે સમજાવો.**

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

૪. **મોન્તેસ્કના સત્તા વિભાજનના સિદ્ધાંતને વર્ણાવો.**

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

## ૨.૮ સંદર્ભ સૂચિ


૧. પાઠક અને પંડયા : 'રાજ્યશાસ્ત્રનો પરિચય' ભાગ-૨, અનડા પ્રકાશન, અમદાવાદ, આઠમી આવૃત્તિ-૧૯૯૩

૨. **EPS-1** : રાજકીય સિદ્ધાંતો અને સંસ્થાઓનો પરિચય, બ્લોક-૦૨, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

૩. **EPS-1** : રાજકીય સિદ્ધાંતો અને સંસ્થાઓનો પરિચય, બ્લોક-૦૫, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

૪. બ્રહ્મભટ્ટ આર.ડી.: 'રાજ્યતંત્ર' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૩

૫. શુકલ ગજેન્દ્ર બી. : 'રાજ્યશાસ્ત્ર' અતુલ પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૭-૦૮

## ૨.૯ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(ક) ખરાં-ખોટાંના જવાબો.**

૧. ખરું
૨. ખરું
૩. ખરું
૪. ખોટું
૫. ખરું

**(ખ) ખાલી જગ્યાનાં જવાબો.**

૧. પોલિટીક્સ
૨. રાજાશાહી
૩. અમુક
૪. જુલ્મશાહી
૫. ઈજારાશાહી
૬. બંધારણીય લોકશાહી
૭. ટોળાશાહી
૮. ફ્રાંસ
૯. સત્તા વિભાજનનો
૧૦. અચલિત બંધારણ

**(ગ) બહુવિકલ્પ પ્રશ્નોના જવાબો.**

૧. ૧૫૮
૨. સંખ્યાને
૩. ઉપરોક્ત અ અને બ બન્ને
૪. લિખિત બંધારણ
૫. અમેરિકા
૬. ૧૭૮૭માં
૭. ૦૭ કલમો
૮. સ્પષ્ટતા અને ચોક્કસતા
૯. સરળ પદ્ધતિ હોય છે.
૧૦. સ્થિતિ સ્થાપકતા જળવાય છે.
૧૧. પ્રણાલિકાઓમાંથી
૧૨. ઈંગ્લેન્ડ
૧૩. અમેરિકા
૧૪. ક્રાંતિની શકયતા નહિવત

૧૫. બન્ને
૧૬. ધી સ્પિરિટ ઓફ લૉઝ
૧૭. ઉપરોક્ત અ અને બ બન્ને
૧૮. ફ્રાંસના લુઈ ૧૪માં એ
૧૯. અમેરિકા
૨૦. મોન્તેસ્ક

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી


(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ -રાજ્યશાસ્ત્ર
PSCM 102 / PSCS 102
PSCMJ 102 / PSCMN 201
સરકારી તંત્ર વ્યવસ્થા
(મુખ્ય તથા ગૌણ)










# સરકારના અંગો

2

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. *BAOU*ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે, જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ !

કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**સંપાદનઃ**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ.પુષ્પાબહેન મોતિયાની | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**વિષય સલાહકાર સમિતિ( PAC):**

| | |
|---|---|
| ડૉ. દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા. |
| ડૉ.ગજેન્દ્રસિંહ પી. જાડેજા | એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, એમ.કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ. હેમાબહેન જીકાદરા | એસોસિએટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર , ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| ડૉ.ગજેન્દ્રસિંહ પી. જાડેજા | એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, એમ.કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી,વડોદરા. |

**લેખનઃ**

| | |
|---|---|
| ડૉ. ગણેશ પ્રજાપતિ | આસિસ્ટન્ટ પ્રોફેસર , રાજ્યશાસ્ત્ર ,સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. હેમાબહેન જીકાદરા | એસોસિએટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર , ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| શ્રી મુકેશ એસ.પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર, એમ.એન. કૉલેજ, વિસનગર હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ |

**પરામર્શન (ભાષા):**


| | |
|---|---|
| ડૉ. દિનુભાઈ ચુડાસમા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| ઉર્વિકા એસ. પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| ડૉ. હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |



પ્રકાશક: ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.



ISBN: "978-93-89456-25-7"
પ્રકાશન વર્ષ : 2020

# વિભાગ 02

## સરકારના અંગો


| | |
|---|---|
| એકમ : 3<br>ધારાસભા | 7 |
| એકમ : 4<br>કારોબારી | 28 |
| એકમ : 5<br>સંસદીય કારોબારી | 38 |
| એકમ : 6<br>પ્રમુખીય કારોબારી | 49 |
| એકમ : 7<br>ન્યાયતંત્ર | 56 |

# વિભાગ 02

## સરકારના અંગો

સરકારી તંત્રવ્યવસ્થા પેપર નંબર **02**ના આ વિભાગ **02** માં પાંચ એકમો છે.

એકમ : **3** ધારાસભા અંગેનું છે. ધારાસભાની રચના,કાર્યો અને પ્રકારોની વિગત આપવામાં આવી છે. એકગૃહી ધારાસભાના ગુણદોષ અને દ્વીગૃહી ધારાસભાના ગુણદોષ અંગે તમે જાણશો. આ ઉપરાંત કાયદા ઘડતરની પ્રક્રિયાનો પણ અભ્યાસ તમે કરશો.

એકમ : **4** કારોબારી અંગેનું છે. જેમાં કારોબારીનો અર્થ,પ્રકારો અને તેના કાર્યોની સમજૂતી આપવામાં આવી છે. કારોબારીના પ્રકારોમાં એકજન કારોબારી અને બહુજન કારોબારી, નામની કારોબારી અને વાસ્તવિક કારોબારી, રાજકીય કારોબારી અને વહીવટી કારોબારી,સંસદીય કારોબારી અને પ્રમુખીય કારોબારીનો સમાવેશ થાય છે.

એકમ : **5** સંસદીય કારોબારી એકમમાં સંસદીય કારોબારીનો અર્થ, લક્ષણો અને સંસદીય કારોબારીના ફાયદા અને ગેરફાયદાની ચર્ચા કરવામાં આવી છે.

એકમ : **6** પ્રમુખીય કારોબારી એકમમાં તેનો અર્થ, લક્ષણો અને પ્રમુખીય કારોબારીના ફાયદા અને ગેરફાયદાની ચર્ચા કરવામાં આવી છે.

એકમ : **7** ન્યાયતંત્રની સમજૂતી આપે છે. જેમાં ન્યાયતંત્રનો અર્થ,મહત્વ અને કાર્યોની વિગતવાર સમજૂતી આપવામાં આવી છે. તમે અદાલતી સમીક્ષા અંગે પણ જાણશો. આ ઉપરાંત ન્યાયતંત્રની સક્રિયતા ખાસ કરીને જાહેર હિતની અરજીના સંદર્ભે સમજાવવામાં આવેલ છે.

એકમ ૩

# ધારાસભા

## રૂપરેખા


૩.૦ ઉદ્દેશો

૩.૧ પ્રસ્તાવના

૩.૨ ધારાસભાનો વિકાસ

૩.૩ ધારાસભાની રચના

૩.૪ ધારાસભાના કાર્યો

૩.૫ ધારાસભાના પ્રકારો

૩.૫.૧ એકગૃહી ધારાસભા અને તેના ગુણદોષ

૩.૫.૨ દ્વિગૃહી ધારાસભા અને તેના ગુણદોષ

૩.૬ કાયદા ઘડતરની પ્રક્રિયા

૩.૬.૧ ખરડાના પ્રકારો

૩.૬.૨ સમિતિના પ્રકારો

૩.૬.૩ સંસદીય અને પ્રમુખીતંત્રમાં કાયદા માટેની કાર્યવાહી

૩.૭ સારાંશ

૩.૮ કેટલાક ઉપયોગી પુસ્તકો

૩.૯ તમારી પ્રગતિ ચકાસો


## ૩.૦ ઉદ્દેશો

આ એકમનો ઉદેશ સરકારના વ્યવસ્થાતંત્રને પરિચિત કરાવવાનો છે આ એકમના અભ્યાસ પછી તમે_

★ ધારાસભાનો અર્થ અને વિકાસ વિશે માહિતગાર થશો.

★ ધારાસભાના કાર્યો અને પ્રકારો વિશે જાણકારી મેળવશો.

★ ધારાસભાના કાયદા ઘડતરની પ્રક્રિયા વિશે સમજણ મેળવશો.

## ૩.૧ પ્રસ્તાવના

રાજ્ય જ્યારે અસ્તિત્વમાં આવે છે ત્યારે તે અમુક હેતુઓ અથવા ધ્યેયો સિદ્ધ કરવા માગતું હોય છે. આ કામગીરી રાજ્યનું સાધન ગણાતી સરકારને સોપવામાં આવે છે. રાજ્યના હેતુઓ-ધ્યેયોને ઝડપથી અને સરળતાથી સિદ્ધ કરવા માટે સરકારને ત્રણ શાખાઓમાં વહેંચી નાખવામાં આવે છે. દરેક શાખાને ચોકકસ કાર્યો સોંપવામાં આવે

છે. જેવા કે એક, ધારાસભા, જેનું કાર્ય રાજ્યની ઇચ્છા વ્યક્ત કરવાનું અને કાયદાને ઘડવાનું છે. બે, કારોબારી જેનું કાર્ય ધારાસભા દ્વારા વ્યક્ત થયેલી ઇચ્છા અને કાયદાનો અમલ કરવાનું છે અને ત્રણ, ન્યાયતંત્ર જેનું મુખ્ય કાર્ય કાયદાનું અર્થઘટન કરી ન્યાય આપવાનું છે. સરકારની આ ત્રણેય શાખાઓમાં ધારાસભા સૌથી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પ્રા. ગિલિક્રિસ્ટ આ વિશે લખે છે, ''સરકારનું સૌથી મહત્ત્વનું ખરેખર તો મૂળભૂત કાર્ય ધારાકીય છે. જેના સિવાય કારોબારી અને ન્યાયતંત્ર ટકી શકે નહી.''

પ્રાચીન સમયમાં જ્યારે નગરરાજ્યો અસ્તિત્વમાં હતા ત્યારે તેમની વસ્તી અને વિસ્તારનું પ્રમાણ નજીવું હોવાથી નાગરિકો એકત્ર થઇને કાયદાઓ ઘડતા ત્યારે ધારાસભા અસ્તિત્વમાં હતી નહી. પરંતુ આધુનિક રાજ્યોમાં વસ્તી અને વિસ્તાર વિશાળ હોવાથી પ્રજાની ઇચ્છા હોવા છતાં પણ તે ધારાકીય કાર્યો પ્રત્યક્ષ રીતે કરી શકતી નથી. પરિણામે ઘણી સદીઓ પછી પ્રતિનિધિ લોકશાહી વિકાસ પામી. તેમાં પ્રજા પોતાના પ્રતિનિધિઓને ચૂંટીને ધારાસભામાં મોકલે અને તમામ પ્રતિનિધિઓ એકત્ર થઇને કાયદાઓ તૈયાર કરે છે. ધારાસભા અત્યારે લગભગ દરેક રાજ્યોમાં છે. તે દરેકને જુદા-જુદા નામથી ઓળખાય છે. ઉ.ત બ્રિટનમાં પાર્લમેન્ટ, અમેરિકામાં કોંગ્રેસ, ભારતમાં સંસદ વગેરે. પાર્લમેન્ટ શબ્દની ઉત્પતિ સમજાવતાં પ્રા. ગિલિક્રિસ્ટ લખે છે, પાર્લમેન્ટ શબ્દ ફ્રેન્ચ શબ્દ પાર્લેમેન્ટ પરથી ઉતરી આવ્યો છે, જેનો મૂળ અર્થ થાય છે. 'ચર્ચા માટેની સભા 'ધારાસભા એટલે ચર્ચા માટેની સભા' તેવો અર્થ થાય છે. જે ધારાસભાનું મુખ્ય કાર્ય શું છે તે સ્પષ્ટ બને છે.

## ૩.૨ ધારાસભાનો વિકાસ

ધારાસભાનું કાર્ય કાયદાનું સર્જન કરે છે. આ કાર્ય તેની ફાળે કેવી રીતે આવ્યું તેનો ખ્યાલ આપો-આપ આવી જાય છે. પ્રાચીન સમયમાં રાજ્યોમાં કાયદાઓનું સર્જન કરવું તે સરકારનું મુખ્ય કાર્ય માનવમાં આવતું ન હતું કારણકે તે સમયે કાયદો દૈવી સર્જન માનવામાં આવતો હતો. જ્યારે નવા કાયદાઓની જરૂર પડતી ત્યારે રાજા ન્યાયાધીશો કે સ્વતંત્ર નાગરિકો એકત્ર થઇને તેમનું સર્જન કરતા હતા. અને કાયદા ઘડતા હતા. સમયે-સમયે પરિવર્તન થતા ગયા અને છેવટે પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા કાયદાઓનું ઘડતર કરવાની પ્રક્રિયા શરૂ થઇ. રાજકીય ચિંતક તરીકે જે.જે.રૂસો આ વિશે લખે છે કે, પ્રતિનિધિત્વનો વિચાર આધુનિક છે. તે સામંતશાહી સરકારોમાંથી આપણી પાસે આવ્યો છે. પ્રાચીન ગણતંત્રોમાં કે રાજાશાહીમાં ક્યારેય લોકપ્રતિનિધિત્વ ન હતું.યુરોપના કેટલાંક રાજ્યોમાં સદીઓ પહેલા સ્વતંત્ર પ્રથાની સત્તાઓ ભરાતી તેમાંથી પ્રતિનિધિત્વ પ્રથાની શરૂઆત થઇ છે.

બ્રિટનમાં આવા જ પ્રકારની સભા મળતી જે વિટનેગેમોટ તરીકે ઓળખવામાં આવતી અને તેનો અર્થ 'ડાહ્યા માણસોની પરિષદ' તેવો અર્થ કરવામાં આવતો હતો. રાજ્યમાં વરિષ્ઠ પુરુષો આ પરિષદમાં ભાગ લેતા હતા. વર્ષમાં અનેક વખત પરિષદને બોલવાતી. સમય જતાં આ પરિષદ રાજ્યની મહાપરિષદ તારીકે ઓળખાઇ. જયારે રાજ્યમાં નવા કરવેરા નાખવાની જરૂર પડતી ત્યારે તેની સંમતિ જરૂરી ગણાતી. આ સંસ્થાએ સમય જતાં છેવટે ધારાસભાનું સ્વરૂપ ધારણ કર્યુ. કેટલીક વખત ભૂતકાળમાં જ્યારે રાજાને નાણાની જરૂર પડતી ત્યારે તે જમીનદારોને બોલાવતો પરંતુ જમીનદારોની સંખ્યા મોટા પ્રમાણમાં હોવાથી એક સાથે એકત્ર થવું શક્ય ન હતુ. પરિણામે તેમના પ્રતિનિધિઓ મોકલવા તેમ નક્કી કર્યુ. લગભગ આ પ્રક્રિયા ઇ.સ ૧૨૬૫ માં જે વર્ગો રાજાને મદદ કરી શકે તેમ હતા તેમને આ કાર્ય માટે બોલાવવાનું શરૂ કર્યુ. આ વર્ગો જેવા કે પાદરીઓ, પ્રતિનિધિઓ પરગણાના ' નાઇટ' નો ઇલકાબ

ધારણ કરનારાઓ તથા શહેરના વતનીઓનો સમાવેશ થતો હતો. આ વ્યક્તિઓ બોલાવવા પાછળનો મુખ્ય હેતુ રાજની આવકમાં વધારો કરવાનો હતો. શરૂઆતમાં બધા એકજ સભામાં બેસતા પરંતુ પાછળથી ધીમે-ધીમે સમાજમાં ત્રણ વર્ગો ઉમરાવો, પાદરીઓ અને સામાન્ય વર્ગ જુદા-જુદા બેસવા લાગ્યા. તેમાંથી સમય જતાં ઉમરાવોની સભા અસ્તિત્વમાં આવી જ્યારે સામાન્ય ઉમરાવો, નાઈટનો હોદો ધરાવનારાઓ અને શહેરના પ્રતિનિધિઓ એક સાથે બેસવા લાગ્યા તેમાંથી સમય જતાં આમની સભાનું સર્જન થયું આ પ્રમાણે બ્રિટનમાં બે ગૃહની રચના થઈ જે કોઈ ચોક્કસ હેતુ માટે જાણી જોઈને કરવામાં આવી નથી. પરંતુ તે સમયે જે સામાજિક અને આર્થિક પરિબળો કામ કરી રહયાં હતાં તેના પ્રતિનિધિઓ અલગ-અલગ બેસવા લાગ્યા. આ પ્રમાણે બ્રિટનની દ્વિગૃહી ધારાસભાની રચના જાણીજોઈને નહી. પરંતુ ઐતિહાસિક અકસ્માતથી થઈ છે. લગભગ તમામ રાજ્યોમાં પાર્લામેન્ટ-ધારાસભાનું અનુકરણ કરીને દ્વિગૃહી ધારાસભા અપનાવી હોવાથી બ્રિટનની ધારાસભાને 'ધારાસભાઓની માતા'ગણવામાં આવે છે.

યુરોપના ધારાસભાનો વિકાસ પ્રો. ગેટલે બ્રિટનની ધારાસભા કેવી રીતે વિકસી તેનો ખ્યાલ સમગ્ર યુરોપમાં સરસ રીતે વિકસ્યો છે. તેમજ બ્રિટન કરતાં બીજી રીતે થયો છે. સામંતશાહી સમાજમાં ધારાસભામાં જુદા-જુદા વર્ગો એકત્ર થતા હતા પરંતુ જેમ-જેમ શહેરોના વિકાસ થતો ગયો તેમ-તેમ પોતાના પ્રતિનિધિઓને ધારાસભામાં મોકલવાની માંગણી શરૂ થઈ. દરેક વર્ગના પ્રતિનિધિઓને જુદા-જુદા બોલાવવામાં આવતા હતા અને તેઓ જુદા-જુદા દ્વિગૃહી ધારાસભાની પદ્ધતિના બદલે યુરોપનાં ઘણાં રાજ્યોમાં ત્રણ ગૃહ કે ચારગૃહોની ધારાસભાઓ અસ્તિત્વમાં આવી.

ધારાસભાનો વિકાસ ઐતિહાસિક દ્રષ્ટિએ વિચાર કર્યા પછી સરકારના જુદા-જુદા પ્રકારોના સંદર્ભમાં ધારાસભાનું સ્થાન કેવું છે.તેનો ખ્યાલ આધુનિક રાજ્યો તરફ દૃષ્ટિ ફેંકતા સ્પષ્ટ થાય છે.

સરમુખત્યારશાહીમાં ધારાસભાના સ્થાનનો વિચાર કરતાં જણાય છે કે આ સરકારમાં સરમુખત્યાર પોતે જ તમામ સત્તાઓ ધરાવતો હોવાથી તેમજ તેની ઇચ્છા એ કાયદો ગણાતો હોવાથી પ્રારંભમાં ધારાસભાની જરૂર ન હતી. પરંતુ ક્રમશ : ધારાસભા રચવાની જરૂરિયાત ઊભી થઈ ત્યારે તેની રચના કરવાનું સ્વીકારાયું આ સરકારમાં ધારાસભાનું સ્થાન ગૌણ હોય છે. જો કે દુનિયાને દેખાડવા માટે જ ધારાસભાનો સ્વીકાર કરવામાં આવતો હોય છે. ધારાસભા માત્ર રબરસ્ટેમ્પની કામગીરી બજાવે છે. જેમ કે સરમુખત્યારના નિર્ણયો અને કાયદાઓ ધારાસભા ચર્ચાવિચારણા કર્યા સિવાય મંજૂર કરે છે.

લોકશાહીમાં ધારાસભાના સ્થાનનો વિચાર કરીએ તો આમાં ધારાસભાનું સ્થાન ખુબજ મહત્ત્વનું ગણાયું છે. લોકશાહીમાં પ્રજા આખરે સત્તા ધરાવતી હોવાથી તેણે ચૂંટેલા પ્રતિનિધિઓ મતદારોની ઇચ્છાઓને વ્યક્ત કરે છે. લોકશાહીમાં સંસદીય અને પ્રમુખીય સરકારો મુખ્ય છે.

સંસદીય સરકારમાં ધારાસભા ખૂબ અગત્યનું સ્થાન ધરાવે છે. ૧૬૮૮ની રક્તવિહીન ક્રાંતિ પછી ધારાસભાની સર્વોપરિતા બ્રિટનમાં સ્થાપના અને દસ્તાવેજી બંધારણની સ્થાપના કરવામાં નહીં આવી હોવાથી બ્રિટનમાં ધારાસભાની સર્વોપરીતા અસ્તિત્વમાં છે. બ્રિટનમાં સંસદીય સરકારના અમલના કારણે કારોબારીની રચના ધારાસભ્યોમાંથી જ થાય છે. દર પાંચ વર્ષે અસમાનતા સભ્યોની ચૂંટણી થતી હોવાથી બીજી ચૂંટણી સુધી કારોબારીના સભ્યો સત્તા પર રહે છે. જ્યાં સુધી કારોબારી ધારાસભાના પ્રથમ ગૃહનો વિશ્વાસ ધરાવતી હોય ત્યાં સુધી જ તે સત્તા પર રહે છે. જ્યારે ધારાસભાનું પ્રથમ ગૃહ કારોબારી સામે અવિશ્વાસની દરખાસ્તને મંજૂર કરે છે. ત્યારે

તરત જ કારોબારીએ રાજીનામું આપવું પડે છે. ભારતમાં આજ પ્રકારની સરકારનો સ્વીકાર કર્યો હોવાથી સંસદ-ધારાસભાનું સ્થાન મહત્ત્વનું છે.

પ્રમુખીય સરકારમાં ધારાસભા અને કારોબારી સમાન ગણાતાં હોવાથી તેમજ બંને ગાઢ રીતે સંકળાયેલા નહી હોવાથી સંસદીય સરકારમાં ધારાસભાનું જે સ્થાન છે. તેવું સ્થાન પ્રમુખીય સરકારમાં તે ધરાવતી નથી. આ પ્રકારની સરકારમાં કારોબારી ધારાસભાને જવાબદાર નથી. તેમજ પોતાના સ્થાન પર ટકી રહેવા માટે તેણે ધારાસભાનો વિશ્વાસ પર આધાર રાખવો પડતો નથી. છતાં પણ અંકુશ અને સમતુલાનો સિદ્ધાંત અમલમાં હોવાથી ધારાસભા કારોબારી પર અમુક પ્રમાણમાં અંકુશ રાખે છે.

## ૩.૩ ધારાસભાની રચના

વર્તમાન રાજ્યોમાં ધારાસભાની રચના કેવી રીતે કરવામાં આવે છે, એટલે કે ધારાસભાના દરેક ગૃહમાં કોણ સભ્ય બની શકે છે? અને તે માટે કેવી પદ્ધતિનો સ્વીકાર કરવામાં આવ્યો છે. રાજ્યોનાં બંધારણોમાં ધારાસભાના પ્રતિનિધિ બનવા માટેની યોગ્યતાઓ સૂચવવામાં આવી હોય છે. તેનો ખ્યાલ આપતી જોગવાઈઓનો પ્રબંધ બંધારણ દ્વારા કરવામાં આવ્યો છે. જે પ્રથમ ગૃહની રચના કેવી રીતે કરવામાં આવે છે. તેનો વિચાર કરીશુ.

### ૩.૩.૧ પ્રથમ ગૃહની રચના :

લોકશાહીમાં ધારાસભાનું પ્રથમ ગૃહ અગત્યનું સ્થાન ધરાવે છે. કારણકે તેમાં પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે. આમ પ્રથમ ગૃહની રચના પ્રજા કરે છે. આ ગૃહની રચનામાં દરેક વ્યક્તિ ભાગ લેતી નથી. પ્રતિનિધિને ચૂંટવા માટે મતદાનનો અધિકાર ફક્ત રાજ્યના નાગરિકોને જ આપવામાં આવે છે. રાજ્યમાં રહેતા પરદેશીઓ આમાં ભાગ લેતા નથી. વળી, પુખ્ત ઉંમરના અને વધુ વય ધરાવતા નાગરિકોને જ દરેક રાજ્યમાં સરકાર દ્વારા જુદી-જુદી વયને પુખ્ત ઉંમર તરીકે નક્કી કરવામાં આવે છે. દા.ત. ભારતમાં ૧૮ વર્ષ, સ્વિટ્ઝરલેન્ડમાં ૨૦ વર્ષ, બ્રિટન અને અમેરિકામાં ૧૮ વર્ષે પુખ્ત ઉંમર ગણવામાં આવે છે.

જે રાજ્યકર્તાઓને ચૂંટવા માટે માનસિક પ્રૌઢતા જરૂરી છે. ભૂતકાળમાં જોઇએ તો મતાધિકાર જુદા-જુદા સમયે મિલકત, ધર્મ, શિક્ષણ, લિંગ-જાતિ વગેરેને યોગ્યતા તરીકે નક્કી કરવામાં આવી હતી. પરંતુ અનુભવે એમ જણાયું કે મતાધિકાર માટે મિલકત, ધર્મ, શિક્ષણ કે જાતિ વગેરે યોગ્યતાઓમાંથી કોઇ પણ એક યોગ્યતાનો સ્વીકાર કરવાથી તમામને મતાધિકાર મળે તેવી શક્યતા રહેતી નથી. ઉલટાનું કેટલીકવાર લોકો મતાધિકારથી વંચિત રહી જાય છે. જ્યારે પુખ્તવય નક્કી કરવાથી મતાધિકાર મેળવી શકે છે. પુખ્ત ઉંમર પ્રાપ્ત નહી કરેલ વ્યક્તિઓને મતાધિકાર આપવામાં આવતો નથી. કેમ કે યોગ્ય નિર્ણય લેવા માટે જરૂરી એવી માનસિક પ્રૌઢતા તેઓ ધરાવતા નથી. પુખ્તવયની પ્રાપ્તિ જ્યારે તેમને થાય ત્યારે તેમને મતાધિકાર મળે છે. આમ, આ યોગ્યતાથી દરેક વ્યક્તિ મતાધિકાર મેળવી શકે છે. મતાધિકાર કોને ન મળે તેની સ્પષ્ટતા કરતા દા.ત. અસ્થિર મગજના લોકોને મતાધિકાર આપવામાં આવતો નથી. આ રીતે બંધારણે નક્કી કરેલ યોગ્યતા ધરાવતા પુખ્ત ઉંમરના નાગરિકો પ્રતિનિધિઓને ચૂંટીને ધારાસભાના પ્રથમ ગૃહની રચના કરે છે. જે પ્રથમ ગૃહની રચના પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા થાય છે.

### ૩.૩.૨ બીજા ગૃહની રચના :

આ ગૃહની રચના રાજ્યોમાં જુદી-જુદી પદ્ધતિ અપનાવવામાં આવે છે. જો બંને ગૃહની રચના માટે એક જ પદ્ધતિ અપનાવવામાં આવે તો બંને ગૃહોમાં પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓ બેસે અને પરિણામે બંને ગૃહોમાં પ્રજાના પ્રતિનિધિઓ હોવાથી બંને ગૃહે સમાન સ્થાન ધરાવે છે. જેથી બંને વચ્ચે ગેરસમજ ઊભી થવની સંભાવના વધી જાય છે. જેના કારણે બંને ગૃહોની રચના માટે એકજ પદ્ધતિ અપનાવાવમાં આવતી નથી. બીજા ગૃહની રચના માટે મુખ્યત્વે કરીને વારસાગત પદ્ધતિ નિમણૂક પદ્ધતિ અને ચૂંટણી પદ્ધતિ જોવા મળી છે.

### ૩.૩.૨.૧ વારસાગત પદ્ધતિ :

આ પદ્ધતિની નિમણૂંક જોવા મળે છે. ત્યાં બીજા ગૃહનું સભ્યપદ વારસાગત હોય છે. આ પદ્ધતિનો શ્રેષ્ઠ દાખલો બ્રિટનની ધારાસભાનું બીજુ ગૃહ ઉમરાવસભા જોવા મળે છે. તેનાં મોટા પ્રમાણમાં સભ્યપદ વારસાગત હોય છે. ભૂતકાળમાં ઘણાં રાજ્યોમાં આ પદ્ધતિ થઇ ગઇ છે. કેમ કે લોકશાહી યુગમાં આ પદ્ધતિ બંધબેસતી નથી. લોકશાહીમાં સર્વેને સમાન તક આપવાનું સ્વીકારાયેલું હોય છે. આ પદ્ધતિ સ્વીકારવાથી બીજા ગૃહમાં સભ્યોના પુત્રો ચૂંટણી લડયા સિવાય જ વારસામાં સભ્યપદ મેળવે છે. આ સભ્યોને પ્રજાએ ચૂંટેલા નહી હોવાથી તેમણે લીધેલા નિર્ણયોને પ્રજાની સંપતિ છે. તેમ માનવામાં આવતું નથી. પરંતુ તેમના નિર્ણયોને સંમતિ ગણવામાં આવે છે. જે આ પદ્ધતિની યોગ્યતા દર્શાવતા થોમસ પેઇને ૧૭૯૧ માં પોતાના પુસ્તક ' રાઇટસ ઓફ મેન ' માં જણાવ્યુ છે. કે વારસાગત પદ્ધતિનાં ધારાસભ્યોનો ખ્યાલ વારસાગત ન્યાયાધીશો કે વારસાગત જ્યુરી જેટલો જ અસંગત, વારસાગત પંડિત જેટલોજ વિચિત્ર અને વારસાગત કવિરત્ન જેટલોજ હાસ્યાસ્પદ છે.

### ૩.૩.૨.૨ નિમણૂક પદ્ધતિ :

આ પદ્ધતિ કારોબારી ધારાસભાના બીજા ગૃહના સભ્યોની નિમણૂક કરે છે. આ નિમણૂક કાં તો જીવનભર માટે અથવા તો અમુક સમય માટેની હોય છે. નિમણૂક પદ્ધતિ ઘણાં રાજ્યોમાં અમલમાં હતી અને આજે પણ અમુક રાજ્યોમાં જોઇએ તો ભારત ( અલ્પ પ્રમાણમાં) ઇટાલી, જાપાન અને કેનેડા વગેરેમાં તે અમલમાં છે.

ભારતનાં સંદર્ભમાં જોઇએ તો સંસદમાં નિમણૂક પદ્ધતિ અલ્પ પ્રમાણમાં જોવા મળે છે. જેમાં બે ગૃહો જેવા કે લોકસભા અને રાજ્યસભા આ ગૃહોમાં લોકસભામાં બે એગ્લો ઇન્ડિયન સભ્યોની નિમણૂક અને રાજ્યસભામાં ૧૨ (બાદ) સભ્યો જેવા કે ક્લા, વિજ્ઞાન, સાહિત્ય અને સમાજસેવા જેવા ક્ષેત્રમાંથી રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરવામાં આવે છે.

### ૩.૩.૨.૩ ચૂંટણી પદ્ધતિ

આ પદ્ધતિમાં બે પ્રકારની ચૂંટણીનો સમાવેશ થાય છે.

૧. પ્રત્યક્ષ ચૂંટણી

૨. પરોક્ષ ચૂંટણી

**૧. પ્રત્યક્ષ ચૂંટણી :**

આ પદ્ધતિ મુજબ મતદારો પ્રત્યક્ષ રીતે ધારાસભ્યોને ચૂંટતા હોય છે. જેમ કે પ્રથમ

ગૃહના સભ્યો આ ચૂંટણી પદ્ધતિથી ચૂંટાય છે. તેવી જ રીતે કેટલાક રાજ્યોમાં બીજા ગૃહના સભ્યોને ચૂંટવા માટે આજ પદ્ધતિને ઉપયોગમાં લેવામાં આવે છે. અમેરિકામાં ૧૯૧૩ માં સેનેટની રચના માટે પરોક્ષ પદ્ધતિના બદલે આ પદ્ધતિનો અમલમાં આવી. જે ૧૯૧૩ માં બંધારણમાં ૧૭મો સુધારો કરીને સેનેટની રચના માટે પ્રત્યક્ષ ચૂંટણી પદ્ધતિના અમલની જોગવાઇ કરવામાં આવી. આ પદ્ધતિ પ્રમાણે તે વર્તમાન લોકશાહી યુગ સાથે સુસંગત છે. તેમજ પ્રજાકીય જવાબદારીના વિચારને તે અનુરૂપ છે.

**૨. પરોક્ષ ચૂંટણી :**

બીજા ગૃહની રચના પરોક્ષ ચૂંટણી પદ્ધતિની તરફેણ કરવામાં આવે છે. દા.ત અમેરિકામાં ૧૯૧૩ માં બંધારણમાં ૧૭મો સુધારો કરવામાં આવ્યો તે પહેલાના સમયમાં અમેરિકાની સેનેટના સભ્યોની ચૂંટણી માટે પરોક્ષ ચૂંટણી પદ્ધતિ અપનાવવામાં આવી હતી. ભારતના સંદર્ભમાં જોઇએ તો સંસદના બીજા ગૃહ રાજ્યસભાના ૨૩૮ સભ્યો પણ પરોક્ષ ચૂંટણી પદ્ધતિ દ્વારા ચૂંટાય છે. આ પદ્ધતિ પ્રમાણે મતદારો પ્રતિનિધિઓને ચૂંટે છે અને ત્યારપછી આ મતદાર મંડળના સભ્યો મતદારો પોતપોતાનાં રાજ્યોની વિધાનસભાઓના સભ્યોને ચૂંટે છે. અને ત્યાર પછી દરેક વિધાનસભાના સભ્યો પોતપોતાના રાજ્યના રાજ્યસભા માટેના ઉમેદવારોમાંથી પોતાના પ્રતિનિધિઓની રાજ્યસભાના સભ્યો તરીકે ચૂંટણી કરે છે.

ધારાસભાની રચનાના સંદર્ભમાં જોઇએ તો જુદા-જુદા રાજ્યમાં ધારાસભામાં પ્રથમ ગૃહની સમય મર્યાદા જુદી-જુદી હોય છે. દા.ત બ્રિટનમાં આમસભાની અને ભારતમાં લોકસભાની ચૂંટણી દ્વારા પ્રથમ ગૃહની ચૂંટણી કરવામાં આવે છે. પરંતુ જ્યાં જરૂર પડે ત્યાં પ્રથમ ગૃહનું વિસર્જન કરીને ચૂંટણી યોજવામાં આવે છે. દા.ત ૧૨મી સામાન્ય ચૂંટણીઓ ૨૦૦૦માં યોજવાના બદલે ૧૯૯૮ માં યોજાઇ હતી. એજ રીતે ૧૩મી લોકસભાની ચૂંટણી ૧૯૯૦માં યોજાઇ હતી. ચૌદમી લોકસભાની ચૂંટણી ૨૦૦૪ના અંત ભાગમાં યોજવાની હતી. પરંતુ આઠ મહિના અગાઉ લોકસભાનું વિસર્જન કરી ૨૦૦૪ માં એપ્રિલ-મે માં યોજાઇ હતી. આમ, લોકસભાની સમય મર્યાદા પૂરા થતા પૂર્વે તેનું વિસર્જન કરી સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવે છે. સ્વિઝરલેન્ડની સમવાયી ધારાસભાના પ્રથમ ગૃહની રચના ચાર વર્ષ માટે કરવામાં આવે છે. અને અમેરિકાની કોંગ્રેસના પ્રથમ ગૃહ ( પ્રતિનિધિઓના ગૃહ) ની સમયમર્યાદા ફક્ત બે જ વર્ષની છે.

## ૩.૪ ધારાસભાના કાર્યો

ધારાસભાનું મુખ્ય કાર્ય રાજ્યનો કાયદો તૈયાર કરવાનું તેમજ તેને વ્યક્ત કરવાનું છે પરંતુ આધુનિક સમયના લોકતંત્રની ધારાસભાઓ મુખ્યત્વે કરીને નીચે મુજબના કાર્યો કરે છે.

### ૩.૪.૧ ધારાકીય કાર્યો

ભૂતકાળમાં રાજાની ઇચ્છા કાયદો ગણાતી હતી. પરંતુ આ પ્રથા અત્યારે અનુકૂળ નથી અત્યારે રાજાશાહી ભૂતકાળના પ્રતીક તરીકે જ ક્યાંક નજરે પડે છે. આધુનિક ધારાસભાનું મુખ્ય કાર્ય કાયદા તૈયાર કરવાનું છે. જેમાં પ્રજાના પ્રાતિનિધિઓ તેમાં ભાગ લેતા હોવાથી કાયદા દ્વારા પ્રજાનાં હિતો જળવાય તેમજ રાજ્યના ખરેખર વ્યવસ્થા સરળ બને તે જોવામાં આવે છે. ધારાસભા નવા કાયદાઓનું સર્જન કરે છે.

અસ્તિત્વમાં આવતા કાયદા જરૂર જણાતા ફેરફાર કરે છે અને સમયને અનુરૂપ ન હોય તેવા કાયદાને રદબાતલ કરે છે. ટૂંકમાં આધુનિક સમયમાં મોટા ભાગના કાયદા ધારાસભા દ્વારા તૈયાર થાય છે અને તેથી આ કાર્યને ધારાસભાનું મુખ્ય કાર્ય ગણવામાં આવે છે.

### ૩.૪.૨ વહીવટી કાર્યો :

ધારાસભા માટે રાજ્યના વહીવટી તંત્રમાં ધારાસભ્યો પ્રધાનોને પ્રશ્નો પૂછીને વહીવટી શિથિલતા, સરકારી તંત્રની નબળાઇ તેમજ પ્રવર્તતી ગેરરીતિઓ વિશે સરકારને સજાગ રહેવાની તેમજ તેને દૂર કરવાની ફરજ પાડે છે. જ્યારે રાજ્યના અર્થતંત્રને જાહેર વિભાગ અને ખાનગી વિભાગમાં વહેંચવામાં આવે છે ત્યારે જાહેર વિભાગના ઉપયોગો તથા વ્યાપારી પ્રવૃતિઓના વહીવટ પર તે અંકુશ રાખે છે. જે જાહેર નિગમો રચવામાં આવે છે. તેના બોર્ડ ઓફ ડિરેકટર્સના સ્વરૂપે પણ ધારાસભા કામ કરે છે. જ્યારે વહીવટી ગોટાળાનો બનાવ બને છે ત્યારે ઘણી વખત ધારાસભ્યોની તપાસ સમિતિ નીમવામાં આવે છે. તે તપાસ સમિતિના સભ્યો વહીવટી અમલદારો તેમજ પ્રધાનોની ઉલટતપાસ લઇ માહિતી એકત્ર કરીને પોતાનો અહેવાલ ધારાસભા સમક્ષ મૂકે છે. દા.ત ભારતમાં બોફોર્સ કૌભાંડ તથા ૧૯૯૨ ના શેરકૌભાંડના સંદર્ભમાં સંસદીય સમિતિઓ રચવામાં આવી હતી. આ ઉપરાંત અનેક કૌભાંડની ચર્ચા અવારનવાર કરીને ધારાસભ્યો વહીવટી કાર્યો કરે છે.

### ૩.૪.૩ નાણાંકીય કાર્યો

ધારાસભાનો વિકાસનો ઐતિહાસિક દ્રષ્ટિએ વિચાર કરતાં બ્રિટનમાં જોઇએ તો રાજાને વારંવાર યુદ્ધો ખેલવા માટે જ્યારે-જ્યારે નાણાંની જરૂર પડતી ત્યારે સમાજના અમુક વર્ગોના પ્રતિનિધિઓને તે બોલાવતો આ વ્યવહારમાંથી સમય જતાં ધારાસભાનું સર્જન થયું અને તેમણે ધીરે-ધીરે નાણાં મંજૂર કરવાની સત્તા પોતાને હસ્તક લઇને તેણે કારોબાર પર પોતાનું વર્ચસ્વ સ્થાપ્યુ. આમ નાણાંકીય કાર્ય સાથે ધારાસભાનો સંબંધ જૂનો પુરાણો છે.

લોકશાહીમાં નાણાંકીય સત્તા પ્રજાના પ્રતિનિધિઓ પાસે જ હોવી જોઇએ કારણકે પ્રજાના પૈસાનો ઉપયોગ તેમના પ્રતિનિધિઓની સંમતિથી જ થાય તે આવશ્યક છે. નાણાંકીય કાર્યમાં અંદાજપત્રનો પણ આપણે ઉલ્લેખ કરી શકીએ છીએ. જેમાં દર નાણાંકીય વર્ષ રાજ્યના વડા વતી નાણાપ્રધાન રાજ્યની આવક જાવક રજૂ કરતું અંદાજપત્ર રજૂ કરે છે. તે સંબંધે ધારાસભ્યો વિગતે ચર્ચા કર્યા પછી સુધારા-વધારા સાથે તેને મંજૂરી આપે છે. આ કાર્યની સાથે સાથે પ્રધાનોના પગાર તેમજ દરેક ખાતાનો ખર્ચ ધારાસભ્યો મંજૂર કરે ત્યાર પછી જ પ્રધાનો પગાર ઉપાડી શકે અને પોતપોતાનાં ખાતાઓ અંગેનો ખર્ચ કરી શકે છે. તે ઉપરાંત રાજ્યની તમામ બાબતો અંદાજપત્રમાં આવરવામાં આવે છે. જેનું સરવૈયું કાઢવામાં આવે છે.

### ૩.૪.૪ ન્યાયવિષયક કાર્યો

કેટલાક રાજ્યોમાં ધારાસભાને ન્યાયવિષયક કાર્યો પણ સોંપવામાં આવે છે. જેમના ખ્યાલ રૂપે જોઇએ તો મોટાભાગની ધારાસભાઓ દ્વિગૃહી હોય છે. અને જ્યારે રાજ્યના વડા ઉપર દોષરોપણ મૂકવાની કાર્યવાહીનો સ્વીકાર કરવામાં આવ્યો હોય છે. ત્યારે આ કાર્ય ધારાસભામાં કરે છે. રાજ્યના વડાએ ગંભીર બંધારણીય ગુનો કર્યો

હોય ત્યારે તેના ઉપર અદાલતી કાર્યવાહી કરવામાં આવતી નથી. પરંતુ ધારાસભાનું પ્રથમ ગૃહ દોષારોપણ મૂકે છે. અને બીજુ ગૃહ દોષારોપણની અદાલત તરીકેનું કાર્ય કરે છે. દા.ત ભારતમાં પણ રાષ્ટ્રપતિને ગંભીર ગુના માટે તેમના સ્થાન પરથી દૂર કરવા માટે અને અમેરિકામાં પ્રમુખ તથા ઉપપ્રમુખ ઉપર પ્રતિનિધિઓનું ગૃહ આરોપ મૂકે છે અને સેનેટ દોષારોપણની અદાલતનું કાર્ય સંભાળે છે. સ્વિઝરલેન્ડમાં સમવાયી ધારાસભા સજામાં ઘટાડો કરવાની તેમજ ગુનેગારને માફી આપવાની સત્તા ધરાવે છે. બ્રિટનમાં ઉમરાવસભા અપીલ માટેની છેલ્લી અદાલત તરીકેનું કાર્ય સંભાળતી હતી. પરંતુ વડાપ્રધાન ટોની બ્લેરે જૂન ૨૦૦૪ માં લોર્ડ ચાન્સેલરના હોદાને દૂર કર્યા અને સર્વોપરી અદાલતની સ્થાપના કરવાનું નક્કી કર્યુ. પરિણામે ઉમરાવસભા આ કાર્ય બજાવતી નથી. આપણે ત્યા સંસદ દોષારોપણની કાર્યવાહી કરે છે. ઓગષ્ટ ૨૦૧૧ માં ન્યાયમૂર્તિ સેને પર દોષારોપણની કાર્યવાહી કરવામાં આવી હતી. રાજ્યસભામાં તે અંગેનો ઠરાવ પસાર થઇ ગયો પરંતુ લોકસભામાં તે અંગેની કાર્યવાહી હાથ ધરાય તે પૂર્વે જ ન્યાયમૂર્તિ સેને હોદાનું રાજીનામુ આપી દેતા કાર્યવાહી આગળ ચાલી નહી.

### ૩.૪.૫ કારોબારી વિષયક કાર્ય

કારોબારીના અંતિમ કાર્યને સ્વરૂપ આપવા માટે ધારાસભાની સંમતિ જરૂરી બનતી હોય છે. ત્યારે ધારાસભાના આ કાર્ય દ્વારા કારોબારીનું કાર્ય પણ કરે છે. દાત અમેરિકાના બંધારણમાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે જ્યારે પ્રમુખને અગત્યની નિમણૂંક કરવાની હોય છે. અથવા સંધિ કરવાની હોય છે ત્યારે ધારાસભાના બીજા ગૃહ સેનેટમાં ૨/૩ સભ્યોની મંજૂરી મળવી જોઇએ જો તે મંજૂરી ન મળે તો પ્રમુખ આગળ કોઇ કાર્યવાહી કરી શકતા નથી.

### ૩.૪.૬ પ્રજાની મુશ્કેલીઓને વ્યક્ત કરવાનું કાર્ય

આધુનિક લોકશાહીમાં પ્રજા પોતાના પ્રતિનિધિઓને ધારાસભામાં મોકલે અને રાજ્યનાં કાર્યોમાં પરોક્ષ રીતે ભાગ લે છે. આ કામગીરી દ્વારા ધારાસભામાં ચર્ચા કરીને સરકારનું આ મુશ્કેલીઓ પ્રત્યે ધ્યાન દોરવામાં આવે જો સત્તા ઉપરના રાજકીય પક્ષને સત્તા ઉપર ચાલુ રહેવા માટે તેમણે લોકોની મુશ્કેલીઓ દૂર કરવી પડે છે. જો ધારાસભામાં વ્યક્ત થતી પ્રજાની મુશ્કેલીઓ પ્રત્યે સરકાર બેદરકારી બતાવે તો તેના માટે ફરીથી ચૂંટાવાની શક્યતા રહેતી નથી. ધારાસભા આ રીતે પ્રજાની મુશ્કેલીઓ કરી છે તેનો સરકારને ખ્યાલ આપે છે. અને સાથો-સાથ તેમને દૂર કરવાની ખાતરી સરકાર પાસેથી મેળવી પ્રજાને માનસિક શાંતિ તેમજ રાહત આપે છે.

### ૩.૪.૭ બંધારણસભાનું કાર્ય

રાજ્યની ધારાસભા રાજ્યના બંધારણ સાથે પણ સંકળાયેલી હોય છે. અને કાં તો તે બંધારણસભા તરીકે અથવા બંધારણમાં ફેરફાર કરવાની ક્રિયામાં ભાગ લે છે. દા.ત બ્રિટનની ધારાસભા સર્વોપરી સત્તા ધરાવે છે તે બંધારણીય બાબતોમાં ફેરફાર કરવાનું કાર્ય કરે છે. કેમકે બંધારણીય બાબતોમાં અંશતઃ કે સંપૂર્ણ સુધારો અથવા ફેરફાર કરી શકે છે. તેજ પ્રમાણે અમેરિકા અને ભારતમાં જ્યારે બંધારણમાં ફેરફાર કરવાની જરૂર પડે છે. ત્યારે ધારાસભા જ બંધારણમાં ફેરફાર કરવામાં આવે છે.

### ૩.૪.૮ લોકમત ઘડતરનું કાર્ય

ધારાસભા પ્રજાના પ્રતિબિંબ રજૂ કરે છે. કારણકે જે પ્રતિનિધિઓ ચૂંટાઇને આવ્યા હોય છે તે માટે લોકમતનો ટેકો જવાબદાર હોય છે. જેમાં લોકમતના સાધનો ટી.વી, રેડિયા, સમાચારપત્રો, સોશીયલ મીડિયા વગેરે દ્વારા જે ટેકો મળ્યો છે. તેને જાળવી રાખવા તેમજ તેમાં વધારો કરવા દરેક રાજકીય પક્ષ સજ્જ હોય છે. પરિણામે સત્તા ઉપરનો પક્ષ તેમજ વિપક્ષો લોકમતને પોતાની તરફ વાળવાનો પ્રયત્ન કરે છે. ધારાસભામાં જે ચર્ચાઓ, ટીકાઓ, પ્રશ્નોત્તરી વગેરે થાય છે.

### ૩.૪.૯ મતદારમંડળ તરીકેનુ કાર્ય

રાજ્યની ધારાસભાઓ પ્રમુખ કે ઉપપ્રમુખની ચૂંટણી માટે મતદારમંડળનું કાર્ય કરે છે. દા.ત ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ધારાસભા મતદારમંડળનું કાર્ય કરે છે. અમેરિકામાં પ્રમુખ કે ઉપપ્રમુખની ચૂંટણીમાં જે મતદાન થાય તેની ચકાસણીનું કાર્ય કોંગ્રેસ કરે છે.સ્વિટ્ઝરલેન્ડમાં ધારાસભાનાં બંને ગૃહો સમવાયી સરકારની ચૂંટણી કરે છે.

## ૩.૫ ધારાસભાના પ્રકારો

ધારાસભાના મુખ્યત્વે બે પ્રકારો પાડવામાં આવ્યા છે. એક ગૃહી ધારસભા અને દ્વિગૃહી ધારાસભા. જે ધારાસભામાં ફક્ત એકજ ગૃહ હોય છે તે ધારાસભાને એકગૃહી ધારાસભા તરીકે ઓળખાય છે. અને જે ધારાસભાને બે ગૃહ હોય તેને દ્વિગૃહી ધારાસભા તરીકે ઓળખવામાં આવે છે. આગળ જણાવ્યા તેમણે બ્રિટનની ધારાસભાને ધારાસભાની માતા તરીકે ઓળખવામાં આવે છે. અને તે દ્વિગૃહી હોવાથી તમામ રાજ્યોમાં દ્વિગૃહી ધારાસભાની રચના કરવામાં આવી છે. તે ઉપરાંત દ્વિગૃહી ધારાસભા અમલમાં હોવા છતાં પણ ભૂતકાળમાં ઘણા રાજ્યોમાં ધારાસભા ત્રિગૃહી કે ચર્તુગૃહી હોવાના દાખલા પણ જોવા મળ્યા છે. જેમકે ૧૮૮૬ સુધી સ્વીડનની રાષ્ટ્રીય ધારાસભાને ચાર ગૃહ હતાં. ૧૯૬૩ માં યુગોસ્લાવિયામાં નવા બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો તેમાં દ્વિગૃહી ને બદલે પાંચ ગૃહવાળી ધારાસભાની રચના કરવામાં આવી હતી.

### ૩.૫.૧ એકગૃહી ધારાસભા

દ્વિગૃહી ધારાસભાનો સર્વત્ર સ્વીકાર થયો હોવા છતાં પણ એકગૃહી ધારાસભાનો અમલ ભૂતકાળમાં હતો. જેમાં ૧૮મી સદીના અંતમાં અને ૧૯મી સદીની શરૂઆતમાં એકગૃહી ધારાસભાની તરફેણ કરનારાઓનું પ્રમાણ સારુ હતુ. બ્રિટનમાં પણ એકગૃહી ધારાસભા સ્થાપવાના પ્રયત્નો થયા હતા. જેની તરફેણમાં જર્મી બેન્થમ મુખ્ય હતા. અમેરિકામાં જેની તરફેણમાં એકગૃહી ધારાસભાના પ્રખર હિમાયતી હતા. અઢારમી અને ઓગણીસમી સદી એકગૃહી ધારાસભાના અમલમાં હોવા છતાં પણ છેવટે તો દ્વિગૃહી ધારાસભાની તરફેણ થવા લાગી. દાત બ્રિટનમાં કોમનવેલ ૧૬૪૯ માં કોમનવેલ્થની સ્થાપના કરી ત્યારે ઉમરાવ સભાને દૂર કરી ત્યાં એકગૃહી ધારાસભા સ્થાપી હતી. તે લાંબા સમય સુધી ટકી નહીં અને ફરીથી દ્વિગૃહી ધારાસભાનો સ્વીકાર કરવામાં આવ્યો. અમેરિકામાં ૧૭૮૧ થી ૧૭૮૯ દરમિયાન સમુહતંત્ર અમલમાં આવ્યું હતુ. ત્યારે કોંગ્રેસ એકગૃહી હોવાથી સમૂહતંત્રના સભ્ય રાજ્યોમાં અસંતોષનું પ્રમાણ ખૂબજ વધ્યું હતુ. પરિણામે દ્વિગૃહી ધારાસભાનો અમલ કરવામાં આવ્યો

હતો. આ ઉપરાંત પોર્ટુગલ, નેપલ્સ, મેક્સિકો, બોલીવીઆ, યુકેડોર વગેરે રાજ્યોમાં એકગૃહી ધારાસભા હતી. ત્યાં પણ સમય જતાં દ્વિગૃહી ધારાસભા અસ્તિત્વમાં આવી હતી.

★ **એકગૃહી ધારાસભાના ફાયદા :** આ ધારાસભાના ફાયદા નીચે મુજબ સ્વીકાર કરવામાં આવ્યો છે.

૧. **ધારાકીય એકતા સ્થાપે છે.**

જો દ્વિગૃહી ધારાસભા હોય ત્યારે બંને વચ્ચે હરિફાઇ સર્વોપરિતા માટે દુશ્મનાવટ અને તેથી વારંવાર મડાગાંઠ ઉત્પન્ન થાય છે. તેથી ધારાકીય કાર્યદક્ષતા જોખમાય છે. દાત. બ્રિટનની ધારાસભાનાં બંને ગૃહ વચ્ચે આ સ્થિતિ પ્રવર્તતી જોવા મળી છે. જે એક જ ગૃહ હોય તો હરિફાઇનો પ્રશ્ન ઉદ્ભવતો નથી અને ધારાકીય એકતા જળવાઇ રહે છે. બંધારણનાં ઘડવૈયા તરીકે એબેસન્સ એક ગૃહની તરફેણ કરતાં જણાવે છે કે કાયદો પ્રજાની ઇચ્છા છે. પ્રજાને એક સમયે એક જ વિષય ઉપર બે જુદી-જુદી ઇચ્છાઓ હોઇ શકે નહી. તેથી ધારાસભા જે પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવે છે. તે એકગૃહી હોવું જોઇએ.

૨. **એકગૃહી ધારાસભા જ પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવે છે :** આમાં બીજા ગૃહની સત્તાઓ કરતાં પ્રથમ ગૃહની સત્તાઓનું પ્રમાણ ઘણું જ વધારે હોય છે. બ્રિટનની ધારાસભા જોઇએ તો ત્યાં ઉમરાવસભાનું સ્થાન ખૂબજ ગૌણ છે. આ ઉપરથી એવુ તારણ કાઢી શકાય કે બે ગૃહ હોવા છતાં જો બીજા ગૃહનું સ્થાન ગૌણ હોય તો શા માટે એકગૃહી ધારાસભાનો સ્વીકાર ન કરવો જોઇએ. ભારતમાં પણ સંસદમાં બંને ગૃહને સમાન ગણવામાં આવતાં હોવા છતાં પણ લોકસભા, રાજ્યસભા કરતા વધુ સત્તા ધરાવે છે. અપવાદ અમેરિકન સેનેટનો ઉલ્લેખ કરી શકીએ કેમકે ત્યાં સેનેટ પ્રથમ ગૃહ કરતાં ખૂબજ સત્તાઓ ધરાવે છે.

૩. **જવાબદારી સ્પષ્ટ હોય છે :** જો ધારાસભા દ્વિગૃહી હોયતો જવાબદારી કયા ગૃહની છે તે સ્પષ્ટ કરવું મુશ્કેલ બની જાય છે. આમ દ્વિગૃહી ધારાસભામાં બેજવાબદારીનું પ્રમાણ વધુ હોવાની શક્યતા રહેલી છે. ત્યાં કાર્યદક્ષતામાં પણ ઘટાડો થાય છે. જ્યારે એકગૃહી ધારાસભામાં મુશ્કેલી હોતી નથી, કેમકે ત્યાં એક જ ગૃહ હોવાથી જવાબદારી કોની છે તે સ્પષ્ટ બને છે. અને ગૃહ પોતાનાં કાર્યો ઝીણવટપૂર્વક કરે છે.

૪. **સમયનો બગાડ ઓછો થાય છે :** એકગૃહી ધારાસભા હોય તો ખરડો ઝડપથી કાયદાનું સ્વરૂપ ધારણ કરી શકે છે. ખરડાને કાયદામાં ફેરવતા વધુ સમય લાગતો નથી. દ્વિગૃહી ધારાસભામાં વિચારીએ તો ખરડાની કાર્યવાહી ખૂબજ સમય લે છે તેની સરખામણીમાં એકગૃહી ધારાસભામાં ખરડાને કાયદો બનતાં ઓછો સમય લાગે છે.

૫. **ઓછી ખર્ચાળ છે. :** દ્વિગૃહી ધારાસભાની સરખામણીમાં એકગૃહી ધારાસભા ઓછી ખર્ચાળ હોય છે. કારણકે માત્ર એકજ ગૃહના રાજ્યોના પગાર ભથ્થાં આપવા પડે છે તેમજ વહીવટીખર્ચ પણ માત્ર એક ગૃહ પૂરતો સિમિત હોય છે. ખાસ કરીને આ કાયદાને લીધે અલ્પવિકસિત રાજ્યોમાં એકગૃહી ધારાસભાની રચના કરવામાં આવી છે.

★ **એકગૃહી ધારાસભાના ગેરફાયદા :**

એકગૃહી ધારાસભામાં એકગૃહવાળી સભાને ધ્યાનમાં રાખીને કેટલીક ટીકાઓ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**૧. ધારાસભા બેજવાબદાર બની શકે છે.**

ધારાસભા એકગૃહી હોય તો ઘણી વખત તે પોતાની જવાબદારી ભૂલી જઇને

બેજવાબદાર રીતે વર્તે છે. ઘણી વખતે પ્રવર્તતા ઉગ્ર લોકમતથી દોરવાઈ જવાની શક્યતા એકગૃહી ધારાસભામાં સારી એવી રહેલી છે. આ વિશે સ્ટીફનલિકોક લખે છે. '' ધારાસભાનું એક ગૃહ તેની સાથે સંકળાયેલ બીજા ગૃહની પુનરાવર્તન કરવાની સત્તાથી નિરંકુશ હોય તો તે ઉદ્ધત અને બેજવાબદાર બને છે.''

આ રીતે બેજવાબદાર બનવાની શક્યતા હોવાથી એકગૃહી ધારાસભા ઘણી વખત અયોગ્ય કાયદાઓ પસાર કરે છે. કારણકે તેને પસાર કરેલ કાયદાઓની પુનર્વિચારણા કરવા માટે તથા તેમાં સુધારા કરવા માટે બીજુ ગૃહ હોતુ નથી.

**૨. એકગૃહી ધારાસભા સરમુખત્યાર બની શકે છે.**

જ્યારે ધારાસભામાં સમાન વિચારવાળા ધારાસભ્યો પોતાના વિજયની ખાતરીથી એક થઈને કાર્યો કરે છે ત્યારે તે સરળતાથી સરમુખત્યારની જેમ વર્તી શકે છે. જે પોતાની ઈચ્છા પ્રમાણે કાયદાઓ પસાર કરી શકે છે. જહૉન સ્ટુઅર્ટ મીલ એકગૃહી ધારાસભાના વિરોધી હતા. તેમણે આ વિચાર જે કારણે રોમનોને બે કોન્સલ્સના હોદાઓ સ્વીકારવા લાલચ આપેલી છે. કારણકે બે ગૃહની જરૂરિયાતને ઈચ્છનીય બનાવે છે. જિકા એ વિચાર પર ભાર મૂકે છે કે રોમન પ્રજાએ બે કોન્સલ્સ હોદાઓ એટલા માટે સ્વીકાર્યા હતા કે બંને એકબીજા પર અંકુશ રાખે જેથી કોઈપણ કોન્સલ સત્તાનો ઉપયોગ કરી શકે નહી.

લેકી જણાવે છે કે માનવમતમાં સરકારનાં જે કોઈ સ્વરૂપ જોઈ શકાય છે એ સૌમાં સર્વસત્તાશીલ લોકશાહી ગૃહ કરતાં વધુ ખરાબ કોઈ હોય તેવુ હું જાણતો નથી. બિનઅંકુશિત સત્તા હસ્તગત થવાને કારણે વૈયક્તિક જુલ્મગાર જે પ્રલોભનો તરફ ઢળે એ નબળાઈ તો એમાં છે જ અને તેથી તે જવાબદારીની ઓછામાં ઓછી ભાવના અને વિચાર વગરનું વર્તન કરશે.

'લેકી' ના મંતવ્ય પ્રમાણે ધારાસભા એકગૃહી તો છે. લોકશાહીમાં પણ તે વધુ ખરાબ સ્વરૂપ ધારણ કરી શકે છે. એક ગૃહ હોવાથી તેની સત્તા પર અંકુશ હોતો નથી. તેથી જેવી રીતે નિરંકુશ સત્તાધારી જે પ્રલોભનો તરફ ખેંચાય છે. ખાસ કરીને સત્તાનો દુરુપયોગ કરવાના તેવી જ રીતે એકગૃહી ધારાસભા પણ સત્તાનો દુરુપયોગ કરવા લલચાય છે. પરિણામે તે ઓછામાં ઓછી જવાબદારીની ભાવના ધરાવવા લાગે છે. તે બેજવાબદાર બને છે. અને છેવટે તે વિચાર્યા સિવાય સત્તાના મદમાં વર્તવાની શક્યતા સારા પ્રમાણમાં ધરાવે છે.

**૩.૫.૨ દ્વિગૃહી ધારાસભાના ફાયદા**

આધુનિક સમયમાં તો દ્વિગૃહી ધારાસભાનો વ્યાપક પ્રમાણમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. આજે એક ગૃહી ધારાસભા કયાંક અસ્તિત્વ ધરાવતી નથી આ માટે દ્વિગૃહી ધારાસભાના સ્વીકારથી જે ફાયદા થાય છે તેમને જવાબદાર ગણી શકાય.

**૧. પ્રથમ ગૃહની સરમુખત્યારશાહી સામે રક્ષણ આપે છે.**

જહૉન સ્ટુઅર્ટ મીલ અને લૅકીના વિચારોથી ફલિત થાય છે કે જો ધારાસભા એકગૃહી હોયતો સત્તાનું કેન્દ્ર હોવાથી ધારાસભા સરમુખત્યારશાહી બનેલી જોવા મળે છે. પરંતુ બીજા ગૃહની સ્થાપનાથી બંને ગૃહ વચ્ચે સત્તાનું વિભાજન થતું હોવાથી પહેલું ગૃહ મનસ્વી રીતે વર્તી શકતી નથી. આથી જણાવી શકાય કે બીજા ગૃહની હાજરી વ્યક્તિ સ્વાતંત્રય જળવાશે તેવી ખાતરી આપે છે. લોર્ડ બ્રાઈસ લખે છે કે બે ગૃહની આવશ્યક્તાનો આધાર એ માન્યતા ઉપર રહેલો છે કે બીજા સમાન સત્તાધારી ગૃહમાં અસ્તિત્વથી પ્રથમ ગૃહનું તિરસ્કારભર્યુ વલણ,જુલ્મીભર્યુ સ્વાભાવિક વલણ અંકુશિત થવું જરૂરી છે.

**૨. કાયદો ઉતાવળથી પસાર થઈ શકતો નથી.**

એકગૃહી ધારાસભા ઘણી વખત ઉતાવળથી અયોગ્ય ખરડાએ પસાર કરે છે કારણકે બીજા ગૃહની ગેરહાજરીના કારણે ગૃહની મંજૂરી પછી ને ખરડાઓ ઉપર વિશેષ ચર્ચા-વિચારણા કરવામાં આવતી નથી. જો બીજા ગૃહનો સ્વીકાર કરવામાં આવે તો આવા પ્રકારના ખરડાઓ કાયદાનું સ્વરૂપ ઝડપથી લઈ શકતા નથી. તેનુ કારણ એ છે કે ખરડો અયોગ્ય હોય તે પ્રથમ ગૃહમાં ત્રણ વાંચનામાંથી પસાર થાય ત્યારે તેમાં જરૂરી ફેરફારો થાય અને તે પછી તેને બીજા ગૃહમાં પણ ત્રણ વાંચનમાંથી પસાર થવું પડે છે. તેથી આવા ખરડાને રજૂ કરવામાં આવે છે ત્યારે સખત વિરોધ થાય છે. જેથી લોકમત આવા ખરડાની વિરુદ્ધમાં જાય છે. તેથી આવા ખરડાને તેમાં ફેરફાર કરવા પડે છે.

જ્યારે અમેરિકાનું બંધારણ ઘડાતું હતુ ત્યારે બીજા ગૃહની શા માટે જરૂર છે તે સમજાવવા જ્યોર્જ વોશિંગ્ટને જણાવેલુ કે, ચા જેવા ગરમ પીણાને પીતા પહેલાં તમે તેને રકબીમાં ઠારો છે. અને પછી પીવો છો, કેમકે તેથી ચા ઠરે છે. અને ચા પીતાં દઝાતું નથી. તેવી જ રીતે બીજુ ગૃહ પ્રથમ ગૃહના ઉતાવળિયા નિર્ણયોને બહાલી આપતાં પહેલાં તેમને શાંતિથી તપાસે છે. અને પૂર્ણ વિચાર કર્યા પછી પસાર કરે છે. બ્લુન્શલી દ્વિગૃહી ધારાસભાના લાભને સમજાવતાં લખે છે. જ્યારે કોઈ પણ બાબત પર વિવિધ દ્રષ્ટિકોણથી વિચાર કરવાનો હોય ત્યારે એક વ્યક્તિ કરતાં બે વ્યક્તિઓ વધુ સારી રીતે વિચાર કરે છે.

**૩. કારોબારીની સ્વતંત્રમાં વધારો થાય છે.**

પ્રો ગેટલ જણાવે છે કે ''આધુનિક લોકશાહી રાજ્યોમાં ધારાસભામાં એકગૃહ હોય તો તે પોતે પ્રજાની ઈચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે. તેમ માનીને તે કારોબારીને પોતાના અંકુશમાં લાવવાનો પ્રયત્ન કરશે. જ્યારે લગભગ સમાન સત્તા ધરાવતાં બે ગૃહ રચવામાં આવે છે. ત્યારે કારોબારીને બંને ગૃહોને જવાબદાર રહેવાની ફરજ પાડી શકાતી નથી. તેથી પરસ્પર અંકુશિત કરવાનો પ્રયત્ન કરતા ધારાકી સંસ્થાનાં બે ગૃહ કારોબારીને મહદ અંશે કાર્ય અને જવાબદારીની સ્વતંત્રતા આપે છે.''

**૪. પ્રથમ ગૃહના કામનો બોજો ઓછો કરે છે.**

ધારાસભાના કાર્યક્ષેત્રમાં પુષ્કળ વધારો થયો અને તેથી ઘણી બાબતો ઉપર તેમણે કાયદાઓ ઘડવાના હોય છે, જો ધારાસભા એકગૃહી હોય તો કામના બોજાને પહોંચી વળવું તેના માટે અશક્ય બની જાય છે. તે દરેક ખરડાને ચર્ચા દ્વારા પૂર્ણ ન્યાય આપી શકે નહી. જો બીજા ગૃહનો સ્વીકાર કરવામાં આવે તો પ્રથમ ગૃહના કાર્યનો બોજો હળવો થાય છે. કારણકે ઘણા ખરાડાઓ બીજા ગૃહમાં પણ રજૂ કરવામાં આવે છે. પરિણામે પ્રથમગૃહે અગત્યનાં ખરડાઓ ઉપર વિગતે તથા સંપૂર્ણ રીતે ચર્ચા વિચારણા કરી શકે છે.

**૫. જુદા-જુદા હિતોને પ્રતિનિધત્વ આપી શકાય છે.**

બીજા ગૃહના સ્વીકારથી સમાજના વિવિધ હિતો ધરાવતા વર્ગોને પ્રતિનિધિત્વ આપવું સુગમ પડે છે. ખાસ કરીને સમાજની બુદ્ધિશાળી સેવાભાવી નિષ્ણાંત જ્ઞાન ધરાવતી ઘણી વ્યકિતઓને ચૂંટણીની ધમાલ પસંદ ન હોવાથી, તેઓ ઘણી વખત આવી ચૂંટણીમાં ભાગ લેતી નથી. કારણકે, ચૂંટણીમાં કાવાદાવા અને ખટપટના કારણે તેમની ચૂંટાવાની શક્યતા ઘણી ઓછી રહે છે. પરિણામે કાયદા/ઘડતરની બાબતમાં તેમની સેવાઓનો લાભ રાજયને મળી શકતો નથી. બીજા ગૃહની રચનામાં અમુક પ્રમાણમાં નિમણૂંક પદ્ધતિ સ્વીકારવામાં આવતી હોવાથી આવી વ્યક્તિઓની બીજા ગૃહમાં

નિમણૂંક કરવામાં આવે છે. અને તેમના જ્ઞાનનો લાભ સમગ્ર રાજ્યને મળી રહે છે. સમાજમાં પ્રવર્તતા વિવિધ હિતોને ધારાસભામાં પ્રતિનિધિત્વ મળવું જોઈએ. બીજા ગૃહમાં વિવિધ હિતોને પ્રતિનિધત્વ આપી શકાતું હોવાથી એવું સ્વીકારવામાં આવ્યું છે કે ધારાસભાનાં બંને ગૃહમાં વિવિધ હિતોનું પ્રતિનિવિત્વ જળવાય છે અને જ્યારે બીજા ગૃહમાં ખરડો રજૂ થાય છે, ત્યારે દરેક હિતની દ્રષ્ટિથી તેના ઉપર વિચારણા થાય છે. જેથી ખરડો કાયદો બન્યા પછી કોઈ વર્ગના હિતની અવગણના કરવામાં આવી છે. તેવો ખ્યાલ ઉત્પન્ન થઈ શકતો નથી.

**૬. સમવાયતંત્રમાં જોડાયેલ એકમ સરકારોનાં હિતોના રક્ષણ માટે બીજા ગૃહની જરૂર છે.**

સમવાયતંત્રમાં જોડાયેલ એકમ રાજ્યોનાં હિતો માટે પણ દ્વિગૃહી ધારાસભા જરૂરી છે. સમવાયતંત્રમાં જોડાયેલા રાજ્યો મોટાભાગે પોતાની સાર્વભોમ સત્તાનો ત્યાગ કરવો પડે છે. જો સમવાયતંત્રમાં ધારાસભા એકગૃહી હોય તો તેમના હિતોનું રક્ષણ કરવું મુશ્કેલ બની શકે છે. આવી સ્થિતિ સમવાયતંત્રમાં જોડાતાં રાજ્યોને માન્ય ન હોય તે સ્વાભાવિક છે. તેથી સમવાયતંત્રમાં દ્વિગૃહી ધારાસભા હોવી જરૂરી છે. જે પ્રથમ ગૃહમાં પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે. જ્યારે બીજા ગૃહની રચનાના સમવાયતંત્રના દરેક એકમ રાજ્યના સમાન સંખ્યામાં પ્રતિનિધિઓ ચૂંટીને બીજા ગૃહમાં મોકલવાના હોય છે. તેથી પ્રથમ ગૃહમાં પસાર થયેલો ખરડો રાજ્યોના હિતની વિરૂદ્ધ હોય તો બીજા ગૃહમાં તેવી બાબતમાં સુધારા કરીને તેઓ પોતાના હિતનું રક્ષણ કરે છે. દાત અમેરિકામાં બીજા ગૃહ સેનેટમાં દરેક રાજ્ય બે સેનેટરને ચૂંટીને મોકલે છે.

**★ દ્વિગૃહી ધારાસભાના ગેરફાયદા**

મનુષ્ય સંપૂર્ણ ન હોવાથી તેમણે રચેલ સંસ્થાઓ પણ ખામીયુક્ત હોય તે સ્વાભાવિક છે. દ્વિગૃહી ધારાસભા પણ ખામીઓ ધરાવે છે જે નીચે પ્રમાણે છે.

**૧. બીજા ગૃહની નિરુપયોગિતા**

ફ્રેંચ રાજનીતિજ્ઞ એબેસેયસ બીજા ગૃહની વિરૂદ્ધમાં હતા અને તેથી તેમણે બંને ગૃહની નિરુપયોગિતા દર્શાવતા જે વિચાર રજૂ કર્યો છે તેને, લોર્ડ બ્રાઈસ આ પ્રમાણે ટાંકે છે, બીજા ગૃહનો શો ઉપયોગ છે? જો તે પ્રતિનિધત્વ ગૃહ સાથે સંમત થાય તો નકામું છે, અને અસંમત થાય તો વાંધાજનક છે. આ ટીકા દ્વારા ફલિત થાય છે કે બીજુ ગૃહ કોઈ પણ રીતે જરૂરી નથી.

**૨. બંને ગૃહ વચ્ચે અથડામણ થવાની શક્યતા**

ધારાસભા દ્વિગૃહી હોય છે. ત્યારે તેમની રચના સમાન પદ્ધતિ દ્વારા થાય કે જુદી-જુદી પદ્ધતિ દ્વારા થાય તોપણ બંને ગૃહ વચ્ચે અથડામણની શક્યતા પૂરેપૂરી રહેલી છે. આ માટે બ્રિટનની ધારાસભા જોઈએ તો આમસભા અને ઉમરાવરાસભાની રચના જુદી-જુદી રીતે થતી હોવા છતાં બંને વચ્ચે ઘણા સમય સુધી સત્તા માટે ખેંચતાણ ચાલ્યા કરી હતી. જેનો અંત ૧૯૧૧ ના કાયદા પછી આવ્યો. બેન્જામિન ફ્રેંકલિને દ્વિગૃહી ધારાસભાની સ્થિતિ કેવી થાય છે. તે અંગે જણાવ્યું છે કે જેને બંને બાજુ સમાન તાકાતવાળા સમાન રાજ્યમાં અશ્વો બાંધેલા છે, અને દરેક બાજુના અશ્વો પોતપોતાની દિશામાં ગાડીને ખેંચવાનો પ્રયત્ન કરતાં ગાંડીની જે સ્થિતિ થાય છે, તેવી સ્થિતિ બે ગૃહવાળી ધારાસભાથી થાય છે.

**૩. બીજા ગૃહનો સ્વીકાર કરવાથી નાણાં અને સમયનો વ્યય થાય છે.**

મોટા ભાગે બીજા ગૃહમાં પ્રથમ ગૃહોની માફક જ બીજા ગૃહની કાર્યવાહી કરવામાં આવે છે. બીજા ગૃહનું સ્થાન ગૌણ હોવાથી છેવટે તો પ્રથમ ગૃહનું જ ધાર્યું થાય છે.

આથી એવી ટીકા કરવામાં આવે છે કે બીજા ગૃહની રચના કરીને તેના સભ્યોને પગાર ભથ્થાં ચૂકવીને નાણાંનો તેમજ જે સભ્યો તેમાં ભાગ લે છે. તેમના સમયનો વ્યય કરવામાં આવે છે. આ બંને બાબતો આપણે ત્યાં આંખે ચડે તે રીતે અસ્તિત્વ ધરાવે છે. આ રીતે ધારાસભા એકગૃહી હોય તો રાષ્ટ્રના નાણાં તથા સમયની તેટલા પ્રમાણમાં બચત થાય છે.

**૪. બીજા ગૃહની રચના માટે અપનાવેલી પદ્ધતિ લોકશાહીના સિદ્ધાંતની વિરૂદ્ધ હોય છે.**

બીજા ગૃહની રચના માટે મુખ્યત્વે કરીને વારસાગત, નિમણૂંક કે પરોક્ષ ચૂંટણીની પદ્ધતિ અપનાવવામાં આવે છે. બીજા ગૃહની રચનામાં વારસાગત અને નિમણૂંક પદ્ધતિમાં અમુક વ્યક્તિઓ પ્રત્યે પક્ષપાત બતાવવાનું વલણ રહેવાની શક્યતા રહેલી હોય છે. જે લોકશાહીના સમાનતાના સિદ્ધાંતનો ભંગ કરે છે તેવી જ રીતે પરોક્ષ ચૂંટણી માં પ્રજા ભાગ ન લેતી હોવાથી તે ગૃહના પ્રતિનિધિઓ પ્રજાનો ટેકો ધરાવતા હોતા નથી.

**૫. બીજા ગૃહની નવરચના માટે સતત વિચારણા ચાલ્યા કરે છે.**

આ વિચાર સાથે બીજા ગૃહની ઉપયોગિતા સામે સતત પ્રશ્ન ઉઠાવવામાં આવે છે. દાત. બ્રિટનમાં ઉમરાવસભાની ઉપયોગિતા અંગે તેમજ તેને સદંતર દૂર કરવા અંગે વારંવાર વિચારણા કરવા માટે વિવિધ સમિતિઓ રચવામાં આવી હતી. અને છેવટે તેનું સ્થાન પ્રથમ ગૃહ કરતાં ગૌણ હોવું જોઈએ. તેવું સ્વીકારવામાં આવ્યું અને તે અંગે કાયદાઓ ઘડવામાં આવ્યા. આ પછી ૧૯૬૭ ના નવેમ્બરમાં ઉમરાવસભાની સત્તામાં ઘટાડો કરવા તથા વારસાગત સિદ્ધાંતને નાબૂદ કરવા અગિયાર સભ્યોની એક સમિતિ રચવામાં આવી હતી.

જેમાં ઉમરાવસભાની સત્તામાં કાપ મૂકતી ભલામણ કરતી હતી તે વખતના વડાપ્રધાન ટોની બ્લેરે આ દિશામાં અસરકારક પગલાં લીધા, જેથી ઉમરાવસભાના સ્વરૂપ સ્થાન અને કાર્યોમાં નોંધપાત્ર ફેરફાર થયા છે.

દ્વિગૃહી ધારાસભાના ગેરફાયદા જોયા પછી મોટા ભાગના રાજ્યોમાં દ્વિગૃહી ધારાસભાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. પરંતુ જુદા-જુદા રાજ્યોની ધારાસભાના બીજા ગૃહનો ખ્યાલ મેળવવાથી દરેક રાજ્યમાં ધારાસભાનાં બંને ગૃહનું સ્થાન સમાન નથી.

## ★ ભારતમાં દ્વિગૃહી ધારાસભા

ભારતમાં જ્યારે બંને ગૃહને સમાન ગણવામાં આવ્યા હોવા છતાં પણ બીજા ગૃહે રાજ્યસભાનું સ્થાન બ્રિટનને ઉમરાવસભા કરતાં ગૌણ છે. દા.ત. નાણાંકીય ખરડાઓને સૌ પ્રથમ લોકસભા રજૂ કરવામાં આવે છે. નાણાંકીય ખરડાઓ લોકસભામાંથી રાજ્યસભા પાસે વિચારણા માટે આવે છે, ત્યારે તે વિલંબ કરવા ઈચ્છે તો વધુમાં વધુ ચૌદ દિવસ સુધી જ તેને વિલંબમાં નાખી શકે છે, કેમ કે તે નાણાંકીય ખરડાને પોતાની પાસે ચૌદ દિવસ સુધી જ રાખી શકે છે. બિનનાણાંકીય ખરડાઓને તે વધુમાં વધુ પોતાની પાસે ફક્ત છ મહિના સુધી જ રાખી શકતું હોવાથી તે આ પ્રકારના ખરડાને વધુમાં વધુ છ મહિના માટે જ વિલંબમાં મૂકી શકે છે. જો બંને ગૃહ વચ્ચે મતભેદ પડે તો પણ અંતે તો લોકસભાનું જ ધાર્યું થાય છે. લોકસભાની સભ્યસંખ્યા (૫૪૫) રાજ્યસભાની સભ્યસંખ્યા કરતાં ઘણી વધારે હોવાથી મતદાનમાં તેનો જ વિજય થાય છે. આ ઉપરાંત પ્રધાનમંડળ ઉપર પણ રાજ્યસભાનો અંકુશ હોતો નથી, કેમ કે બ્રિટનની પ્રણાલિકા પ્રમાણે પ્રધાનમંડળ ધારાસભાના પ્રથમ ગૃહ લોકસભાને જ જવાબદાર હોય છે. આમ, લોકસભા જ્યારે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરે છે, ત્યારે જ પ્રધાનમંડળ

રાજીનામું આપે છે. આ ઉપરથી બ્રિટનના ઉમરાવ ગૃહની સરખામણીમાં ભારતની રાજ્યસભાની સ્થિતિ વધુ નબળી છે. સંસદમાં અવારનવાર એ બાબત ઉઠાવવામાં આવે છે કે લોકસભાને રાજ્યસભા કરતાં વધુ મહત્ત્વ આપવામાં આવે છે.

રાજ્યોમાં દ્વિગૃહી ધારાસભા : જ્યારે ભારત બ્રિટિશ શાસન નીચે હતું ત્યારે સૌ પ્રથમ વખત તે સમયના પ્રાંતોમાં દ્વિગૃહી ધારાસભા દાખલ કરવી કે નહી તે બાબતની ૧૯૧૮માં મોન્ટફર્ડ સમિતિ દ્વારા વિચારણા કરવામાં આવી હતી. આજ પ્રમાણે ૧૯૩૦ માં ધ ઇન્ડિયન સ્ટેચ્યુટરી કમિશન પોતાના અહેવાલમાં પ્રાંતોમાં દ્વિગૃહી ધારાસભાના બાબતે અનિર્ણિત સ્થિતિમાં રહયું હતું તે વર્ષે ગોળમેજી પરિષદ બોલાવવામાં આવી હતી. આ પરિષદની પ્રાંતીય બંધારણીય પેટા સમિતિએ એવી ભલામણ કરી હતી કે ભારતના પ્રાંતો જયારે સંમત થાય ત્યારે દ્વિગૃહી ધારાસભા ત્યાં સ્થાપવી આ પછી ૧૯૩૩ માર્ચમાં શ્વેતપત્ર પ્રસિદ્ધ કરવામાં આવ્યુ. તેમાં પ્રથમ વખત બંગાળ, સંયુક્તપ્રાંત યુ.વી.યુનાઇટેડ પ્રોવિન્સ અને બિહારમાં દ્વિગૃહી ધારાસભાની રચનાનો પ્રબંધ કરવામાં આવ્યો ત્યાર પછી ધ જોઇન્ટ કમિટી અને ઇન્ડિયન કોન્સિટયુશનલ રિફોર્મ દ્વારા મુંબઇ અને મદ્રાસ માટે પણ દ્વિગૃહી ધારાસભાની ભલામણ કરવામાં આવી. ૧૯૩૫ ના કાયદા દ્વારા અસમને પણ દ્વિગૃહી ધારાસભામાં આપવામાં આવી. આમ, ૧૯૩૫ ના કાયદા દ્વારા ૧૧ પ્રાંતોમાંથી ૬ પ્રાંતો મદ્રાસ, મુંબઇ, બંગાળ, સંયુક્તપ્રાંત, બિહાર અને અસમમાં દ્વિગૃહી ધારાસભા રચાઇ આ રીતે તમામ પ્રગતિશીલ પરિબળોએ વિરોધ કર્યો હોવા છતાં પણ સ્વતંત્રના પાછી આ ૬ રાજ્યોમાંથી દ્વિગૃહી ધારાસભાને દૂર કરવામાં આવી નહી. ઉલટાનું ઘણાં રાજ્યોમાં દ્વિગૃહી ધારાસભા તરફ પસંદગી બતાવી. અહીં. એ બાબત સ્પષ્ટ થાય છે કે, જયારે બંધારણ ઘડાતું હતું ત્યારે બિહાર, મુંબઇ, પંજાબ, સંયુક્તપ્રાંત અને બંગાળે જ દ્વિગૃહી ધારાસભાની માંગણી કરી હતી. પાછળથી આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરે વિધાન પરિષદ માટેનો નિર્ણય કર્યો હતો.

રાજ્યોમાં ધારાસભા દ્વિગૃહી ન હોવી જોઇએ તે અંગે બંધારણસભામાં સારા પ્રમાણમાં વિરોધ થયો હતો. ખાસ કરીને એચ.વી.કામઠ, પ્રા. કે.ટી.શાહે, શ્રીમતી રેણુંકા રે. કે. હનુમંથૈયા વગેરે રાજ્યોમાં દ્વિગૃહી ધારાસભાનો મુખ્ય વિરોધ કરનાર હતાં. પરિણામે બંધારણની મુસદા-સમિતિના ચેરમેન ર્ડા. બી.આર. આંબેડકરે સ્પષ્ટતા કરેલ આ પગલું માત્ર પ્રયોગ રૂપે છે. રાજ્યોમાં બીજા ગૃહોને કાયમી સ્થાન અપાયું નથી. આ પછી એવો નિર્ણય લેવાયો કે વિધાન પરિષદ ની જરૂર છે કે નહીં તે રાજ્ય પોતે જ નક્કી કરી લે, એટલું જ નહી, પરંતુ જે રાજ્યને એમ લાગે કે બીજા ગૃહની જરૂર નથી તો તે ગૃહને દૂર કરતો નિર્ણય પણ તે લઇ શકે છે. આ અંગે બંધારણમાં જોગવાઇ પણ કરવામાં આવી છે. આ સંદર્ભમાં આપણે આુમ કહસ શકીએ કે વિશાળ વિસ્તારવાળા રાજ્યોને બાદ કરતાં બીજા પ્રત્યેક રાજ્યમાં જો એકગૃહી ધારાસભા અપનાવવામાં આવે તો તે આવકારદાયક છે.

## ૩.૬ કાયદા ઘડતરની પ્રક્રિયા

આધુનિક ધારાસભા અનેક કાર્યો કરે છે. જેમાં કાયદાનું ઘડતર કરવાનું કાર્ય મુખ્ય અને ખૂબ જ અગત્યનું છે. ધારાસભામાં રજૂ થયેલ ખરડો કાયદાનું સ્વરૂપ લે તે પહેલાં તેમણે ચોકક્સ કાર્યવાહીમાંથી પસાર થવું પડે છે. સંસદીય અને પ્રમુખીય તંત્રોમાં કાયદા માટેની કાર્યવાહી ભિન્ન હોય છે.

### ૩.૬.૧ ખરડાના પ્રકારો

ધારાસભામાં વિવિધ ખરડાઓ રજૂ કરવામાં આવે છે. દા.ત મુખ્યત્વે કરીને જાહેર ખરડાઓ, નાણાંકીય ખરડાઓ, ખાનગી ખરડાઓ અને બિનસરકારી સભ્યના ખરડાઓ.

★ **જાહેર ખરડાઓ :** જે ખરડો સમગ્ર પ્રજાને સ્પર્શતો હોય તેમજ રાજ્યના સમગ્ર વિસ્તારને આવરી લેતો હોય તેને જાહેર ખરડો ( Public Bill ) તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારના ખરડાને સરકાર તરફથી ધારાસભામાં રજૂ કરવામાં આવે છે. તેનું પ્રમાણ અતિશય હોય છે. આ ખરડાને સરકારી ખરડા તરીકે સંબોધવામાં આવે છે. આ ખરડાને ધારાસભાના કોઈ પણ ગૃહમાં રજૂ કરી શકાય છે. પરંતુ મોટાભાગે પ્રથમ ગૃહમાં રજૂ કરવામાં આવે છે.

★ **નાણાંકીય ખરડો :** આ ખરડો જાહેર ખરડાનો પ્રકાર છે. જ્યારે ખરડો નાણાંકીય બાબતોને સ્પર્શતો હોય છે, ત્યારે તેને નાણાંકીય ખરડો તરીકે ઓળખવામાં આવે છે. આ ખરડાને પ્રધાનમંડળના સભ્યો જ રજૂ કરે છે. તેને પ્રથમ ગૃહમાં જ રજૂ કરવામાં આવે છે.

★ ખાનગી ખરડો ધારાસભાનાં રજૂ થતો ખરડો જ્યારે અમુક વ્યક્તિ, અમુક લોકો કે અમુક વર્ગને જ સ્પર્શતો હોય છે. અથવા તો રાજ્યના અમુક વિસ્તાર કે અમુક સંસ્થા માટે રજૂ કરવામાં આવ્યો હોય છે, ત્યારે તે ખાનગી ખરડો (Private Bill) કહે છે.

★ **બિનસરકારી સભ્યનો ખરડો :** જ્યારે ખરડાને સરકાર તરફથી એટલે કે પ્રધાનમંડળ સભ્ય દ્વારા રજૂ કરવામાં નથી આવતો, પરંતુ ગૃહના સામાન્ય સભ્ય, જે પ્રધાનમંડળનો સભ્ય હોતો નથી, તેના દ્વારા રજૂ કરવામાં આવે છે. ત્યારે તેને બિનસરકારી સભ્યના ખરડા તરીકે ઓળખવામાં આવે છે.

### ૩.૬.૨ સમિતિના પ્રકારો

ગૃહના કાર્યબોજને હળવો કરવા તથા કાર્યો સરસ રીતે થાય તે માટે સમિતિઓની રચના કરવામાં આવે છે.

● **સ્થાયી-ખડી સમિતિઓની રચના :** ધારાસભાની બેઠક શરુ થાય કે તરત જ કરવામાં આવે છે. અને ધારાસભા બરખાસ્ત ન થાય ત્યાં સુધી ચાલુ રહે છે. આ સમિતિ ખૂબજ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

● પ્રવર સમિતિઓની રચના ચોકકસ બાબતો અથવા તો પ્રશ્નો ઉપર વિચારણા કરવા તેમજ તેમના ઉપર અહેવાલો તૈયાર કરવા માટે કરવામાં આવે છે, અમુક કાર્યો પૂરતી જ તેમની રચના કરવામાં આવે છે. તેથી તેને કામચલાઉ સમિતિઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમનું કાર્ય પુરું થતાં તરત જ વિસર્જન કરવામાં આવે છે.

● સમગ્ર ગૃહની સમિતિમાં ગૃહનાં તમામ સભ્યો ભાગ લે છે. ફક્ત ગૃહના અધ્યક્ષ સમિતિની બેઠકમાં હાજર રહેતા નથી. ગૃહ જ્યારે સમગ્ર ગૃહની સમિતિમાં ફેરવાઇ જાય છે. ત્યારે તેના અધ્યક્ષ સમિતિનું સંચાલન કરે છે. અને ચર્ચા પૂરી થઇ ગયા પછી આ સમિતિ ગૃહમાં ફેરવાઇ જાય છે. તે પછી આ ગૃહમાં અધ્યક્ષ પોતાના સ્થાને બેસીને ગૃહનું સંચાલન શરૂ કરે છે. આ પ્રકારની સમિતિ રચવા પાછળનો હેતુ એ છે કે અગત્યના ખરડાઓ અથવા તો નાણાંકીય ખરડાઓની ચર્ચામાં ગૃહના તમામ સહેજ નિરાંતે અને કાર્યવાહીના નિયમોના બંધનની હળવાશ નીચે ભાગ લઇ શકે છે.

### ૩.૬.૩ સંસદીય અને પ્રમુખીયતંત્રમાં કાયદા માટેની કાર્યવાહી :

સંસદીય તંત્રમાં જાહેર ખરડા માટેની કાર્યવાહી : જયાં સંસદીય તંત્રનો સ્વીકાર કરવામાં આવ્યો છે. દા.ત બ્રિટન તથા ભારત ત્યાં જાહેર ખરડાને કાયદો બનાવવા માટે આ પ્રમાણેની કાર્યવાહીમાંથી પસાર કરવો પડે છે. ધારાસભા દ્વિગૃહી હોય તો જાહેર ખરડાને કોઇ પણ એક ગૃહમાં રજૂ કરી શકાય છે, પરંતુ મોટા ભાગે તો ધારાસભાના પ્રથમ ગૃહમાંથી જ તેને રજૂ કરવામાં આવે છે. આ માટે સૌ પ્રથમ તો ખરડાનો મુસદ્દો તૈયાર કરવામાં આવે છે. મુસદ્દાની ભાષા સ્પષ્ટ ચોકકસ અને કાનૂની હોવી જોઇએ અને આ કાર્ય નિષ્ણાતોને સોંપવામાં આવે છે.

**૧. પ્રથમ વાંચન :** જે પ્રધાનમંત્રી ખરડો રજૂ કરતાં હોય તે ખરડાને રજૂ કરવા માટે ગૃહની મંજૂરી માગે છે. મંજૂરી મળતાં ગૃહના અધ્યક્ષ તેને ખરડો રજૂ કરવાની મંજૂરી આપે છે. અને ગૃહના અધિકારી તેનું શીર્ષક વાંચે છે. આ ક્રિયા પૂરી થતા ખરડા ઉપરનું પ્રથમ વાંચન પૂરું થયું તેમ ગણવામાં આવે છે.

**૨. બીજું વાંચન :** ત્યાર પછી ખરડાને પ્રસિદ્ધ કરવામાં આવે છે અને બીજા વાંચન માટે નક્કી કરેલ દિવસે તેને ગૃહમાં રજૂ કરવામાં આવે છે. આ તબકકે ખરડાની તમામ અગત્યની બાબતો પર ચર્ચા કરવામાં આવે છે. તેમાં ખરડાનો વિરોધ કરનારાઓ તેમાં સુધારા પણ સૂચવે છે. જો ખરડાનો નાશ કરવો હોય, આ ખરડો છ મહિના પછી વંચાય તેવી દરખાસ્ત રજૂ કરવામાં આવે છે તેમાં ચર્ચા માટે એવી તારીખ સુચવાય છે જે દિવસે ગૃહ ચાલુ ન હોય પરંતુ ગૃહમાં સરકારના પક્ષની બહુમતી હોવાથી આવી દરખાસ્તને પસાર થવાની શક્યતા રહેતી નથી. જ્યારે ગૃહ ખરડાને સંમતિ આપે છે ત્યારે ખરડા ઉપરનું બીજું વાંચન પુરું થયું ગણાય છે. આ તબકકે ખરડા ઉપર જે મતદાન લેવામાં આવે છે તેનું મહત્ત્વ ઘણું જ છે. કેમકે જો તેને નામંજૂર કરવામાં આવે તો સરકાર તરફથી આવા ખરડાઓ રજૂ થતા હોવાથી આ નામંજૂરીને સરકાર પ્રત્યેના અવિશ્વાસ તરીકે ગણવામાં આવે છે અને સરકારને રાજીનામું આપવું પડે છે. પરંતુ ગૃહોમાં સત્તાધારી પક્ષની બહુમતી હોવાથી આ પ્રમાણે બનવું લગભગ અશક્ય હોય છે.

**૩. સમિતિ તબકકો :** આ તબકકામાં ખરડાની દરેક કલમની તથા તેમાં સૂચવાયેલા સુધારા વધારાની ખૂબજ ઝીણવટથી તેમજ સંપૂર્ણ ચર્ચા અને ટીકાઓ કરવામાં આવે છે. સમિતિ સુધારાઓ પણ સૂચવે છે. જ્યારે ખરડાની સંપૂર્ણ ચર્ચા અને ટીકાઓ કરવામાં આવે છે. સમિતિ સુધારાઓ પણ સૂચવે છે. જ્યારે ખરડાની સંપૂર્ણ ચકાસણી પૂરી થાય છે, ત્યારે સમિતિના અધ્યક્ષ તેનો અહેવાલ ખરડા સાથે ગૃહના અધ્યક્ષને સુપરત કરે છે. અને ખરડામાં સુધારા સૂચવવામાં આવ્યા છે કે નહી તેની જાણ કરે છે.

**૪. અહેવાલ તબકકો :** આ તબકકામાં સમિતિ પાસેથી આવેલ ખરડા તથા તેના અહેવાલ ઉપર ગૃહના સભ્યો તેમાં સૂચવાયેલા સુધારા વધારા અંગે ચર્ચા કરે છે. તેમાંથી કયા સુધારા સ્વીકારવા અને કયા ન સ્વીકારવા તેનો નિર્ણય લેવામાં આવે છે. તેમજ જો જરૂર જણાય તો નવા સુધારાઓ પણ સૂચવવામાં આવે છે.

**૫. ત્રીજું વાંચન :** જયારે ચર્ચા પૂરી થાય ત્યાર પછી ખરડા પર ત્રીજું વાંચન કરવામાં આવે છે. તેમાં સામાન્ય સુધારાઓ કરવાની શક્યતા રહે છે. જ્યારે ચર્ચા પછી ખરડાને સંમતિ આપવામાં આવે છે ત્યારે તે પ્રથમ ગૃહમાં મંજૂર થયેલ ગણાય છે. ત્યાર પછી તેને બીજા ગૃહમાં મોકલવામાં આવે છે. રાજ્યના વડાની મંજૂરી મળતાં ખરડો, કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે, સંસદીય તંત્રમાં રાજ્યના વડાએ ખરડાને મંજૂરી આપવી જ પડે છે. જો ખરડા પર પુનઃ વિચારણા કરવાની જરૂર લાગે તો રાજ્યના વડા તેને પુનઃ વિચારણા માટે ગૃહમાં પાછો મોકલી આપે છે.

## ★ પ્રમુખીય તંત્રમાં ખરડાની કાર્યવાહી :

આમા સંસદીય તંત્ર કરતાં જુદી છે. પ્રમુખીય તંત્રમાં ધારાસભા અને કારોબારી એકબીજાથી સ્વતંત્ર હોવાને કારણે ખરડાની રજૂઆત મંત્રીઓ ( પ્રધાનો) કરતા નથી, પરંતુ ગૃહના સભ્યો જ ખરડાઓને રજૂ કરે છે. જે સભ્યે ખરડો રજૂ કર્યો હોય છે તે પસાર થતાં તે ખરડા સાથે તેને રજૂ કરનાર સભ્યનું નામ સંકળાય છે.

(૧) પ્રથમ વાંચનમાં, ખાસ વિધિ હોતી નથી. ગૃહની રોજનીશી ખરડાનું શીર્ષક છપાતાં વાંચન પૂરું થયું ગણાય છે. ત્યાર પછી ખરડાને યોગ્ય સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવે છે.

(૨) સમિતિ તબકકા ના સંદર્ભમાં સંસદીયતંત્ર અને પ્રમુખીય તંત્રમાં ખરડાની કાર્યવાહીમાં રહેલ અગત્યના ફેરફારો નજરે ચડે છે. દાત. અમેરિકામાં સમિતિની સત્તાનું પ્રમાણ ખૂબ સારું છે. કારણ કે તે ખરડામાં ફાવે તેવા ફેરફાર કરી શકે છે. અને તેથી ઘણી વખતતો ખરડાનું શીર્ષક જ એમનું એમ રહે છે. બાકીની બધી જ વિગતો બદલવામાં આવે છે. આમ ખરડો તદ્દ્ન નવાજ સ્વરૂપે આવે છે. જ્યારે સંસદીય તંત્રમાં સમિતિ ખરડાનું સ્વરૂપ સંપૂર્ણ બદલાઇ જાય તેવા ફેરફાર ખરડામાં કરી શકતા નથી.

(૩) સમિતિ ખરડા ઉપરની ચર્ચા પૂરી કરીને અહેવાલ રજૂ કરે છે. આ અહેવાલ તબકકા પછી

(૪) બીજુ વાંચન શરૂ થાય છે, જેમાં ચર્ચા થાય છે. સુધારાઓ સૂચવાય છે. તેમજ મત લેવામાં આવે છે. સંમતિ મળતાં ખરડો

(૫) ત્રીજા વાંચન માટે રજૂ થાય છે. જેમાં ખાસ વિધિ કરવામાં આવતી નથી.

આ ખરડાને બીજા ગૃહમાં મોકલવામાં આવે છે. ધારે તો તે ખરડામાં અમૂક ફેરફાર કરી શકે છે. સેનેટ ખરડાનો અસ્વીકાર કરે તો ખરડાઓનો અંત આવે છે. આ ગૃહની સંમતિ મળતાં તે કાયદાનું સ્વરૂપ તેને માટે પ્રમુખને મોકલવામાં આવે છે. જો પ્રમુખ ખરડાને મંજૂરી આપવા માંગતા ન હોય તો તેમ કરી શકે છે અને તે ખરડો જે ગૃહમાંજ રજૂ થયો હોય તે ગૃહમાં પોતાના વિરોધ સાથે પાછો મોકલી શકે છે. આ પ્રક્રિયાને પ્રમુખે વિટો સત્તાનો ઉપયોગ કર્યો તે રીતે ઓળખવામાં આવે છે. પરંતુ આ વીટો સત્તા સંપૂર્ણ નથી. જો બંને ગૃહ ફરીથી ૨/૩ બહુમતીથી તે ખરડાને પસાર કરે તો પ્રમુખે મંજૂરી આપવી જ પડે છે.

## ★ સંસદીય સરકારમાં નાણાંકીય ખરડાની કાર્યવાહી / પ્રક્રિયા

આ ખરડો જાહેર ખરડાનો પ્રકાર હોવાથી તેની કાર્યવાહીમાં ખાસ ફેર નથી. પણ તેની કાર્યવાહીની અગત્યતાનો ખ્યાલ મેળવવો જરૂરી છે. જ્યારે ખરડાના સંદર્ભમાં પ્રથમ ગૃહના અધ્યક્ષ પ્રમાણપત્ર આપે છે કે રજૂ થયેલ ખરડો નાણાંકીય બાબતોને સ્પર્શે છે. ત્યારે જ તેની ગણના નાણાંકીય ખરડા તરીકે થાય છે. નાણાંકીય ખરડાને ધારાસભાના પ્રથમ ગૃહમાં જ રજૂ કરવામાં આવે છે. કેમ કે, પ્રજાનાં નાણાંને સ્પર્શતા ખરડા ઉપર ચર્ચા કરવાનો પ્રજાના પ્રતિનિધિઓને જ પ્રથમ અધિકાર હોવો જોઇએ. સરકાર જ તેને રજૂ કરી શકે છે. સુચિત નાણાંકીય ખરડામાં જો રકમની માંગણી કરવામાં આવી હોય તો તે ઉપર સભ્યો ચર્ચા કરીને તેમાં ઘટાડો કરી શકે છે. પરંતુ તેમાં વધારો કરી શકે નહી. પ્રથમ ગૃહના સભ્યો માંગેલી રકમમાં ઘટાડો કરવાની દરખાસ્તને પસાર કરે, તો સરકારે રાજીનામું આપવું પડે છે. આજ રીતે માંગેલી રકમને નામંજૂર પણ કરી શકે છે. જો આ પ્રમાણે બને તોપણ સરકારે રાજીનામું આપવુ પડે છે. કેમ કે રકમ નામંજૂર થતા વિરોધપક્ષની બહુમતી અને સરકારની લઘુમતી પુરવાર થાય છે. પરિણામે સરકાર ગૃહમાં બહુમતી ધરાવતી નથી. તેવું સાબિત થાય છે. સંસદીય સરકારના સિદ્ધાંત

પ્રમાણે સરકાર ત્યાં સુધી જ સત્તા પર રહી શકે, જ્યાં સુધી તે પ્રથમ ગૃહનો વિશ્વાસ (બહુમત-ટેકો) ધરાવતી હોય, આમ બહુમતી ગુમાવતા સરકારે રાજીનામું આપવું પડે છે. જો કે રાજીનામાં આપવાના પ્રસંગો ઊભા થવાની શક્યતા લગભગ રહેતી નથી, કેમ કે સરકાર ગૃહમાં બહુમતી ધરાવતી હોવાથી આખો ઠરાવ પસાર થઇ શકતો નથી.

પ્રથમ ગૃહનાં નાણાંકીય ખરડા ઉપર ત્રણ વાંચન થઇ ગયા પછી તેને બીજા ગૃહના માનવામાં આવે છે. જ્યાં પ્રથમ ગૃહ પ્રમાણેની જ કાર્યવાહીમાંથી ખરડાએ પસાર થવું પડે છે. બીજુ ગૃહ નાણાંકીય ખરડાને લાંબા સમય સુધી પોતાની પાસે રાખી શકે નહી. અગાઉ નક્કી થયેલ મુદત સુધી જ બીજું ગૃહ ખરડાને પોતાની પાસે રાખી શકે છે. આ મુદત વીતી જતાં ખરડાને બીજા ગૃહની મંજૂરી મળી છે, તેમ ગણીને તેને રાજ્યનાં વડા પાસે સહી માટે મોકલવામાં આવે છે. બ્રિટનમાં ઉમરાવ સભા નાણાંકીય ખરડાને પોતાની પાસે વધુમાં વધુ એક મહિના સુધી રાખી શકે છે. જ્યારે ભારતમાં રાજ્યસભા ફક્ત ચૌદ દિવસ સુધી નાણાંકીય ખરડાને પોતાની પાસે રાખી શકે છે.

★ **ખાનગી ખરડાની કાર્યવાહી :** ખાનગી ખરડાની કાર્યવાહી જાહેર ખરડાની કાર્યવાહી કરતાં જુદા પ્રકારની છે. ખાનગી ખરડાઓ માટે ધારાસભાનાં બંને ગૃહમાં ખાનગી ખરડાની કચેરી હોય છે. તેમાં ખરડા સાથે અરજી મોકલવામાં આવે છે. આ ખરડો જે વ્યક્તિઓ, સંસ્થાઓ અને સરકારી ખાતાઓને સ્પર્શતો હોય તે તમામને તે સંબંધિત ખબર આપવામાં આવે છે.

ખાનગી ખરડાઓ તપાસનાર અધિકારીઓ ખાનગી ખરડાની ચકાસણી કરે છે. અને નિયમાનુસાર યોગ્ય લાગતાં તેને પ્રથમ વાંચન માટે રજૂ કરવામાં આવે છે. ચર્ચાના અંતે બીજા વાંચન માટે દિવસ નક્કી કરવામાં આવે છે. અને બીજા વાંચનમાં ખરડાના સામાન્ય સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવે છે. ત્યારપછી ખાનગી ખરડા જુદી-જુદી સમિતિઓમાંથી એક સમિતિમાં ખરડાને મોકલવામાં આવે છે. જો તેનો સ્વીકાર થાય છે, તો તેને વિરોધ ન થયેલા ખાનગી ખરડાઓની સમિતિમાં રજૂ કરવામાં આવે છે. જો તેનો વિરોધ થાય તો અદાલતમાં જે રીતે કેસની સુનાવણી કરવામાં આવે છે તે રીતે ખાનગી ખરડા ઉપર સુનાવણી થાય છે. તે કાર્યવાહીમાં તેની તરફેણ તેમજ વિરોધ કરનારાઓ પોતપોતાની દલીલો રજૂ કરે છે. આ કાર્યવાહી પછી ખરડો ગૃહ સમક્ષ આવે છે. અને વિરોધ ન થયેલ ખાનગી ખરડાની સમિતિએ મોકલેલા અહેવાલ ઉપર મત લેવામાં આવે છે. ત્યાર પછી ખરડાને ત્રીજા વાંચન માટે રજૂ કરવામાં આવે છે.

ખાનગી ખરડો ગૃહ દ્વારા પસાર થતાં તેને બીજા ગૃહમાં મોકલવામાં આવે છે. આ પછી જાહેર ખરડાની કાર્યવાહી ખાનગી ખરડા માટે પણ મોકલવામાં આવે છે.

## ૩.૭ સારાંશ

લોકશાહી રાજ્યોમાં ધારાસભા પ્રજા દ્વારા ચૂંટાય છે અને તે પ્રજાનું પ્રતિનિધિત્વ કરે છે. તે પ્રજાની સાર્વભૌમ ઇચ્છાનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે. બિનલોકશાહી રાજ્યોમાં ધારાસભા કારોબારીનાં કાર્યોને કાયદેસર બનાવે છે. ધારાસભા દ્વિગૃહી હોય કે એકગૃહી હોય છે. દ્વિગૃહી ધારાસભાઓ પસંદ કરવામાં આવે છે. કેમ કે તેઓ ખાસ હિતોનું પ્રતિનિધિત્વ કરે છે. તેવું માનવમાં આવે છે. ઉતાવળે ઘડેલા કાયદાઓ પર તે અંકુશ મૂકે છે. અને સમવાયી રાજ્યોમાં સમવાયી એકમોને પ્રતિનિધિત્વ કરે છે. ધારાસભાઓ માત્ર કાયદાઓજ ઘડતી નથી. પરંતુ વહીવટી તંત્રને અંકુશમાં રાખવાનો પ્રયાસ કરે છે. અને કેટલાક ન્યાયકીય કાર્યો કરે છે. પરંતુ આધુનિક સમયમાં કારોબારીના વધતા જતા પ્રભુત્વ સામે ધારાસભાની ભૂમિકામાં અવનતિ આવી છે.

## ૩.૮ કેટલાંક ઉપયોગી પુસ્તકો


| | | |
|---|---|---|
| ૧.પંડ્યા હસમુખ | : | સરકારી તંત્રનો પરિચય-૧, અનડા પ્રકાશન, અમદાવાદ-આવૃત્તિ-૨૦૧૧. |
| ૨.સિંધુ જ્ઞાનસિંહ | : | રાજનીતિસિદ્ધાંતહિંદીમાધ્યમભાર્યાન્વયનિવેશાલયદિલ્લી વિશ્વ વિધાલય, દિલ્લી-૨૦૦૪ |
| ૩.Sharma U & Sharma SK | : | Principals and Theroy of Political Sharma SK Science-Atlantic-2007 |
| ૪.Prof.P.G.Das | : | Modern Political Theroy-New Central Book Agency Ltd. Kolkatta- 2006 |
| ૫.શેઠ પ્રવીણ એન | : | આધુનિક રાજ્યશાસ્ત્ર પરિભાષા અને વિશ્લેષણ-૧૯૭૪ |
| ૬.શેઠ પ્રવીણ એન | : | તુલનાત્મક રાજકારણ -૧૯૮૧ |


## ૩.૯ તમારી પ્રગતિ ચકાસો

૧. ધારાસભાના સ્થાન વિશે ચર્ચા કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૨. ધારાસભાના કાર્યો વિશે વિગતે જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૩. ધારાસભાના પ્રકારો વિશે ટૂંકમાં જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૪. દ્વિગૃહી ધારાસભાના ફાયદાની ચર્ચા કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૫. ખરડાના પ્રકારો વિશે ચર્ચા કરો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................

૬. કાયદા ઘડતરની પ્રક્રિયા વિશે સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................

એકમ ૪

# કારોબારી

## રૂપરેખા

૪.૦ ઉદ્દેશો
૪.૧ પ્રસ્તાવના
૪.૨ કારોબારી : અર્થ
૪.૩ કારોબારીના પ્રકારો
૪.૩.૧ એકજન અને બહુજન કારોબારી
૪.૩.૨ નામની અને વાસ્તવિક કારોબારી
૪.૩.૩ રાજકીય અને વહીવટી કારોબારી
૪.૩.૪ સંસદીય અને પ્રમુખીય કારોબારી
૪.૪ કારોબારીના કાર્યો
૪.૫ સારાંશ
૪.૬ ચાવીરૂપ શબ્દો
૪.૭ કેટલાક ઉપયોગી પુસ્તકો
૪.૮ સ્વાધ્યાય
૪.૯ જવાબો

## ૪.૦ ઉદ્દેશો

આ પ્રકરણનો અભ્યાસ કરવાથી તમે -

૧. કારોબારીનો અર્થ સમજી શકશો.

૨. કારોબારીના પ્રકારોનો વિગતે ખ્યાલ મેળવી શકશો.

૩. કારોબારીના કાર્યો અંગેની સમજ મેળવી શકશો.

## ૪.૧ પ્રસ્તાવના

સામાન્ય રીતે સરકારના કાર્યોને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર. આ રીતે કારોબારી એ સરકારની ત્રણ શાખા પૈકીની એક શાખા છે. રાજકીય દૃષ્ટિકોણથી જોઈએ તો કારોબારીનું મુખ્ય કાર્ય ધારાસભાએ પસાર કરેલા કાયદાઓનો અમલ કરવાનું છે.

## ૪.૨ કારોબારી : અર્થ

આપણે રોજિંદા જીવન વ્યવહારમાં કારોબાર શબ્દનો ઉપયોગ વારંવાર કરીએ

છીએ અને તેનો સંદર્ભ વહીવટ સાથે જોડીએ છીએ. આમ, કારોબાર સાથે જોડાયેલ છે તે કારોબારી અને કારોબારી એટલે વહીવટ સાથે જોડાયેલું છે તેવું અથવા વહીવટીતંત્ર. રાજ્યશાસ્ત્રના પરિપ્રેક્ષ્યથી કારોબારીને આપણે વિશાળ અને સંકુચિત એમ બે અર્થમાં સમજી શકીએ.

વિશાળ અર્થમાં કારોબારીની વ્યાખ્યા આપતાં પ્રા. ગાર્નર જણાવે છે કે, "વ્યાપક અને સામૂહિક રીતે જોઈએ તો કાયદા દ્વારા ઘડાયેલા અને વ્યક્ત થયેલા રાજ્યના નિર્ધારોનો અમલ કરતાં તમામ અધિકારીઓ અને સંસ્થાઓને કારોબારી સમગ્ર રીતે આવરી લે છે." વિશાળ અર્થમાં કારોબારીમાં સનદી અમલદારોથી માંડી તમામ પ્રધાનો તથા સરકારના અને રાજ્યના વડાનો તેમાં સમાવેશ થાય છે. આ દૃષ્ટિએ વહીવટીતંત્રની શ્રેણીમાં સમાવિષ્ટ તમામ અધિકારીઓ, કર્મચારીઓનો પણ કારોબારી વર્ગમાં સમાવેશ થાય છે. ટૂંકમાં, ધારાસભા અને ન્યાયતંત્રના અપવાદ સિવાય સમગ્ર સરકારીતંત્રને કારોબારીમાં સમાવી શકાય.

સંકુચિત અર્થમાં જ્યારે આપણે કારોબારીને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે તેમાં ફક્ત રાજ્યના અને સરકારના વડા તથા પ્રધાનમંડળનો જ માત્ર સમાવેશ કરીએ છીએ. દા.ત. ભારતમાં કારોબારી એટલે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને તેમનું પ્રધાનમંડળ. એ જ રીતે, બ્રિટનમાં કારોબારી એટલે રાજા કે રાણી, વડાપ્રધાન અને તેમનું પ્રધાનમંડળ. અમેરિકામાં કારોબારી એટલે અમેરિકન પ્રમુખ અને તેમનું પ્રધાનમંડળ.

વિશાળ અને સંકુચિત દૃષ્ટિકોણથી જોયા પછી કારોબારીની સર્વ સામાન્ય વ્યાખ્યા આ રીતે કરી શકાય : "રાજ્યના કારોબાર સાથે જે વ્યક્તિઓ સંકળાયેલી છે અને રાજ્યના કાયદાઓનો અમલ કરાવે છે તે કારોબારી." આમ, કારોબારીનો સીધો જ સંબંધ સરકાર સાથે જોડાયેલો છે.

## ૪.૩ કારોબારીના પ્રકારો

કારોબારીના મુખ્ય ચાર પ્રકાર પાડી શકાય :

૪.૩.૧ એકજન અને બહુજન કારોબારી

૪.૩.૨ નામની અને વાસ્તવિક કારોબારી

૪.૩.૩ રાજકીય અને વહીવટી કારોબારી

૪.૩.૪ સંસદીય અને પ્રમુખીય કારોબારી

### ૪.૩.૧ એકજન અને બહુજન કારોબારી :

(૧) **એકજન કારોબારી (Single Executive)** : કારોબારીની તમામ સત્તાઓ એક જ વ્યક્તિ પાસે હોય તેને એકજન કારોબારી તરીકે ઓળખવામાં આવે છે.

ભૂતકાળમાં જ્યારે રાજાશાહીનું ચલણ હતું ત્યારે રાજા જ તમામ સત્તાઓ ભોગવતો હતો. અત્યારે જે રાજ્યોમાં રાજાશાહી અમલમાં છે ત્યાંની કારોબારી એકજન કારોબારી તરીકે ઓળખાય છે. જો કે, અમેરિકામાં રાજાશાહી ન હોવા છતાં પણ ત્યાંની કારોબારી એકજન કારોબારી તરીકે ઓળખાય છે કારણ કે ત્યાં કારોબારીના વડા એવા પ્રમુખ તમામ સત્તાઓ ધારણ કરે છે અને તમામ જવાબદારી પણ તેમની ગણાય છે. સરમુખત્યારશાહીમાં પણ હંમેશા એકજન કારોબારી જોવા મળે છે કારણ કે ત્યાં સરમુખત્યાર જ તમામ સત્તાઓ ધારણ કરે છે. આમ જોઈએ તો કારોબારીનો

આ પ્રકાર ઘણો જુનો છે.

એકજન કારોબારીનો ફાયદો એ છે કે તેમાં ઝડપી નિર્ણયો લેવાય છે અને ઝડપી અમલ પણ થાય છે. આ ઉપરાંત સંપૂર્ણપણે ગુપ્તતા પણ જળવાય છે. કારણ કે તમામ સત્તા એક જ વ્યક્તિમાં કેન્દ્રિત થયેલી હોય છે. સાથે-સાથે એકજન કારોબારીનો ગેરફાયદો એ છે કે તેમાં સત્તાનો દૂરપયોગ થવાની સંભાવના વિશેષ હોય છે. તેથી જ ઘણી વખત એકજન કારોબારી એ સરમુખત્યારશાહીમાં કે જુલ્મશાહીમાં ફેરવાઈ જતી જોવા મળે છે. જો કે વર્તમાન સમયમાં એકજન કારોબારી ભાગ્યે જ જોવા મળે છે. કેમ કે, અત્યારે લોકશાહીની સ્વીકૃતિનું પ્રમાણ વધ્યું છે અને લોકશાહીના આગમન સાથે વિકેન્દ્રિત વ્યવસ્થાનો સ્વીકાર થયો છે. એટલું જ નહીં સત્તાના વિકેન્દ્રીકરણ ઉપર વધુ ને વધુ ભાર મૂકવામાં આવે છે. સામાપક્ષે સત્તાના કેન્દ્રીકરણનો બહિષ્કાર થવા માંડયો છે. આમ, હવેના સમયમાં એકજન કારોબારીનું અસ્તિત્ત્વ કયાંક-કયાંક જ છે. વળી, પ્રમુખીય કારોબારીનો સ્વીકાર પણ અલ્પ પ્રમાણમાં જોવા મળે છે.

(૨) **બહુજન કારોબારી (Plural Executive)** : એક કરતાં વધારે વ્યક્તિઓને જ્યારે કારોબારીની સત્તાઓ સોંપવામાં આવે ત્યારે તે કારોબારીને બહુજન કારોબારી અથવા તો સામૂહિક કારોબારી તરીકે ઓળખવામાં આવે છે.

એકજન કારોબારીની જેમ બહુજન કારોબારી પણ ભૂતકાળમાં અસ્તિત્ત્વ ધરાવતી હતી. દા.ત. પ્રાચીન એથેન્સ અને સ્પાર્ટામાં કારોબારીની સત્તા જુદા-જુદા અધિકારીઓ વચ્ચે વહેંચાયેલી હતી. પ્રાચીન પ્રજાસત્તાક રોમ તથા અઢારમી સદીના ફ્રાંસમાં આ પ્રકારની કારોબારી નજરે ચઢે છે. સોવિયેત રશિયાનું ૧૯૯૧માં વિઘટન થયું તે પૂર્વે ત્યાં આ પ્રકારની બહુજન કારોબારી કાર્યરત હતી. આધુનિક સમયમાં સ્વિટ્ઝર્લેન્ડમાં આ પ્રકારની કારોબારી જોવા મળે છે. વધુમાં બહુજન કે સામૂહિક કારોબારીના સંદર્ભમાં આપણે એમ કહી શકીએ કે, જ્યાં સંસદીય પ્રકારની સરકાર અસ્તિત્ત્વ ધરાવે છે ત્યાં બહુજન કે સામૂહિક કારોબારી અમલમાં હોય છે કારણ કે, આ પ્રકારની સરકારમાં કારોબારીની સત્તાનો ઉપયોગ પ્રધાનમંડળ કરતું હોય છે અને પ્રધાનમંડળ એક કરતાં વધારે પ્રધાનોનું બનેલું હોય છે. ભારત અને બ્રિટન એ બહુજન કારોબારીના દાખલા પૂરા પાડે છે.

### ૪.૩.૨ નામની અને વાસ્તવિક કારોબારી :

(૧) નામની કારોબારી **(Nominal Executive)** : કાનૂની રીતે કારોબારીની તમામ સત્તા ધરાવતા છતાં પણ વ્યક્તિ તેનો વાસ્તવમાં ઉપયોગ ન કરે ત્યારે તેને નામની કારોબારી તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. બ્રિટનમાં રાજા કે રાણીને કારોબારી તરીકે તમામ સત્તાઓ સોંપવામાં આવી છે તેમને ધારાકીય, કારોબારી વિષયક, નાણાકીય, ન્યાયકીય એમ તમામ સત્તાઓ છે પરંતુ આ સત્તાઓ માત્ર નામ પૂરતી જ છે. હકીકતમાં તેઓ આ સત્તાનો ઉપયોગ કરતાં નથી તેથી તેમને નામની કારોબારી તરીકે ઓળખવામાં આવે છે.

ભારતીય બંધારણ મુજબ ભારતમાં પણ આપણા રાષ્ટ્રપતિ ધારાકીય, કારોબારી નાણાકીય, ન્યાયકીય તથા કટોકટીની સત્તાઓ ધરાવતાં હોવા છતાં પણ તેઓ વાસ્તવમાં તેનો ઉપયોગ ન કરતાં હોવાથી તેમની ગણના નામની કારોબારી તરીકે થાય છે. જો કે બંધારણીય જોગવાઈ અનુસાર ભારતના રાષ્ટ્રપતિને બ્રિટનના રાજા કે રાણીની જેમ સંપૂર્ણપણે નામની કારોબારી ગણાવી શકાય નહીં. વિશિષ્ટ સંજોગોમાં રાષ્ટ્રપતિ સ્વવિવેકની સત્તાનો ઉપયોગ કરી શકે છે. આ સ્વવિવેકની સત્તાનો ઉપયોગ કરતી

વખતે તેમણે વડાપ્રધાન અને પ્રધાનમંડળની સલાહ લેવાની રહેતી નથી. આ દૃષ્ટિએ તેઓ સંપૂર્ણપણે નામના કારોબારી ગણાવી શકાય નહી. ૧૯૭૫માં ૪૨માં બંધારણીય સુધારા અનુસાર વડાપ્રધાન તથા પ્રધાનમંડળની સલાહ રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા હોવાથી છેવટનું ધાર્યું તો વડાપ્રધાન અને પ્રધાનમંડળનું જ થાય છે.

(૨) વાસ્તવિક કારોબારી (**Real Executive**) : કારોબારીની સત્તાઓ જેમને પ્રાપ્ત છે તે વ્યક્તિ આ સત્તાઓનો ઉપયોગ કરતાં નથી પરંતુ તેમને બદલે જે વ્યક્તિ આ સત્તાઓનો વાસ્તવમાં ઉપયોગ કરે છે તેને વાસ્તવિક કારોબારી તરીકે ઓળખવામાં આવે છે. નામની કારોબારી અને વાસ્તવિક કારોબારી એ એક સિક્કાની બે બાજુ સમાન ગણાવી શકાય.

ભારતમાં અને બ્રિટનમાં આ પ્રકારની કારોબારી જોવા મળે છે. ભારતમાં વડાપ્રધાન અને તેનું પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી ગણાય છે. રાષ્ટ્રપતિને આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ રાષ્ટ્રપતિના નામે વડાપ્રધાન કરે છે. આ જ રીતે બ્રિટનમાં પણ રાજા કે રાણીને પ્રાપ્ત સત્તાઓનો ઉપયોગ વડાપ્રધાન અને તેમનું પ્રધાનમંડળ કરે છે. આથી એમ કહી શકાય કે, નામની અને વાસ્તવિક કારોબારી સંસદીય પ્રકારની લોકશાહીમાં વિશેષરૂપે જોવા મળે છે કારણ કે, સંસદીય પ્રણાલીમાં રાજ્યના વડા અને સરકારના વડા બે અલગ-અલગ વ્યક્તિ હોય છે. રાજ્યનાં વડા તરીકે ભારતમાં રાષ્ટ્રપતિ અને બ્રિટનમાં રાજા કે રાણીને નામની કારોબારી તથા સરકારના વડા તરીકે ભારતમાં તેમજ બ્રિટનમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી તરીકે ઓળખવામાં આવે છે.

પ્રમુખીય પ્રકારની લોકશાહીમાં રાજ્યના વડા તેમજ સરકારના વડા પ્રમુખ જ હોય છે. તેથી અહીં માત્ર વાસ્તવિક કારોબારી જ અસ્તિત્ત્વ ધરાવે છે. બંધારણ દ્વારા જ પ્રમુખને મુખ્ય કારોબારી તરીકે તમામ સત્તાઓ આપવામાં આવી હોય છે અને વાસ્તવમાં તેમણે જ આ સત્તાઓનો ઉપયોગ કરવાનો હોય છે. અમેરિકામાં પ્રમુખ આ પ્રકારની વાસ્તવિક સત્તાઓ ધરાવે છે. તેથી અમેરિકન પ્રમુખ વાસ્તવિક કારોબારી ગણાય છે. આ અર્થમાં અમેરિકામાં નામની કારોબારી અસ્તિત્ત્વ ધરાવતી નથી.

### ૪.૩.૩ રાજકીય અને વહીવટી કારોબારી :

(૧) **રાજકીય કારોબારી** (Political Executive) : જે કારોબારી સરકારની રચના કરે અને રાજ્યની ઇચ્છાઓનો અમલ કરે તેને રાજકીય કારોબારી તરીકે ઓળખવામાં આવે છે. રાજકીય કારોબારીનું મુખ્ય કાર્ય નીતિનું ઘડતર કરવાનું અને તેનો અમલ કરાવવાનું છે. સંસદીય પ્રણાલીમાં વડાપ્રધાન અને તેમનું પ્રધાનમંડળ રાજકીય કારોબારી ગણાય છે અને પ્રમુખીય પ્રણાલીમાં પ્રમુખ અને તેમનું પ્રધાનમંડળ રાજકીય કારોબારી ગણાય છે.

(**I**) રાજકીય કારોબારીની રચના પ્રજાકીય ચૂંટણી દ્વારા થાય છે : સામાન્ય ચૂંટણીઓ નિયત સમયના અંતરે યોજવામાં આવતી હોય છે. આ ચૂંટણીઓમાં વિવિધ પક્ષો ભાગ લે છે અને પોતાના ઊમેદવારો ઊભા રાખે છે. કોઈ વ્યક્તિને કોઈ પણ પક્ષ સાથે જોડાયા વગર સ્વતંત્ર રીતે ચૂંટણીમાં ઊભા રહેવું હોય તો તે વ્યક્તિ પોતાની નોંધણી અપક્ષ તરીકે કરાવે છે અને અપક્ષ ઊમેદવાર તરીકે ચૂંટણીમાં ઊભો રહે છે. ચૂંટણીમાં જે પક્ષ બહુમતી મેળવે તે પક્ષ સરકારની રચના કરે છે. આ અર્થમાં રાજકીય કારોબારીના સભ્યોને પ્રજા ચૂંટે છે. પ્રજાના આ પ્રતિનિધિઓ રાજકીય સત્તા ધરાવતા હોવાથી તેઓનું સ્થાન સનદી અમલદારો કરતાં ઊંચું ગણાય છે કારણ કે, સનદી અમલદારોએ રાજકીય

કારોબારીના નિર્ણયને માનવાનો હોય છે અને તેનો અમલ પણ કરવાનો હોય છે.

**(II)** રાજકીય કારોબારી રાજકીય પક્ષ આધારિત હોય છે : સામાન્ય ચૂંટણીમાં જે રાજકીય પક્ષને બહુમતી મળે તે સરકારની રચના કરે છે અને આ સરકાર અંતર્ગત રાજકીય કારોબારી અસ્તિત્ત્વમાં આવે છે તેથી રાજકીય કારોબારીના સભ્યો જે-તે રાજકીય પક્ષના સભ્યો હોય છે. એટલું જ નહીં તેઓ રાજકીય રીતે પણ સક્રિય હોય છે. અપવાદરૂપે જ્યાં નામની કારોબારી છે જેમ કે; ભારતમાં નામની કારોબારી એટલે કે ભારતના રાષ્ટ્રપતિ રાજકીય પક્ષથી પર છે.

**(III)** રાજકીય કારોબારી પરિવર્તનશીલ છે : રાજકીય કારોબારી સરકારના સત્તાકાળ સુધી સિમિત હોય છે. સામાન્ય રીતે સરકારનો સત્તાકાળ પાંચ વર્ષનો ગણાય છે. આ સમયગાળા દરમિયાન રાજકીય કારોબારી અસ્તિત્ત્વમાં હોય છે. પાંચ વર્ષનો સમય પૂરો થતાં સત્તાકાળ સમાપ્ત થાય છે અને પુનઃ ચૂંટણી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. કેટલાક વિશેષ સંજોગોમાં જેમ કે; ધારાસભાનું વિસર્જન કરવું પડયું હોય તો તેવા સંજોગોમાં પાંચ વર્ષ પૂર્ણ થતા પહેલાં પણ રાજકીય કારોબારીનું અસ્તિત્ત્વ રહેતું નથી.

**(VI)** રાજકીય કારોબારી હંમેશા વિષય વિશેષજ્ઞ હોતી નથી : રાજકીય કારોબારી એટલે વડાપ્રધાન અને તેમનું પ્રધાનમંડળ. સંસદીય પ્રકારની સરકારમાં સામાન્ય રીતે પ્રધાનને ખાતુ સોંપતી વખતે તેમનું શિક્ષણ, જ્ઞાન, રસ-રુચિ, કાબેલિયત વગેરે ધ્યાનમાં લેવાતા હોય છે. તેમ છતાં તેઓ તેમને સોંપવામાં આવતા ખાતાનું ઊંડું જ્ઞાન ધરાવતા હોય તે જરૂરી નથી. જયારે પ્રમુખીય પ્રકારની સરકારમાં પ્રમુખ જે-તે વિષયમાં નિષ્ણાંત જ્ઞાન ધરાવતાં વ્યક્તિને પ્રધાન તરીકે નિમણૂંક આપી શકે છે.

(૨) **વહીવટી કારોબારી (Administrative Executive)** : સરકારની નીતિઓ અને કાર્યક્રમોનો અમલ કરે અથવા કરાવે તેને વહીવટી કારોબારી તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. સનદી અમલદારો.

**(I)** વહીવટી કારોબારીની પસંદગી ચોક્કસ માળખામાં રહીને થાય છે : વહીવટી કારોબારી સાથે સંલગ્ન થવા ઇચ્છુક ઊમેદવારોની પસંદગી નિયત અને ચોક્કસ ભરતી પ્રક્રિયા દ્વારા થાય છે અને તે માટે આપણા ભારતમાં બંધારણીય જોગવાઈ અનુસાર જાહેર સેવા આયોગ તથા અન્ય સંસ્થાઓની રચના થયેલી છે. આ સંસ્થાઓ લેખિત અને મૌખિક સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજે છે અને તેમાં સફળતા પ્રાપ્ત કરનાર ઊમેદવાર વહીવટી કારોબારીનો સભ્ય બને છે. આમ, વહીવટી કારોબારીના સભ્યોની નિમણૂક સ્વતંત્ર અને નિષ્પક્ષ એવી સંસ્થા મારફતે થાય છે. જે રાજકીય પ્રવૃત્તિઓથી મુક્ત હોય છે.

**(II)** વહીવટી કારોબારી રાજકીય પક્ષોથી પર હોય છે : વહીવટી કારોબારીના સભ્યો કોઈ પણ રાજકીય પક્ષ સાથે જોડાયેલાં હોતા નથી. જો તેમની સંડોવણી રાજકીય પક્ષ સાથે માલૂમ પડે તો તેઓને ગેરલાયક ઠેરવાય છે. વહીવટી કારોબારીનું મુખ્ય કાર્ય સરકારની નીતિનો અમલ કરવાનું છે. કોઈ પણ રાજકીય પક્ષસત્તા પર આવે પરંતુ તેમણે તો પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવવાની હોય છે.

**(III)** વહીવટી કારોબારી સ્થિર અને કાયમી છે : વહીવટી કારોબારી તરીકે કાર્યરત એવા સનદી અમલદારોનો સમયગાળો તેમની નિવૃત્તિ વય મર્યાદા સુધીનો હોય છે. વળી, સનદી અમલદારો જેમ-જેમ નિવૃત્ત થાય તેમ-તેમ નવી ભરતી પણ થતી રહે છે. કારણ કે વહીવટીતંત્ર એ કાયમીતંત્ર છે. પ્રધાનમંડળ સમયાંતરે બદલાતું રહે પરંતુ સનદી અમલદારો તો પોતાના હોદ્દા પર નિવૃત્તિના સમય સુધી ચાલુ જ રહે છે.

**(VI)** વહીવટી કારોબારીના સભ્યો ખાતાના તથા વહીવટી બાબતોના નિષ્ણાત હોય

છે : વહીવટી કારોબારીના સભ્યો વહીવટનું ઊંડું જ્ઞાન ધરાવતા હોય છે અને ખાતાની તમામ પ્રકારની માહિતી તેમની પાસે હોય છે. વહીવટી કારોબારી તાલીમબદ્ધ હોવાની સાથે વહીવટનો બહોળો અનુભવ ધરાવતી હોય છે. તેથી જ પ્રધાનો સનદી અમલદારો સાથે ચર્ચા-વિમર્શ કરે છે એટલું જ નહીં બલકે મોટાભાગના કિસ્સામાં તેમના સૂચનો અને સલાહને અનુસરે છે.

આમ, રાજકીય કારોબારી નીતિ ઘડતર કરે છે અને વહીવટી કારોબારી તેનો અમલ કરવાનું કાર્ય કરે છે. વહીવટી કારોબારી સરકારને નીતિઓનું ઘડતર કરવામાં મદદ કરે છે તથા સરકારના ધ્યેયોને સિદ્ધ કરવા માટે નીતિઓને વ્યવહારમાં અમલમાં મૂકવાનું કાર્ય કરે છે. આ રીતે રાજકીય કારોબારીની સાથે-સાથે વહીવટી કારોબારીનું પણ આગવું મહત્ત્વ છે.

### ૪.૩.૪ સંસદીય અને પ્રમુખીય કારોબારી :

(૧) **સંસદીય કારોબારી (Parliamentary Executive)** : જ્યાં કારોબારી અને ધારાસભા ગાઢ રીતે સંકળાયેલા હોય અને કારોબારી ધારાસભાને જવાબદાર હોય ત્યાં સંસદીય કારોબારી અસ્તિત્વ ધરાવે છે તેમ કહી શકાય. દા.ત. ભારત (નોંધ : સંસદીય કારોબારીનો વિગતે અભ્યાસ આપણે પ્રકરણ-૫માં કરીશું.)

(૨) **પ્રમુખીય કારોબારી (Presidential Executive)** : જ્યાં ધારાસભા અને કારોબારી એકબીજાથી સ્વતંત્ર હોય અને કારોબારી ધારાસભાને જવાબદાર ન હોય ત્યાં પ્રમુખીય કારોબારી અસ્તિત્વ ધરાવે છે તેમ કહી શકાય. દા.ત. અમેરિકા (નોંધ : પ્રમુખીય કારોબારીનો વિગતે અભ્યાસ આપણે પ્રકરણ-૬માં કરીશું.)

## ૪.૪ કારોબારીના કાર્યો

સામાન્ય રીતે કારોબારીનાં કાર્યોને બે ભાગમાં વહેંચી શકાય : (અ) આંતરિક કાર્યો (બ) બાહ્ય કાર્યો

(અ) **આંતરિક કાર્યો** : રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા જળવાય તે રાજ્યનો પ્રાથમિક હેતુ છે. આજે લગભગ પ્રત્યેક રાજ્ય કલ્યાણ રાજ્યનો ખ્યાલ અપનાવ્યો છે. આવા સંજોગોમાં રાજ્યનાં કાર્યો અને જવાબદારીઓમાં ઉત્તરોત્તર વધારો થયો છે. પ્રજા કલ્યાણમાં સતત વધારો થાય અને નાગરિકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે દરેક રાજ્ય પ્રયત્નશીલ રહે છે. માટે, કારોબારીના શિરે ધારાકીય, નાણાકીય અને ન્યાય વિષયક વિશેષ જવાબદારી વહન કરવાની આવે છે. કારોબારીનાં આંતરિક કાર્યો નીચે મુજબ ના ગણાવી શકાય :

(૧) **ધારાકીય કાર્યો :** સંસદીય પ્રકારની સરકારમાં ધારાસભા અને કારોબારી એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા હોવાથી કારોબારી ધારાકીય કાર્યો પણ કરે છે. જેમ કે; કાયદાના ઘડતર પૂર્વે કાયદાના ખરડાને પ્રધાનોએ ધારાસભાની મંજૂરીમાટે ધારાસભા સમક્ષ સૌપ્રથમ મૂકવો પડે છે. ધારાસભાએ મંજૂર કરેલા ખરડાને કાયદો બનાવવા માટે કારોબારીની મંજૂરીમાંથી પસાર થવું પડે છે. આ રીતે કારોબારી ધારાકીય કાર્યો પણ કરે છે. ધારાસભાની બેઠક ચાલુ ન હોય ત્યારે કારોબારી જરૂર જણાતાં વટહુકમો પણ બહાર પાડી શકે છે જે કાયદા જેવું જ સ્થાન ધરાવે છે. જો કે આવા વટહુકમોને બાદમાં ધારાસભાની મંજૂરીમાંથી અવશ્યપણે પસાર થવું જ પડે છે તો જ તેનો અમલ ચાલુ રહી શકે છે. આ ઉપરાંત કારોબારી ધારાસભાની બેઠક બોલાવી શકે છે તથા અમુક સમય માટે મુલતવી રાખવાની સત્તા પણ ધરાવે છે. એટલું જ નહીં તેનું નિયત

સમય પહેલાં વિસર્જન કરવાની પણ સત્તા ધરાવે છે.

પ્રમુખીય પ્રકારની સરકારમાં પણ કારોબારી ધારાકીય કાર્યો કરતી હોય છે જેમ કે; અમેરિકાને ધ્યાનમાં લઈએ તો, અમેરિકન પ્રમુખ અમેરિકન કોંગ્રેસને સંદેશાઓ મોકલે છે, આદેશો આપે છે, કોંગ્રેસની બેઠક બોલાવી શકે છે અને બેઠકની મુદત પણ વધારી શકે છે. કોંગ્રેસમાંથી પસાર થયેલ ખરડો પ્રમુખની સહી બાદ જ કાયદો બને છે.

(૨) **નાણાંકીય કાર્યો :** રાજ્યમાં નાણાંખાતાનું વિશેષ મહત્ત્વ હોય છે. તેથી જ સરકાર જુદા-જુદા પ્રકારના કરવેરા નાખે છે તેમજ હંમેશા આવકના સ્રોતોની શોધમાં રહે છે. નાણાંખાતુ દરેક ખાતાની આવક અને જાવકના હિસાબો રાખે છે અને તે મંજૂર કરે છે તથા જો કોઈ ખાતાને ફાળવેલ નાણાં કરતાં વધુ નાણાંની જરૂર પડે તો તે ખાતાએ વધારાના નાણાંની માંગણી નાણાંપ્રધાન પાસે કરવાની હોય છે. કોઈ પણ કાર્ય કરવા માટે નાણાં અનિવાર્ય હોવાથી નાણાંકીય કાર્યો ખૂબ જ અગત્યના બની રહે છે.

(૩) **ન્યાય વિષયક કાર્યો :** આમ જોઈએ તો ન્યાય વિષયક કાર્યો માટે ન્યાયતંત્રની રચના થયેલી છે. પરંતુ ન્યાયાધીશોની નિમણૂક કરવાનું કાર્ય કારોબારી કરે છે. આ ઉપરાંત મુખ્ય કારોબારી ગુન્હેગારોની સજાને મોકૂફ રાખવાની, સજામાં ઘટાડો કરવાની કે તેમાં ફેરફાર કરવાની અથવા તો માફ કરવાની સત્તા ધરાવે છે.

આમ, કારોબારી કાયદાઓનો અમલ કરાવવા ઉપરાંત અનેકવિધ કાર્યો કરે છે. આજે રાજ્યના કાર્યોમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી કારોબારીના કાર્યોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે.

(બ) **બાહ્ય કાર્યો** : દરેક રાજ્યએ પોતાના રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા ઉપરાંત બાહ્ય આક્રમણથી પોતાના રાજ્યનું રક્ષણ કરવાનું હોય છે. રાજ્ય પાસે સાર્વભૌમ સત્તા હોવાથી આંતરિક બાબતોમાં સર્વોપરિતા અને વિદેશી બાબતોમાં સંપૂર્ણ સ્વતંત્રતા છે. અહીં કારોબારીની ભૂમિકા અગત્યની બને છે. કારોબારી નીચે મુજબના બાહ્ય કાર્યો કરે છે.

(૧) **સંરક્ષણ તથા યુદ્ધ વિષયક કાર્યો :** રાજ્યની અખંડિતતા જાળવી રાખવા તથા બાહ્ય આક્રમણ સામે પોતાના રાજ્યની પ્રજાનું રક્ષણ કરવાનુ મુખ્ય કાર્ય કારોબારી કરે છે. આ માટે યુદ્ધ કરવાની જરૂર પડે તો યુદ્ધ જાહેર કરવાની સત્તા ભારતમાં અને બ્રિટનમાં કારોબારીને છે. જો કે અમેરિકામાં વિદેશનીતિ ખાતુ પ્રમુખ પોતે જ સંભાળતા હોવાથી યુદ્ધ વિષયક બાબતોમાં પ્રમુખનો મત અત્યંત નિર્ણાયક સાબિત થાય છે. આમ, યુદ્ધ જેવી અતિસંવેદનશીલ બાબતમાં કારોબારીએ પોતાની વિશિષ્ટ ભૂમિકા ભજવવાની હોય છે કારણ કે, રાજ્યના અસ્તિત્ત્વનો આધાર આ બાબતો પર નિર્ભર હોય છે.

(૨) **વિદેશ સંબંધી કાર્યો :** દરેક રાજ્યએ પોતાના વિકાસ માટે અન્ય રાજ્યો સાથે શાંતિપૂર્ણ વ્યવહાર અને સહકારભર્યા સંબંધો રાખવા પડે છે. વૈશ્વિકીકરણના આ યુગમાં પરસ્પર સહકાર અનિવાર્ય બની ગયો છે. રાજ્ય પોતાના હિતોને ધ્યાનમાં રાખીને એક ચોક્કસ પ્રકારની વિદેશનીતિ તૈયાર કરે છે. આ વિદેશનીતિને આધીન અન્ય રાજ્યો સાથેના વિવિધ પ્રકારના સંબંધો સુનિશ્ચિત કરે છે. તેથી જ રાજ્યો દ્વારા રાજદૂતો/એલચીઓની નિમણૂંક કરવામાં આવે છે. અને તેથી રાજ્યો વચ્ચેના પારસ્પરિક સંબંધો ગાઢ બને છે. આ તમામ વિદેશી બાબતો અંગે એક અલગ અને મહત્ત્વપૂર્ણ એવા વિદેશખાતાની રચના થાય છે. મોટાભાગે વિદેશખાતુ કે વિદેશ અંગેની બાબતો વડાપ્રધાન હસ્તક હોય છે. આમ, કારોબારીની ભૂમિકા આ દૃષ્ટિએ અગત્યની બની રહે છે. વર્તમાન સમયમાં રાજ્યો-રાજ્યો વચ્ચેનાં આર્થિક વ્યવહારો વિસ્તાર પામતા

જાય છે. આજના સમયમાં આર્થિક બાબતો સૌથી વધુ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. આ સંજોગોમાં કારોબારીએ વિદેશી બાબતો સાથે નાણાકીય બાબતોમાં પણ પોતાની આગવી ભૂમિકા ભજવવાની થાય છે.

આમ, કારોબારી વિવિધ પ્રકારના કાર્યો કરે છે અને તે કાર્યો દ્વારા રાજ્યના ધ્યેયોને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. કારોબારીનું કાર્ય કાયદાઓનો અમલ કરવા પૂરતું સીમિત ન રહેતા તેનો વ્યાપ વિસ્તૃત બન્યો છે અને આજના સમયમાં તો તે દિવસે ને દિવસે વધતો જાય છે.

## ૪.૫ સારાંશ

આ પ્રકરણમાં સરકારના ત્રણ મહત્ત્વના વિભાગો પૈકી એક એવા કારોબારીની વિસ્તૃત સમજ મેળવવાથી ખ્યાલ આવે છે કે કારોબારી એ રાજ્યની ધરી છે. કારોબારીની ભૂમિકા કાયદા ઘડતર અને કાયદાના અમલ પૂરતી મર્યાદિત ન રહેતા વિસ્તૃત છે. વળી, સંસદીય પ્રકારની સરકારમાં તથા પ્રમુખીય પ્રકારની સરકારમાં કારોબારીની ભૂમિકા બદલાય છે તેનો ખ્યાલ કારોબારીના પ્રકારોના અભ્યાસ દ્વારા પ્રાપ્ત થાય છે. ભારત, બ્રિટન તથા અમેરિકામાં લોકશાહી હોવા છતાં કારોબારીનાં કાર્યો અને ભૂમિકામાં ફરક જોવા મળે છે.

રાજકીય કારોબારી અને વહીવટી કારોબારીના અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે, આ બંને કારોબારી એક-બીજા સાથે જોડાયેલ હોવા છતાં બંનેમાં તફાવત છે. રાજકીય કારોબારીની રચના પ્રજાકીય ચૂંટણી દ્વારા થાય છે તો વહીવટી કારોબારીની પસંદગી સ્વાયત્ત અને નિષ્પક્ષ એવી બંધારણીય સંસ્થા મારફતે સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા થાય છે. એટલું જ નહીં તે બિનરાજકીય ઢબે થાય છે. રાજકીય કારોબારી રાજકીય પક્ષ આધારિત હોય છે એટલું જ નહીં તે સરકારના નિયત સત્તાકાળ સુધી જ અસ્તિત્ત્વ ધરાવે છે. રાજકીય કારોબારી પરિવર્તનશીલ છે, જ્યારે વહીવટી કારોબારી સ્થિર અને કાયમી છે.

કારોબારીનાં કાર્યોનો અભ્યાસ કરવાથી એવું કહી શકાય કે, કારોબારીનાં કાર્યો માત્ર કારોબારી વિષયક બાબતો પૂરતાં સીમિત ન રહેતા ધારાકીય, નાણાકીય, ન્યાયવિષયક, વિદેશી બાબતો, યુદ્ધ અને સંરક્ષણ વગેરે જેવી બાબતો સાથે વધતે-ઓછે અંશે સંકળાયેલા છે.

## ૪.૬ ચાવીરૂપ શબ્દો :

**અમેરિકન કૉંગ્રેસ** :**American Conrgess** - અમેરિકાની સંઘીય દ્વિગૃહીય ધારાસભા કે જે 'કૉંગ્રેસ' તરીકે ઓળખાય છે. આ દ્વિગૃહ જેમાં ઉપલું ગૃહ તરીકે 'સેનેટ' તથા નીચલું ગૃહ 'હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટીવ' તરીકે ઓળખાય છે.

**રાજદૂત/એલચી** :**Ambassadors** - દરેક રાજ્ય અન્ય રાજ્યો સાથે વિવિધ પ્રકારના સંબંધ જાળવવા પ્રતિનિધિરૂપે જે-તે રાજ્યમાં પોતાના રાજદૂત નીમે છે અને તે જ રીતે અન્ય રાજ્યોના રાજદૂતોનો પોતાના રાજ્યમાં સ્વીકાર કરે છે.

**વટહુકમો** :**Ordinances** - કાયદાની અવેજમાં બહાર પાડવામાં આવતા હુકમો આવા વટહુકમો કાયદા જેવું જ સ્થાન ધરાવે છે.

**કાર્યકારી આદેશો** :**Executive Orders** - કાર્યકારી આદેશો અધિકારિત

વિધાનો સમાન હોય છે.

## ૪.૭ કેટલાક ઉપયોગી પુસ્તકો


૧. પંડ્યા હસમુખ: લોકશાહી રાજ્ય વ્યવસ્થા : તત્ત્વ અને વ્યવહાર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય-૧૯૯૧

૨. પંડ્યા હસમુખ: રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-૨, અનડા પ્રકાશન, અમદાવાદ. દસમી આવૃત્તિ-૨૦૦૪

૩. Garner J. W.: Political Science and Modern Government – 1952

૪. Finer Herman: Theory and Practice of Modern Government – 1954


## ૪.૮ સ્વાધ્યાય

(ક) નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.

૧. કારોબારીનો અર્થ આપી તેના પ્રકારો સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

૨. કરોબારીનાં કાર્યોનું વર્ણન કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(ખ) નીચે આપેલ વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.

૧. નામની કારોબારી અને વાસ્તવિક કારોબારીએ કારોબારીના પ્રકારો છે.

૨. કારોબારીએ સરકારની ત્રણ શાખા પૈકી એક શાખા છે.

૩. ભારતમાં બહુજન કરોબારી છે.

૪. બ્રિટનમાં બહુજન કારોબારી છે.

## ૪.૯ જવાબો

૧. સાચું

૨. સાચું
૩. સાચું
૪. સાચું

એકમ ૫

# સંસદીય કારોબારી

## રૂપરેખા


૫.૦ ઉદ્દેશો

૫.૧ પ્રસ્તાવના

૫.૨ સંસદીય કારોબારી : અર્થ

૫.૩ સંસદીય કારોબારીના લક્ષણો

૫.૪ સંસદીય કારોબારીના ફાયદા-ગેર ફાયદા

 ૫.૪.૧ સંસદીય કારોબારીના ફાયદા

 ૫.૪.૨ સંસદીય કારોબારીના ગેરફાયદા

૫.૫ સારાંશ

૫.૬ ચાવીરૂપ શબ્દો

૫.૭ કેટલાક ઉપયોગી પુસ્તકો

૫.૮ સ્વાધ્યાય

૫.૯ જવાબો


## ૫.૦ ઉદ્દેશો

આ એકમનો અભ્યાસ કરવાથી તમે -

૧. સંસદીય કારોબારીનો અર્થ સમજી શકશો.

૨. સંસદીય કારોબારીની લાક્ષણિકતાઓ અને વિશેષતાઓનો ખ્યાલ મેળવી શકશો.

૩. સંસદીય કારોબારીના ફાયદા અને ગેરફાયદા સમજી શકશો.

## ૫.૧ પ્રસ્તાવના

સત્તરમી સદી પહેલાં બ્રિટનમાં રાજા અને પાર્લામેન્ટ વચ્ચે જે સત્તા સંઘર્ષ થયો તેમાં છેવટે ૧૬૮૮ ની ભવ્ય ક્રાંતિ પછી પાર્લામેન્ટનો વિજય થતાં તેમજ પાર્લામેન્ટની સર્વોપરિતાની સ્થાપના થતા પાર્લામેન્ટે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું. આ પછી લગભગ ઓગણીસમી સદીના મધ્યભાગ બાદ કારોબારીનું વર્ચસ્વ વધવા લાગ્યું. આ રીતે સમય જતાં ત્યાં સંસદીય પ્રકારની સરકાર અસ્તિત્વમાં આવી. આ પછી બ્રિટનના ઘણાં સંસ્થાનોએ સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી સંસદીય લોકશાહીતંત્રને અપનાવ્યું. બ્રિટનમાં સંસદીય પ્રકારની સરકાર એટલી બધી સરસ રીતે કામ કરે છે કે તે એક આદર્શ નમૂનો પૂરો પાડે છે. માટે જ બ્રિટનને 'સંસદીય લોકશાહીની માતા' તરીકે ઓળખવામાં આવે છે. આથી જ્યારે સંસદીય કારોબારીનો અભ્યાસ કરવામાં આવે છે ત્યારે બ્રિટનને

કેન્દ્રમાં રાખવામાં આવે છે. આઝાદી બાદ ભારતે પણ બ્રિટનની જેમ સંસદીય પ્રકારની લોકશાહી અપનાવી છે.

## ૫.૨ સંસદીય કારોબારી : અર્થ

જ્યાં કારોબારી અને ધારાસભા ગાઢ રીતે સંકળાયેલા હોય અને કારોબારી ધારાસભાને જવાબદાર હોય ત્યાં સંસદીય કારોબારી અથવા જવાબદાર કારોબારી અસ્તિત્વ ધરાવે છે તેમ કહી શકાય. દા.ત. ભારત

આજે વિશ્વમાં ઘણાં રાજ્યોમાં સંસદીય કારોબારીનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ તંત્રમાં ધારાસભા તથા કારોબારી વચ્ચે સુમેળ હોવાથી તેમજ બંને પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા હોવાથી સરકાર પોતાનો વહીવટ સારી રીતે ચલાવી શકે છે અને પોતાનાં ધ્યેયોને ઝડપથી સિદ્ધ કરી શકે છે. સરકારની સ્થિરતાનું પ્રમાણ સારું હોવાથી પ્રજા પણ પોતાનું રોજિંદુ જીવન નિશ્ચિત રીતે જીવે છે અને રાજકીય તેમજ સામાજિક જીવનમાં પણ સ્થિરતા આવે છે. સરકારની સ્થિરતા રાજ્યના સર્વાંગી વિકાસને વેગ આપતી હોવાથી આ પ્રકારની સરકાર લોકપ્રિય બનતી જાય છે.

## ૫.૩ સંસદીય કારોબારીના લક્ષણો

સંસદીય કારોબારીના મુખ્ય લક્ષણો આ પ્રમાણે દર્શાવી શકાય :

(૧) **ધારાસભા અને કારોબારી પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા હોય છે :** સામાન્ય ચૂંટણીમાં જે રાજકીય પક્ષ બહુમતી પ્રાપ્ત કરે તે પક્ષ સરકારની રચના કરે છે. ધારાસભાના પ્રથમગૃહમાં કારોબારી અને ધારાસભા એક જ રાજકીય પક્ષના બંધનથી બંધાયેલ હોવાથી બંને વચ્ચે સુમેળનું પ્રમાણ સારું એવું હોય છે. આથી સરકારીતંત્ર સારી રીતે કાર્ય કરે છે. તેથી સરકારને જરૂર હોય તેવા કાયદાઓ ખૂબ જ સરળતાથી ધારાસભા દ્વારા પસાર થાય છે. સંસદીય સરકારમાં ધારાસભામાં લગભગ મોટાભાગના ખરડાઓ સરકાર તરફથી જ રજૂ થતા હોય છે. આ રીતે કારોબારી અને ધારાસભા એમ બંને શાખાઓ પરસ્પર સહકારથી કાર્ય કરતી હોવાથી સરકાર પોતાનાં કાર્યો સરળતાથી કરી શકે છે. અહીં કેબિનેટની ભૂમિકા વિશેષ હોય છે. તે રાજ્યની ધારાકીય અને કારોબારી શાખા વચ્ચે કડીરૂપ છે. આથી જ બેજહટ વાલ્તેર નામના રાજકીય ચિંતક જણાવે છે કે, ''કેબિનેટ એ જોડાણ સમિતિ છે, તે ધારાકીય અને કારોબારી શાખાઓને સંધિરેખા (હાયફન-**Hyphen**) ની માફક જોડે છે તેમ જ બક્લ (Buckle) ની માફક બાંધે છે.''

(૨) **પ્રધાનમંડળનું સર્જન ધારાસભામાંથી જ થાય છે :** જે રાજકીય પક્ષને ધારાસભાના પ્રથમગૃહમાં બહુમતી બેઠકો મળે તે પક્ષના ધારાસભ્યો તેમના મુખ્ય નેતાને ચૂંટે છે. રાજ્યના વડા એટલે કે રાષ્ટ્રપતિ આ મુખ્ય નેતાને વડાપ્રધાન તરીકે નિયુક્ત કરીને તેને સરકારની રચના કરવા આમંત્રણ આપે છે. વડાપ્રધાન તરીકે તેમણે પોતાના પક્ષના ધારાસભ્યોમાંથી જ પ્રધાનમંડળની રચના કરવાની હોય છે. આમ છતાં, ધારાસભ્ય ન હોય તેથી વ્યક્તિની તે પ્રધાન તરીકે નિમણૂંક કરે તો તેવા પ્રધાને તેની નિમણૂંક થાય તે તારીખ થી છ મહિનાના સમયગાળામાં ધારાસભ્ય બનવું જ પડે છે. ભારતમાં એવી વ્યવસ્થા છે કે ધારાસભ્ય ન હોય તેવી વ્યક્તિને પ્રધાન બનાવવામાં આવે તો વડાપ્રધાન તેને જ રાજ્યની વિધાનસભામાં પોતાના જ પક્ષની બહુમતી હોય ત્યાંથી રાજ્યસભામાં ચૂંટાવીને તેને રાજ્યસભાનો સભ્ય બનાવે છે. અથવાં તો ધારાસભાના પ્રથમ ગૃહ એટલે કે લોકસભામાંથી પોતાના પક્ષના એક ધારાસભ્યને રાજીનામું

આપવાનું જણાવીને તેની ખાલી પડેલ બેઠક પર ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઊભો રાખવામાં આવે છે અને તે ચૂંટાઈ આવતાં ધારાસભ્ય બની જાય છે. ચૂંટણીમાં તે ઉમેદવારને ચોક્કસ જીત મળે તેટલા માટે એવા મતદાર વિભાગની પસંદગી કરવામાં આવે છે જે સત્તાધારી પક્ષનો 'ગઢ' ગણાતો હોય. અર્થાત્ ત્યાં તે પક્ષનો પ્રભાવ એટલો બધો હોય કે ગમે તે ઉમેદવાર ચૂંટાઈ આવે.

(૩) **પ્રધાનમંડળ એક અવાજે સરકારની નીતિને રજૂ કરે છે :** વડાપ્રધાન પોતાના જ પક્ષના ધારાસભ્યોમાંથી પ્રધાનમંડળની રચના કરતા હોવાથી પ્રધાનમંડળના સભ્યો એક જ રાજકીય વિચારસરણી ધરાવતા હોય છે. તેઓ એક જ પક્ષના હોવાથી પક્ષની શિસ્તના બંધનથી બંધાયેલા હોય છે. તેઓ સરકારને વફાદાર હોય છે અને સરકારના સમર્થનમાં હંમેશા હોય છે.

પરંતુ જ્યારે ધારાસભાના પ્રથમ ગૃહમાં કોઈપણ રાજકીય પક્ષને સરકાર રચવા જેટલી સ્પષ્ટ બહુમતી મળે નહીં ત્યારે એક કરતાં વધારે રાજકીય પક્ષો ભેગા થઈને ગઠબંધન રચે છે, અને સરકારની રચના કરે છે. આવા સમયે દરેક પક્ષની વિચારસરણી જુદી જુદી હોવાથી સરકારમાં મતભેદો ઊભા થવાની સંભાવના રહે છે અને સરકારની સ્થિરતા જોખમાય શકે છે. ભારતની વાત કરીએ તો છેલ્લા કેટલાક સમયથી ભારતમાં ખાસ કરીને ૧૯૯૧, ૧૯૯૬, ૨૦૦૪ અને ૨૦૦૯ માં યોજાયેલ સામાન્ય ચૂંટણીમાં કોઈપણ પક્ષને બહુમતી નહીં મળી હોવાથી મિશ્ર સરકાર રચાઈ હતી.

પ્રધાનમંડળ જ્યારે એક જ રાજકીય વિચારસરણી ધરાવતું હોય ત્યારે સરકારની નીતિની એક અવાજે રજૂઆત કરે છે અને બચાવ પણ કરે છે. અલબત્ત, કેબિનેટ દ્વારા જ્યારે નીતિ ઘડતર થાય છે ત્યારે તેના સભ્યો કેબિનેટ મિટિંગમાં પોતાના અભિપ્રાયો, વિચારો, વિરોધ વગેરે વ્યક્ત કરતા હોય છે. પરંતુ આ ક્રિયા બંધબારણે થાય છે. અંતે એક ચોક્કસ નીતિ તૈયાર કરવામાં આવે છે અને તેનો સ્વીકાર કરીને કેબિનેટ એકલે કે પ્રધાનમંડળના તમામ સભ્યો એક અવાજે તેની રજૂઆત કરે છે તથા જરૂર જણાયે બચાવ પણ કરે છે. કારણ કે આ નીતિ હવે સમગ્ર પ્રધાનમંડળની અને સરકારની નીતિ ગણાય છે.

(૪) **સંયુકત જવાબદારીનો સિદ્ધાંત જોવા મળે છે :** સરકારની નીતિનો સ્વીકાર અને તેનો બચાવ પ્રધાનમંડળના તમામ સભ્યોએ કરવાનો હોય છે. સંજોગોવશાત્ ધારાસભા જો કોઈ પ્રધાનને રાજીનામું આપવાની ફરજ પાડે તો તે પ્રધાનના રાજીનામાની સાથે સમગ્ર પ્રધાનમંડળે રાજીનામું આપવું પડે છે. કારણ કે દરેક ખાતાના પ્રધાનની જવાબદારી સમગ્ર પ્રધાનમંડળની જવાબદારી ગણાય છે. દરેક પ્રધાન પોતાના ખાતા માટે ધારાસભાને જવાબદાર હોવા ઉપરાંત સમગ્ર પ્રધાનમંડળ એક જૂથ તરીકે પણ તેને જવાબદાર હોય છે. આ પ્રકારની જવાબદારીને સંયુક્ત જવાબદારી કહે છે.

સંયુકત જવાબદારીનો સિદ્ધાંત સંસદીય કારોબારીનું હાર્દ ગણાય છે. કારણ કે પ્રધાનમંડળ એક સમૂહ અથવા તો જૂથ તરીકે જ સત્તા પર આવે છે અને એક સમૂહ તરીકે જ પોતાનાં કાર્યો કરે છે. આમ, સંયુક્ત જવાબદારીનો સિદ્ધાંત સમૂહભાવનાથી કાર્ય કરવા પ્રેરે છે તેમજ પ્રધાનમંડળના સભ્યોને એકતાના સૂત્રથી બાંધે છે. પરિણામે સરકાર લાંબા સમય સુધી સત્તા પર રહી શકે છે અને સ્થિરતા પ્રદાન કરી શકે છે.

(૫) **વિરોધપક્ષ અગત્યનું સ્થાન ધરાવે છે :** આપણે આગળ જોયું તે મુજબ ધારાસભાના પ્રથમ ગૃહમાં જે રાજકીય પક્ષને બહુમતી બેઠકો મળે તે રાજકીય પક્ષ સરકારની રચના કરે છે અને જે રાજકીય પક્ષ બહુમતી પક્ષ પછી સંખ્યાની દ્રષ્ટિએ વધુ બેઠકો મેળવ્યાનો ક્રમ ધરાવતો હોય તે વિરોધપક્ષ તરીકે કાર્ય કરે છે. ભારતમાં લોકસભાની કુલ સભ્યસંખ્યાના દસમા ભાગની બેઠક જે રાજકીય પક્ષ મેળવે તેને વિરોધપક્ષ તરીકે માન્યતા આપવામાં

આવે છે. દા.ત. ભારતની લોકસભામાં ૫૪૫ બેઠકો છે તેથી જે પક્ષ લોકસભામાં ૫૪ બેઠકો મેળવે તે વિરોધપક્ષ તરીકેની માન્યતા મેળવવા લાયક ગણાય છે.

સંસદીયતંત્રમાં વિરોધપક્ષની હાજરી અનિવાર્ય ગણાય છે. વિરોધપક્ષનો હેતુ સરકારની ખામીઓ શોધીને તેની ટીકા કરવાનો છે. આજનો વિરોધપક્ષ એ આવતીકાલનો સત્તાધારી પક્ષ ગણાય છે. કેમ કે, સરકારને રાજીનામુ આપવું પડે તેવા સંજોગો ઊભા થાય તો રાજયના વડા એટલે કે રાષ્ટ્રપતિ વિરોધપક્ષના નેતાને સરકાર રચવાનું આમંત્રણ આપે છે. જો કે, વિરોધપક્ષનો વિરોધ ફકત વિરોધ ખાતર કરવા પૂરતો સીમિત ન રહેતાં વિધેયાત્મક વિરોધ હોવો જોઈએ.

ભારત તથા બ્રિટનમાં વિરોધપક્ષના નેતાને રાજકોષમાંથી પગાર મળે છે અને સરકારી આવાસ આપવામાં આવે છે. વિરોધપક્ષના નેતા વડાપ્રધાન પદ માટેના હરિફ ઉમેદવાર હોવાથી ખૂબ જ અગત્યનું સ્થાન ધરાવે છે. આથી જ જાણીતાં સાહિત્યકાર જ્યોર્જ બર્નાડ શૉ એ કહ્યું છે કે : ''બ્રિટિશ વડાપ્રધાન વિરોધપક્ષના નેતાને પોતાની પત્ની કરતાં પણ સારી રીતે ઓળખતા હોય છે.''

સંસદીય તંત્રમાં સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષ એમ બંનેની જરૂર છે. કારણ કે જેટલી મહત્તા સરકારની છે તેટલી જ મહત્તા વિરોધપક્ષની છે. જો વિરોધપક્ષ ન હોય તો તેને લોકશાહી કહી જ શકાય નહીં.

(૬) **કારોબારીને દૂર કરવાની સત્તા ધારાસભાને છે :** કારોબારી જ્યાં સુધી ધારાસભાનો વિશ્વાસ જાળવી રાખે ત્યાં સુધી જ તે સત્તા પર રહી શકે છે. જે સમયે ધારાસભા કારોબારી સામે અવિશ્વાસની દરખાસ્તને પસાર કરે તે સમયે કારોબારીએ રાજીનામું આપવું પડે છે અને સરકાર પડી ભાંગે છે. કારોબારી ધારાસભાનું સર્જન હોવાથી તેમજ ધારાસભાને જવાબદાર હોવાથી ધારાસભાનો વિશ્વાસ હોય ત્યાં સુધી જ ટકી શકે છે.

સામાન્ય રીતે બહુમતીને આધારે સરકારની રચના થતી હોય છે તેથી સત્તા પરના પક્ષની બહુમતી અવિશ્વાસની દરખાસ્તને પસાર થવા દેતી જ નથી. જો સત્તા ઉપરના પક્ષની બહુમતીનું પ્રમાણ ધારાસભામાં ખૂબ ઓછું હોય તો આવું શકય બને છે. અથવા તો પાતળી બહુમતી હોય અને પક્ષમાં એકતાનો અભાવ હોય તો પણ આવું બનવાની શક્યતા રહે છે. આ ઉપરાંત અત્યંત મહત્ત્વપૂર્ણ એવા ખરડાને પસાર ન થવા દઈને પણ તે કારોબારીને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે. આમ, ધારાસભા કારોબારી ઉપર પોતાનો અંકુશ રાખે છે.

(૭) **કારોબારી ધારાસભાનું વિસર્જન કરી શકે છે :** જે રીતે ધારાસભા કારોબારીને સત્તા પરથી દૂર કરી શકે છે, તે જ રીતે કારોબારી પણ ધારાસભાનું વિસર્જન કરી શકે છે. પ્રધાનમંડળ તથા પોતાના પક્ષના સભ્યોમાં એકતાનો અભાવ જણાય ત્યારે વડાપ્રધાનને ધારાસભાના પ્રથમગૃહનું વિસર્જન કરવાની વિનંતી રાજયના વડા એટલે કે રાષ્ટ્રપતિ ને કરે છે. મોટાભાગે, રાષ્ટ્રપતિ આ વિનંતી ને સાંભળીને તે મુજબ યોગ્ય પગલાં લે છે. દા.ત. ભારતમાં વર્ષ ૨૦૦૪ ના અંતમાં નિયત સમય મુજબ ચૂંટણીઓ યોજાવાની હતી. પરંતુ તે સમયના વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપાઈને વિપરિત સંજોગો જણાતાં નિયત સમય કરતાં આઠેક માસ અગાઉ લોકસભાનું વિસર્જન કરવાની સલાહ રાષ્ટ્રપતિને આપી હતી અને રાષ્ટ્રપતિએ આ સલાહનું અનુસરણ કરી તેનો અમલ પણ કર્યો હતો.

જો કે, આ પ્રકારની ઘટના ભાગ્યે જ બને છે કારણ કે ધારાસભાનું વિસર્જન થાય તો તમામ સભ્યોએ પુનઃ ચૂંટણી લડવાની થાય અને ફરી ચૂંટણીમાં ઊભા રહી વિજય મળશે જ તેની કોઈ ખાતરી હોતી નથી, તેથી ધારાસભ્યો આવું જોખમ લેવા તૈયાર હોતાં નથી.

## ૫.૪ સંસદીય કારોબારીના ફાયદા - ગેરફાયદા

સંસદીય કારોબારીનો ઊંડો અભ્યાસ કરવા માટે તેના ફાયદા અને ગેરફાયદા અંગેની સમજ મેળવવી જરૂરી છે.

### ૫.૪.૧ સંસદીય કારોબારીના ફાયદા :

સંસદીય કારોબારીના ફાયદાઓ આ પ્રમાણે વર્ણવી શકાય.

(૧) **લોકમતનું મહત્ત્વ જળવાય રહે છે :** લોકશાહીમાં લોકો પાસે છેવટની સત્તા હોય છે. ધારાસભાના પ્રથમ ગૃહના ધારાસભ્યો પ્રજા દ્વારા ચૂંટાય છે તેથી તેઓ પ્રજાના પ્રતિનિધિઓ તરીકે પણ ઓળખાય છે. જે રાજકીય પક્ષ બહુમતી મેળવે તે પક્ષ સરકારની રચના કરે છે. આ રીતે સરકારની રચના લોકમતથી (બહુમતીથી) જ થાય છે. તેથી સ્વાભાવિક છે કે સરકાર લોકમતની અવગણના કરી શકે નહીં. ફરીથી સત્તા પર આવવા માટે પણ સરકારે લોકમતને પોતાની તરફ લાવવા સતત પ્રયત્નશીલ રહેવું પડે છે. લોકમતની અભિવ્યક્તિ ધારાસભાની અંદર તેમજ ધારાસભાની બહાર એમ બંને રીતે થતી હોય છે કોઈપણ પક્ષને લોકમતની વિરૂધ્ધ જવાનું પાલવે નહીં. આમ, લોકમતનું મહત્ત્વ જળવાય રહે છે.

(૨) **જવાબદાર સરકાર ગણાય છે :** સંસદીય કારોબારીમાં સમગ્ર પ્રધાનમંડળ કોઈપણ કાર્ય માટે જવાબદાર ગણાય છે. કારણ કે નીતિનિર્માણ પ્રધાનમંડળ દ્વારા જ થાય છે. રાજયનાં આંતરિક કાર્યો અને બાહ્ય કાર્યો માટે છેવટની જવાબદારી તેમની જ હોય છે. તેથી જયારે ધારાસભા દ્વારા કોઈ પસ્તાવું પડે તો તેનો ખુલાસો કારોબારીએ એટલે કે પ્રધાનમંડળે કરવાનો થાય છે. આ દ્રષ્ટિએ પ્રજાને પણ જવાબદાર છે. આમ, જવાબદારી નક્કી કરી શકાતી હોવાથી કારોબારીએ પોતાનાં કાર્યો ખૂબ જ કાળજીપૂર્વક કરવા પડે છે. જો આમાં કોઈ ચૂક થાય તો રાજીનામું આપવાનો પણ સમય આવી શકે છે.

(૩) **સરકારની નીતિનો ઝડપી અમલ થાય છે :** ધારાસભાના પ્રથમ ગૃહમાં બહુમતી ધરાવતા પક્ષ દ્વારા જ સરકારની રચના થાય છે. સ્વાભાવિક પણે જ બહુમતી હોવાથી સરકાર જે નીતિ ઘડે છે તેનો સરળતાથી સ્વીકાર થાય છે અને એટલો જ ઝડપથી તેનો અમલ પણ થાય છે. વળી, સંસદીય કારોબારીમાં ધારાસભા અને કારોબારી વચ્ચે ગાઢ સંબંધ હોવાથી બંને વચ્ચે મતભેદ પડવાની શકયતા ખૂબ ઓછી રહે છે પરિણામે સરકારની નીતિનો ઝડપી અમલ થાય છે.

(૪) **સરકારીતંત્ર સતત ચાલ્યા કરે છે :** જે પક્ષ સરકારની રચના કરે છે તે સત્તાનાં સૂત્રો સંભાળે છે. સત્તાધારી પક્ષ કરતાં ઓછી બેઠકો મેળવનાર પક્ષ વિરોધપક્ષનું કાર્ય સંભાળે છે. વિરોધપક્ષ નું મુખ્ય કાર્ય સરકારની ખામીઓને ખુલ્લી કરવાનું તેમજ તેની નીતિ, નિર્ણયો, કાયદાઓ, કાર્યો વગેરેની ટીકાઓ કરવાનું હોવાથી સરકાર દરેક પગલું ભરતા પહેલાં કે ખરડો પસાર કરતાં પહેલાં દરેક દ્રષ્ટિકોણથી તેનો વિચાર કરે છે. જેથી કરીને વિરોધપક્ષને ટીકા કરવાની તક ઓછામાં ઓછી મળે. આ રીતે સરકાર પોતાનાં તમામ કાર્યો વિચારપૂર્વક કરે છે,તેમ જ વહીવટ પણ સારી રીતે ચલાવે છે. વધુમાં, સંસદીયતંત્રમાં આજનો વિરોધપક્ષ એ આવતીકાલનો સત્તાધારી પક્ષ ગણાય છે. કારણ કે જો સરકારને નિયત સમય પહેલાં રાજીનામું આપવું પડે તો વિરોધપક્ષને સત્તાના સૂત્રો સોંપવામાં આવે છે. આ રીતે સરકારીતંત્ર અટકયા વગર ચાલુ રહે છે.

(૫) **વિકલ્પ સરકારની જોગવાઈ :** પક્ષ પદ્ધતિને કારણે એક જ પક્ષ કાયમ માટે સત્તા ઉપર રહેતો નથી. સંજોગોવશાત્ જયારે સરકાર ધારાસભાનો વિશ્વાસ ગુમાવે ત્યારે તેણે સત્તા ત્યાગ કરવો પડે છે. આ તબક્કે રાજયના વડા વિરોધપક્ષના નેતાને સરકાર રચવાનું આમંત્રણ આપે છે. આવા સમયે વિરોધપક્ષમાં જે 'છાયા પ્રધાનમંડળ' ની વ્યવસ્થા

કરવામાં આવી હોય છે તે ઉપર્યુક્ત બને છે. આ વ્યવસ્થા પ્રમાણે વિરોધપક્ષના નેતા પોતાના પક્ષના કાબેલ નેતાઓને જુદાં-જુદાં ખાતાઓ પર દેખરેખ રાખવાનું કાર્ય સોંપે છે. આ નેતાઓ અત્યંત સજાગ રહીને પોત પોતાના ખાતા અંગેની બાબતો પર બરાબર ધ્યાન આપે છે, જેથી અચાનક સત્તા પલટો થાય તો વિરોધપક્ષે સરકાર રચવાની થાય છે. આવા સમયે 'છાયા પ્રધાનમંડળ' ના સભ્યો સત્તા સંભાળે છે અને જે-જે ખાતાની કામગીરી પર જે-જે સભ્યએ દેખરેખ રાખી હોય છે. તે-તે સભ્યને સામાન્ય રીતે તે-તે ખાતુ સોંપવામાં આવે છે. આ વ્યવસ્થાને લીધે સત્તાની ફેરબદલી પછી ખૂબ સરળતાથી વહીવટીતંત્ર કામ કરી શકે છે. આ રીતે સંસદીયતંત્રમાં વિરોધપક્ષ વિકલ્પ સરકારનું સ્થાન ધરાવે છે.

(૬) **લોકોમાં રાજકીય જાગૃતિ આવે છે :** સંસદીય કારોબારી દ્વારા લોકોને રાજકીય શિક્ષણ મળે છે. કારણ કે સંસદીયતંત્રમાં રાજકીય પક્ષોની હાજરી અનિવાર્ય છે. દરેક રાજકીય પક્ષનું મુખ્ય ધ્યેય સત્તા પ્રાપ્ત કરવાનું હોવાથી પ્રજાની બહુમતી મેળવવા સતત પ્રયત્નશીલ હોય છે. ચૂંટણી ટાણે દરેક રાજકીય પક્ષ પોતાનો ચૂંટણી ઢંઢેરો તૈયાર કરે છે અને પ્રજા સમક્ષ તે લઈ જાય છે તેનાં માટે વિવિધ માધ્યમોનો ઉપયોગ પણ કરે છે. સભા-સરઘસના આયોજન દ્વારા પોતાની વિચારસરણી અને કાર્ય ઢંઢેરાને લોકો સુધી પહોંચાડે છે. આ રીતે લોકો રાજકીય બાબતોથી માહિતગાર થાય છે. આ ઉપરાંત ધારાસભામાં થતી ચર્ચાઓ પણ વર્તમાનપત્રો અને વિવિધ દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમોમાં સ્થાન પામે છે. વર્તમાન સમયમાં તો તમામ રાજકીય બાબતો સોશ્યલ મીડિયા દ્વારા બહોળી પ્રસિદ્ધ પ્રાપ્ત કરે છે. આ રીતે લોકો રાજકીય ગતિવિધિઓના સંપર્કમાં રહે છે તથા રાજકીય શિક્ષણ મેળવે છે. લોકો દરેક પક્ષની નીતિનો અભ્યાસ કરે છે અને પછી ક્યો પક્ષ યોગ્ય છે તેનો નિર્ણય કરે છે. આ રીતે લોકોમાં રાજકીય જાગૃતિ આવે છે.

(૭) **પરિવર્તનને અવકાશ રહે છે :** સંસદીય તંત્રમાં લોકો સમયની જરૂરિયાત મુજબ ઈચ્છિત શાસકને ચૂંટી શકે છે. એટલું જ નહીં પરંતુ કટોકટીના સંજોગોમાં પણ સરળતાથી વ્યવસ્થા ગોઠવાઈ શકે છે. આમ,અચાનક ઊભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા માટે જરૂરી એવી વ્યવસ્થા ઉપલબ્ધ બને છે. દા.ત. બીજા વિશ્વયુદ્ધ સમયે બ્રિટનમાં તત્કાલિન વડાપ્રધાન ચેમ્બરલેઈનથી લોકોને અસંતોષ હોવાથી તેમની જગ્યાએ વિન્સટંટ ચર્ચિલની નિમણૂંક કરવામાં આવી હતી. અહીં નોંધનીય છે કે પ્રમુખીય કારોબારીમાં આવું પરિવર્તન શકય બનતું નથી, કેમ કે ત્યાં દરેક પ્રકારની વ્યવસ્થા અગાઉથી જ ગોઠવાયેલી હોય છે. અને લોકોએ તેનો સ્વીકાર કરવો પડે છે.

### ૫.૪.૨ સંસદીય કારોબારીના ગેરફાયદા :

સંસદીય કારોબારીના ગેરફાયદા આ પ્રમાણે વર્ણવી શકાય.

(૧) **સત્તા વિશ્રલેષણનો સિદ્ધાંત અસ્તિત્વ ધરાવતો નથી :** સંસદીય કારોબારીમાં ધારાસભા અને કારોબારી પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા હોવાથી સત્તા વિશ્લેષણના સિદ્ધાંતનો હ્રાસ થાય છે. આદર્શ રીતે જોઈએ તો સરકારની ત્રણેય શાખાઓ એકબીજાથી સ્વતંત્ર હોવી જોઈએ. જેથી કરીને સરકારનાં કાર્યો સારી રીતે થઈ શકે. જો કે, સરકારના હેતુઓને સિદ્ધ કરવાનું કાર્ય સરકારની ત્રણેય શાખાઓને શિરે છે, અને આવું ત્યારે જ બને જ્યારે ધારાસભા તથા કારોબારી પરસ્પર સહકારથી કાર્ય કરે. આ રીતે ધારાસભા તથા કારોબારી વચ્ચેનો ગાઢ સંબંધ જરૂરી તેમજ ઉપયોગી પણ પુરવાર થઈ શકે છે.

(૨) **કારોબારી ધારાસભાના દબાણ હેઠળ આવી જાય છે :** સંસદીય કારોબારીમાં ધારાસભા અને કારોબારી ગાઢ રીતે સંકળાયેલા હોવાથી કારોબારી ધારાસભાનો જ એક ભાગ બની

જાય છે. કારણ કે ધારાસભાનો વિશ્વાસ હોય ત્યાં સુધી જ કારોબારી સત્તા પર ટકી શકે છે. આમ, ધારાસભા કારોબારી પ્રત્યે અવિશ્વાસ જાહેર કરવાની ધમકી આપીને તેને પોતાનો આધીન રાખે છે. જો કે, અવિશ્વાસની દરખાસ્ત ભાગ્યે જ પસાર થતી હોય છે. કેમ કે, સરકારને ધારાસભામાં બહુમતીનો ટેકો હોય છે. વળી, પક્ષની શિસ્ત પાલનને કારણે પણ સભ્યો એકજૂથ થઈને વર્તે છે. અને અવિશ્વાસની દરખાસ્તની વિરૂધ્ધમાં મતદાન કરીને સરકારને બચાવી લે છે. આમ, કારોબારી ધારાસભાને આધીન થઈ જાય છે તે દલીલમાં સંપૂર્ણ તથ્ય નથી.

(૩) **સંસદીય કારોબારીમાં પક્ષનું વર્ચસ્વ વધે છે :** બહુમતી બેઠકો ધરાવતા રાજકીય પક્ષ દ્વારા સરકારની રચનાં થતી હોવાથી સરકાર નો બહુ મોટો આધાર પક્ષ પર રહે છે. આવા સંજોગોમાં રાષ્ટ્રના હિત કરતાં પક્ષનું હિત વધુ ચડિયાતું બને છે. યેનકેન પ્રકારે પક્ષના હિતને સાચવવવાનો પ્રયત્ન થાય છે અને સામા પક્ષે રાષ્ટ્રહિતને અવગણવામાં આવે છે. જે રીતે આપણે લોકશાહી માટે કહીએ છીએ કે, ‘લોકશાહી એટલે : લોકોથી, લોકો માટે અને લોકો દ્વારા ચાલતી સરકાર એટલે લોકશાહી’ તે જ રીતે સંસદીય કારોબારી એટલે ‘પક્ષની, પક્ષ માટે અને પક્ષ દ્વારા ચાલતી સરકાર.’ ટૂંકમાં, સંસદીય સરકારમાં રાજકીય પક્ષ કેન્દ્રસ્થાને હોય છે.

અહીં પ્રજાની રાજકીય જાગૃતિ પર બહુ મોટો મદાર હોય છે. જો કોઈપણ રાજકીય પક્ષ રાષ્ટ્રની વફાદારી કરતા પોતાના પક્ષીય હિતને પ્રાથમિકતા આપે તો જાગૃત પ્રજા તે પક્ષને વિના વિલંબે સત્તા સ્થાનેથી દૂર કરી દે છે.

(૪) **રાજયની પ્રજા બે વિભાગમાં વહેંચાઈ જાય છે :** સંસદીય કારોબારીમાં પક્ષ પદ્ધતિ અનિવાર્ય છે. ધારાસભામાં પણ એક સત્તાધારી પક્ષ અને બીજો વિરોધપક્ષ એમ બે ભાગ પડી જાય છે. સત્તાધારી પક્ષ કાર્યો કરવામાં માને છે જ્યારે વિરોધપક્ષ તે કાર્યોમાં રહેલી ખામીઓ અને ત્રુટિઓ શોધીને વિરોધ કરવાનું કાર્ય કરે છે. આ રીતે રાજયની પ્રજાનું બે ભાગમાં વિભાજન થઈ જાય છે. અમુક ભાગ સરકારના પક્ષે હોય છે તો અમુક ભાગ તેનો વિરોધ કરે છે. એક વિચાર એવો પણ છે કે, મોટાભાગે વિરોધપક્ષનો વિરોધ ફકત વિરોધ ખાતર જ હોય છે અને ઘણી વખત તો આ વિરોધ હિંસક સ્વરૂપ પણ ધારણ કરે છે. આવા સમયે લોકશાહીનું હાર્દ જળવાતું નથી અને રાજયની ગરિમાને નુકસાન થાય છે. ક્યારેક એવું પણ બને છે કે, વિરોધપક્ષનાં ગેરવ્યાજબી વિરોધને કારણે અને બિનજરૂરી વિલંબને કારણે યોગ્ય સમયે યોગ્ય કાયદો અસ્તિત્વમાં આવી શકતો નથી. જો કે, હંમેશા આવું બનતું નથી. વિરોધપક્ષ પણ જાણે છે કે ભવિષ્યમાં તેણે પણ સરકારની રચના માટે તૈયાર રહેવાનું છે. તેથી જો તે અયોગ્ય રીતે સરકારનો વિરોધ કરે તો તેની પ્રજા ઉપર વિપરીત અસર થઈ શકે છે.

(૫) **ધારાસભા રબર સ્ટેમ્પ સમાન બની જાય છે :** સંસદીય કારોબારીમાં ધારાસભામાં જે કાયદાઓ પસાર થાય અથવા તો સરકાર તરફથી જે નિર્ણયો લેવાય તેને સરળતાથી ધારાસભાની મંજૂરી મળી જાય છે. સરકારના પક્ષે બહુમતી હોવાથી સરકારના નિર્ણયો તેમજ તેણે રજૂ કરેલા ખરડાઓને ધારાસભાએ ‘રબ્બર સ્ટેમ્પ’ ની માફક મંજૂર કરવા પડે છે. વિરોધ પક્ષ કે અન્ય પક્ષો ગમે તેટલી મહેનત કરે તો પણ બહુમતીના જોરે હંમેશા સરકારનો જ વિજય થાય છે. આ બાબતને ઘણાં વિચારકો ‘વડાપ્રધાનની સરમુખત્યારશાહી’ તરીકે પણ ઓળખાવે છે. પરંતુ ધારાસભામાં જયારે સત્તાધારી પક્ષની પ્રચંડ બહુમતી હોય ત્યારે જ આવું બને છે. ઉપરાંત, મજબૂત વિરોધપક્ષ સરકારને તેનું ધાર્યું ન થાય તેની સતત તકેદારી રાખે છે. એટલું જ નહીં જરૂર જણાયે લોકમતને પણ સરકારની વિરૂદ્ધમાં લાવવાનો પ્રયત્ન કરે છે. સામાપક્ષે સરકાર પણ લોકમત પોતાની વિરૂદ્ધ ન જાય તેવા ભયથી પોતાનું ધાર્યું કરતાં અચકાય છે. આમ, સરકાર

પોતાની સત્તાનો મનફાવે તેમ ઉપયોગ કરી શકે નહીં. વધુમાં કારોબારીના નેતા તરીકે વડાપ્રધાને કેબિનેટને વિશ્વાસમાં લઈને આગળ વધવાનું હોય છે. આમ, વડાપ્રધાને પોતાના સાથીદારોનાં મંતવ્યો પ્રત્યે પણ ધ્યાન આપવું પડે છે.

(૬) **સંસદીય કારોબારીમાં અસ્થિરતા આવી શકે છે :** સંસદીયતંત્રની આદર્શ પરિસ્થિતિ એ છે કે તેમાં બે સબળ રાજકીય પક્ષો પોતપોતાની ભૂમિકામાં યોગ્ય રીતે કાર્ય કરતાં હોય. પરંતુ જ્યારે કોઈ એક ચોક્કસ રાજકીય પક્ષને બહુમતી પ્રાપ્ત ન થાય તો એક કરતાં વધુ પક્ષો ભેગા મળીને અથવા તો ટેકો પૂરો પાડીને જોડાણવાળી સરકાર કે મિશ્ર સરકારની રચના કરે છે. આ સમયે તેઓ એક જ પક્ષની શિસ્ત તથા વિચારસરણીના બંધનથી બંધાયેલા ન હોવાથી વારંવાર મતભેદો સર્જાય છે અને સરકાર ભાંગી પડવાની નોબત આવે છે. જો કે, આ પ્રકારની પરિસ્થિતિ હંમેશા સર્જાતી નથી. ભૂતકાળમાં આપણે ત્યાં ભારતમાં આવી ગઠબંધનની સરકારોએ સફળ રીતે સ્થિર સરકાર આપ્યાનાં દાખલાઓ છે. દા.ત. એન.ડી.એ., યુ.પી.એ. વગેરે

(૭) **સંસદીય કારોબારી બિનકુશળ હોવાની શકયતા છે :** વડાપ્રધાન જ્યારે પ્રધાનમંડળની રચના કરે છે ત્યારે તેમણે ઘણી બાબતોને ધ્યાનમાં રાખવાની હોય છે. પ્રધાન પોતાના ખાતા વિશે જ્ઞાન ધરાવે તે જરૂરી છે પરંતુ તેનો અર્થ એવો નથી કે તે પોતાનાં ખાતા વિશે નિષ્ણાત જ્ઞાન ધરાવતો હોય. માટે તેણે પોતાના ખાતાના વહીવટ માટે નિષ્ણાત સનદી અમલદારો ઉપર આધાર રાખવો પડે છે. આના કારણે ઘણી વખત એવું બને છે કે, પ્રધાનોએ સનદી અમલદારોના દોરવાયા દોરવાવું પડે છે. વિશેષમાં પ્રધાનોએ પોતાના ખાતા ઉપરાંત અનેકવિધ કાર્યો કરવાનાં હોય છે જેમકે; ધારાસભામાં સક્રિય ભૂમિકા ભજવવી, ખરડાઓ રજૂ કરવાં, ધારાસભાની વિવિધ સમિતિઓમાં યોગદાન આપવું, વિવિધ પ્રશ્નોના ઉત્તરો આપવાં, પોતાના મતવિસ્તારનાં પ્રશ્નો ઉકેલવાં, મતવિસ્તારના વિકાસને પ્રાધાન્ય આપવું વગેરે આથી પ્રધાનો પોતાનાં ખાતા પ્રત્યે જોઈએ તેવું ધ્યાન આપી શકતાં નથી અને સનદી અમલદારો પર વધુ મદાર રાખવો પડે છે. વળી, સનદી અમલદારો નિષ્ણાત જ્ઞાન તેમજ વહીવટી કુશળતા ધરાવતાં હોવાથી પ્રધાનો સામાન્ય રીતે તેમની સલાહ અનુસરતાં હોય છે.

અનુભવ જણાવે છે કે, પ્રધાનો પોતાના ખાતાનો વિશાળ દ્રષ્ટિથી અભ્યાસ કરે છે. પોતાનું ખાતુ, નીતિઓ તથા નિર્ણયોનો અમલ યોગ્ય રીતે થાય છે કે કેમ તે જુએ છે. પ્રધાને ખાતાનું રોજબરોજનું કાર્ય કરવાનું હોતું નથી. છતાં પણ દરેક પ્રધાન પોતાના ખાતાની કામગીરીનો દેખાવ શ્રેષ્ઠ થાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. અને તેના માટે અથાગ પ્રયાસ કરે છે. પ્રધાનોની રાજકીય કારકીર્દી તેમની પ્રધાન તરીકેની કામગીરી પર નિર્ભર હોય છે. આમ, પ્રધાનો સતત કાળજી લઈ પોતાનું કાર્ય કરે છે.

અંતે, સંસદીય કારોબારીના ફાયદા અને ગેરફાયદાનો અભ્યાસ કર્યા બાદ આપણે એવું કહી શકીએ કે આ તંત્રના કેટલાક ગેરફાયદાઓ હોવા છતાં ફાયદાઓનું પ્રમાણ વિશેષ છે. તેથી જ સંસદીય કારોબારી લોકપ્રિય બનતી જાય છે અને તેના સ્વીકારનું પ્રમાણ વધ્યું છે.

## ૫.૫ સારાંશ

સંસદીય કારોબારીની સફળતાના કારણે તેનો વ્યાપક પ્રમાણમાં સ્વીકાર થઈ રહ્યો છે. એટલું જ નહીં પરંતુ કેટલાક અભ્યાસીઓ રાજકીય પરિપ્રેક્ષ્યમાં વીસમી સદીને 'સંસદીય સરકારની સદી' તરીકે સંબોધે છે. આ તંત્રમાં ધારાસભા તથા કારોબારી વચ્ચે સુમેળભર્યા સંબંધો હોવાથી સરકાર પોતાનો વહીવટ સરળતાપૂર્વક ચલાવી શકે છે. અનુભવે જણાયું છે કે, સરકાર પોતાના ધ્યેયોને ઝડપથી સિદ્ધ પણ કરી શકે છે.

સંસદીય કારોબારીમાં રાજકીય પક્ષો અનિવાર્ય હોવા છતાં પક્ષોથી પર એવી વ્યક્તિ રાજ્યના વડા તરીકે નિમાય છે. ભારતે પણ રાષ્ટ્રપતિને રાજ્યના વડાનું સ્થાન આપ્યું છે અને તેઓ પક્ષાપક્ષીથી પર હોવાના કારણે તથા તેમની ભૂમિકા તટસ્થ વ્યક્તિ તરીકેની હોવાથી તમામ પક્ષો તેમના પ્રત્યે વિશ્વાસ અને વફાદારીની દ્રષ્ટિએ જુએ છે. બ્રિટનમાં તાજને ધારણ કરનાર એટલે કે રાજા અથવા રાણીનો રાજ્યના વડા તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે.

સંસદીય કારોબારીમાં દ્વિપક્ષ પદ્ધતિ અનિવાર્ય છે. દ્વિપક્ષ પદ્ધતિ એટલે રાજ્યમાં એક કરતા વધારે રાજકિય પક્ષો હોવા છતાં પણ બે સબળ રાજકીય પક્ષોની હાજરી હોવી. બે પક્ષ પૈકી એક પક્ષ સત્તાધારી અને બીજો પક્ષ વિરોધપક્ષનું કાર્ય કરે છે. સત્તાનું લોલક આ બે પક્ષો વચ્ચે જ ફર્યા કરે છે. વિરોધપક્ષ એ વિકલ્પ સરકારની જોગવાઈ પૂરી પાડે છે. દ્વિપક્ષ પદ્ધતિના કારણે સરકારમાં સ્થિરતા આવે છે. અહીં નોંધનીય છે કે આ બંને પક્ષોની ફરજ એ છે કે તેમણે પોત-પોતાના કાર્યો શાંત અને અહિંસક પદ્ધિતિથી કરવાનાં છે. બંને પક્ષોએ રાજકીય રમતના નિયમોને સમજીને તથા તેમની મર્યાદામાં રહીને વર્તવાનું રહે છે. પરંતુ આપણે ત્યાં છેલ્લા કેટલાક સમયથી ધારાસભાઓમાં ક્યારેક-ક્યારેક મારા મારી તથા હિંસાના વરવાં દ્રશ્યો જોવા મળે છે. જે ઘણી ચિંતાજનક બાબત ગણાવી શકાય. આવી ઘટનાઓ લોકશાહીનું સંવર્ધન કરવાના બદલે લોકશાહીના પતનના માર્ગે લઈ જાય છે.

## ૫.૬ ચાવીરૂપ શબ્દો

| | | |
|---|---|---|
| પાર્લામેન્ટ -**Parliament** | : | કેટલાક દેશોમાં ધારાસભાને પાર્લામેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. જેમકે; ભારત. ભારતમાં તેને સંસદ પણ કહે છે. ભારતમાં તેનો ઉપયોગ ઘણીવાર લોકસભાના પર્યાય તરીકે પણ કરવામાં આવે છે. |
| કેબિનેટ- **Cabinet** | : | પ્રધાનમંડળ/મંત્રીમંડળ |
| છાયા પ્રધાનમંડળ **Shadow Cabnet** | : | સત્તાધારી પક્ષમાં એટલે કે સરકારમાં ન હોય તેવું પ્રધાનમંડળ. આ પ્રકારનું પ્રધાનમંડળ સામાન્ય રીતે વિરોધપક્ષમાં અસ્તિત્વ ધરાવે છે. |
| સત્તા વિશ્લેષણનો સિદ્ધાંત | : | આ એક રાજકીય સિદ્ધાંત છે. આ **Principle of Seperation of Power** સિદ્ધાંત મુજબ સરકારની ત્રણ શાખાઓ ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર સંપૂર્ણ સ્વતંત્ર હોવા જોઈએ. અને એકબીજાના કાર્યક્ષેત્રમાં કોઈએ દરમિયાનગીરી કરવી જોઈએ નહીં. |

## ૫.૭ કેટલાક ઉપયોગી પુસ્તકો


(૧) પંડયા હસમુખ: લોકશાહી રાજ્ય વ્યવસ્થા : તત્ત્વ અને વ્યવહાર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય - ૧૯૯૧

(૨) પંડયા હસમુખ: રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-૨, અનડા પ્રકશન, અમદાવાદ, દસમી આવૃત્તિ - ૨૦૦૪

(૩) Garner J. W.: "Political Science and Modern Government" – 1952

(૪) Finer Herman: "Theory and Practice of Modern Government" – 1954

## ૫.૮ સ્વાધ્યાય

**નીચેના પ્રશ્નોના જવાબ તપાસો.**

૧. સંસદીય કારોબારીનો અર્થ સમજાવો.

---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------

૨. સંસદીય કારોબારીના લક્ષણોની ચર્ચા કરો.

---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------

૩. સંસદીય કારોબારીના ફાયદા જણાવો.

---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------

૪. સંસદીય કારોબારીના ગેરફાયદા જણાવો.

---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------
---------------------------------------------------------------------

**★ ખરાખોટા જણાવો :**

૧. સંસદીય સરકારમાં ધારાસભા અને કારોબારી પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા નથી.

૨. સંસદીય સરકારમાં પ્રધાનમંડળનું સર્જન ધારાસભામાંથી થાય છે.

૩. સંસદીય સરકારમાં કારોબારી ધારાસભાનું વિસર્જન કરી શકે છે.

૪. સંસદીય સરકારમાં પ્રધાનમંડળ જવાબદાર સરકાર ગણાય છે.

## ૫.૯ જવાબો

★ **ખરા-ખોટાનાં જવાબો.**

૧. ખોટું

૨. ખરું

૩. ખરું

૪. ખરું

એકમ ૬

# પ્રમુખીય કારોબારી

## રૂપરેખા


૬.૦ ઉદ્દેશો

૬.૧ પ્રસ્તાવના

૬.૨ પ્રમુખીય કારોબારી : અર્થ

૬.૩ પ્રમુખીય કારોબારીના લક્ષણો

૬.૪ પ્રમુખીય કારોબારીના ફાયદા-ગેરફાયદા

 ૬.૪.૧ પ્રમુખીય કારોબારીના ફાયદા

 ૬.૪.૨ પ્રમુખીય કારોબારીના ગેરફાયદા

૬.૫ સારાંશ

૬.૬ ચાવીરૂપ શબ્દો

૬.૭ કેટલાક ઉપયોગી પુસ્તકો

૬.૮ સ્વાધ્યાય

૬.૯ જવાબો


## ૬.૦ ઉદ્દેશો

આ પ્રકરણનો અભ્યાસ કરવાથી તમે -

- પ્રમુખીય કારોબારીનો અર્થ સમજી શકશો.
- પ્રમુખીય કારોબારીની લાક્ષણિકતાઓ અને વિશેષતાઓનો ખ્યાલ મેળવી શકશો.
- પ્રમુખીય કારોબારીના ફાયદા અને ગેરફાયદા સમજી શકશો.

## ૬.૧ પ્રસ્તાવના

લોકશાહી સરકારોમાં સંસદીય અને પ્રમુખીય એમ બે મુખ્ય પ્રકારોનું વર્ગીકરણ ફ્રેંચ ચિંતક મોન્તેસ્કયૂએ રજૂ કરેલા સત્તા વિશ્લેષણના સિદ્ધાંતના આધારે કરવામાં આવ્યું છે. ફ્રાંસનો રાજકીય અનુભવ, ઈંગ્લેન્ડની મુસાફરી તથા જહોન લોકના લખાણોના પ્રભાવ નીચે તેમણે એવો વિચાર રજૂ કર્યો કે, વ્યક્તિ સ્વાતંત્ર્ય જાળવવા માટે સરકારની ત્રણેય શાખાઓને ચોક્કસ કાર્યો સોંપવા જોઈએ અને કોઈપણ બે શાખાઓના કાર્યો એક, અમુક અથવા તો ઘણી વ્યક્તિઓના હાથમાં એકત્ર થવા જોઈએ નહીં. કારણ કે જો આમ થશે તો સત્તાનું કેન્દ્રીકરણ થશે જેના લીધે વ્યક્તિ સ્વાતંત્ર્ય ભયમાં મૂકાશે."

અમેરિકન બંધારણના ઘડવૈયાઓ પર મોન્તેસ્કે રજૂ કરેલ સત્તા વિશ્લેષણના

સિદ્ધાંતનો સારા પ્રમાણમાં પ્રભાવ પડયો હોવાથી તેમણે સત્તા વિશ્લેષણ સિદ્ધાંતને ચુસ્ત રીતે અમલમાં મૂક્યો. જેવી રીતે બ્રિટન સંસદીય લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે તેવી રીતે અમેરિકા પ્રમુખીય લોકશાહીનો આદર્શ નમૂનો પૂરો પાડે છે. આ કારણથી અમેરિકન બંધારણને સત્તા વિશ્લેષણ પરના મહાનિબંધ તરીકે ઓળખાવવામાં આવે છે.

## ૬.૨ પ્રમુખીય કારોબારી : અર્થ

જયાં ધારાસભા અને કારોબારી એકબીજાથી સ્વતંત્ર હોય અને કારોબારી ધારાસભાને જવાબદાર ન હોય ત્યાં પ્રમુખીય કારોબારી અસ્તિત્વ ધરાવે છે તેમ કહી શકાય. દા.ત. અમેરિકા.

લોકશાહી તંત્રની કોઈપણ સરકાર હોય ચાહે સંસદીય કે પ્રમુખીય, દરેકમાં સરકારની ત્રણ શાખાઓ : ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર પૈકી ન્યાયતંત્ર તદ્દન અલગ અને સ્વતંત્ર અસ્તિત્ત્વ ધરાવે છે ધારાસભા અને કારોબારીના કાર્યક્ષેત્ર અને બંને વચ્ચેના સંબંધો પરથી સંસદીય કે પ્રમુખીય પ્રકાર નક્કી થાય છે. સંસદીય અને પ્રમુખીય તંત્રમાં પાયાનો તફાવત એ છે કે સંસદીય તંત્રમાં ધારાસભા અને કારોબારી વચ્ચે સુમેળ ભર્યા સંબંધો હોય છે. અને તે એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા હોય છે. જયારે પ્રમુખીય તંત્રમાં સત્તા વિશ્લેષણનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો હોવાથી સરકારની બે શાખાઓ ધારાસભા અને કારોબારી એકબીજા સાથે સંકળાયેલ હોતા નથી. અમેરિકા પ્રમુખીય કારોબારીનો ઉત્તમ નમૂનો પૂરો પાડે છે તેથી આપણે પ્રમુખીય કારોબારીનો અભ્યાસ અમેરિકાને નજર સમક્ષ રાખીને કરીએ છીએ.

## ૬.૩ પ્રમુખીય કારોબારીના લક્ષણો

પ્રમુખીય કારોબારીના મુખ્ય લક્ષણો આ પ્રમાણે દર્શાવી શકાય :

(૧) **સત્તા વિશ્લેષણનો સિદ્ધાંત જોવા મળે છે :** પ્રમુખીય કારોબારીમાં ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર એકબીજાથી સ્વતંત્ર હોય છે. કોઈપણ શાખા એકબીજા સાથે સંકળાયેલી હોતી નથી. ત્રણેય શાખાઓ જુદી-જુદી વ્યક્તિ સમૂહમાં વહેંચાયેલી હોય છે. દરેક શાખા પોતાના કાર્યક્ષેત્રની મર્યાદામાં રહીને કાર્ય કરે છે. એટલું જ નહીં કોઈપણ શાખા એકબીજાના કાર્યોમાં દરમિયાનગીરી પણ કરી શકે નહીં.

(૨) **કારોબારીનું સર્જન ધારાસભામાંથી થતું નથી :** કારોબારી એટલે કે પ્રધાનમંડળની રચના ધારાસભાના સભ્યોમાંથી થતી નથી. આ ઉપરાંત પ્રધાનમંડળ ધારાસભાને જવાબદાર પણ નથી. પ્રધાનમંડળ પ્રમુખને જવાબદાર હોય છે તેથી તેણે સત્તા પર ટકી રહેવા માટે ધારાસભા ઉપર આધાર રાખવો પડતો નથી. પ્રમુખીય કારોબારીમાં અવિશ્વાસની દરખાસ્તની જોગવાઈ પણ નથી. આમ, ધારાસભા કારોબારી પ્રત્યે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી શકે નહીં.

(૩) **કારોબારી ધારાસભાનું વિસર્જન કરી શકે નહીં :** કારોબારીની રચના ધારાસભામાંથી થતી ન હોવાથી તે ધારાસભાને જવાબદાર કે ધારાસભાને આધીન પણ નથી. કારોબારી સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. કારોબારી દ્વારા ધારાસભાનું વિસર્જન ન થઈ શકવાને કારણે ધારાસભા પોતાના નિર્ધારીત સમયકાળ સુધી ટકી રહે છે. આ રીતે ધારાસભા સ્થિર રહી પોતાનું કાર્ય કરે છે.

(૪) **પ્રધાનમંડળના સભ્યો ધારાસભ્યો હોતા નથી :** પ્રમુખીય કારોબારીમાં પ્રધાનમંડળના સભ્યો ધારાસભ્યો ન હોવા જોઈએ તેવું સ્વીકારાયું હોવાથી પ્રમુખને

પોતાને યોગ્ય લાગે તેવી કાબેલ અને વિષય નિષ્ણાત વ્યક્તિને જે-તે ખાતાના પ્રધાન તરીકે પસંદ કરી શકે છે. પ્રધાનમંડળના સભ્યોની નિમણૂંક કરવા માટે પ્રમુખ સંપૂર્ણ સ્વતંત્ર છે. પ્રમુખ જો કોઈ ધારાસભ્ય હોય તેવી વ્યક્તિને પ્રધાન બનાવે તો તેણે ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દેવું પડે છે. આમ, કારોબારી એટલે કે પ્રધાનમંડળના સભ્યો ધારાસભામાં બેસતા નથી, ધારાસભાની ચર્ચામાં ભાગ લેતા નથી, કે ખરડાઓ પણ રજૂ કરતાં નથી. પ્રધાનમંડળ પ્રમુખને જ જવાબદાર હોવાથી પ્રમુખ જ તેમને હોદ્દા પરથી દૂર કરી શકે છે. આ રીતે, પ્રમુખની મરજી હોય ત્યાં સુધી જ તેઓ પ્રધાન તરીકે રહી શકે છે.

**(૫) પ્રમુખ વાસ્તવિક કારોબારી છે :** પ્રમુખ રાજ્યના તેમજ સરકારના વડા ગણાય છે તેથી તેમને સોંપવામાં આવેલી તમામ સત્તાઓનો ઉપયોગ તેઓ વાસ્તવિક રીતે કરે છે. સંસદીય કારોબારીમાં જેમ નામની સત્તા અને વાસ્તવિક સત્તા અસ્તિવત્વ ધરાવે છે તેમ પ્રમુખીય કારોબારીમાં બનતું નથી. પ્રમુખીય કારોબારીમાં પ્રમુખ જ વાસ્તવિક કારોબારી ગણાય છે. ત્યાં નામની કારોબારી અસ્તિત્વ જ ધરાવતી નથી. આમ, પ્રમુખ મુખ્ય કારોબારી પણ ગણાય છે.

## ૬.૪ પ્રમુખીય કારોબારીના ફાયદા - ગેરફાયદા

પ્રમુખીય કારોબારીનો વિગતે અભ્યાસ કરવા માટે તેના ફાયદા અને ગેરફાયદા અંગેની સમજ મેળવવી જરૂરી છે.

### ૬.૪.૧ પ્રમુખીય કારોબારીના ફાયદા :

પ્રમુખીય કારોબારીના ફાયદાઓ આ પ્રમાણે વર્ણવી શકાય.

**(૧) કારોબારીને વિષય નિષ્ણાત વ્યક્તિઓ મળી રહે છે :** પ્રધાનમંડળની રચના પ્રમુખ પોતે કરે છે અને તે માટે તેમને સંપૂર્ણ સ્વતંત્રતા છે. પ્રધાનમંડળની પસંદગી કરવા માટે પ્રમુખને વિશાળ સત્તા હોવાથી તેઓ જુદા-જુદા ક્ષેત્રોની વિષય નિષ્ણાત વ્યક્તિઓની પ્રધાન તરીકે નિમણૂંક કરી શકે છે. સંસદીય કારોબારીની માફક ધારાસભ્યોમાંથી જ પ્રધાનમંડળની પસંદગી કરવાની ન હોવાથી પ્રધાનોની પસંદગી માટે વિશાળ ક્ષેત્ર મળી રહે છે. પ્રમુખને કોઈપણ પક્ષમાંથી પ્રધાનની પસંદગી કરવાની છૂટ છે. જો પ્રમુખને એવું જણાય કે, વિરોધપક્ષમાં કાબેલ અને નિષ્ણાત વ્યક્તિ છે તો તેઓ તેમની પસંદગી પણ પ્રધાન તરીકે કરી શકે છે. આમ, વહીવટીતંત્રને પણ નિષ્ણાત સેવાઓ મળી રહે છે.

**(૨) વહીવટીતંત્ર સ્વતંત્ર રીતે કાર્ય કરે છે :** પ્રમુખીય કારોબારીમાં પ્રધાનમંડળની રચના ધારાસભામાંથી થતી ન હોવાથી પ્રધાનમંડળ સ્વતંત્ર રીતે પોતાની કામગીરી કરી શકે છે. વળી, તેમણે ધારાસભામાં હાજરી આપવાની ન હોવાથી, ધારાસભાની ચર્ચામાં ભાગ ન લેવાનો હોવાથી કે ધારાસભાને જવાબદાર ન હોવાથી પોતાનાં ખાતાને પૂરતો સમય આપી શકે છે. આમ, કારોબારીને પૂરતી સ્વતંત્રતા હોવાથી વહીવટીતંત્ર સારી રીતે કાર્ય કરે છે.

**(૩) પ્રમુખને સ્થિરતા મળી રહે છે :** પ્રમુખીય કારોબારીમાં એક વખત પ્રમુખ તરીકે ચૂંટાયા પછી તેના નિયત સમયકાળ સુધી તેઓ સત્તા સ્થાને રહે છે. આના કારણે પ્રમુખ ઈચ્છિત કાર્યોને સારી રીતે પાર પાડી શકે છે. વળી, એક નિયત સમય પૂર્ણ કર્યા બાદ પ્રમુખ પુનઃ ચૂંટણીમાં ઉમેદવારી કરી શકે છે અને તેમના કાર્યોથી પ્રજાને સંતોષ હોય તો પ્રજા તેમને પુનઃ ચૂંટી કાઢે છે. આ રીતે પ્રમુખ પોતાના સારા કાર્ય દેખાવ દ્વારા લાંબા સમય સુધી સત્તા પર ટકી શકે છે. પ્રમુખીય કારોબારીમાં પ્રમુખને આ રીતે ઘણી

સ્થિરતા મળી રહે છે.

(૪) **પ્રમુખના વ્યક્તિત્વનો લાભ મળી રહે છે :** પ્રમુખીય કારોબારીમાં પ્રમુખને વિશાળ સત્તાઓ પ્રાપ્ત છે. ઉપરાંત, સ્વતંત્રતા પણ સારા પ્રમાણમાં છે તેથી રાષ્ટ્રભાવનાથી સભર, વિશાળ અનુભવ, ઊંડાણપૂર્વકનું જ્ઞાન તથા મુત્સદ્દી નેતાગીરીના ગુણો ધરાવતાં પ્રમુખ હોય તો તેનો સારો એવો ફાયદો રાષ્ટ્રને મળી શકે છે.

(૫) **પ્રમુખ સર્વોચ્ચ અને સર્વસત્તાધારી સ્થાન ધરાવે છે :** પ્રમુખીય કારોબારીમાં પ્રમુખ રાજ્યના વડા તથા સરકારના વડા તરીકે કાર્ય કરે છે. વળી, પ્રમુખની ચૂંટણીમાં પ્રજા પ્રત્યક્ષ રીતે ભાગ લેતી હોવાથી આ અર્થમાં તેઓ પ્રજાના નેતા પણ ગણાય છે. સંસદીય કારોબારીમાં વડાપ્રધાન પક્ષના નેતા હોય છે પરંતુ પ્રમુખીય કારોબારીમાં પ્રમુખ માત્ર પક્ષના જ નેતા નથી પરંતુ સમગ્ર રાજ્યના નેતા છે. તે મુખ્ય કારોબારી ગણાય છે. પ્રમુખનું સ્થાન અત્યંત ગૌરવશાળી અને પ્રતિષ્ઠિત છે. એટલું જ નહીં તેમની ગણના રાષ્ટ્રની એકતાના પ્રતિક તરીકે થાય છે.

### ૬.૪.૨ પ્રમુખીય કારોબારીના ગેરફાયદા :

પ્રમુખીય કારોબારીના ગેરફાયદા આ પ્રમાણે વર્ણવી શકાય.

(૧) **કાયદાઓ પસાર કરવામાં વિલંબ થાય છે :** પ્રમુખીય કારોબારીમાં સરકારની ત્રણેય શાખાઓ એકબીજાથી સ્વતંત્ર હોવાથી પ્રધાનમંડળના સભ્યો ધારાસભામાં બેસતાં નથી. કાયદો પસાર કરવાની જરૂર જણાય ત્યારે કારોબારીએ ધારાસભ્યો પર આધાર રાખવો પડે છે. કારણ કે કારોબારી ખરડાઓ રજૂ કરી શકતી નથી. જરૂરી કાયદાના ખરડાને રજૂ કરવા માટે પ્રમુખ દ્વારા કોંગ્રેસને સંદેશાઓ આપવામાં આવે છે અથવા તો પોતાના પક્ષના ધારાસભ્યોને ખરડો રજૂ કરવા માટેની સૂચના આપવામાં આવે છે. આ બધી જ પ્રક્રિયા સમય માંગી લેતી હોવા ઉપરાંત અન્ય શાખા પર આધારિત હોવાથી યોગ્ય સમયે કાયદાઓ પસાર થઈ શકતાં નથી. આમ, કાયદાઓ પસાર કરવામાં વિલંબ થાય છે.

(૨) **ઝડપથી નિર્ણયો લઈ શકાતા નથી :** પ્રમુખીય કારોબારીમાં ધારાસભા અને કારોબારીનાં કાર્યક્ષેત્ર નિશ્ચિત હોવાથી અને બંધારણીય જોગવાઈ મુજબ એકબીજાનાં કાર્યક્ષેત્રોમાં હસ્તક્ષેપ ન કરતા હોવાથી આ બંને શાખાઓ વચ્ચે જોઈએ તેવો સુમેળ જોવા મળતો નથી. ઉપરાંત આ બંને શાખાઓ વચ્ચે જરૂરી સંપ અને સહકાર ન હોવાથી જે બાબતો ઉપર તુરંત નિર્ણયો લેવા જરૂરી હોય છે તે ઝડપભેર લઈ શકાતા નથી. ઘણીવખત એવું પણ બને છે કે, પ્રમુખ જે પક્ષના નેતા હોય તેનાં કરતાં ધારાસભાના બંને ગૃહમાં જુદો જ રાજકીય પક્ષ બહુમતી ધરાવતો હોય છે. આ પરિસ્થિતિમાં મતભેદોનું પ્રમાણ વિશેષ રહે તે સ્વાભાવિક છે. આમ, જરૂરી નિર્ણયો ઝડપથી લઈ શકાતાં નથી.

(૩) **વ્યવહાર કુશળતા જોવા મળતી નથી :** પ્રમુખીય કારોબારીની રચના સત્તાવિશ્લેષણના સિદ્ધાંતના આધારે થઈ હોવાથી બંધારણીય જોગવાઈ મુજબ જ સરકારની ત્રણેય શાખાઓ એજબીજાથી સ્વતંત્ર છે અને તેમનાં કાર્યક્ષેત્રો પણ નિશ્ચિત છે. પરંતુ જ્યારે કોઈ સમસ્યા ઉત્પન્ન થાય ત્યારે અદાલતનો આશરો લેવો પડે છે. આવા સંજોગોમાં અદાલત બંધારણીય જોગવાઈઓ મુજબ વર્તે છે. જે સમયની માંગ સાથે સુસંગત ન હોવા ઉપરાંત વ્યવહાર કુશળ પણ હોતું નથી. તેથી બંધારણમાં ફેરફાર કે સુધારા કરવાની સ્થિતિ ઉભી થાય છે. અહીં નોંધનીય છે કે અમેરિકન બંધારણમાં સુધારા કરવા ઘણાં દુષ્કર છે કારણ કે અમેરિકન બંધારણીય પ્રકૃતિ સુપરિવર્તનશીલ નથી.

(૪) **પ્રમુખ બેજવાબદાર અને એકહથ્થુ શાસનકર્તા બની શકે છે :** પ્રમુખીય

કારોબારીમાં ધારાસભા કારોબારીને સત્તા ઉપરથી દૂર કરી શકતી ન હોવાથી કારોબારી તથા પ્રમુખ કોંગ્રેસને જવાબદાર નથી. તેથી આપણે આગળ જોયું તેમ પ્રમુખ પોતાનું ધાર્યું કરી શકે છે એટલું જ નહીં પરંતુ એકપક્ષીય નિર્ણય લઈ શકે છે. જે નુકસાનકર્તા બની શકે છે. કેટલાક રાજકીય ચિંતકો આ બાબતને અત્યંત ભયજનક ગણે છે. કારણ કે, આ પ્રકારની વ્યવસ્થાથી પ્રમુખ સરમુખત્યાર બની શકે તેવી સંભાવનાઓ નિહિત છે. પ્રમુખ પોતે પ્રધાનમંડળની રચના કરે છે પરંતુ તેમને વિશ્વાસમાં લીધા વગર કે તેમની સલાહ લીધા વગર પોતાની ઈચ્છા મુજબ નિર્ણયો લેવા માટે સ્વતંત્ર હોવાથી પણ પ્રમુખ પોતાની મનમાની કરી શકે છે.

**(૫) વિદેશી બાબતો માટે સેનેટ પર આધાર રાખવો પડે છે :** પ્રમુખીય કારોબારીમાં પ્રમુખને વિશાળ સત્તાઓ પ્રાપ્ત છે. તેઓ અન્ય રાજ્યો સાથે વિવિધ પ્રકારનાં કરારો કરી શકે છે. ત્યાં સુધી કે યુદ્ધને જાહેર કરવાની સત્તા પણ તેમને છે. પરંતુ બંધારણીય જોગવાઈ મુજબ સેનેટના બહુમતી સભ્યોની મંજૂરી આવશ્યક છે. મંજૂરી મળે તો જ તેનો અમલ થઈ શકે છે. સેનેટ સભ્યોની બહુમતી મેળવવી પ્રમુખ માટે ઘણી કપરી બાબત છે. કારણ કે, પ્રમુખ જે પક્ષના હોય તે પક્ષના સેનેટ સભ્યોની બહુમતી ન હોય તેવું પણ બની શકે. ઉપરાંત જો પોતાના પક્ષની બહુમતી હોય તો પણ સંસદીય સરકાર જેટલી જંગી બહુમતી હોતી નથી. ભૂતકાળમાં અમેરિકામાં આવું અનેકવાર બન્યું છે કે, પ્રમુખે વિદેશી બાબતો અંગેના નિર્ણયો લીધા હોય પરંતુ તેને સેનેટની મંજૂરી ન મળી શકવાને કારણે તેનો અમલ થઈ શક્યો ન હોય. આમ, વિદેશી બાબતોમાં પ્રમુખને વિશાળ સત્તાઓ હોવા છતાં સેનેટ પર આધાર રાખવો પડે છે.

આમ, પ્રમુખીય કારોબારીના ફાયદા અને ગેરફાયદાઓના અભ્યાસને આધારે એવું કહી શકાય કે, પ્રમુખીય કારોબારીના ગેરફાયદા વિશેષ છે.

## ૬.૫ સારાંશ

પ્રમુખીય કારોબારીમાં બંધારણીય જોગવાઈ મુજબ રાજ્યના વડા તથા સરકારના વડા પ્રમુખ પોતે જ હોય છે. એક જ વ્યક્તિમાં આ સત્તાઓ નિહિત છે. તેથી અહીં માત્ર વાસ્તવિક કારોબારી જ અસ્તિત્વ ધરાવે છે. નામની કારોબારીનું અસ્તિત્વ જ હોતું નથી. પ્રમુખ પ્રધાનમંડળના સભ્યોની પસંદગી કરે છે. પરંતુ તેઓ ધારાસભ્યો હોતા નથી. જો કોઈ ધારાસભ્યને પ્રધાન બનાવવામાં આવે તો તેણે ધારાસભ્યપદેથી રાજીનામું આપવું પડે છે. વધુમાં, પ્રધાનમંડળના તમામ સભ્યો એક જ રાજકીય પક્ષના સભ્યો હોતા નથી. ત્યાં સુધી કે, કેટલાક પ્રધાનો તો પ્રમુખ જે પક્ષના હોય તે પક્ષના પણ હોતા નથી. છતાં પણ પ્રમુખ તેમની વિદ્વતા અને કાબેલિયતને ધ્યાને લઈ તેમને પ્રધાન તરીકે નીમે છે. પ્રમુખીય કારોબારીમાં સંસદીય કારોબારીની જેમ સંયુક્ત જવાબદારીનો સિદ્ધાંત સ્વીકારાયો નથી. સમગ્ર પ્રધાનમંડળના સભ્યો ધારાસભાને નહીં પરંતુ માત્ર પ્રમુખને જવાબદાર હોય છે.

પ્રમુખીય કારોબારીમાં ધારાસભા અને કારોબારી એકબીજાથી સ્વતંત્ર હોય છે. ધારાસભા કારોબારીને સત્તા ઉપરથી દૂર કરી શકતી નથી તેમજ કારોબારી ધારાસભાનું વિસર્જન કરી શકતી નથી. પ્રધાનમંડળના સભ્યો ધારાસભામાં હાજરી આપતાં નથી, ખરડાઓ રજૂ કરતાં નથી, ચર્ચામાં ભાગ લેતા નથી કે મતદાન પણ કરતા નથી. આમ, પ્રમુખીય કારોબારીની રચના સત્તાવિશ્લેષણના સિદ્ધાંતના આધારે થઈ હોવાથી ધારાસભા અને કારોબારી ગાઢ રીતે સંકળાયેલા હોતા નથી.

આમ, સત્તાનું કેન્દ્રીકરણ ન થાય અને સત્તાઓનું યોગ્ય વિભાજન થાય તેમજ દરેક શાખા સ્વતંત્ર રીતે પોતાનું કાર્ય કરી શકે તેવો સત્તાવિશ્લેષણનો જે પાયાનો ખ્યાલ

છે તે મુજબ અમેરિકાની લોકશાહી પદ્ધતિ રચાઈ છે. જેને આપણે પ્રમુખીય પદ્ધતિ તરીકે ઓળખાવીએ છીએ. આમ જોઈએ તો, પ્રમુખીય કારોબારીમાં લોકશાહીના ખ્યાલો સૈદ્ધાંતિક રીતે બંધ બેસતા જણાય છે. કારણ કે, લોકશાહી સત્તાના વિભાજન કે વિકેન્દ્રીકરણને પ્રોત્સાહન આપે છે. પરંતુ અહીં વ્યવહારમાં પ્રમુખીય કારોબારી કરતાં સંસદીય કારોબારી લોકશાહી વ્યવસ્થાનું વધુ સમર્થન કરતી જણાય છે. કારણ કે સંસદીય કારોબારીમાં એક વ્યક્તિમાં તમામ સત્તાઓ કેન્દ્રીત થતી નથી.

## ૬.૬ ચાવીરૂપ શબ્દો

**સેનેટ- Senate** : અમેરિકાની સંઘીય દ્વિગૃહી ધારાસભાના ઉપલા ગૃહને 'સેનેટ' કહે છે.

**વાસ્તવિક કારોબારી- Real Executive** : સરકારની નીતિ ઘડતર અને વહીવટીતંત્રના વડા.

## ૬.૭ કેટલાક ઉપયોગી પુસ્તકો

(૧) પંડયા હસમુખ : લોકશાહી રાજય વ્યવસ્થા : તત્ત્વ અને વ્યવહાર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણબોર્ડ - ગુજરાત રાજય - ૧૯૯૧

(૨) પંડયા હસમુખ : રાજયશાસ્ત્ર પરિચય ભાગ-૨, અનડા પ્રકાશન - અમદાવાદ, દસમી આવૃત્તિ - ૨૦૦૪

(૩) Garner J. W.: Political Science and Modern Government – 1952

(૪)Finer Herman: Theory and Practice of Modern Government – 1954

## ૬.૮ તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલ પ્રશ્નનો વિગતવાર જવાબ તૈયાર કરો.**

૧. પ્રમુખીય કારોબારીનો અર્થ આપી તેનાં લક્ષણો સવિસ્તાર સમજાવો.

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

૨. પ્રમુખીય કારોબારીનાં ફાયદા-ગેરફાયદાઓનું વર્ણન કરો.

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------

**(ખ) નીચે આપેલા ખરા-ખોટાં જણાવો.**

૧. અમેરિકામાં પ્રમુખીય કારોબારી અમલમાં છે.

૨. પ્રમુખીય કારોબારીમાં પ્રમુખ વાસ્તવિક કારોબારી છે.

૩. મોન્તેસ્કે સત્તા વિશ્લેષણનો સિદ્ધાંત રજૂ કર્યો હતો.

૪. પ્રમુખીય સરકારમાં કારોબારી ધારાસભાનું વિસર્જન કરી શકે નહી.

૫. પ્રમુખીય સરકારમાં કારોબારીનું સર્જન ધારાસભામાંથી થાય છે.

## ૬.૯ જવાબો

૧. સાચું

૨. સાચું

૩. સાચું

૪. સાચું

૫. ખોટું

એકમ ૭

# ન્યાયતંત્ર

## રૂપરેખા


**૭.૦ ઉદ્દેશો**

**૭.૧ પ્રસ્તાવના**

**૭.૨ ન્યાયતંત્ર**

**૭.૨.૧ ન્યાયતંત્રનો અર્થ**

**૭.૨.૨ ન્યાયતંત્રનું મહત્ત્વ**

**૭.૨.૩ ન્યાયતંત્રના કાર્યો**

**૭.૩ અદાલતી સમીક્ષા**

**૭.૪ ન્યાયતંત્રની સક્રિયતા (જાહેર હિતની અરજીના સંદર્ભે)**

**૭.૫ સારાંશ**

**૭.૬ સંદર્ભ ગ્રંથો**

**૭.૭ તમારી પ્રગતિ ચકાસો**


## ૭.૦ ઉદ્દેશો

આ એકમમાં સરકારી તંત્રના એક ભાગ એવા ન્યાયતંત્રની ચર્ચા કરવામાં આવી છે. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતો વિશે માહિતગાર થશો.

- ન્યાયતંત્રનો અર્થ, તેનું મહત્ત્વ અને કાર્યો.
- અદાલતની સમીક્ષા.
- ન્યાયતંત્રની સક્રિયતા (જાહેર હિતની અરજીના સંદર્ભે)

## ૭.૧ પ્રસ્તાવના

મનુષ્યના ગુણવત્તા સભર તથા સુખી જીવન માટે સ્વતંત્રતા અને મિલકત જેટલું જ મહત્ત્વ ન્યાયનું છે, તેથી મનુષ્ય સમાજમાં ન્યાય, એ શાંતિ માટે અગત્યની બાબત છે. જો સાચી રીતે અને સમાન રીતે ન્યાયનું વિતરણ ન થાય તો મનુષ્ય હિંસાનો આશરો લે છે. તેથી સમાજમાં અવ્યવસ્થા અને અસલામતી ફેલાય છે. શરીર, મિલકત અને હક્કોની સલામતી માટે સરકારનો પ્રકાર કોઈ પણ હોય છતાં ન્યાયતંત્રનું મહત્ત્વ ધારાસભા અને કારોબારીથી સહેજ પણ ઓછું નથી.

પ્રાચીન ગ્રીક ચિંતકો અને ભારતીય ચિંતકોએ પણ ન્યાય અને દંડશાસ્ત્ર પર ચિંતન કર્યું છે, જે બતાવે છે કે મનુષ્યના જીવનમાં પ્રાચીનકાળથી ન્યાયની જરૂરિયાત હતી. પ્રાચીનકાળમાં જ્યારે સત્તા વિશ્લેષ ન હતો ત્યારે રાજા સાર્વભોમ સત્તાના માધ્યમથી

કાયદા ઘડવાનું, કારોબારીના વડા તરીકેનું અને સર્વોચ્ચ ન્યાયાધીશ તરીકેનું, એમ ત્રણેય કાર્યો કરતો. રાજા જ કાયદાનું ઉદ્દગમસ્થાન ગણાતા. જ્યારે સંસ્થીકૃત ધર્મોનું આગમન થયું ત્યારે ધર્મએ રાજાની સત્તાને સમર્થન આપ્યું, જેનાથી રાજાની સત્તામાં પુષ્કળ વધારો થયો અને તેની પ્રતિક્રિયા રૂપે પ્રજાના હક્કોમાં પુષ્કળ ઘટાડો થયો. રાજા જ્યારે સ્વયં પ્રજા પર જુલ્મ કરતો ત્યારે પ્રજાની સ્થિતિ દયાજનક બનતી કારણકે ન્યાય આપનાર જ જુલ્મ કરે ત્યારે પ્રજા ન્યાય માંગવા માટે ક્યાં જાય ?

નવજાગૃતિકાળ અને ધર્મ સુધારણા બાદ કાળક્રમે સત્તા વિશ્લેષના સિદ્ધાંતનો અમલ થતાં સરકારની ત્રણશાખાઓ-ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રને અલગ કરવામાં આવે છે, એવો વધતે અંશે પ્રયત્ન થયો. આજે ન્યાયતંત્ર રાજ્યના મૂળભૂત કાયદાનું એટલેકે બંધારણનું અને ધારાસભાએ બનાવેલ કાયદાનું અર્થઘટન કરીને ન્યાય આપવાનું કાર્ય કરે છે. સરકારી તંત્રનો અભ્યાસ કરનારે સરકારના આ અગત્યના તંત્ર, એવા ન્યાયતંત્રનો પણ અભ્યાસ કરવો જોઈએ.

## ૭.૨ ન્યાયતંત્ર

### ૭.૨.૧ ન્યાયતંત્રનો અર્થ :

ન્યાયતંત્ર એ સરકારી તંત્રની ત્રણ શાખાઓમાંની એક અગત્યની શાખા છે, જે ધારાસભાએ બનાવેલ કાયદાનું અને રાજ્યના બંધારણનું અર્થઘટન કરી ન્યાય આપે છે. ન્યાયતંત્ર રાજ્યના પીઠબળથી વ્યક્તિઓના અધિકારોનું રક્ષણ અને ગુનેગારોને શિક્ષા કરે છે. ન્યાયતંત્રના આ કાર્યને ન્યાયના વહીવટ તરીકે ઓળખવામાં આવે છે.

### ૭.૨.૨ ન્યાયતંત્રનું મહત્ત્વ :

સરકારી તંત્રની બે શાખાઓ ધારાસભા અને કારોબારી જેટલું જ મહત્ત્વ ન્યાયતંત્રનું છે, કારણકે ધારાસભાએ રચેલા કાયદાઓ ગમે તેટલા વૈજ્ઞાનિક હોય અને તેના અમલ માટેની પદ્ધતિઓ પણ ભલે સંપૂર્ણ હોય; પરંતુ, જો ન્યાય આપવાની ક્રિયામાં ક્ષતિ કે વિલંબ થાય અથવા કાયદાનો અર્થ કરવામાં ન્યાયતંત્ર જરા પણ અસ્પષ્ટતા દાખવે તો નાગરિકની સ્થિતિ કફોડી બને. તેથી જાત અને મિલકત પણ અસલામત બને. આથી ન્યાયતંત્ર પોતાનું કાર્ય યોગ્ય રીતે કરે તેમાં જ તેનું મહત્ત્વ રહેલું છે.

જ્યારે પ્રજાને અન્યાય થાય છે અને તેને એવું લાગે છે કે આ સરકારી તંત્રમાં અમને ન્યાય મળે એ શક્ય નથી ત્યારે પ્રજા ક્રાંતિનો આશરો લે છે. આમ, અન્યાય એ વિશ્વની તમામ ક્રાંતિઓ પાછળનું એક કારણ બન્યું છે. ભારતમાં સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે પણ કેટલાંક લોકોને બ્રિટિશ શાસન પાસેથી ન્યાય મળી શકશે નહીં તેવું લાગ્યું ત્યારે તેમણે ક્રાંતિનો વિકલ્પ પસંદ કર્યો હતો. આ ઉદાહરણો લેટિન કાનૂની સૂત્ર "Justitia Firmatur Solium", એટલેકે "ન્યાય રાજગાદી મજબૂત બનાવે છે."- ને સાર્થક કરે છે. આ પરથી એ ફલિત થાય છે કે, માત્ર ન્યાયતંત્રની હાજરી પૂરતી નથી; પણ, ન્યાયતંત્રે લોકોને અહેસાસ કરાવવો પડે કે તેમને ન્યાય મળશે જ. તો જ ન્યાયતંત્રનું હોવું સાર્થક ગણાય.

સમવાયતંત્રી અને અર્ધસમવાયતંત્રી રાજ્યોમાં રાષ્ટ્રીય એકતા બનાવી રાખવામાં ન્યાયતંત્ર બહુ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જેમ કે, બે એકમ રાજ્યોની સરકારો વચ્ચે કોઈ તકરાર થાય અથવા એકમ સરકારો અને સમવાય સરકાર વચ્ચે તકરાર થાય તો બંધારણનું અર્થઘટન કરીને ન્યાયતંત્ર ન્યાય આપે છે.

ધારાસભા અને કારોબારી પર ન્યાયિક અંકુશ રાખે છે. એ રીતે નાગરિકોના મૂળભૂત અધિકારોનું અને બંધારણનું રક્ષણ કરે છે. ન્યાયતંત્રનું મહત્ત્વ તેનાં કાર્યોથી વધુ સ્પષ્ટ થાય છે.

**૭.૨.૩ ન્યાયતંત્રના કાર્યો :**

**વર્તમાન સમયમાં ન્યાયતંત્રના કાર્યો આ પ્રમાણે છે :**

**૭.૨.૩.૧ બંધારણ અને ધારાસભાએ ઘડેલા કાયદાનું અર્થઘટન કરીને ન્યાય આપવાનું કાર્ય :** રાજ્યની ધારાસભાએ બનાવેલા કાયદાઓમાં જ્યારે વિસંગતતા ઊભી થાય ત્યારે તેનું અર્થઘટન કરીને ન્યાયતંત્ર તેમાં રહેલી વિસંગતતાને દૂર કરે છે.

કાયદાના ભંગ બદલ જો અદાલત સમક્ષ ફરિયાદ આવે તો તે બંન્ને પક્ષોને અને તેમના સાક્ષીઓનો તેમજ પુરાવાઓનો અભ્યાસ કરીને કાયદાને નજર સમક્ષ રાખીને ન્યાય આપે છે. નીચલી અદાલતના નિર્ણય સામે ઉપલી અદાલતમાં અપીલ કરવાની જોગવાઈ હોય છે.

**૭.૨.૩.૨ અસ્તિત્વમાં ન હોય તો અને અનિવાર્યતા ઊભી થાય ત્યારે નવા કાયદાઓ બનાવવાનું કાર્ય :** કેટલીકવાર અમુક પ્રકારના ગુના માટે અસ્તિત્વ ધરાવતો કાયદો બંધબેસતો હોતો નથી. આ સમયે ન્યાયધીશો ન્યાય, સમતા અને સામાન્ય બુદ્ધિને અનુસરીને નિર્ણયો આપે છે. ભવિષ્યમાં જ્યારે એ જ પ્રકારના ગુના અંગે ફરિયાદ આવે ત્યારે ભૂતકાળના પેલા નિર્ણયને અનુલક્ષીને ન્યાય આપવામાં આવે છે. આવી રીતે ન્યાયાધીશોના ચુકાદા કાયદા બને છે. આ પ્રકારના કાયદાને ન્યાયધીશે બનાવેલા કાયદા તરીકે ઓળખવામાં આવે છે.

સામાન્ય સંજોગોમાં સત્તા વિશ્લેષના સિદ્ધાંત પ્રમાણે ન્યાયાધીશોએ કાયદા બનાવવાના હોતા નથી, આ માટે લેટિન ભાષામાં એક કાનૂની સૂત્ર પણ હતુ. "Judicis est jus dicere, non dare" અર્થાત્ ન્યાયાધીશે કાયદાનો વહીવટ કરવાનો છે, કાયદાઓ બનાવવાના નથી; પરંતુ, અનિવાર્ય સંજોગોમાં ન્યાયાધીશોએ કાયદા બનાવવા પડે છે. દા.ત. અપકૃત્યનો કાયદો ન્યાયાધીશ કૃત કાયદો છે. ન્યાયાધીશે બનાવેલા કાયદાઓ ભારત, યુ.કે. અને યુ.એસ.એ.ના ન્યાયતંત્રનું અગત્યનું લક્ષણ છે.

**૭.૨.૩.૩ નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવાનું કાર્ય :** નાગરિકોને રાજ્ય દ્વારા આપવામાં આવેલ મૂળભૂત અધિકારો પર કોઈ વ્યક્તિ, સંસ્થા કે સરકારી તંત્રની અન્ય બે શાખાઓ ગેરવાજબી અંકુશ મૂકે ત્યારે નાગરિક ન્યાયતંત્ર પાસે જઈને પોતાના અધિકારોને સુરક્ષિત કરી શકે છે. જ્યારે આવી કોઈ ફરિયાદ આવે ત્યારે ન્યાયતંત્ર યોગ્ય તપાસ કરી નાગરિકોને ન્યાય આપે છે જરૂર પડયે જુદા-જુદા હુકમો બહાર પાડે છે. દા.ત. બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Corpus),પરમ આદેશ (Writ of Mandamus) વગેરે. આમ નાગરિકોના હક્કોનું રક્ષણ કરે છે. નાગરિકોના અધિકારોનું રક્ષણ ન્યાયતંત્ર કરતું હોવાથી ધારાસભા પોતે સ્વચ્છંદી રીતે કાયદાઓ ઘડી શકતી નથી અને કારોબારી મનસ્વી રીતે વર્તન કરી નાગરિકોના હક્કોનો ભંગ કરી શકતી નથી. ભારતમાં જો નાગરિકના મૂળભૂત અધિકારોનો ભંગ થાય તો પોતાના અધિકારોનો અમલ કરવા માટે યોગ્ય કાર્યવાહીથી તેને સીધો જ સર્વોચ્ચ અદાલત પાસે ન્યાય માંગવાનો અધિકાર આપણાં બંધારણની કલમ-૩૨ હેઠળ

આપવામાં આવેલ છે.

**૭.૨.૩.૪ રાજ્યના વડાને સલાહ આપવાનું કાર્ય :** કેટલાંક રાજ્યોમાં બંધારણ દ્વારા સર્વોચ્ચ અદાલતને પોતાના રાજ્યના વડા જો માંગે તો સલાહ આપવાનું કાર્ય સોંપવામાં આવતું હોય છે. દા.ત. ભારતના બંધારણની કલમ-૧૪૩ (૧) અનુસાર

રાષ્ટ્રપતિને કોઈ સમયે એમ જણાય કે, કાયદાનો કે હકીકતનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો છે કે થવાનો સંભવ છે, જે એવા પ્રકારનો અને એવા જાહેર મહત્ત્વનો છે કે તે અંગે ઉચ્ચતમ ન્યાયાલયનો અભિપ્રાય મેળવવો ઇષ્ટ છે, તો તેઓ તે ન્યાયાલયને તે પ્રશ્ન વિચારણા માટે મોકલી શકશે અને ન્યાયાલય પોતાને ઉચિત લાગે એવી સુનાવણી કર્યા બાદ, રાષ્ટ્રપતિને તેના ઉપર પોતાનો અભિપ્રાય જણાવી શકશે. જો કે આ સલાહ રાષ્ટ્રપતિને બંધનકર્તા નથી.

યુ.એસ.એ.ના ઘણા એકમ રાજ્યોમાં બંધારણો દ્વારા રાજ્યની સર્વોપરી અદાલતને કાનૂની બાબતો વિશે ગવર્નરને સલાહ આપવાનું કાર્ય સોંપવામાં આવે છે. યુ.એસ.એ.ના પ્રમુખ ત્યાંની સર્વોચ્ચ અદાલતની સલાહ માંગી શકતા નથી; કારણકે, બંધારણ દ્વારા ત્યાંની સર્વોચ્ચ અદાલતને સલાહ આપવાનો અધિકાર આપવામાં આવ્યો નથી.

**૭.૨.૩.૫ સમવાયતંત્ર હોય તેવા રાજ્યોમાં બંધારણનું અર્થઘટન તેમજ બંધારણના મૂળભૂત માળખાનું રક્ષણ કરવાનું કાર્ય :** એકતંત્ર કરતા સમવાયતંત્ર જુદા પ્રકારનું સરકારી તંત્ર હોવાથી ત્યાં ન્યાયતંત્રનું વિશિષ્ટ સ્થાન હોય છે. સમવાયતંત્ર અનેક રાજ્યોના કાયમી જોડાણથી અસ્તિત્વમાં આવતું હોવાથી તેમાં જોડાતા રાજ્યો પોતાના હિતોનું રક્ષણ કરવા લેખિત બંધારણનો સ્વીકાર કરે છે. આ બંધારણ સમવાય સરકાર અને એકમ સરકારો વચ્ચેનું કરારપત્ર છે. સમવાયતંત્રમાં બંધારણ સર્વોપરી હોય છે બંધારણે નક્કી કરેલા કાર્યક્ષેત્રમાં રહીને જ સમવાય સરકારે અને એકમ સરકારોએ કાયદાનું ઘડતર કરવાનું હોય છે. કોઈ પણ સરકાર બંધારણે નક્કી કરેલ કાર્યક્ષેત્રની બહાર જઈ કાયદો ઘડે નહીં તે જોવાનું ન્યાયતંત્રનું કાર્ય છે. બંધારણનું અર્થઘટન કરવાની સત્તા માત્ર સર્વોચ્ચ અદાલતને જ છે કોઈપણ સરકારે પોતાના કાર્યક્ષેત્ર બહાર જઈને કાયદો ઘડયો હોય તો તે અંગેની ફરિયાદ સાંભળીને સર્વોચ્ચ અદાલત તે કાયદાને ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરે છે. આમ, ન્યાયતંત્ર સમવાયતંત્રમાં બંધારણનું અર્થઘટન કરવાનું તથા બંધારણના મૂળભૂત માળખાનું રક્ષણ કરવાનું કાર્ય કરે છે. ન્યાયતંત્રની નિષ્પક્ષતા તેમજ સર્વોપરીતા સમવાયતંત્રમાં જોડાયેલા રાજ્યોને પોતાના હિતોના રક્ષણની ચિંતામાંથી મુક્ત બનાવે છે. કેટલાક સમવાયતંત્રી રાજ્યોમાં ન્યાયતંત્રની આ સત્તા વિશે બંધારણમાં સ્પષ્ટતા કરવામાં આવી હોતી નથી. દા.ત. યુ.એસ.એ.નું બંધારણ. એકતંત્રી રાજ્યોમાં જ્યાં લેખિત બંધારણનો સ્વીકાર કરવામાં આવે છે ત્યાં પણ ન્યાયતંત્ર બંધારણનું અર્થઘટન કરવાનું અને બંધારણ વિરુદ્ધ ઘડાયેલા કાયદા કે કારોબારી દ્વારા લેવાયેલા પગલાંને ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી શકે છે. યુ.કે.ની પાર્લામેન્ટ એટલી સર્વોપરી છે કે તેના માટે એવું કહેવાય છે કે તે સ્ત્રીને પુરુષ અને દિવસને રાત કરી શકતી નથી બાકી બધું જ કરી શકે છે. તેમ છતાં જ્યાં લેખિત બંધારણ નથી તેવા એકતંત્રી યુ.કે.માં ન્યાયતંત્ર બંધારણનું અર્થઘટન કરી ત્યાંની ધારાસભાએ ઘડેલ કાયદાને ગેરબંધારણીય જાહેર કરી શકતું નથી.

આમ, ન્યાયતંત્ર ફક્ત કાયદાઓનું અર્થઘટન કરી ન્યાય આપવાનું જ કાર્ય નથી કરતું; પણ, ઉપરોક્ત બીજા અગત્યનાં કાર્યો પણ કરે છે.

## ૭.૩ અદાલતી સમીક્ષા

સમવાયતંત્રી રાજ્યોમાં સમવાય સરકાર અને એકમ સરકારો વચ્ચે કાર્યોનું વિભાજન લેખિત બંધારણમાં કરવામાં આવે છે. દા.ત. ભારતના બંધારણમાં સંઘયાદી, રાજ્યયાદી અને સમવર્તી યાદી દ્વારા એકમ સરકાર અને સંઘ સરકાર વચ્ચે કાર્યોની વહેંચણી કરવામાં આવેલી છે. બન્ને સરકારોએ બંધારણે નક્કી કરેલી મર્યાદામાં રહીને જ વર્તવાનું હોય છે. સમવાયતંત્રમાં બંધારણ સર્વોપરી સત્તા ધરાવતું હોવાથી જ્યારે સમવાય સરકાર અને એકમ સરકાર વચ્ચે મતભેદ થાય છે ત્યારે સર્વોપરી અદાલત બન્ને સરકારોને સાંભળી આખરી નિર્ણય આપે છે.

આમ, સમવાયતંત્રમાં સર્વોચ્ચ અદાલત બંધારણનું અર્થઘટન કરવાનું કાર્ય કરે છે તેમજ સમવાયી ધારાસભાએ કે એકમ રાજ્યની ધારાસભાએ પોતાના અધિકાર ક્ષેત્રની બહાર કાયદો ઘડ્યો હોય તો તેને અદાલતમાં પડકારવામાં આવતા સર્વોચ્ચ અદાલત તેને ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરે છે. સર્વોપરી અદાલતના આ કાર્યને અદાલતી સમીક્ષા ( Doctrine of Judicial review ) તરીકે ઓળખવામાં આવે છે. અદાલતી સમીક્ષાને કાનૂની સિદ્ધાંતોમાં Doctrine of Ultra Vires તરીકે પણ ઓળખવામાં આવે છે.

યુ.એસ.એ. સમવાયતંત્રનું પ્રથમ અને ઉત્તમ ઉદાહરણ હોવાથી ત્યાં અદાલતી સમીક્ષાનું જે સ્થાન છે તેને ધ્યાનમાં રાખીને અદાલતી સમીક્ષાનો વિચાર કરવામાં આવે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો યુ.એસ.એ.ના બંધારણમાં આ અંગેની સ્પષ્ટ સત્તા સર્વોપરી અદાલતને આપવામાં આવી ન હતી; પરંતુ, ૧૭૮૯માં મળેલી પ્રથમ કોંગ્રેસે 'An Act to Establish the, judicial Courts of the United States' પસાર કરીને સર્વોપરી અદાલતને અદાલતી સમીક્ષાની સત્તા આપી હતી. ત્યારબાદ ૧૮૦૩માં વિલિયમ મારબરી વિરુદ્ધ જેમ્સ મેડીસનના કેસનો નિર્ણય આપતી વખતે મુખ્ય ન્યાયાધીશ જહોન માર્શલે સર્વોપરી અદાલતની આ સત્તાની હિમાયત કરતાં આ ચુકાદો અદાલતી સમીક્ષા માટે નોંધપાત્ર બન્યો, ત્યારથી અદાલતી સમીક્ષાની શરૂઆત થઇ એમ કહેવામાં આવે છે.

ભારતના સંદર્ભમાં જોઈએ તો - ભારત અર્ધસમવાયી રાજ્ય હોવાથી ભારતમાં પણ અદાલતી સમીક્ષાના લીધે સર્વોપરી અદાલતે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ૧૯૫૨માં મદ્રાસ વિરુદ્ધ વી.જી.રાઓ કેસમાં મુખ્ય ન્યાયમૂર્તિ પતંજલિ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે, "આપણા બંધારણમાં વિધાન મંડળના કાયદાઓની બંધારણીયતા ચકાસવા માટેની સત્તા સ્પષ્ટ રીતે સુપ્રિમ કોર્ટને આપવામાં આવી છે." ૧૯૬૭ માં ગોલકનાથ વિરુદ્ધ પંજાબ કેસના ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે કલમ ૧૩ (૨)નું જે અર્થઘટન કર્યું તેનાથી દેશમાં ઉગ્ર ચર્ચાનો જન્મ થયો. આ કેસમાં ૬ વિરુદ્ધ ૫ ની બહુમતીથી એવો ચુકાદો આવ્યો કે મૂળભૂત હક્કો છીનવાય કે ઘટે એવો કોઇ સુધારો બંધારણમાં કરવાની સંસદને સત્તા નથી. સામે પક્ષે સંસદ બંધારણના કોઇપણ ભાગમાં ફેરફાર કરી શકે છે તેવા વિચારને અનુલક્ષીને બંધારણમાં ચોવીસમો સુધારો (૧૯૭૧) પણ કરવામાં આવ્યો. આમ, અદાલતી સમીક્ષાને કારણે સરકારની બે શાખાઓ વચ્ચે ઘર્ષણ થયું. સર્વોપરી અદાલતે પોતાના ચુકાદા દ્વારા બંધારણના મૂળભૂત માળખામાં ફેરફાર થઇ શકે નહીં તેવી સ્પષ્ટતા કરી.

**૭.૩.૧ અદાલતી સમીક્ષાની યોગ્યતા અને અયોગ્યતાનો વિચાર કરીએ તો :**

I. અદાલતી સમીક્ષાથી સત્તા વિશ્લેષના સિદ્ધાંતનો ભંગ થાય છે કારણકે અદાલતની સમીક્ષા દ્વારા સર્વોપરી અદાલતના ન્યાયાધીશો ધારાસભાના કાર્યમાં દખલગીરી કરે છે. દા.ત. યુ.એસ.એ. માં તો સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી ઘણી વખત નવા કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા છે અને આ પ્રકારના કાયદાઓનું પ્રમાણ વધવાથી મજાકમાં યુ.એસ. એ. ના સરકારી તંત્રને ન્યાયાધીશોની સરકાર (Government by Judges) તરીકે ઓળખવામાં આવે છે.

II. યુ.એસ.એ. માં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂક પ્રમુખ કરે છે. આ નિમણૂક માટે ત્યાંની ધારાસભાના એક ગૃહ સેનેટની મંજૂરી અનિવાર્ય ગણાય છે. જ્યારે પ્રમુખ અને સેનેટમાં બહુમતી સભ્યો એક જ રાજકીયપક્ષના હોય ત્યારે ન્યાયાધીશોની નિમણૂકને સેનેટ સરળતાથી મંજૂરી આપે છે. આમ, પ્રમુખ પોતાની નીતિ અને વિચારધારાની તરફેણમાં હોય તેવી વ્યક્તિઓને ન્યાયાધીશ તરીકે નિમે છે; પરંતુ, કેટલીકવાર પ્રમુખ અને સેનેટના બહુમતી સભ્યો જુદા રાજકીય પક્ષના હોય ત્યારે વિકટ પરિસ્થિતિ સર્જાય છે. જો ન્યાયાધીશો પ્રમુખની નીતિ અને વિચારધારા સાથે સંમત ન થતા હોય તો અગત્યની બાબતોમાં મતભેદ થતાં તેની વિરુદ્ધ ચુકાદો આપે છે. આ વલણના સમર્થન માટે અમેરિકી પ્રમુખ ફ્રૅંકલિન રુઝવેલ્ટે New Deal —ન્યુ ડિલના કાર્યક્રમના અમલ માટે રજૂ કરેલા ઘણા કાયદાઓને સર્વોપરી અદાલતના ન્યાયાધીશોએ ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી આ કાર્યક્રમને અવરોધ્યો હતો.

III. અદાલતી સમીક્ષાનો ખ્યાલ લોકશાહી વિરુદ્ધનો છે. કારણકે લોકશાહીમાં લોકોની ઈચ્છા સર્વોપરી હોય છે. લોકોની ઈચ્છા ધારાસભામાં તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે. જ્યારે લોકોનું પ્રતિનિધિત્વ ન કરતા એવા સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો ધારાસભાએ ઘડેલ કાયદાને ગેરબંધારણીય જાહેર કરે તે કેટલું યોગ્ય કહેવાય? એવી ટીકા લોકશાહીના સમર્થકો કરે છે. બંધારણ પણ મૂળભૂત કાયદો જ છે. તે જ્યારે ઘડાયું હતું ત્યારે તેના ઘડવૈયાઓએ તે સમયના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક સંદર્ભને ધ્યાનમાં લઈને ઘડયું હતું; પરંતુ હાલના બદલાયેલા સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક સંદર્ભમાં ધારાસભા નવો કાયદો બનાવે તો જૂના સંદર્ભમાં ઘડાયેલા બંધારણના આધારે નવા કાયદાને ગેરબંધારણીય જાહેર કરવો ન જોઈએ તેવો વિચાર પણ રજૂ થાય છે.

IV. અદાલતી સમીક્ષાની એવી પણ ટીકા કરવામાં આવે છે કે તેમાં એક મનુષ્યની મુખત્યારી હોય છે. અદાલતી સમીક્ષા દ્વારા લેવાયેલા નિર્ણયો બહુમતીથી લેવાય છે; પણ કેટલીકવાર બહુમતી એકની જ હોય છે. દા.ત. નિર્ણયની તરફેણમાં સાત ન્યાયાધીશોએ મત આપ્યો હોય અને વિરૂદ્ધમાં છ ન્યાયાધીશોએ મત આપ્યો હોય. આમ, માત્ર એક જ ન્યાયાધીશનો અભિપ્રાય લોકોના પ્રતિનિધિઓએ બનાવેલા કાયદાને ફગાવી દે છે.

V. ન્યાયતંત્રનું વર્ચસ્વ વધી જાય છે આ બાબતે ચાર્લ્સ ઈવાન્સ હિગ્સે જણાવ્યું છે કે, ''આપણે સૌ બંધારણની સત્તાને આધીન છીએ, પરંતુ બંધારણ શું છે? તે ન્યાયાધીશ કહે તે મુજબનું છે.'' પૂર્વ ન્યાયમૂર્તિ ફ્રૅન્ક ફર્ટરે કહેલું કે, ''સર્વોપરી અદાલત એ બંધારણ છે.'' પ્રા. બોગન અદાલતી સમીક્ષાની ટીકા કરતાં લખે છે કે, ''અદાલતી સમીક્ષાના કારણે અમેરિકાનાં તમામ ખાતાંઓમાં બે જવાબદારીની ભાવના જન્મે છે, કેમ કે એવી ભ્રમણા પેદા થાય છે કે જો અયોગ્ય રીતે કાયદો ઘડાય તો વાંધો નહીં, કેમ કે, જો તે ગેરબંધારણીય હશે તો તેને અદાલતી સમીક્ષા દ્વારા રદબાતલ જાહેર કરવામાં આવશે અને જો તે બંધારણીય હશે તો તે અયોગ્ય કાયદો નહીં હોય.'' જો કે અદાલતી સમીક્ષા દ્વારા ન્યાયાધીશો ધારાસભાએ ઘડેલા કાયદાને અયોગ્ય જાહેર કરે તે સાચું પણ

કેટલીકવાર પરોક્ષ રિવ્યૂ દ્વારા એ કાયદાના શબ્દોને યોગ્ય અર્થઘટન દ્વારા બંધારણીય ભાવના સાથે સુસંગત કરે છે. કોર્ટની આવી કાર્યપદ્ધતિને સમયની માંગ પ્રમાણે શબ્દોના અર્થમાં કાપકૂપ કરી બંધારણ સાથે બંધબેસતા કરવાની રીત ( Tailoring an Act to make it Constitutional) કહેવામાં આવે છે.

### ૭.૩.૨ અદાલતી સમીક્ષાને સુધારવાના સૂચનો :

I. બંધારણમાં સુધારો કરીને સર્વોપરી અદાલતની અદાલતી સમીક્ષાની સત્તા જ દૂર કરી દેવી જોઈએ. પરંતુ આ સૂચન સ્વીકાર્ય બન્યું નથી; કેમ કે, સમવાયતંત્રમાં બંધારણના મૂળ માળખા તેમજ એકમ રાજ્યોના હિતોના રક્ષણ માટે અદાલતી સમીક્ષા જરૂરી છે. સમવાયતંત્ર હોય કે એકતંત્ર નાગરિકોના મૂળભૂત અધિકારોની રક્ષા માટે પણ અદાલતી સમીક્ષા જરૂરી બને છે.

II. બીજું સૂચન એ કરાય છે કે, અદાલતી સમીક્ષા વખતે માત્ર એક ન્યાયાધીશની બહુમતીથી નિર્ણય ન લેવો જોઈએ. આને બદલે ૨/૩ બહુમતીથી અથવા ઓછામાં ઓછી બે ન્યાયાધીશોની બહુમતીથી નિર્ણય લેવાવો જોઈએ.

III. ત્રીજું સૂચન એ કરાય છે કે, કોઈ કાયદાને જો સર્વોપરી અદાલત રદબાતલ જાહેર કરે અને તે જ કાયદાને ધારાસભા ફરીથી તેના મૂળસ્વરૂપે પસાર કરે તો ફરીથી અદાલતી સમીક્ષા થવી જોઈએ નહીં. પુનઃપસાર થયેલો કાયદો સમાજ માટે અત્યંત જરૂરી હોય તો જ નાગરિકોના પ્રતિનિધિઓએ તેને પુનઃ સમર્થન આપ્યું હોય. માટે આ સૂચન સ્વીકારવા યોગ્ય લાગે છે જોકે આમાં ભયસ્થાન એ રહેલું છે કે ધારાસભામાં રાજકીય પક્ષો રાજકારણના લીધે અદાલતી સમીક્ષા દ્વારા ન્યાયની સ્થાપના કરવાની જે વ્યવસ્થા છે તેનો તેઓ પોતાના રાજકીય હિત માટે રદ થયેલા કાયદાને ફરીથી પસાર કરી શકે. બીજું ભયસ્થાન એ છે કે, ધારાસભા પર ન્યાયતંત્રનું કે બંધારણનું નિયંત્રણ ન રહે. અદાલતી સમીક્ષામાં ફેરફાર કરવા માટે આ પ્રમાણે સૂચનો કરવામાં આવ્યા છે તો પણ તેમનો અમલ કરાયો નથી. જ્યાં સત્તા વિશ્લેષના સિદ્ધાંતનો અમલ કરાયો છે ત્યાં અંકુશ અને સમતુલા માટે તથા સમવાયતંત્રમાં બંધારણના મૂળ માળખાની સુરક્ષા માટે અનિવાર્ય હોવાથી અદાલતી સમીક્ષા જરૂરી છે. અદાલતી સમીક્ષાના સમર્થનમાં પ્રો.ડબલ્યુ.બી.મનરો લખે છે કે, "સમગ્રપણે જોતાં અદાલતી સમીક્ષા તેના પરિણામોની દૃષ્ટિએ લાભદાયક બની છે જો અદાલતે જુદું જ વલણ અપનાવ્યું હોત તો અમેરિકાની બંધારણીય પદ્ધતિ અડતાલીસ સાર્વભૌમ સત્તાધારી ભયંકર મસ્તકો ધરાવતા રાક્ષસ જેવી બનત અને આજે તે જે સત્તા અને નિયમિતતા ધરાવે છે તે ધરાવત નહીં." અદાલતી સમીક્ષા વિશે સંક્ષેપમાં કહીએ તો, ધારાસભાએ ઘડેલા કાયદા, કારોબારીના કાર્યો અને ભારતમાં બંધારણની કલમ-૧૩૭ પ્રમાણે સર્વોચ્ચ અદાલતને પોતે સંભળાવેલા કોઈ ફેસલાની અથવા કરેલા કોઈ હુકમની પુનઃ વિચારણા કરવાની જે સત્તા છે તે કાયદાના શાસન, લોકોના મૂળભૂત અધિકારો, અંકુશ અને સમતુલાના સિદ્ધાંતની જાળવણી માટે અનિવાર્ય છે.

## ૭.૪ ન્યાયતંત્રની સક્રિયતા (જાહેર હિતની અરજીના સંદર્ભે )

### ૭.૪.૧ ન્યાયની મૂળભૂત પ્રક્રિયા અને પરંપરા

સરકારીતંત્રની ત્રણ શાખાઓમાં ન્યાયતંત્ર પેસિવ હોય છે. ન્યાયતંત્રની બે પરંપરાઓ હતી. એક, વ્યક્તિ ન્યાય માંગે તો જ તેને ન્યાય મળે, અદાલત સામેથી ન્યાય આપવા જશે નહીં. બીજી, જે વ્યક્તિને અન્યાય થયો હોય તે ન્યાય માંગે તો

જ તેને ન્યાય મળે. આ બીજી પરંપરાને ન્યાયતંત્રની પરિભાષામાં 'Doctrine of Locus Standi' કહેવામાં આવે છે; તેનો અર્થ એ કે કોઇ વ્યક્તિ બીજાના અધિકાર ભંગ માટે ન્યાય માંગે તો તેને મળી શકે નહીં, એટલેકે, તેને અદાલત સમક્ષ ઊભા રહેવાનો અધિકાર નથી. આપણી અદાલતો આ બે પરંપરાઓને અનુસરતી હતી. બંધારણીય કાયદાની મર્યાદામાં રહીને અદાલત કાયદાનો ભંગ થયો હોય તો કાનૂની ન્યાય આપે. સામાજિક ન્યાય અને આર્થિક ન્યાય આપવાનું કામ ન્યાયતંત્રનું નથી બલ્કે ધારાસભા અને કારોબારીનું છે.

ઉપરોક્ત બે પરંપરાઓને લીધે સમાજના એવા વર્ગો ( વ્યક્તિ નહિ) જે અશિક્ષિત છે અથવા કાનૂની અજ્ઞાનતા ધરાવે છે. એટલા ગરીબ છે કે વકીલોની ઉંચી ફી ભરી શકે તેમ નથી, કાનૂની પ્રક્રિયામાં થતો વિલંબ સહી શકે તેમ ન હોય, ટૂંકમાં પોતાને થતો અન્યાય કે હક્કોના રક્ષણ માટે અદાલતમાં જવા માટે સક્ષમ ન હોય. પરિણામે પોતાના ન્યાય મેળવવાના હક્કથી વંચિત રહી જતા હોય છે. દા.ત બાળમજૂરો, કાચા કામના કેદીઓ, ગણિકાઓ, બંધુઆ મજુરો અને પર્યાવરણ વગેરે. તો શું આવા વર્ગોને ન્યાયથી વંચિત રહી જવા દેવા ? શોષણ અને ભ્રષ્ટાચારનો ભોગ બનવા દેવા ? તેમને ન્યાય આપવાની ન્યાતંત્રની ફરજ નથી ? આ પ્રશ્ન ઉપસ્થિત થયો. તેથી કેટલાક ન્યાયાધીશોએ જે વર્ગો સામે ચાલીને ન્યાય માટે ન્યાયતંત્ર પાસે આવી શકતા નથી તેમને ન્યાય આપવાનું વિચાર્યું અને ન્યાયતંત્ર પોતાની પરંપરાઓ મૂકીને સક્રિય બન્યું તેને ન્યાયિક સક્રિયતા કહેવાય.

ભારતના બંધારણની કલમ-૧૪૧ પ્રમાણે સર્વોચ્ચ અદાલતે પ્રતિપાદિત કરેલો કાયદો ભારતના રાજ્યક્ષેત્રની અંદર તમામ ન્યાયાલયોને બંધનકર્તા રહેશે. ન્યાયતંત્રની સક્રિયતા અદાલતી સમીક્ષાના ખ્યાલમાં નિહિત જ છે. ન્યાયતંત્રની સક્રિયતાની એવી પણ વ્યાખ્યા આપવામાં આવે છે કે, જ્યારે ન્યાયાધીશો ન્યાય આપે ત્યારે માત્ર કાયદાને ધ્યાનમાં રાખવાની જગ્યાએ પોતાની અંગત અને રાજકીય માન્યતાઓ ભેળવે તેને પણ ન્યાયતંત્રની સક્રિયતા કહેવાય છે. આની સામે એવી પણ દલીલ થાય છે કે, ન્યાયાધીશો ન્યાયિક સક્રિયતા દાખવતી વખતે બંધારણની મૂળ ભાવનાને ધ્યાનમાં લે છે માત્ર લેખિત કાયદાને નહીં. આમ, ન્યાયિક સક્રિયતાનો ખ્યાલ શરૂઆતથી જ વિવાદાસ્પદ રહયો છે.

ન્યાયિક સક્રિયતા (Judicial Activism) શબ્દ સૌ પ્રથમ "Fortune" મેગેઝિનમાં, Arthur Schlesinger, Jr. એ પોતાના "The Supreme Court : 1947" શીર્ષક વાળા લેખમાં લખ્યો હતો. ન્યાયિક સક્રિયતાનો ચોક્કસ ઈતિહાસ અસ્પષ્ટ છે. યુ.એસ.એ.માં પણ ન્યાયિક સક્રિયતાએ ઘણા વિવાદો ઊભા કર્યા હતા. યુ.એસ.એ.માં ૧૯૫૧ માં Brown વિરુદ્ધ Board of Education કેસ અંતર્ગત વાલીઓએ પોતાના બાળકોવતી Board of Education of the city of Topeka, Kansas સામે ફરિયાદ દાખલ કરી હતી. આ કેસમાં હકીકત એવી હતી કે, આફ્રિકન-અમેરિકન બાળકોના વાલીઓએ નજીકમાં આવેલી ગોરાઓની શાળામાં પોતાના બાળકોના એડમિશન માટે પ્રયત્ન કર્યો, તો ગોરાઓની શાળાએ એડમિશન ન આપ્યું. પરંતુ અદાલતે અગાઉ આપેલા Plessy વિરુદ્ધ Ferguson કેસના ચુકાદાને ધ્યામાં લઇને આ ફરિયાદને નકારી. અદાલત આ ચુકાદામાં Doctrine of Stare decisis ને અનુસરી હતી. Doctrine of Stare decisis અર્થાત નિર્ણિતાનુસરણનો સિદ્ધાંત. ન્યાય ન મળતાં વાલીઓ સર્વોચ્ચ અદાલતમાં ગયા. સર્વોચ્ચ અદાલતે આ કેસમાં જણાવ્યું કે, "શાળામાં પ્રવેશ આપતી વખતે કાળા-ગોરાના ભેદભાવ કરવા એ ગેરબંધારણીય છે. આનાથી કાળા વિદ્યાર્થીઓને

હાનિ થઈ શકે.'' આમ, આ ચુકાદો આપતા સર્વોચ્ચ અદાલતે ન્યાયતંત્રના પરંપરાગત સિદ્ધાંત "Doctrine of stare decisis"ને ધ્યાનમાં લીધો નહીં. આ ન્યાયિક સક્રિયતાનું ઉત્તમ ઉદાહરણ છે. અહીં ચુકાદો આપતી વખતે યુ.એસ.એ.ની સર્વોચ્ચ અદાલતે બંધારણની ભાવનાને ધ્યાનમાં લીધી હતી. ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં યુ.એસ.એ.ની સર્વોચ્ચ અદાલતે અગાઉ કરતાં વધુ ન્યાયિક સક્રિયતા દાખવી હતી. ભારતમાં પણ બંધારણના અનુચ્છેદ/કલમ-૧૩૭ માં સંસદે કરેલા કોઈ કાયદાની અથવા અનુચ્છેદ ૧૪૫ હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓને આધીન રહીને ઉચ્ચતમ ન્યાયાલયને પોતે સંભળાવેલ કોઈ નિર્ણયની અથવા કરેલા હુકમની પુનઃવિચારણા કરવાની સત્તા રહેશે, એમ કહ્યું છે.

ભારતમાં ન્યાયિક સક્રિયતાની શરૂઆત ક્યારે થઈ તે બાબતે વિવિધ મતો છે. છતાં ગોલકનાથ કેસ (૧૯૬૭) ને ન્યાયિક સક્રિયતાનો સર્વોચ્ચ અદાલતે આપેલો સીમાચિહ્નરૂપ ચુકાદો કહેવાય છે. આ ચુકાદા વખતે બંધારણની કલમ-૧૩નું વિશાળ અર્થઘટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કેશવાનંદ ભારતી વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરાલાના કેસમાં (૧૯૭૩) સર્વોચ્ચ અદાલતે ફરી ન્યાયિક સક્રિયતા પ્રગટ કરી અને બંધારણના મૂળભૂત માળખાનો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો. ન્યાયિક સક્રિયતાનો હેતુ કાયદાના શાસનનું સમર્થન કરવાનો છે. કાયદાના શાસનમાં સરકારના દરેક અંગે બંધારણથી પોતાને સોંપવામાં આવેલ કામગીરી યોગ્ય રીતે બજાવવાની હોય છે. આ રીતે જોઈએ તો ન્યાયિક સક્રિયતા એટલે સરકારના અન્ય અંગોની કામગીરીમાં ન્યાયતંત્રની તપાસ અને કાયદાની જોગવાઈઓનું વિશાળ અર્થઘટન. સર્વોચ્ચ અદાલત બંધારણની રક્ષક હોવાથી સરકારી તંત્રના અન્ય અંગોની નિષ્ક્રિયતા તરફ મૌન રાખી શકે નહીં. બંધારણની કલમો-૧૩,૩૨,૧૪૧ અને ૧૪૨ ન્યાયિક સક્રિયતાની દૃષ્ટિએ મહત્ત્વની છે. જાહેર હિતની અરજીના સંદર્ભે ન્યાયતંત્રની સક્રિયતાનો વિચાર કરીએ તે પહેલાં જાહેર હિત એટલે શું ? જાહેર હિતની અરજી એટલે શું ? તે જાણીએ.

જાહેર હિત એટલે જેમાં જાહેર જનતા કે ચોક્કસ સમૂહનું આર્થિક હિત અથવા એવું હિત કે જેમાં તેમના કાનૂની અધિકારોને અસર થતી હોય. જાહેર હિતની અરજી એટલે જાહેર જનતા કે ચોક્કસ સમૂહના હિતોના રક્ષણ માટે સર્વોચ્ચ અદાલત અથવા વડી અદાલતને કરાયેલ અરજી. જાહેર હિતના મુદ્દાને આગળ ધરીને જે વકીલ અદાલતમાં રજૂઆત કરે તેને જાહેર હિત વકીલાત (Public Interest Pleading) કહેવાય. દા.ત. 'અ' નામની વ્યક્તિ 'બ' નામની વ્યક્તિ સામે પોતાની લેણી રકમ વસૂલ કરવા માટે 'ક' નામના વકીલને રોકી અદાલતમાં દાવો દાખલ કરે તો આ 'ક' નામના વકીલ વ્યક્તિગત કારણ માટે વકીલાત કરે છે તેમ કહેવાય; પરંતુ, ગામમાં પાણીની સગવડ માટે, પ્રદૂષણ અટકાવવા માટે, કેદીઓ પર થતા અત્યાચારો રોકવા માટે, તાજમહેલ જેવા સ્થાપત્યની જાળવણી માટે, બાળકોનું શોષણ અટકાવવા માટે, ખેતમજૂરોને લઘુત્તમ વેતન ચુકવણી માટે, જાહેર આરોગ્ય માટે, ખાડા પડી ગયેલા રસ્તાના સમારકામ માટે, સ્ત્રીઓને થતી જાતીય સતામણી રોકવા માટે કે આવા કોઈ મુદ્દા માટે કોઈ વ્યક્તિ અદાલતમાં અરજી કરે તો તે જાહેર હિતની અરજી કહેવાય, આમાં વ્યક્તિગત હિત ન હોવું જોઈએ.

ઉપરોક્ત મુદ્દાઓ માટે કોઈ વકીલ વકીલાત કરે તો તે જાહેર હિતની વકીલાત કહેવાય. જાહેર હિતની અરજી અદાલતની અટપટી, જટિલ પ્રક્રિયાને ન જાણનાર વ્યક્તિ પણ પોસ્ટ કાર્ડ જેવા સાદા પત્ર દ્વારા કરી શકે છે. એટલું જ નહીં આપણી અદાલતોએ તો અખબારમાં પ્રકટ થયેલા સમાચારની નોંધ લઈને તેને જાહેર હિતની અરજી ગણીને સંખ્યાબંધ ચુકાદાઓ આપ્યા છે. ન્યાયિક સક્રિયતાના કારણે જાહેર હિતવાદનો વિકાસ

થયો છે.

**૭.૪.૨ જાહેર હિતની અરજીના સંદર્ભે ન્યાયતંત્રની સક્રિયતાથી થયેલ લાભ :**

આપણા બંધારણના આમુખમાં જણાવેલ સામાજિક ન્યાયનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે જાહેર હિતની અરજી શ્રેષ્ઠ માધ્યમ છે. જાહેર હિતની સંસ્થાઓ જેવી કે, શાળાઓ, હોસ્પિટલો, જેલો વગેરે પોતાની જે નીતિ વિકસાવે છે તેમાં પણ લોકોનો કોઇ અવાજ હોતો નથી. કેટલીકવાર આવી નીતિઓથી લોકોના હિતો જોખમમાં મૂકાય છે. આથી હિતોનું જે અસમતોલન ઊભું થયું છે તેનું ઘણે અંશે નિવારણ જાહેર હિતની અરજીઓથી થયું છે. ન્યાયતંત્રની સક્રિયતાને કારણે જાહેર હિતની અરજી/વાદ Public Interest Litigation (P.I.L)નો ઉદ્ભવ થયો તેનો સીધો લાભ સમાજના અસહાય લોકો, બાળ મજૂરો, કેદીઓ, સ્ત્રીઓ વગેરેને થયો છે. P.I.L.નું એક આગવું લક્ષણ એ રહ્યું છે કે, અસરકર્તા (Affected) અથવા નારાજ વ્યક્તિ (Aggrieved Person) તરફથી કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ ન હોય છતાં જાહેર જનતાનો કોઇ પણ સભ્ય કે સ્વૈચ્છિક સંસ્થા પત્ર લખીને અદાલતનું ધ્યાન દોરે તો પણ અદાલતે યોગ્ય હુકમો જારી કર્યા છે. આપણી ન્યાય પ્રથા અત્યંત ખર્ચાળ અને સમયનો ભારે બગાડ કરનારી છે. તેના કારણે સમાજના ગરીબ, નિરક્ષર, અસહાય, લોકો માટે ન્યાય એક દૂરનું સ્વપ્ન હતું પરંતુ P.I.L.ના કારણે આવા લોકો માટે ન્યાયના દરવાજા ખુલ્યા છે. રાજ્યે માર્ગદર્શક સિદ્ધાંતોની ઉપેક્ષા કરી હતી. તે પૈકીના કેટલાંક માર્ગદર્શક સિદ્ધાંતો P.I.L.ના કારણે કલમ-૨૧ હેઠળ મૂળભૂત અધિકારો તરીકે સ્થાન પામ્યા છે. જાહેર હિતવાદનો આ સૌથી મોટો લાભ છે.

જાહેર હિતની અરજીથી થયેલા લાભોના ઉદાહરણો જોઇએ. આ ઉદાહરણોથી જાહેર હિતની અરજીના ક્ષેત્રનો ખ્યાલ આવશે.

ભારતમાં મહારાજસિંઘ વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી.(૧૯૭૬)ના કેસમાં જાહેર હિતની અરજીનો ખ્યાલ સ્થાપિત કરાયો હતો. એસ.પી.ગુપ્તા વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૮૨)ના કેસમાં જસ્ટિસ ક્રિષ્ન ઐયર અને જસ્ટિસ ભગવતીએ આ ખ્યાલ પ્રચલિત કર્યો હતો. આ કેસમાં ઠરાવાયું હતું કે, જ્યારે કોઇ બંધારણીય કે કાયદાકીય જોગવાઇનો કાયદાની સત્તા વિના ભંગ કરાયેલો હોય અથવા કોઇ વ્યકિતને કાનૂની નુકસાનની ધમકી આપવામાં આવેલ હોય અને આવી વ્યક્તિ કે વ્યકિતઓનો સમૂહ આર્થિક લાચારી કે સામાજિક અસહાયતાને કારણે ન્યાય મેળવવા માટે અદાલતનો સંપર્ક કરી શકે તેમ ન હોય ત્યારે કોઇપણ વ્યકિત અથવા વ્યકિતઓનો સમૂહ યોગ્ય કાર્યવાહી માટે કલમ-૨૨૬ હેઠળ વડી અદાલતને કલમ-૩૨ હેઠળ સર્વોચ્ચ અદાલતને જાહેર હિતની અરજી કરી શકે છે.

- એમ.સી.મહેતા વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયાના કેસમાં (૧૯૯૭) સર્વોચ્ચ અદાલતે તાજમહેલ રાષ્ટ્રીય સ્મારક હોવાથી તેને બચાવવાની જરૂરિયાત તથા ઉદ્યોગોના વિકાસની જરૂરિયાત ધ્યાનમાં લીધી હતી અને ટકાઉ વિકાસ તથા Polluter Paysના સિદ્ધાંતો ઘડી કાઢ્યા હતા.
- હુસેન આરા ખાતુન વિરુદ્ધ સ્ટેટ ઓફ બિહારના (૧૯૭૯) કેસમાં આરોપી માટે ઝડપી કાનૂની કાર્યવાહીના અધિકારનો કલમ-૨૧ હેઠળ સ્વીકાર કરવામાં આવ્યો છે.
- શીલા બાર્સેના કેસમાં (૧૯૮૩) જે કાનૂની સહાયને બંધારણની કલમ-૩૯માં માર્ગદર્શક સિદ્ધાંત તરીકે વર્ણવવામાં આવેલી હતી, તેને મૂળભૂત અધિકાર તરીકે માન્ય કરવામાં

આવેલ છે.

- લક્ષ્મીકાંત પાંડે વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયાના કેસમાં (૧૯૮૪) એક વકીલે એક મેગેઝિનમાં પ્રગટ થયેલા સમાચાર તરફ અદાલતનું ધ્યાન ખેંચતો પત્ર લખ્યો. સર્વોચ્ચ અદાલતે આ બાબતે પરદેશમાં બાળકોને દત્તક આપવા બાબત માર્ગદર્શક સૂચનાઓ જારી કરી હતી. આમ, આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ધારાસભાનું કાર્ય કર્યું હતું.
- રીટ પિટીશન નં-૮૯/૯૮૨માં સર્વોચ્ચ અદાલતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને તેમના કામમાં અને માણેક ચોક વિસ્તારમાં શાકભાજી વેચી ધંધો કરવામાં દખલ ન કરવા તેમજ તેમને લાયસન્સ આપવાનો હુકમ કર્યો હતો.
- વિશાખા વિરુદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાનના કેસમાં (૧૯૯૭) ઠરાવ્યું છે કે કામ કરતી સ્ત્રીઓને ગૌરવપૂર્વક કામ કરવાનો અધિકાર છે. કામના સ્થળે જાતીય સતામણીથી તેમનું રક્ષણ થવું જોઇએ. આ કેસમાં આ બાબતમાં સંસદ કાયદો ઘડે નહીં ત્યાં સુધી કામ કરતી સ્ત્રીઓને જાતીય સતામણી સામે રક્ષણ આપવા માટે કેટલાક માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કરાયા છે.
- પરમાનન્દ કટરા વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયાના કેસમાં (૧૯૮૯) સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે કોઇ પણ કાનૂની કાર્યવાહીની રાહ જોયા વગર ડૉકટરે (સરકારી કે ખાનગી) તુરંત જ ઇજાગ્રસ્તની સારવાર તેનો જીવ બચાવવા માટે કરવી જોઇએ. કારણ કે બંધારણના અનુચ્છેદ/કલમ-૨૧ હેઠળ જીવન રક્ષણની જવાબદારી રાજ્યની છે. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે મેડીકલ કાઉન્સિલને આ ચુકાદાની નકલ તમામ ડોકટરોને મોકલવા અનુરોધ કર્યો હતો.
- નેશનલ ફેડરેશન ઓફ બ્લાઇન્ડ વિરુદ્ધ યુ.પી.એસ.સી.ના કેસમાં (૧૯૯૩) સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે પૂર્ણતઃ કે અંશતઃ અંધજનો પણ બ્રેઇલ લિપિમાં 'એ' અને 'બી' હોદ્દાઓ માટે યુ.પી.એસ.સી.ની પરીક્ષા આપી શકે છે.
- દિલ્હી ડોમેસ્ટિક વર્કિંગ વુમન ફોરમ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૫)ના કેસમાં સર્વોચ્ચ અદાલતે મહિલાઓ જાતીય સતામણીનો ભોગ ન બને તે માટે કેટલાક સિદ્ધાંતો સ્થાપિત કર્યા.
- પિપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઇટ્સ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૮૩)ના કેસમાં ઠરાવ્યું કે, આ સંગઠનને જાહેર હિતની અરજી કરવાનો અધિકાર છે. આ કેસમાં આ સંગઠન તરફથી મજૂર કાયદાના અમલ માટે અને આવા કાયદાઓ હેઠળ મજૂરોને મળતા લાભોના અમલ માટે એક પત્ર લખીને સર્વોચ્ચ અદાલતનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

  આ કેસમાં સરકાર તરફથી એવો વાંધો લેવાયો હતો કે આ સંગઠનના કોઇ અધિકારોને અસર પહોંચતી નથી. તેથી તે 'નારાજ વ્યક્તિ' ન હોવાથી આવી અરજી કરવાનો તેને અધિકાર ( Locus Standi) નથી. વધુમાં એવો વાંધો લેવામાં આવ્યો હતો કે P.I.L. સ્વીકારવાથી અદાલતોના પડતર કેસોની સંખ્યામાં વધારો થશે. તેથી આવી અરજી સ્વીકારવી જોઇએ નહીં.

  જસ્ટિસ ભગવતીએ આ કેસમાં ઠરાવ્યું કે કોઇ પણ રાજ્યને પોતાના નાગરિકને એમ કહેવાનો અધિકાર નથી કે ધનિક લોકોના ઘણા કેસો અમારી અદાલતોમાં પડતર હોવાથી જ્યાં સુધી આવા કેસોનો નિકાલ ન થાય ત્યાં સુધી ન્યાય મેળવવા માટે અદાલતોમાં આવતા ગરીબ લોકોને અમે મદદ કરીશું નહીં.
- એસ.પી.ગુપ્તા કેસ (૧૯૮૨)માં સર્વોચ્ચ અદાલતના સાત ન્યાયાધીશોની બેન્ચે જાહેર હિતની અરજીના સંદર્ભમાં પથદર્શક ચુકાદો જાહેર કર્યો. આ કેસમાં ઠરાવ્યું છે કે સામાન્ય

જનતા અથવા જનતાના ચોક્કસ વર્ગ અને સમૂહના કોઇ કાનૂની અથવા બંધારણીય અધિકારોનો ભંગ થયેલ હોય અને સમૂહ ન્યાય માટે કોઇ કારણોસર અસમર્થ હોય ત્યારે જાહેર જનતામાંથી પૂરતું હિત ધરાવતી ( Sufficient Interest) કોઇ પણ વ્યકિત આવા કાનૂની અથવા બંધારણીય અધિકારોના અમલ માટે જાહેર હિતની અરજી કરી શકે અદાલતે આવા પ્રસંગે એ જોવાનું રહે છે કે આવી વ્યકિત બદઇરાદાથી અથવા રાજકીય હેતુસર અદાલત સમક્ષ આવેલ છે કે કેમ?

- ૧૯૮૨માં નવી દિલ્હીમાં એશિયાડ રમતોત્સવ યોજાયો હતો. આ રમતોત્સવના સ્ટેડિયમ વગેરેના બાંધકામમાં બાળમજૂરોનો છૂટથી ઉપયોગ કરાયો હતો. તેમને ઓછું વેતન ચૂકવાતું હતું અને અન્ય રીતે પણ તેમનું શોષણ કરાઇ રહ્યું હતું. બંધુઆ મુકિત મોરચા નામની સંસ્થાએ આ વિશે એક પત્ર લખીને સર્વોચ્ચ અદાલતનું ધ્યાન દોર્યું. સર્વોચ્ચ અદાલતે આ કેસમાં (૧૯૮૪) ઠરાવ્યું કે કલમ-૨૧ હેઠળ ગૌરવપૂર્વક અને શોષણમુક્ત જીવન જીવવાના અધિકારનો સમાવેશ થાય છે.

  નિરજા ચૌધરી વિરુદ્ધ સ્ટેટ ઓફ એમ.પી.(૧૯૮૨)ના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે વેઠિયા મજૂરોને મુકત કર્યા બાદ તેના પુનઃવસવાટની પણ રાજ્યે જોગવાઇ કરવી જોઇએ.

  શીલા બાર્સે વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૮૬)ના કેસમાં અરજદારે જુદા-જુદા રાજ્યોની જેલોમાં રખાયેલા ૧૮ વર્ષથી નીચેના બાળકોની સંખ્યાની ચકાસણી કરવા માટે તેમણે જેલોની જાતે મુલાકાત લેવાની દરખાસ્ત કરી હતી. સર્વોચ્ચ અદાલતે અરજદારને આ હેતુ માટે રૂા.૧૦,૦૦૦/- ચૂકવવા સંઘ સરકાર વિરુદ્ધ હુકમ કર્યો હતો.

- ગૌરવ જૈન વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયાના કેસમાં (૧૯૯૭) સર્વોચ્ચ અદાલતે વેશ્યાઓ અને તેમના બાળકો માટે પુનઃ વસવાટ, તાલીમ, શિક્ષણ, કાનૂની સહાય વગેરે બાબતોમાં સૂચનાઓ જારી કરેલ છે. સર્વોચ્ચ અદાલતે જણાવેલ છે કે આવી સ્ત્રીઓ અને તેમના બાળકોના પુનઃવસવાટ, રોજગાર, તાલીમ, શિક્ષણ વગેરે માટે મદદ કરવાની રાજય, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા જાહેર સેવાની ભાવના ધરાવતી વ્યકિતઓની ફરજ છે.

  સર્વોચ્ચ અદાલતના ધ્યાન પર આવ્યું કે કેટલાક રિવાજોને કારણે વેશ્યાવૃત્તિને ઉત્તેજન મળે છે માટે આવા રિવાજો ચાલુ રહેવા જોઇએ નહિ. દેવદાસી તરીકે યુવતીઓનું સમર્પણ ન થાય તે માટે આર્થિક પુનઃવસવાટની જરૂર હોવાનું સર્વોચ્ચ અદાલતે પોતાના ચુકાદામાં નોંધેલ છે. આવી સ્ત્રીઓના પુનઃ વસવાટનો કાર્યક્રમ હાથ ધરવા સમાજ કલ્યાણ ખાતાને આદેશ અપાયો હતો.

  આગ્રાના રક્ષણ ગૃહમાં સ્ત્રીઓની અમાનવીય સ્થિતિ વિશે ઇન્ડિયન એક્સપ્રેસમાં પ્રગટ થયેલો અહેવાલ વાંચી પ્રો.ઉપેન્દ્ર બક્ષીએ જાહેર હિતની અરજી કરી હતી. (૧૯૮૧) આ કેસમાં રક્ષણ ગૃહની સુધારણા માટે સર્વોચ્ચ અદાલતે યોગ્ય હુકમ કરેલો.

- કોમન કોઝ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા કેસ (૧૯૯૬)માં સર્વોચ્ચ અદાલતે નેશનલ કાઉન્સિલ ઓફ બ્લડ ટ્રાન્સફ્યુઝનની રચના કરવાનો સરકારને આદેશ કર્યો હતો અને તેનું કાર્યાલય દિલ્હી ખાતે રાખી વ્યવસાયિક લોહી આપનારાની પ્રથા નાબુદ કરવા જણાવ્યું હતું.

- શ્રી એમ.સી.મહેતા નામના દિલ્હીના એક વકીલે પર્યાવરણની રક્ષા બાબતે અડધો ડઝન જેટલી જાહેર હિતની અરજીઓ સર્વોચ્ચ અદાલતમાં કરેલી છે. આ સંદર્ભે સર્વોચ્ચ અદાલતે પંદર વર્ષ જૂના તમામ વાહનો ફેરવવાનું બંધ કરવાનો હુકમ કર્યો હતો.

- સુનિલ બત્રા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશનના કેસમાં (૧૯૮૦) અરજદાર પોતે એક કેદી હતો. તેણે કરેલી અરજીને જાહેર હિતની અરજી ગણવાનો હુકમ કરાયો હતો. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે કેદીઓના અધિકારોનું નિરૂપણ કર્યું હતું. આ કેસમાં ઠરાવાયું કે જેલની દીવાલો કાયદાના પથ્થરોથી બંધાય છે. કેદીઓને પણ બંધારણીય તેમજ માનવ અધિકારો હોય છે. કોઇ પણ કેદી કલમ-૨૧ હેઠળના મૂળભૂત અધિકારોના ભંગ માટે સર્વોચ્ચ અદાલતને અરજી કરી શકે છે. આ કેસમાં ઠરાવાયું છે કે કાચા કામના કેદીઓને દોષિત ઠરાવવામાં આવે નહીં ત્યાં સુધી નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે તેમને ગુનેગારો સાથે રાખી શકાય નહીં. આ કેસમાં કેદીઓને તેમના કુટુંબના સભ્યો તેમજ મિત્રોને કલમ-૧૯ હેઠળ મળવાની છૂટ હોવાનું ઠરાવાયેલ છે. હાથકડીને આ કેસમાં માનવ અધિકાર વિરુદ્ધ ગણાવી સર્વોચ્ચ અદાલતે અપવાદરૂપ કેસોમાં જ તેનો ઉપયોગ કરવા જણાવેલ છે.

  કાદ્રા પહાડિયા વિરુદ્ધ સ્ટેટ ઓફ બિહારના કેસમાં (૧૯૮૧) ઠરાવાયેલ છે કે કાચા કામના કેદીઓને જેલની બહાર કામ કરવાની ફરજ પાડી શકાતી નથી. જસ્ટિસ ભગવતીએ આ કેસમાં ઠરાવેલ છે કે આવા કેદીઓને રાજ્યના ખર્ચે કાનૂની સહાય મળવી જોઇએ. ઝડપી કાનૂની કાર્યવાહી કલમ-૨૧ હેઠળ મૂળભૂત અધિકારનો ભાગ છે.

- એપેરેલ એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સિલ વિરુદ્ધ એ.કે.ચોપરાના કેસમાં (૧૯૯૯) સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે માનવ અધિકાર ભંગના પ્રશ્ને અદાલત આંતરરાષ્ટ્રીય સમજૂતીઓને ધ્યાનમાં લેશે. આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ અને દેશના કાયદા વચ્ચે જો કોઇ અસંગતતા જણાય તો અદાલત તેનો અમલ કરશે.

  જાવેદ વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના કેસમાં (૧૯૮૫) ફાંસીની સજાનો અમલ કરવામાં બે વર્ષ કરતાં વધારે સમય વીતી ગયો હતો. આરોપીનું વર્તન જેલમાં સારું હતું. તેને પોતાના ગુના બદલ પસ્તાવો થતો હતો. સંજોગોને ધ્યાનમાં લઈ સર્વોચ્ચ અદાલતે ફાંસીની સજા રદ કરી તેને આજીવન જીવન કેદની સજા ફરમાવી હતી.

- મીઠુ વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબના કેસમાં (૧૯૮૩) ભારતીય ફોજદારી કાયદાની કલમ-૩૦૩ને ગેરબંધારણીય ઠરાવી છે. આ કલમમાં આજીવન કેદની સજા પામેલ આરોપીને હત્યા બદલ ફરજીયાત દેહાંતદંડની સજા ફરમાવવાની જોગવાઇ કરાયેલ હતી. આ કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે કલમ-૩૦૩થી બંધારણની કલમ-૧૪ અને ૨૧ નો ભંગ થાય છે.

  ભીમસીગ વિરુદ્ધ સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીરના કેસમાં (૧૯૮૫) એક ધારાસભ્યને ઈરાદાપૂર્વક ધારાસભાની બેઠકમાં હાજરી આપવા જતાં અટકાવીને કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા. આ કેસમાં બંધારણની કલમ-૨૧નો ભંગ થવા બદલ અદાલતે તેમને પચાસ હજારના વળતરનો હુકમ કરેલો.

- પિપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં (૧૯૯૭) સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે એન્કાઉન્ટરમાં મરાયેલી બે વ્યકિતઓની બાબતમાં કલમ-૨૧ હેઠળ જીવન જીવવાના અધિકારનો ભંગ કરાયો છે અને સાર્વભૌમ મુકિત ( Sovereign immunity) નો સિદ્ધાંત લાગુ પડતો નથી.

  Doctrine of sovereign immunityનો અર્થ એ થાય કે રાજ્યના સાર્વભૌમ કૃત્યો માટે રાજ્યની જવાબદારી થતી નથી. રાજ્યે પોતાની સાર્વભૌમ સત્તા હેઠળ કરેલ કૃત્યથી કોઇને ઇજા થાય તો રાજ્ય તે બદલ જવાબદાર નથી.

- ડી.કે.બાસુ વિરુદ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બંગાળના કેસમાં (૧૯૯૭) જાહેરહિતની અરજીમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે ધરપકડ કરાયેલી વ્યકિતઓ સાથે પોલીસનું અમાનુષી

અને ક્રૂરવર્તન સ્પષ્ટપણે કલમ ૨૧ નો ભંગ કરનારું છે. સર્વોચ્ચ અદાલતે ધરપકડના તમામ કેસોના સંદર્ભમાં માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી કર્યા છે.

### ૭.૪.૩ જાહેર હિતની અરજીના ગેરલાભો :-

I. આપણા ન્યાયતંત્રમાં કેસોનો ભરાવો ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યો છે. અદાલતોમાં આટલા બધા કેસોનો ભરાવો હોવા છતાં જાહેર હિતની અરજીઓને પ્રાથમિકતા આપવામાં આવે છે. તેનાથી કેસોનો ભરાવો છે તેમાં વૃદ્ધિ થશે.

આ ટીકા કે ગેરલાભની રજૂઆત અસ્થાને છે તેનું કારણ એ છે કે બાળમજૂરો, શોષિત સ્ત્રીઓ કે કેદીઓનું રક્ષણ કરવાની ન્યાયતંત્રની ફરજ છે. આવા કેસોને પ્રાથમિકતા મળવી જ જોઇએ.

II. જાહેર હિતની અરજીના નામે વ્યકિતગત લાભ કે રાજકીય લાભ માટે તેનો દુરુપયોગ થવાની શકયતા છે.

જાહેર હિતની અરજીનો દુરુપયોગ થવાની સંભાવના વિશે ન્યાયતંત્ર સજાગ છે. એસ.પાંડે વિરુદ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બંગાળના કેસમાં (૧૯૮૬) ઠરાવેલ છે કે જાહેરહિતની અરજીના નામથી સ્થાપિત હિતને ઉત્તેજન મળવું જોઇએ નહિ. આ કેસમાં ઠરાવ્યું કે જયારે મૂળભૂત અધિકારોનો ઉઘાડો ભંગ અથવા માનવ અધિકારો પર આક્રમણ થયેલ હોય અને જેનાથી અદાલતનો ન્યાયિક આત્મા કકળી ઉઠે તેવા કેસો જ અદાલત હાથ ધરશે.

એમ.સી.મહેતા (૧૯૮૭) અને ક્ષેત્રીય પ્રદૂષણ મુકિત સંઘર્ષ સમિતિના કેસ (૧૯૯૦)માં ઠરાવાયેલ છે કે સમાજ હિતના રક્ષણ માટે કરાયેલ જાહેરહિતની અરજી પરત્વે જ અદાલત ધ્યાન આપશે.

અદાલતને લખેલ પત્ર કે અખબારમાં પ્રગટ થયેલ સમાચારની નોંધ લઇને તેને જાહેરહિતની અરજી ગણીને ન્યાયતંત્રે સંખ્યાબંધ ચુકાદાઓ આપ્યા છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી ન્યાયતંત્રના આ વલણમાં પરિવર્તન આવેલ છે. જેટલી ત્વરાથી પત્ર કે સમાચારને જાહેરહિતની અરજી ગણવામાં આવતા હતા, તેમાં હવે કેટલાંક અનુભવોને ધ્યાનમાં લઇને ઓટ આવી છે.

સમગ્ર રીતે જોઇએ તો જાહેરહિતવાદના લાભો વધારે છે અને તેના દુરુપયોગની શકયતા સામે ન્યાયતંત્ર સજાગ હોવાથી તે નિવારી શકાય એમ છે.

## ૭.૫ સારાંશ

ધારાસભા અને કારોબારીની જેમ ન્યાયતંત્ર સરકારી તંત્રની અગત્યની શાખા છે. જેનું મુખ્યકાર્ય બંધારણ અને કાયદાઓનું અર્થઘટન કરીને ન્યાય આપવાનું છે, નાગરિકોના મૂળભૂત હક્કોનું રક્ષણ કરવાનું છે. સમવાયતંત્રમાં બે એકમ રાજયો કે એકમ રાજ્ય અને સમવાય સરકાર વચ્ચે તકરાર થાય તો સર્વોચ્ચ અદાલતે બંને પક્ષોને સાંભળીને ન્યાય આપે છે. અન્યાય એ હિંસા અને વિશ્વની તમામ ક્રાંતિઓ પાછળનું પરિબળ છે માટે સમાજને સસ્તો અને ઝડપી ન્યાય આપવાનું કાર્ય ખૂબ જ અગત્યનું છે. જાણીતું કાનૂની સૂત્ર છે કે, ''ન્યાય રાજગાદીને મજબૂત બનાવે છે.'' આ પરથી ફલિત થાય છે કે માત્ર ન્યાયતંત્રની હાજરી પૂરતી નથી. ન્યાયતંત્રએ લોકોને અહેસાસ કરાવવાનો છે કે તેમને ન્યાય મળશે જ.

સમવાયતંત્રી રાજ્યોમાં સમવાય સરકાર અને એકમ સરકારો વચ્ચે લેખિત

બંધારણ દ્વારા કાર્યોની વહેંચણી કરવામાં આવે છે. જો એકમ સરકાર અને સમવાય સરકાર વચ્ચે તકરાર થાય તો ન્યાયતંત્રે બંધારણનું અર્થઘટન કરીને ન્યાય આપવાનો છે, એટલું જ નહિ સમવાય સરકાર કે એકમ સરકાર પોતાના અધિકારક્ષેત્રની બહાર જઇને કાયદા ઘડે કે નાગરિકોના મૂળભૂત અધિકારોને અંકુશિત કરતો કાયદો કરે તો અદાલતમાં તેને પડકારતા ન્યાયતંત્ર તેને ગેરબંધારણીય અને રદબાતલ જાહેર કરી શકે છે.

ન્યાયતંત્રના આ કાર્યને અદાલતી સમીક્ષા કહેવાય. સર્વોચ્ચ અદાલત પોતે અગાઉ આપેલા ચુકાદાની પુનઃ સમીક્ષા પણ કરી શકે છે.

ન્યાયતંત્રની બે પરંપરાઓ છે. એક, જ્યારે ન્યાય માંગવામાં આવે ત્યારે જ ન્યાય આપવામાં આવે. બીજું, જેને અન્યાય થયો હોય તે ન્યાય માંગે તો જ આપે. સત્તા વિશ્લેષના સિદ્ધાંત પ્રમાણે ધારાસભાનું કાર્ય કાયદા ઘડવાનું છે, ન્યાયતંત્રનું નહિ. ન્યાયતંત્રે તો માત્ર ફરિયાદ આવે ત્યારે કાયદાને ધ્યાનમાં રાખીને કાનૂની ન્યાય આપવાનો છે.

જ્યારે ન્યાયતંત્ર પોતાની પરંપરાઓ છોડીને સામે ચાલીને પીડિતોને ન્યાય આપે, જેને અન્યાય ન થયો હોય તે બીજા માટે ન્યાય માંગે તો પણ ન્યાય આપે આને ન્યાયતંત્રની સક્રિયતા કહેવાય. સામાજિક અને આર્થિક ન્યાય માટે કાયદાઓ ઘડે તે પણ ન્યાયતંત્રની સક્રિયતા છે. જો કોઇ વ્યકિત બીજા કોઇ વ્યકિતને ન્યાય અપાવવા માટે, તેના મૂળભૂત અધિકારોની રક્ષા માટે ન્યાયતંત્રને પત્ર લખે કે અરજી કરે તો આવી અરજીને જાહેરહિતની અરજી કહેવાય. ન્યાયતંત્રએ આવી અરજીઓને ધ્યાનમાં લઇને જે તે પીડિત વર્ગને ન્યાય આપ્યો છે. આમ, જાહેર હિતની અરજી અને ન્યાયતંત્રની સક્રિયતા એક બીજા સાથે જોડાયેલ છે. આવી અરજીઓથી સમાજના પીડિત અને અસહાય વર્ગો જેવા કે બાળમજૂરો, વેશ્યાઓ, કેદીઓ વગેરેને અવશ્ય લાભ થયો છે.

## ૭.૬ સંદર્ભ ગ્રંથો


(૧) પંડ્યા હસમુખ : રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-૨, અનડા પ્રકાશન, અમદાવાદ.

(૨) ભારત સરકાર વિધિ અને ન્યાયમંત્રાલય દ્વારા પ્રકાશિત : ભારતનું સંવિધાન, ચતુર્થ આવૃત્તિ ૨૦૧૧

(૩) કારીઆ એ.એન., દાવડા સી.આર., સી.જમનાદાસની કંપની : જાહેર હિત વકીલાત, દ્વિતીય અદ્યતન આવૃત્તિ ૨૦૦૫-૨૦૦૬

(૪) Concise Law Dictionary, A.N.Karia, C.Jamnadas & Co. Third Edition 2011-12

(૫) http://www.thehindu.com/opinion/lead/Disturbing-trends-in-Judicial-activism/article 12680891.ece

(૬) https://legaldictionary.net/judicial-activism/

(૭) https://www.britannica.com/toipc/judicial-activism

(૮) https://www.fjc.gov/histroy/timeline/judiciary-act-1789-establishes-federal-courts

(૯) **काश्यप सुभाष, गुप्त विश्व प्रकाश, राजनीति कोष, हिन्दी माध्यम कार्यान्वय निर्देशालय, दिल्ली विश्वविद्यालय, प्रथम संस्करण १९९८**

## ૭.૭ તમારી પ્રગતિ ચકાસો

★ આ એકમના આધારે નીચે પ્રમાણેના પ્રશ્નોના જવાબ આપો.

૧. ન્યાયતંત્રનો અર્થ સમજાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

૨. ન્યાયતંત્રનું મહત્ત્વ સમજાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

૩. ન્યાયતંત્રના કાર્યોની ચર્ચા કરો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

૪. જાહેર હિતની અરજી ( P.I.L.) વિશે સમજાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

૫. અદાલતી સમીક્ષા વિશે સમજાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

# નોંધ

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ


**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-89456-25-7

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ -રાજ્યશાસ્ત્ર
PSCM 102 / PSCS 102
PSCMJ 102 / PSCMN 201
સરકારી તંત્ર વ્યવસ્થા
(મુખ્ય તથા ગૌણ)




# સરકારના વિવિધ સ્વરૂપો 3

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે, જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ !

કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**સંપાદનઃ**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ.પુષ્પાબહેન મોતિયાની | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**વિષય સલાહકાર સમિતિ( PAC):**

| | |
|---|---|
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા. |
| ડૉ.ગજેન્દ્રસિંહ પી. જાડેજા | એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કોલેજ, એમ.કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ. હેમાબહેન જીકાદરા | એસોસિએટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર , ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમિત ધોળકિયા | પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા. |
| ડૉ.પુષ્પાબહેન મોતિયાની | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**લેખનઃ**

| | |
|---|---|
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| શ્રીમતી રંજનબાળા ગોહિલ | રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ અને કાર્યકારી પ્રિન્સીપાલ, શ્રીમતી ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભાવનગર |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| ડૉ. દીપક ભાનુશંકર ભટ્ટ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સરસપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ. |


પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ISBN: "978-93-89456-26-4"

પ્રકાશન વર્ષ : 2020

# વિભાગ 03
## સરકારના વિવિધ સ્વરૂપો


| | |
|---|---|
| એકમ : 8<br>એકતંત્રી સરકાર | 5 |
| એકમ : 9<br>સમવાયતંત્રી સરકાર | 13 |
| એકમ : 10<br>લોકશાહી | 25 |
| એકમ : 11<br>સરમુખત્યારશાહી | 39 |

# વિભાગ 03

## સરકારના વિવિધ સ્વરૂપો

સરકારી તંત્રવ્યવસ્થા પેપર નંબર **02** ના વિભાગ **03** માં કુલ ચાર એકમો છે.

એકમ : **8** એકતંત્રી સરકાર વિશેની માહિતી આપે છે. એકતંત્રી સરકારનો અર્થ, લક્ષણો અને એકતંત્રી સરકારના ફાયદા અને ગેરફાયદાની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે.

એકમ : **9** સમવાયતંત્રી સરકાર વિશેની માહિતી આપે છે. સમવાયતંત્રી સરકારનો અર્થ, લક્ષણો અને સમવાયતંત્રી સરકારના ફાયદા અને ગેરફાયદાની ચર્ચા તથા એકતંત્રી સરકાર અને સમવાયતંત્રી સરકાર વચ્ચેના તફાવતની ચર્ચા આ એકમમાં કરવામાં આવી છે.

એકમ : **10** લોકશાહીમાં લોકશાહીની વ્યાખ્યા અને અર્થઘટન, લોકશાહીના લક્ષણો, લોકશાહીના પ્રકારો જેમાં પ્રત્યક્ષ લોકશાહી અને પરોક્ષ લોકશાહી અંગે ચર્ચા કરવામાં આવી છે. આ એકમમાં લોકશાહીના લાભ અને ગેરલાભની સમજૂતી આપવામાં આવી છે.

એકમઃ **11** સરમુખત્યારશાહી એકમમાં સરમુખત્યારશાહીની વ્યાખ્યા અને અર્થઘટન, સરમુખત્યારશાહીના પ્રકારો અને લાભ અને ગેરલાભનો અભ્યાસ તમે કરશો.

એકમ ૦૮

# એકતંત્રી સરકાર

## રૂપરેખા


૮.૦ ઉદ્દેશો

૮.૧ પ્રસ્તાવના

૮.૨ એકતંત્રી સરકાર : અર્થ

૮.૩ એકતંત્રી સરકારના લક્ષણો

૮.૩.૧ કેન્દ્ર સરકારમાં સત્તાનું કેન્દ્રીકરણ

૮.૩.૨ કેન્દ્રીય ધારાસભાની સર્વોપરિતાનો સ્વીકાર

૮.૩.૩ સ્થાનિક સરકારો ઉપર કેન્દ્ર સરકારનું વર્ચસ્વ

૮.૩.૪ સુપરિવર્તનશીલ બંધારણ

૮.૩.૫ એક જ નાગરિકતા

૮.૩.૬ લિખીત બંધારણ આવશ્યક નથી.

૮.૩.૭ રાષ્ટ્રીય એકતા અને એકરૂપતા ઉપર વિશેષ ભાર

૮.૪ એકતંત્રી સરકારના ફાયદાઓ

૮.૪.૧ મર્યાદિત વસતિ અને વિસ્તાર ધરાવતા દેશ માટે સફળ અને આવકારદાયક

૮.૪.૨ ભાવનાત્મક એકતા અને રાષ્ટ્રભાવના મજબુત બને છે.

૮.૪.૩ સમય, શકિત અને નાણાનો બચાવ

૮.૪.૪ ઝડપી નિર્ણય, ઝડપી પ્રક્રિયા, ઝડપી અમલીકરણ

૮.૪.૫ વહીવટી વિભાજનમાં સરળતા

૮.૫ એકતંત્રી સરકારના ગેરફાયદાઓ

૮.૫.૧ બંધારણની સર્વોપરિતા જોખમાય છે.

૮.૫.૨ કેન્દ્રીય ધારાસભાનુ વર્ચસ્વ વધે છે.

૮.૫.૩ સ્થાનિક સરકારો સંપૂર્ણ રીતે સ્વાયત્ત રહી કાર્ય કરી શકતી નથી.

૮.૫.૪ છેવટનાં નિર્ણયની સત્તા કેન્દ્ર પાસે

૮.૫.૫ આપખુદશાહીની શકયતા રહે છે.

૮.૫.૬ વિવિધ સમુદાય હિતોની જાળવણી સામે પડકાર

૮.૬ સારાંશ

૮.૭ ચાવીરૂપ શબ્દો

૮.૮ કેટલાક ઉપયોગી પુસ્તકો

૮.૯ તમારી પ્રગતિ ચકાસો

૮.૧૦ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## ૮.૦ ઉદ્દેશો

વિદ્યાર્થીઓ તમે આ એકમનાં અભ્યાસની નીચેની બાબતોથી માહિતગાર થશો.

- **એકતંત્રી સરકારનો અર્થ જાણી શકશો.**
- **એકતંત્રી સરકારની લાક્ષણિકતાઓથી પરિચીત થશો.**
- **એકતંત્રી સરકારના ફાયદાઓ જાણી શકશો.**
- **એકતંત્રી સરકારના ગેરફાયદાઓ સમજી શકશો.**

## ૮.૧ પ્રસ્તાવના

એકમ ૦૭ માં તમે ન્યાયતંત્ર અંગે સમજ પ્રાપ્ત કરી. વિદ્યાર્થી મિત્રો આ એકમમાં સરકારનાં વિવિધ સ્વરૂપો પૈકી એકતંત્રી સરકાર વિષે અભ્યાસ કરીશું. લોકશાહી રાજ્યોમાં સરકારનાં વિવિધ પ્રકારો છે. જે મુખ્યત્વે રીતે સંસદીય કે પ્રમુખીય છે. અને સમવાયતંત્રી કે એકતંત્રી છે. સામાન્ય રીતે સરકારનાં આ પ્રકારોનો સ્વીકાર દરેક દેશ પોતાની વસતિ, વિસ્તાર, રાજકીય વિચારધારા અને દેશની ભૂગોળને ધ્યાને રાખી કોઈ એક સરકાર કે શાસનનો સ્વીકાર કરે છે. એકતંત્રી સરકાર એટલે શું ?તેની લાક્ષણિકતાઓ કેવા પ્રકારની હોય છે, તેના ફાયદાઓ અને ગેરફાયદાઓ અંગેની સમજ આ એકમના અભ્યાસથી તમે પ્રાપ્ત કરશો.

## ૮.૨ એકતંત્રી સરકારનો અર્થ

એકતંત્રી સરકારએ સરકારનો એક પ્રકાર છે. પશ્ચિમમાં સામંતશાહી યુગ દરમિયાન સામંતશાહીની પડતી બાદ રાજાઓની સત્તામાં વધારો થયો હતો. રાજા અને મંત્રીઓ સત્તાનાં કેન્દ્ર બન્યા હતા. કેન્દ્રીય સત્તા વધુ મજબુત બનવા લાગી. આ એકતંત્રી સરકારમાં રાષ્ટ્રવાદનું તત્ત્વ પણ રહેલું છે. આધુનિક સમયમાં સરકારનો આ પ્રકાર સામાન્ય બન્યો છે.

સામાન્ય રીતે સમગ્ર દેશમાં એકજ સત્તા કે હકૂમત ધરાવતી સરકાર હોય તેમજ વહીવટી સરળતા માટે સમગ્ર દેશનું નાના-નાના પ્રદેશો કે વિભાગોમાં વિભાજન કરવામાં આવ્યું હોય તથા સ્થાનિક સરકારો તેને આધિન રહીને કાર્યો કરતી હોય તેવા પ્રકારની શાસન વ્યવસ્થા ધરાવતી સરકારને એકતંત્રી સરકાર તરીકે ઓળખવામાં આવે છે. એકતંત્રી સરકારમાં કેન્દ્રમાં રહેલી સરકાર સર્વોપરી સત્તા ધરાવે છે. જેમાં સત્તાનું કેન્દ્રીકરણ થયેલું હોય છે. રાજ્યશાસ્ત્રના વિવિધ અભ્યાસીઓ દ્વારા તેની વ્યાખ્યા આપવામાં આવી છે. જે નીચે પ્રમાણે જોઈએ.

૧. **પ્રો. એ.વી.ડાયસી**

''સામાન્ય રીતે એકતંત્રી સરકાર એ સર્વોપરી ધારાકીય સત્તાનો અમલ કરતી એકમાત્ર કેન્દ્ર સત્તા છે.''

૨. **પ્રો. જેમ્સ. ડબ્લ્યુ. ગાર્નર**

''જયાં બંધારણ દ્વારા સરકારની તમામ સત્તાઓ એક મધ્યસ્થ અથવા વધુ તંત્રોને આપવામાં આવે છે, સ્થાનિક સરકારો જે પણ કાંઈ સત્તા કે સ્વાયત્તતા ધરાવે છે. તે કેન્દ્ર સરકાર પાસેથી પ્રાપ્ત કરે છે. અને વાસ્તવમાં તો તેમનું અસ્તિત્વ કેન્દ્ર સરકાર પર જ આધાર રાખે છે. ત્યાં એકતંત્રી સરકારની પદ્ધતિ અસ્તિત્વ ધરાવે છે.''

## ૮.૩ એકતંત્રી સરકારનાં લક્ષણો

એકતંત્રી સરકારનાં પાયામાં સત્તાનું કેન્દ્રીકરણ રહેલું છે. જેમાં કેન્દ્ર સરકાર સર્વોપરિતા ધરાવે છે. એકતંત્રી સરકારમાં ધારાસભાએ ઘડેલા કાયદાઓ મુજબ પ્રાદેશિક અને સ્થાનિક સરકારો પોતાનું કાર્ય કરી સત્તા ભોગવે છે.

### ૮.૩.૧ કેન્દ્ર સરકારમાં સત્તાનું કેન્દ્રીકરણ :

એકતંત્રી સરકારમાં એકજ સરકાર મુખ્ય હોય છે. જે કેન્દ્ર સરકાર તરીકે ઓળખવામાં આવે છે. જે સર્વોપરિતા ધરાવે છે. કેન્દ્ર સરકાર તમામ સત્તાઓ ધરાવે છે. પ્રાદેશિક સરકારોને સત્તા અને સ્વાયત્તતા કેન્દ્ર સરકાર તરફથી મળે તેટલા પ્રમાણમાં ભોગવવાની હોય છે.

### ૮.૩.૨ કેન્દ્રીય ધારાસભાની સર્વોપરિતાનો સ્વીકાર :

પ્રાદેશિક અને સ્થાનિક એકમો માટે કાયદો ઘડવાની સત્તા કેન્દ્રમાં રહેલી ધારાસભા પાસે છે. આ ધારાસભા દેશની આંતરિક વ્યવસ્થા અને બાહય સુરક્ષાને ધ્યાને રાખીને કાયદાઓ ઘડે છે. ધારાસભા સાર્વભોમત્વ ધરાવતી હોવાથી તેની સત્તાને કોઈ પડકારી શકતું નથી. આ રીતે ધારાસભાની સર્વોપરિતા સ્થપાય છે.

### ૮.૩.૩ સ્થાનિક સરકારો ઉપર કેન્દ્ર સરકારનું વર્ચસ્વ :

એકતંત્રી સરકારમાં બીજી અન્ય સ્થાનિક કે પ્રાદેશિક સરકારો અસ્તિત્ત્વ અને અમલમાં હોય તો છે, પરંતુ તેને સત્તા કેન્દ્ર પાસેથી મળે છે. કેન્દ્ર સરકાર પોતાની વહીવટી સરળતા માટે સ્થાનિક સરકારની રચના કરે છે. સ્થાનિક સરકારો ખરા અર્થમાં સ્વશાસન કરી શકતી નથી. સ્થાનિક સરકારો ઉપર કેન્દ્ર સરકારનો અંકુશ જોવા મળે છે. તેને આપવામાં આવેલી હોય તેટલી જ સત્તાનો ઉપયોગ તે કરી શકે છે.

### ૮.૩.૪ સુપરિવર્તનશીલ બંધારણ :

એકતંત્રી સરકારમાં ધારાસભાની સર્વોપરિતાનો સ્વીકાર કરવામાં આવ્યો હોવાથી બંધારણમાં ફેરફાર કરવાની પદ્ધતિ એકંદરે સરળ રહે છે. ફેરફાર કરવા માટે કોઈ વિશિષ્ટ પદ્ધતિનો ઉપયોગ કરવાની જરૂરિયાત રહેતી નથી. અહીં બંધારણ સુપરિવર્તનશીલ હોય છે.

### ૮.૩.૫ એક જ નાગરિકતા :

એકતંત્રી સરકારમાં નાગરિક એક જ નાગરિકતા ધરાવે છે. જે કેન્દ્ર સરકારની નાગરિકતા તરીકે પ્રાપ્ત થાય છે. દેશના તમામ નાગરિકોને એક જ સરકારનાં ગણવામાં આવે છે. પ્રાદેશિક નાગરિક્તા અલગથી પ્રાપ્ત થતી નથી.

### ૮.૩.૬ લિખીત બંધારણ આવશ્યક નથી. :

એકતંત્રી સરકારમાં બંધારણ દસ્તાવેજી એટલે કે લિખીત પ્રકારનું જ હોય તેવું બિલકુલ આવશ્યક નથી. દા.ત ઈંગ્લેન્ડનું બંધારણ અલિખીત છે. અને તેણે એકતંત્રી સરકારનો સ્વીકાર કર્યો છે.

### ૮.૩.૭ રાષ્ટ્રીય એકતા અને એકરૂપતા ઉપર વિશેષ ભાર :

એકતંત્રી સરકારમાં વિવિધ ભાષા, જાતિ, ધર્મ ધરાવતા લોકો વચ્ચે પણ રાષ્ટ્રીય એક્તા અને વિવિધતામાં પણ એકરૂપતા ઉપર વિશેષ ભાર આપવામાં આવે છે. રાષ્ટ્રપ્રેમ સર્વોચ્ચ માનવામાં આવે છે.

## ૮.૪ એકતંત્રી સરકારનાં ફાયદાઓ

### ૮.૪.૧ મર્યાદિત વસતિ અને વિસ્તાર ધરાવતા દેશ માટે સફળ અને આવકારદાયક :

નાના-નાના રાજ્યો માટે એકતંત્રી સરકાર ઘણીજ સગવડતા ભરી અને અસરકારક સરકાર છે. જ્યાં અમર્યાદિત વસતિ અને વિશાળ વિસ્તાર હોય ત્યાં એક જ સરકારનું કાર્યરત હોવું એ યોગ્ય નથી. વહીવટી સરળતા પણ તેમાં રહેતી નથી, આથી મર્યાદિત વસતિ ધરાવતા નાના દેશ માટે આ પ્રકારની સરકાર આવકારદાયક બની રહે છે.

### ૮.૪.૨ ભાવનાત્મક એકતા અને રાષ્ટ્રભાવના મજબુત બને છે. :

એકતંત્રી સરકારમાં નાગરિકને માત્ર એક જ નાગરિકતા આપવામાં આવે છે. બધા જ લોકો એક જ સરકારને વફાદાર હોય છે. એટલે કે એકતા ઉપર વિશેષ ભાર આપવામાં આવે છે. સમવાયતંત્રમાં વિવિધતા વચ્ચે એકતા સ્થાપવાનો પ્રયાસ કરવામાં આવે છે. જ્યારે એકતંત્રી સરકારમાં આપોઆપ લોકો ભાવનાત્મક એકતાના બંધનમાં જોડાયેલા રહે છે.

### ૮.૪.૩ સમય, શકિત અને નાણાનો બચાવ :

એકતંત્રી સરકારમાં પ્રાદેશિક કે સ્થાનિક સરકારો હોય તો પણ કાર્ય અને સત્તાની વહેંચણી એ કેન્દ્રની મરજીનો વિષય હોય છે. કેન્દ્રીય સરકાર મજબુત સરકાર તરીકે કાર્ય કરતી હોવાથી તથા સત્તાનું કેન્દ્રીય બિંદુ હોવાથી સમયનો બચાવ થાય છે. બિનજરૂરી બાબતોમાં સમય નો વ્યય થતો નથી. માનવ સ્ત્રોતો પણ મર્યાદિત હોવાથી વહીવટમાં શકિત વેડફાતી નથી. મર્યાદિત વસતિ અને વિસ્તાર ધરાવતા દેશમાં લોકો સુધી પહોંચવું પ્રમાણમાં સરળ રહે છે. સમય અને શક્તિનો તથા નાણાંનો વ્યય થતો નથી.

### ૮.૪.૪ ઝડપી નિર્ણય, ઝડપી પ્રક્રિયા, ઝડપી અમલીકરણ :

એકતંત્રી સરકારમાં વહીવટ ઝડપી બને છે. કેન્દ્રની ધારાસભા દ્વારા ઘડાયેલા કાયદાઓ ઝડપી અમલમાં મુકવામાં આવે છે. વિદેશનીતિ કે સુરક્ષા કે યુદ્ધને લગતા પ્રશ્નોનું નિરાકરણ તાત્કાલિક ધોરણે લાવવું શક્ય બને છે. દેશની આંતરિક વ્યવસ્થામાં કોઈ મુશ્કેલી હોય તો પણ તેનું નિરાકરણ ઝડપથી લાવી શકાય છે.

### ૮.૪.૫ વહીવટી વિભાજનમાં સરળતા :

એક રીતે વહીવટી વિભાગો પાડવામાં સરળતા રહે છે. વળી, સ્થાનિક સરકારોને કેન્દ્ર સરકાર કાર્યો સોંપે છે. તે મુજબ તે કાર્ય કરે છે. રાજ્યનાં વિસ્તારને કેટલા વિભાગોમાં વહેંચી વહીવટીતંત્ર ઉભુ કરવું તે નકકી કરવામાં સરળતા રહે છે. કોઈ ખાસ મુશ્કેલી પડતી નથી.

## ૮.૫ એકતંત્રી સરકારનાં ગેરફાયદાઓ

### ૮.૫.૧ બંધારણની સર્વોપરિતા જોખમાય છે. :

એકતંત્રી સરકારમાં બંધારણ લિખીત હોય એવું જરૂરી નથી. તેમજ કેન્દ્રીય ધારાસભા કાયદો ઘડતી હોવાથી સત્તાનું કેન્દ્રીકરણ ત્યાં થાય છે. બંધારણ જયાં લિખીત નથી ત્યાં બંધારણની સર્વોપરિતા જોખમાય છે. દા.ત ઈંગ્લેન્ડનું બંધારણ અલિખીત છે. માટે ત્યાંની ધારાસભાની સર્વોપરિતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અહીં એ ઉલ્લેખનીય છે કે લિખીત બંધારણ હોય ત્યાં બંધારણ મુજબ કેન્દ્ર સરકાર સત્તા ભોગવે છે.

### ૮.૫.૨ કેન્દ્રીય ધારાસભાનુ વર્ચસ્વ વધે છે.

એકતંત્રી સરકારમાં એકજ સરકાર અને તે કેન્દ્ર સરકાર તરીકે ઓળખાય છે. જેમાં ધારાસભા કાયદાનો મૂળ સ્ત્રોત છે. જે કાયદાઓ ઘડવાનું કાર્ય કરે છે. અહીં ધારાસભાનું વર્ચસ્વ વધવાની શક્યતાને નકારી શકાય નહી.

### ૮.૫.૩ સ્થાનિક સરકારો સંપૂર્ણ રીતે સ્વાયત્ત રહી કાર્ય કરી શકતી નથી.

કેન્દ્ર સરકાર પોતાની વહીવટી સરળતા માટે સ્થાનિક સરકારોને કાર્યો સોંપે છે. આ કાર્યો માટે કેટલીક સત્તાઓ સોંપે છે. આમ છતાં કેન્દ્ર સરકારનું વર્ચસ્વ હોવાથી સ્થાનિક કક્ષાએ આ સરકારો અસરકારક રીતે કાર્ય કરી શકતી નથી. સ્વતંત્રતા અને સ્વાયત્તતા નાં અભાવમાં તે કાર્યદક્ષ રીતે કાર્ય કરી શકતી નથી. ઘણીવાર કેન્દ્રીય સરકાર સ્થાનિક પ્રશ્નો પ્રત્યે દુર્લક્ષ બતાવે છે. કોઇ બાબત અંગે સ્થાનિક સરકાર અને કેન્દ્ર સરકાર વચ્ચે મતભેદ થાય તો કેન્દ્ર સરકાર તેનું નિરાકરણ લાવે છે.

### ૮.૫.૪ છેવટનાં નિર્ણયની સત્તા કેન્દ્ર પાસે :

સ્થાનિક સરકારોનું આયુષ્ય અને અસ્તિત્વ કેન્દ્ર સરકારની ઈચ્છા પર આધારિત છે. આ બન્ને વચ્ચે તકરાર થાય તો કેન્દ્ર દ્વારા લેવાયેલ નિર્ણય માન્ય રાખવો પડે છે.

### ૮.૫.૫ આપખુદશાહીની શકયતા રહે છે.

કેન્દ્ર સરકાર સર્વોપરી હોવાથી તે પોતાની સત્તાને કારણે જોખમી બને તેવી સંભાવના નકારી શકાય નહિ. જો કે જયાં દસ્તાવેજી બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હોય છે ત્યાં આ શકયતા ઓછી રહે છે. પરંતુ બિન દસ્તાવેજી બંધારણ હોય તો કેન્દ્રીય સરકારની આપખુદશાહીને નકારી શકાય નહિ.

### ૮.૫.૬ વિવિધ સમુદાય હિતોની જાળવણી સામે પડકાર :

વિવિધ પ્રકારની સામાજિક અને સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતા દેશોમાં વિવિધ પ્રકારના સમુદાયોને પોતાની ઓળખ કે હિતોની જળવણી કરવા સામે મોટો પડકાર ઊભો થવાની શકયતા રહે છે.

## ૮.૬ સારાંશ

રાજયનું શાસન એક જ કેન્દ્રીય સરકારને સોંપીને સત્તાનું કેન્દ્રીકરણ કરી વહીવટ કરવો તે એકતંત્રી સરકારનું હાર્દ છે. જેમાં ધારાસભા સર્વોપરી બને છે. એક જ નાગરિકતા હોવાથી સમગ્ર દેશનાં લોકોમાં એકતાની ભાવના વધુ દ્રઢ જોવા મળે છે. લોકો ભાવનાત્મક રીતે રાષ્ટ્રીય એકતાનાં રંગમાં રંગાય છે. વહીવટી સરળતા માટે પ્રાદેશિક કે સ્થાનિક સરકારોને વિભાગોમાં વહેંચી કાર્યો સોંપવામાં આવે છે. ક્યારેક તેમનો શ્વાસ રુંધાય છે. કારણકે કેન્દ્રની ઈચ્છા અને મરજી મુજબ તેમણે સત્તા ભોગવવાની હોય છે. એકતંત્રી સરકારમાં બંધારણમાં ફેરફાર કરવો હોય તો સરળતાથી કરી શકાય છે. ઝડપી પ્રશ્નોનું સમાધાન શક્ય બને છે. નાના અને મર્યાદિત સંખ્યાબળ વાળા દેશો માટે આ સરકાર સફળ પુરવાર થાય છે.

બ્રિટન,ફ્રાન્સ, સ્પેન, ડેન્માર્ક , હોલેન્ડ, નોર્વે, ન્યુઝિલેન્ડ જેવા દેશોએ એકતંત્રી સરકારનો સ્વીકાર કર્યો છે. વિદ્યાર્થી મિત્રો જેવી રીતે આ એકમમાં તમે એકતંત્રી સરકારના લક્ષણોની સમજ પ્રાપ્ત કરી તેના ફાયદા-ગેરફાયદા સમજ્યા છો. એવી જ રીતે આની પછીના એકમ-૦૯ માં તમે સમવાયતંત્રી સરકાર વિશે અભ્યાસ કરશો. આ બન્ને વચ્ચે શું તફાવત છે એ પણ તમે આગામી એકમનાં અભ્યાસથી સમજી શકશો.

## ૮.૭ ચાવીરૂપ શબ્દો

**આપખુદશાહી** : એવું શાસન જેમાં કોઇ એક ચોકકસ વ્યકિત કે વર્ગનો ઇજારો હોય. સમગ્ર તંત્ર વ્યવસ્થા તેના હાથમાં હોય.

**મધ્યસ્થ સરકાર** : મુખ્ય એક કેન્દ્રીય સરકાર.

**સુપરિવર્તનશીલ બંધારણ** : એવું બંધારણ જેમાં ફેરફાર કરવાની પદ્ધતિ સરળ હોય.

## ૮.૮ કેટલાક ઉપયોગી પુસ્તકો


૧) બ્રહ્મભટ્ટ.આર.ડી : 'રાજયતંત્ર' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૯૩.

૨) સ્વાદિયા.એસ.વી, ધારૈયા આર.કે. : 'રાજ્યશાસ્ત્રનાં સિદ્ધાંતો' પોપ્યુલર પબ્લિસીંગ હાઉસ, સુરત-૧૯૬૪

૩) पुरोहित.बी.आर : 'राजनीतिशास्त्र के मूल सिध्धांत' हिन्दी ग्रन्थ अकादमी, जयपुर, राजस्थान, तृतिय संस्करण, २००७

૪) नारायण इकबाल : 'राजनीतिशास्त्र के मूल सिध्धांत' प्रथम भाग, रतन प्रकाशन, दिल्ली, प्रथम संस्करण, १९७८-७९

૫) सिंह.आर.एल : 'राजनीतिशास्त्र के मूल सिध्धांत' रतन प्रकाशन मंदिर, आग्रा, तृतिय संस्करण, १९७८-७९

૬) Ray S.N., : Modern comparative politics: Approches methods and issues, Prentice-Hall, NewDelhi, 1998

૭) Johri J.C., : Comparative Politics, sterling publishers, New Delhi, 2011


## ૮.૯ તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો.**

૧. એકતંત્રી સરકારમાં સત્તાનું વિભાજન હોય છે.

૨. એકતંત્રી સરકારમાં સ્થાનિક સરકારો અને કેન્દ્ર સરકાર સમાન સત્તા અને દરજ્જો ધરાવે છે.

૩. એકતંત્રી સરકારમાં કેન્દ્ર સરકારનો સ્થાનિક સરકાર ઉપર અંકુશ જોવા મળે છે.

૪. ઈંગ્લેન્ડનું બંધારણ અલિખીત છે.

**(ખ) નીચે આપેલ બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ આપો.**

**૧. એકતંત્રી સરકારનાં લક્ષણો છે ____**

અ. કેન્દ્ર સરકારમાં સત્તાનું કેન્દ્રીકરણ

બ. સમવાયતંત્રનો સ્વીકાર

ક. બંધારણનો સંપૂર્ણ ત્યાગ

ડ. ત્રણમાંથી એક પણ નહિ.

**૨. કયા દેશમાં એકતંત્રી સરકાર જોવા મળે છે ?**

અ. નોર્થ

બ. સ્પેન

ક. ફ્રાન્સ

ડ. ઉપરોક્ત ત્રણેય

**૩. એકતંત્રી સરકારનો ફાયદો છે_____**

અ. નાના રાજ્યો માટે આવકારદાયક

બ. ભાવનાત્મક એકતા મજબૂત

ક. ઝડપી નિર્ણય

ડ. ઉપરોક્ત ત્રણેય

**૪. એકતંત્રી સરકારનો ગેરફાયદો એ છે કે _____**

અ. આપખુદશાહીની શક્યતા

બ. કેન્દ્રીય ધારાસભાનું વર્ચસ્વ વધુ

ક. ઉપરોક્ત બન્ને

ડ. ત્રણમાંથી એકપણ નહિ.

**૫. એકતંત્રી સરકારનાં સંદર્ભમાં હકિકત એ છે કે _____**

અ. એકજ નાગરિકત્વ મળે છે.

બ. સ્થાનિક સરકારો સંપૂર્ણ સ્વાયત્તતા ધરાવતી નથી.

ક. કેન્દ્રીય ધારાસભા કાયદો ઘડે છે.

ડ. ઉપરોક્ત ત્રણેય

**(ગ) નીચે આપેલા પ્રશ્નોનાં વિગતવાર જવાબ આપો.**

**૧. એકતંત્રી સરકાર એટલે શું ? તેના લક્ષણો વિગવાર સમજાવો.**

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

**૨. એકતંત્રી સરકારનાં ફાયદા-ગેરફાયદા ચર્ચો.**

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## ૮.૧૦ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(ક) ખરાં-ખોટાનાં જવાબો.**

૧. ખોટુ

૨. ખોટુ

૩. સાચું

૪. સાચું

**(ખ) બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબો.**

૧. અ- કેન્દ્ર સરકારમાં સત્તાનું કેન્દ્રીકરણ

૨. ડ- ઉપરોક્ત ત્રણેય

૩. ડ- ઉપરોક્ત ત્રણેય

૪. ક- ઉપરોક્ત બન્ને

૫. ડ- ઉપરોક્ત ત્રણેય

એકમ ૦૯

# સમવાયતંત્રી સરકાર

## રૂપરેખા

૯.૦ ઉદ્દેશો

૯.૧ પ્રસ્તાવના

૯.૨ સમવાયતંત્રી સરકાર : અર્થ

૯.૩ સમવાયતંત્રી સરકારના લક્ષણો

૯.૩.૧ દસ્તાવેજી બંધારણની સર્વોપરીતા

૯.૩.૨ દુષ્પરિવર્તનશીલ બંધારણ

૯.૩.૩ સત્તા અને કાર્યનું સ્પષ્ટ વિભાજન

૯.૩.૪ મધ્યસ્થ સરકારમાં દ્વીગૃહી ધારાસભાનો સ્વીકાર

૯.૩.૫ કેન્દ્ર અને રાજ્યોની સરકારોનો સમાન અને સ્વતંત્ર દરજ્જો

૯.૩.૬ અદાલતી સમીક્ષા

૯.૩.૭ સાર્વભૌમત્ત્વનો ત્યાગ અને કાયમી જોડાણ

૯.૩.૮ બેવડું નાગરિકત્વ

૯.૩.૯ બે પ્રકારની ચુંટણીઓ

૯.૩.૧૦ બે પ્રકારનાં વહીવટીતંત્રો

૯.૩.૧૧ બે પ્રકારનાં ન્યાયતંત્રો

૯.૪ સમવાયતંત્રી સરકારના ફાયદા-ગેરફાયદાઓ

૯.૪.૧ ફાયદાઓ

૯.૪.૨ ગેરફાયદાઓ

૯.૫ એકતંત્રી અને સમવાયતંત્રી સરકાર વચ્ચેનો તફાવત

૯.૬ સારાંશ

૯.૭ ચાવીરૂપ શબ્દો

૯.૮ સ્વાધ્યાય

૯.૯ જવાબો

૯.૧૦ સંદર્ભ સૂચિ

## ૯.૦ ઉદ્દેશો

આ એકમનાં અભ્યાસથી તમે નીચેની વિગતોથી માહિતગાર બનશો.

- તમે સમવાયતંત્રનો અર્થ અને વિભાવના જાણશો.

- તમે સમવાયતંત્રની લાક્ષણિકતાઓનો પરિચય કેળવશો.
- તમે સમવાયતંત્રી સરકારના ફાયદા કયા-કયા છે તે જાણી શકશો.
- તમે સમવાયતંત્રી સરકારનાં ગેરફાયદાઓ સમજી શકશો.
- તમે સમવાયતંત્રી સરકાર અને એકતંત્રી સરકાર વચ્ચેનો તફાવત, તુલનાત્મક અભ્યાસ દ્વારા સમજી શકશો.

## ૯.૧ પ્રસ્તાવના

આધુનિક સમયમાં જે દેશે લોકશાહીનો સ્વીકાર કર્યો છે ત્યાં સરકારનાં વિવિધ સ્વરૂપો પૈકી પોતાને અનુકુળ આવે તે સ્વરૂપ કે પ્રકારનો સ્વીકાર કરવામાં આવે છે. સામાન્ય રીતે સરકારનાં વિવિધ સ્વરૂપોમાં સંસદીય અને પ્રમુખીય સરકાર, એકતંત્રી અને સમવાયતંત્રી સરકારનો સમાવેશ થાય છે. વિદ્યાર્થી મિત્રો, તમે અગાઉનાં એકમમાં એકતંત્રી સરકારનો ઉંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. એકતંત્રી સરકારનો અભ્યાસ કર્યા બાદ આ એકમમાં તમે સમવાયતંત્રી સરકારનો અભ્યાસ કરશો. સમવાયતંત્ર એટલે શું? તેની લાક્ષણિકતાઓ કેવી હોય છે? એકતંત્રી સરકાર કરતા સમવાયતંત્રી સરકારના ફાયદા-ગેરફાયદા કયા કયા છે? આ સમગ્રનો અભ્યાસ આ એકમથી તમે કરશો.

## ૯.૨ સમવાયતંત્રી સરકાર : અર્થ

સમવાયતંત્ર માટે અંગ્રેજીમાં ફેડરેશન શબ્દ વાપરવામાં આવે છે. આ ફેડરેશન અથવા ફેડરાલીઝમ (**Federalism**) એ લેટિન શબ્દ ફોડસ (**Foedus**) ઉપરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ થાય **'સંધિ'** અથવા **'કરાર'**.

સમવાયતંત્ર એવા પ્રકારની રાજય વ્યવસ્થા છે જેમાં રાજયની સર્વોપરીતા મધ્યસ્થ સરકાર અને એકમ સરકારો વચ્ચે વહેંચાયેલી છે. બંને પ્રકારની સરકારો સમકક્ષ છે. આ એક કાયમી જોડાણ છે. બાહય આક્રમણો સામે સમવાયી દેશ એક થઇને રક્ષણ પ્રાપ્ત કરે છે. આ પ્રકારની વ્યવસ્થામાં વિવિધ રાજયો અમુક કારણોસર એક થઇને પોતાની સાર્વભૌમસત્તાનો ત્યાગ કરે છે. સંધિ કે કરાર દ્વારા તે કાયમી જોડાણો કરીને નવા જ રાજયની કાયમ માટે રચના કરે છે.

**વ્યાખ્યા :**

ડૉ. હર્મન ફાઈનરના મત અનુસાર ''સમવાયતંત્ર એવું રાજય છે જેમાં અધિકાર અને સત્તાનો અમુક અંશ સ્થાનિક વિસ્તારો પાસે હોય છે. જ્યારે બાકીનો ભાગ સ્થાનિક વિસ્તારોનાં જોડાણથી હેતુપૂર્વક વિચારીને રચવામાં આવેલ મધ્યસ્થ સંસ્થાને સોંપવામાં આવે છે. આ બંનેમાથી કોઇને એક બીજાનો અધિકાર અને સત્તા લઇ લેવાનો હક નથી.''

ઉપરોક્ત વ્યાખ્યાનાં આધારે સમવાયતંત્રને સમજવા માટે નીચેના મુદ્દાઓ તારવીએ.

**I.** **મધ્યસ્થ સરકાર એટલે કેન્દ્ર સરકાર.**

**II.** **એકમ સરકારો એટલે રાજય સરકારો.**

**III.** **એકમ રાજયો પોતાનાં સાર્વભૌમત્વનો ત્યાગ કરીને કાયમી જોડાણ કરે છે.**

**IV.** **મધ્યસ્થ સરકાર અને એકમ સરકારો વચ્ચે આ જોડાણ કાયમી હોવાથી બંધારણ સર્વોપરી છે.**

**V.** **સમવાયી રાજયોમાં વૈવિધ્ય હોવા છતાં બાહય આક્રમણ સમયે એકતાનું**

દ્રઢ ચિત્ર ઉપસી આવે છે.

**VI.** બંને સરકારો સમોવડી હોવાથી એકબીજાનાં સ્થાનની કક્ષાનો અથવા એકબીજાના અધિકાર પર તરાપ મૂકવાનો પ્રશ્ન રહેતો નથી.

**VII.** સમવાયતંત્રમાં શ્રેણીસ્તુપ આકારની રચના હોય છે. જેમાં સત્તા અને કામગીરી ઉપરથી નીચે સુધી વહેંચાયેલી છે.

**VIII.** સત્તાનું વિભાજનએ સમવાયતંત્રની હાર્દરૂપ બાબત છે.

## ૯.૩ સમવાયતંત્રી સરકારનાં લક્ષણો

સમવાયતંત્રી સરકાર વિશિષ્ટ લાક્ષણિક્તાઓ ધરાવે છે. વિદ્યાર્થી મિત્રો, તમે એકતંત્રી સરકારની લાક્ષણિકતાનો અભ્યાસ કર્યો છે. અહીં તમે સમવાયતંત્રની લાક્ષણિકતાઓ સમજશો. જે નીચે મુજબ જોઈએ.

### ૯.૩.૧ દસ્તાવેજી બંધારણની સર્વોપરીતા

સમવાયતંત્રી સરકારમાં બંધારણ લિખીત કે દસ્તાવેજી હોય છે. કેન્દ્ર-રાજ્ય સરકારો વચ્ચે કાર્યનું વિભાજન કરવામાં આવે છે. જેની સ્પષ્ટતા બંધારણ દ્વારા કરવામાં આવી હોય છે. સમવાયતંત્રમાં બંધારણ સર્વોપરી હોય છે. એકતંત્રી સરકારમાં બંધારણ લિખીત જ હોય તેવું જરૂરી નથી. પરંતુ સમવાયતંત્રી સરકારમાં બંધારણ દસ્તાવેજી હોય તે આવશ્યક જ નહીં પરંતુ અનિવાર્ય પણ છે.

### ૯.૩.૨ દુષ્પરિવર્તનશીલ બંધારણ

સમવાયતંત્રનો સ્વીકાર કરેલ દેશનું બંધારણ દુષ્પરિવર્તનશીલ હોય છે. એકતંત્રી સરકારની માફક તેમાં સામાન્ય પદ્ધતિથી ઝડપી ફેરફાર કરી શકાતો નથી. સમવાયતંત્રી સરકારમાં રાજ્યોની સરકારોનો મત પણ અગત્યનો હોવાથી ફેરફાર કરવા માટે વિશિષ્ટ પદ્ધતિનો ઉપયોગ થાય છે.

### ૯.૩.૩ સત્તા અને કાર્યનું સ્પષ્ટ વિભાજન

સમવાયતંત્રમાં મધ્યસ્થ સરકાર અને એકમ સરકારો વચ્ચે સત્તાનું સ્પષ્ટ વિભાજન થયેલું હોય છે. સત્તાનું વિકેન્દ્રીકરણએ સમવાયતંત્રી સરકારનું હાર્દ છે. સત્તા ઉપરથી નીચે સુધી વહેંચાયેલી હોય છે. આ સાથે જ કાર્યોનું પણ વિભાજન કરવામાં આવે છે. કેન્દ્ર સરકારે કરવાના કાર્યોની યાદી, રાજ્ય સરકારે કરવાના કાર્યોની યાદી, જરૂર પડેતો સંયુક્ત રીતે કરવાનાં કાર્યોની યાદી સ્પષ્ટ કરેલી હોય છે. તે મુજબ જ દરેકે પોતાનું કાર્ય કરવાનું હોય છે. કાર્યોની પ્રાથમિકતા પણ નક્કી કરવામાં આવે છે.

### ૯.૩.૪ મધ્યસ્થ સરકારમાં દ્વીગૃહી ધારાસભાનો સ્વીકાર

ધારાસભા બે પ્રકારની હોય છે. એકગૃહી ધારાસભા કે જેમાં એક જ ગૃહ હોય છે. અને બીજી છે દ્વીગૃહી ધારાસભા જેમાં બે પ્રકારના ગૃહ હોય છે. આ બે ગૃહોમાંથી સામાન્ય રીતે પ્રથમ ગૃહ પ્રજા દ્વારા પ્રત્યક્ષ રીતે ચુંટાયેલા પ્રતિનિધિઓનું બનેલું હોય છે. જ્યારે બીજુ ગૃહ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરે છે. સમવાયતંત્રનો સ્વીકાર કરેલો હોય તો મધ્યસ્થ સરકારે દ્વીગૃહી ધારાસભાનો સ્વીકાર કરવો એ તેની પૂર્વશરત છે. દા.ત. ભારતમાં લોકસભા અને રાજ્યસભા એમ બે ગૃહોનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

### ૯.૩.૫ કેન્દ્ર અને રાજ્યોની સરકારોનો સમાન અને સ્વતંત્ર દરજ્જો

વિદ્યાર્થીઓ તમને એવો પ્રશ્ન થાય કે કેન્દ્ર સરકાર ચડિયાતી છે કે રાજ્ય સરકાર? જ્યાં સમવાયતંત્રી સરકારનો સ્વીકાર કરવામાં આવ્યો હોય છે ત્યાં આ બંને પ્રકારની

સરકાર સમાન દરજ્જો ધરાવે છે. બંને સરકારો સ્વતંત્ર છે. મધ્યસ્થ સરકારનું કાર્યક્ષેત્ર સમગ્ર દેશને આવરી લે છે. જયારે રાજય સરકારનું કાર્યક્ષેત્ર પોતાના રાજયની સીમા પુરતું સીમિત હોય છે. પરંતુ દરજ્જાની દૃષ્ટિએ આ બંને સરકારો સમાન દરજ્જો ધરાવે છે.

### ૯.૩.૬ અદાલતી સમીક્ષા

કાર્યો અને સત્તાનું સ્પષ્ટ વિભાજન કરવામાં આવ્યું હોય આમ છતાં મધ્યસ્થ સરકાર અને એકમ સરકાર અથવા ઘટક સરકાર વચ્ચે અથવા રાજયો-રાજયો વચ્ચે કોઈ સંઘર્ષ, પ્રશ્ન કે સમસ્યા ઉપસ્થિત થાય તો તેનું નિવારણ સર્વોપરી અદાલત દ્વારા લાવવામાં આવે છે. સર્વોપરી અદાલત તટસ્થ અને નિરપેક્ષ રીતે પોતાનું કાર્ય કરે છે. સર્વોપરી અદાલત દ્વારા આપવામાં આવેલો ચૂકાદો બંને સરકારોને માન્ય હોય છે. કાયદાઓની બંધારણીયતા નકકી કરવાની સત્તાને અદાલતી સમીક્ષાની સત્તા તરીકે ઓળખવામાં આવે છે. કોઈ કાયદો કે નિયમ બંધારણની જોગવાઈ કે બંધારણની ભાવનાની વિરુદ્ધ હોય તો સર્વોપરી અદાલત તેને ગેર બંધારણીય જાહેર કરી, રદબાતલ કરી શકે છે. કેન્દ્ર કે રાજયો વચ્ચે અથવા રાજયો-રાજયો વચ્ચે જમીન, જળ, કે અન્ય બાબતે કોઈ પ્રશ્ન કે સંઘર્ષ ઉભો થાય ત્યારે સર્વોચ્ચ અદાલતનો આશરો લેવામાં આવે છે. જેનો નિર્ણય તમામને બંધનકર્તા હોય છે.

### ૯.૩.૭ સાર્વભૌમત્વનો ત્યાગ અને કાયમી જોડાણ

એકમ રાજયો પોતાનાં સાર્વભૌમત્વનો ત્યાગ કરે છે અને એક જ રાજયમાં જોડાય છે. સમવાયતંત્રમાં જોડાનાર રાજયનો નિર્ણય લિખિત અને કાયમી સ્વરૂપનો હોય છે. એકવાર સમવાયતંત્રમાં જોડાયા બાદ પછીથી છૂટા પડી શકાતું નથી. આ એક પ્રકારનું કાયમી જોડાણ છે.

### ૯.૩.૮ બેવડું નાગરિકત્વ

એકતંત્રી સરકારમાં નાગરિકને એક જ નાગરિત્વ પ્રાપ્ત થાય છે. જયારે સમવાયતંત્રી સરકારમાં બેવડું નાગરિકત્વ એટલે કે બે નાગરિકતા આપવામાં આવે છે. દેશનું નાગરિકત્વ અને જે-તે પ્રદેશનું ( એકમ, ઘટક રાજયનું ) નાગરિકત્વ. જો કે ભારત જેવા અપવાદરૂપ કિસ્સામાં જોઈએ તો ભારતે સમવાયતંત્રનો સ્વીકાર કર્યો હોવા છતાં દેશના નાગરિકને એક જ નાગરિકત્વ આપવામાં આવે છે.

### ૯.૩.૯ બે પ્રકારની ચુંટણીઓ

સામાન્ય રીતે મધ્યસ્થ સરકારની રચના માટે સામાન્ય ચુંટણીઓ કરવામાં આવે છે. જેનો મત વિસ્તાર સમગ્ર દેશને આવરી લે છે. જયારે રાજય કક્ષાએ થતી ચુંટણીઓનો મત વિસ્તાર જે તે રાજયની સીમા પૂરતો મર્યાદિત હોય છે. દા.ત ભારતમાં લોકસભાની ચુંટણી એ સામાન્ય ચુંટણી છે, જે સમગ્ર દેશને સ્પર્શે છે. એવી જ રીતે ગુજરાતની વિધાનસભાની ચુંટણીનો મત વિસ્તાર ગુજરાત પૂરતો મર્યાદિત છે. આમ કેન્દ્ર સરકારની ચુંટણી અને રાજય સરકારની ચુંટણી એમ બે પ્રકારની ચુંટણીઓ થાય છે.

### ૯.૩.૧૦ બે પ્રકારનાં વહીવટીતંત્રો

સમવાયતંત્રી સરકારનો સ્વીકાર કર્યો હોય તો વહીવટીતંત્રો પણ બે પ્રકારના સ્વીકારવા પડે છે. કેન્દ્ર અને રાજયનું વહીવટીતંત્ર અલગ-અલગ હોય છે. લોકોએ આ બંને વહીવટીતંત્રને અનુસરવાનું હોય છે. કયારેક તેમાં વિસંગતતા જણાય છે. અથવા મુશ્કેલીનો સામનો કરવો પડે છે, પરંતુ રાજયનું વહીવટીતંત્ર અને કેન્દ્રનું વહીવટીતંત્ર

અલગ-અલગ રહી પોતાનું કાર્ય કરે છે. આ કાર્ય કરવા માટે તેમને સત્તાઓ પણ આપવામાં આવે છે.

### ૯.૩.૧૧ બે પ્રકારનાં ન્યાયતંત્રો

મધ્યસ્થ સરકાર માટે ન્યાયતંત્ર અને રાજ્ય સરકાર માટે ન્યાયતંત્રની રચના અલગ-અલગ કરવામાં આવે છે. બંનેનું કાર્યક્ષેત્ર અલગ હોય છે. જો કે, ભારત જેવા દેશે સમવાયતંત્રનો સ્વીકાર કર્યો હોવા છતાં પણ એક અને સળંગ એવું તટસ્થ ન્યાયતંત્ર સ્વીકાર્યું છે. જેમાં સર્વોચ્ચ અદાલત એક જ છે.

આ રીતે સમવાયતંત્ર વિવિધ પ્રકારની વિશિષ્ટ એવી લાક્ષણિકતાઓ ધરાવે છે. અહીં એ સમજ મેળવવી આવશ્યક છે કે કોઇ દેશ આ લાક્ષણિકતાઓ સો ટકા ધરાવતું હોય જ તેવું જરૂરી નથી. દરેક દેશ પોતાને અનુકુળ આવે એ રીતે પોતાનાં દેશનું તંત્ર ગોઠવીને અમલમાં મૂકે છે. સામાન્ય રીતે આદર્શ સમવાયતંત્ર માટેની લાક્ષણિકતાઓ આ મુજબની હોય છે. પરંતુ પોતાને યોગ્ય લાગે તે રીતે રાજયો તેનો અમલ કરી, જરૂરી ફેરફારો સાથે તેનો સ્વીકાર કરતા હોય છે. આમ છતાં પાયામાં રહેલી હાર્દરૂપ બાબતોનો સ્વીકાર કરવો જ પડે છે. જે વાસ્તવમાં સમવાયી માળખાને પોષક હોય.

## ૯.૪ સમવાયતંત્રી સરકારના ફાયદા-ગેરફાયદાઓ

સરકારનાં કોઈપણ સ્વરૂપનો સ્વીકાર કરવામાં આવે તેનાં ફાયદા-ગેરફાયદાઓનો પણ સ્વીકાર કરવો જ પડે છે. વિદ્યાર્થી મિત્રો, જરૂરી નથી કે કોઇ એક દેશ માટે સફળ પૂરવાર થયેલ સરકારનો પ્રકાર કે સ્વરૂપ અન્ય દેશ માટે સફળ જ રહે. તેની સફળતા અને નિષ્ફળતાનો ઘણો-ખરો આધાર આંતરિક વ્યવસ્થા પર અને રાજકીય વ્યવસ્થા પર અવલંબે છે.

### ૯.૪.૧ ફાયદાઓ

**૧) વિશાળ વસતી અને વિસ્તાર ધરાવતા મોટા રાજયો માટે આવકારદાયક**

અમર્યાદિત વસતી અને વિસ્તાર ધરાવતા વિશાળ કે મોટા રાજયો માટે સમવાયતંત્રી પ્રથા આવશ્યક અને આવકારદાયક છે. એક જ સરકાર સમગ્ર દેશનો વહીવટ મોટા રાજયોમાં સરળતાથી કરી શકતી નથી. આ પ્રકારની વ્યવસ્થામાં સત્તાનું વિકેન્દ્રીકરણ થયેલું હોવા છતાં ઘટક સરકારોને સ્વાયત્તતા આપવામાં આવે છે.

**૨) વિવિધતામાં એકતા**

સમવાયતંત્રની સરકારમાં બધા જ રાજયોનું કાયમી જોડાણ થયેલું હોવાથી તેઓ એકતાની લાગણી અનુભવે છે. વિવિધ પ્રદેશો વચ્ચે જાતિ, ધર્મ, ભાષા, પોષાક, રહેણી-કરણીમાં વિવિધતા હોવા છતાં પણ એકતા જળવાય છે. એકબીજાની સંસ્કૃતિનો સ્વીકાર અને આદાન પ્રદાનની ભાવના લોકોને એક તાંતણે બાંધીને રાખે છે.

**૩) સલામતિ અને રક્ષણની ખાત્રી**

બાહ્ય આક્રમણો કે યુદ્ધનાં સંજોગોની શકયતા નહીવત રહે છે. આંતરિક રીતે તમામ રાજયોનું રક્ષણ થાય તેની ખાત્રી સમાન રીતે મળે છે. બાહ્ય સંકટો સામે સલામતિની ખાત્રી મળી રહે છે.

**૪) આંતરિક શાંતિ અને સહકારની ભાવના**

રાજયો-રાજયો વચ્ચે મતભેદો પ્રવર્તમાન હોય તે સ્વાભાવિક અને સહજ છે. આમ છતાં રાજયો વચ્ચે આંતરિક શાંતિ જળવાય છે. એકબીજાને મદદરૂપ બનવાની ભાવના કેળવાય છે. શિક્ષણ, ચીજવસ્તુઓની આયાત-નિકાસમાં પરસ્પર સહકારની

ભાવના મજબુત બનાવે છે.

**૫) ઇજારાશાહી દૂર કરે છે.**

સમવાયી પ્રથામાં કેન્દ્રસરકાર અને રાજ્ય સરકારો એક સમાન દરજ્જો ધરાવતા હોવાથી સત્તાની અને કાર્યની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવે છે. જેથી કેન્દ્ર સરકાર કે કેન્દ્રીય ધારાસભાની મનમાનીથી બચી શકાય છે. કેન્દ્ર સરકારની ઇજારાશાહીનો ભય દૂર થાય છે.

**૬) નબળા રાજ્યોનું રક્ષણ**

સમવાયતંત્રી સરકારમાં તમામ રાજ્યો સક્ષમ અને સમૃદ્ધ જ હોય તેવું જરૂરી નથી. જે રાજ્ય આર્થિક રીતે, લશ્કરી રીતે, શૈક્ષણિક રીતે પછાત હોય છે. તેનું રક્ષણ કરવાની ભાવના સમવાયતંત્રમાં અભિપ્રેત છે. સક્ષમ રાજ્યો દ્વારા નબળાં રાજ્યોનું રક્ષણ કરવામાં આવે છે. આંતરિક, પરસ્પર સહકાર અને સમજુતી દ્વારા આ શક્ય બને છે. વળી, બાહ્ય આક્રમણો સામે પણ નબળાં રાજ્યોનો ભય ઓછો થાય છે.

**૭) વિકાસની સમાન તક**

દરેક ઘટક કે એકમ રાજ્યોને પોતાનાં વિકાસ માટેની સમાન તક ઉપલબ્ધ હોય છે. દરેક રાજ્ય સરકારને પોતાનું વહીવટીતંત્ર સ્વતંત્ર રીતે કાર્યરત હોય છે. વળી કેન્દ્ર સરકાર પણ આ દિશામાં કાર્યશીલ હોય છે. નૈસર્ગિક રીતે જ પ્રાદેશિક અસમાનતાઓ હોવા છતાં દરેકને પોતાનો વિકાસ કરવાની સમાન તક મળે તે સમવાયતંત્રમાં ધ્યાનમાં રાખવામાં આવે છે.

**૮) કાર્યક્ષમતામાં વૃદ્ધિ**

સમવાયતંત્રમાં કેન્દ્ર સરકારનું માળખું અને રાજ્ય સરકારનું માળખું તથા સ્થાનિક સરકારોનું માળખું અલગ-અલગ રીતે અસ્તિત્વમાં હોય છે. જેથી સ્થાનિક પ્રશ્નોનો ઉકેલ સ્થાનિક કક્ષાએજ લાવી શકાય છે. વહીવટીતંત્રની કાર્યદક્ષતામાં વધારો થાય છે. લોકોનાં સર્વાંગી વિકાસ માટે ભરપુર તકો ઉપલબ્ધ કરાવવી સરળ બને છે.

**૯) સ્થાનિક નેતાગીરીનો લાભ લઇ શકાય છે.**

સમવાયતંત્રી પ્રથામાં રાજ્ય કક્ષાએ અને સ્થાનિક કક્ષાએ સરકારો કાર્યરત હોવાથી સ્થાનિક નેતાગીરીને પ્રોત્સાહન અને ઉત્તેજન મળે છે. સ્થાનિક નેતૃત્વનો લાભ દેશની જનતાને મળે છે.

**૧૦) લોકશાહીને અનુરૂપ વ્યવસ્થા**

સત્તાનું વિકેન્દ્રીકરણ, નાણાંનું વિકેન્દ્રીકરણ, કાર્યનું વિકેન્દ્રીકરણ એ લોકશાહી વ્યવસ્થાને અનુરૂપ બાબતો ગણાય. સમવાયતંત્રી વ્યવસ્થામાં એ શક્ય બને છે. જેમાં સત્તા ઉપરથી નીચે સુધી પથરાયેલી હોય છે. લોકોને સહભાગી થવાની તક સરળતાથી મળે છે. લોકોનું રાજકીયકરણ કરવાનું શક્ય બને છે. લોકો લોકશાહી પદ્ધતિ અને મૂલ્યોથી વધુ માહિતગાર બને છે. લોકશાહીને અનુરૂપ તાલીમશાળા પૂરી પાડે છે.

## ૯.૪.૨ ગેરફાયદાઓ

**૧) ખર્ચાળ પદ્ધતિ**

બેવડી ધારાસભા, બેવડું ન્યાયતંત્ર, બેવડું વહીવટીતંત્ર, કાર્યરત હોવાથી ખર્ચ વધે છે. ઘણીવાર રાજ્યસરકારો કેન્દ્ર સરકાર પાસેથી અનુદાન મેળવે છે. ખર્ચ બેવડાય છે. બે સરકારો કાર્યરત હોવાથી ખર્ચ વધી જાય છે.

**૨) ત્વરિત નિર્ણયમાં વિલંબની શકયતા**

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને અમુક બાબતોમાં મતભેદ હોય તે સ્વાભાવિક

છે. ઘણીવાર આંતરરાષ્ટ્રીય બાબતોમાં સંધિ કે કરારની બાબતોમાં ત્વરિત નિર્ણય લઇ શકાતો નથી. સ્પષ્ટ બહુમતી ધરાવનાર સરકાર ન હોય તો મુશ્કેલી વધી જાય છે.

**૩) પક્ષપાતની શકયતા**

કેન્દ્ર સરકાર અને રાજય સરકારોમાં સત્તાધારી પક્ષ એકજ હોય એવું જરૂરી નથી. જયાં સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષ અલગ-અલગ કાર્યરત હોય છે ત્યાં પક્ષપાત કે વહાલા દવલાની શકયતા રહે છે. ખાસ કરીને કેન્દ્રમાં સત્તાધારી પક્ષ રાજયમાં વિરોધ પક્ષની સરકારને સહકાર આપવામાં અડચણ ઉભી કરે અથવા તે માટે હકારાત્મક વલણ ન અપનાવે તેવી પણ શકયતા રહે છે. ઘણીવાર પક્ષપાતને કારણે વિકાસને લગતા પ્રજાકીય કાર્યો પણ અવરોધાય છે.

**૪) ન્યાયતંત્રનું વર્ચસ્વ**

સમવાયતંત્રી વ્યવસ્થામાં જયારે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર વચ્ચે અથવા કેન્દ્ર સરકાર અને અમુક રાજયો વચ્ચે અથવા રાજયો-રાજયો વચ્ચે પ્રશ્ન ઉપસ્થિત થાય છે, ત્યારે ન્યાયતંત્રમાં સર્વોચ્ચ અદાલતનો આશરો લેવામાં આવે છે. સર્વોચ્ચ અદાલતનો ચૂકાદો કે નિર્ણય અમાન્ય કરી શકાતો નથી. ઘણીવાર આ સત્તાને કારણે ન્યાયતંત્રનું વર્ચસ્વ ઘણું વધી જાય છે. આવા સંજોગોમાં નિષ્પક્ષ અને તટસ્થ ન્યાયતંત્ર અપેક્ષિત છે. તેની સ્વતંત્રતા જોખમમાં ન મૂકાય તેની કાળજી પણ રાખવી જરૂરી બને છે.

**૫) સમયને અનુરૂપ થઇ શકાતુ નથી.**

મોટાભાગે બંધારણ દુષ્પરિવર્તનશીલ હોવાથી, આ પ્રકારની વ્યવસ્થામાં બંધારણમાં ફેરફાર સરળતાથી કરી શકાતો નથી. વર્તમાન સમયની માંગ અને આવશ્યક્તા મુજબ સમયને અનુરૂપ થઇને નિર્ણયો લઇ શકાતા નથી.

**૬) આર્થિક આયોજન માટે અયોગ્ય**

સમવાયી પ્રથામાં રાજય સરકારોએ નાણાંકીય બાબતોમાં આયોજનથી લઇને તેનાં અમલીકરણ સુધીની બાબતોમાં ઘણોખરો આધાર કેન્દ્ર સરકાર ઉપર રાખવો પડે છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકાર વચ્ચે તાલમેળ ન હોય તો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ઘટક સરકારો પોતાના આયોજનને અનુરૂપ નિર્ણયો લઇ અમલમાં મૂકી શકતી નથી.

**૭) વફાદારીનો પ્રશ્ન**

ઘણીવાર લોકો મુંઝવણ અનુભવે છે કે અમે કોને વફાદાર ? જે તે રાજય સરકારને કે કેન્દ્ર સરકારને ?જો કે વિવેક બુદ્ધિને આધારે લોકોનો અભિગમ સરકાર કે વ્યવસ્થા પ્રત્યે હોય છે. આમ છતાં કયારેક નીતિઓમાં વિરોધાભાસ જણાય કે, કેન્દ્ર અને રાજયનાં વહીવટમાં વિરોધાભાસ જણાય ત્યારે તથા અન્ય બાબતોમાં વફાદારીનો પ્રશ્ન ઉપસ્થિત થયા વગર રહેતો નથી. ભાવનાત્મક રીતે વ્યક્તિનું જોડાણ પોતાના રાજય અને પ્રદેશ માટે હોય તે સ્વાભાવિક છે.

સમવાયતંત્રના ફાયદા-ગેરફાયદાનો અભ્યાસ કર્યા પછી એમ કહી શકાય કે, પોતાને અનુકુળ આવે એ રીતે દરેક દેશ તેનો સ્વીકાર કરી અમલ કરે છે.

## ૯.૫ એકતંત્રી અને સમવાયતંત્રી સરકાર વચ્ચેનો તફાવત

વિદ્યાર્થી મિત્રો, અગાઉના એકમમાં તમે એકતંત્રી સરકારનો અર્થ, લક્ષણો, ફાયદાઓ અને ગેરફાયદો અંગે વિગતવાર અભ્યાસ કરી ચૂકયા છો. આ એકમમાં તમે સમવાયતંત્રી સરકાર વિશે વિગતે અભ્યાસ કર્યો છે. હવે આ બંનેનો તુલનાત્મક

અભ્યાસ આપણે કરીશું. આ બંને સરકારો વચ્ચે મુખ્ય કઇ બાબતોમાં તફાવત કે ભેદ છે તેની જાણકારી મેળવીશું. જે નીચેના ટેબલ દ્વારા સમજીએ.

**એકતંત્રી અને સમવાયતંત્રી સરકાર વચ્ચેનો તફાવત**

| ક્રમ | એકતંત્રી સરકાર | સમવાયતંત્રી સરકાર |
|---|---|---|
| ૧ | સત્તાનું કેન્દ્રીકરણ હોય છે. | સત્તાનું વિકેન્દ્રીકરણ હોય છે. |
| ૨ | કેન્દ્રીય ધારાગૃહનું વર્ચસ્વ વધે છે. | કેન્દ્રીય ધારાગૃહ દ્વીગૃહી હોય છે. |
| ૩ | સુપરિવર્તનશીલ બંધારણ મોટાભાગે જોવા મળે છે. | મોટા ભાગે બંધારણ દુષ્પરિવર્તનશીલ હોય છે. |
| ૪ | લિખીત બંધારણ હોય એવું અનિવાર્ય નથી | દસ્તાવેજી બંધારણ પ્રાથમિક આવશ્યકતા છે. |
| ૫ | એક જ નાગરિકત્વ હોય છે. | બેવડું નાગરિકત્વ હોય છે. |
| ૬ | સ્પેન, નોર્વે, હોલેન્ડ, ડેનમાર્ક સમવાયતંત્રી સરકારના ઉદાહરણો છે. આ ઉપરાંત બ્રિટન, ફ્રાન્સ, સ્વીડન, ન્યુઝીલેન્ડે પણ સમવાયતંત્રી સરકાર સ્વીકારી છે. | અમેરિકા તેનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયા, બ્રાઝીલ,કેનેડા, સ્વિત્ઝરલેન્ડ, ભારત,આર્જેન્ટીનાએ સમવાયતંત્રનો સ્વીકાર કર્યો છે. |
| ૭ | નાના રાજ્યો માટે આવકારદાયક છે. | મોટા રાજ્યો માટે આવકારદાય છે. |
| ૮ | રાષ્ટ્રીય એકતા ઉપર વિશેષ ભાર | વિવિધતામાં પણ એકતા જોવા મળે છે. |
| ૯ | બિનખર્ચાળ છે. કારણકે એક જ તંત્ર કે જે મુખ્ય છે. જે કાર્યરત છે. | ખર્ચાળ વ્યવસ્થા છે. દા.ત. બેવડી ધારાસભા, બેવડું ન્યાયતંત્ર, બેવડું વહીવટીતંત્ર |
| ૧૦ | બંધારણની સર્વોપરીતા જોખમાય છે. | બંધારણ સર્વોપરી છે. |
| ૧૧ | આપખુદશાહીની શક્યતા રહે છે. | ઇજારાશાહીની શક્યતા દૂર કરે છે. |
| ૧૨ | ઝડપી નિર્ણય લઇ શકાય છે. | નિર્ણય લેવામાં વિલંબની શક્યતા રહે છે. |
| ૧૩ | સ્થાનિક સરકારો કેન્દ્ર સરકારની મરજી પર અવલંબે છે. | સ્થાનિક સરકારો પ્રમાણમાં સ્વાયત્ત રહે છે. |
| ૧૪ | એકજ ધારાગૃહનો સ્વીકાર કરવામાં આવે છે. | દ્વીગૃહી ધારાસભાનો સ્વીકાર કરવામાં આવે છે. |
| ૧૫ | રાજ્ય સરકારોનું અસ્તિત્વ ન હોવાથી કેન્દ્ર સરકારની એક જ ચુંટણીનું મહત્ત્વ વિશેષ છે. | રાજ્ય સરકારોની ચુંટણી પણ કેન્દ્ર સરકારની ચુંટણી જેટલું જ મહત્ત્વ ધરાવે છે. |
| ૧૬ | સ્થાનિક નેતાગીરીનો લાભ લઇ શકાતો નથી. | સ્થાનિક નેતાગીરીનો લાભ લઇ શકાય છે. |

## ૯.૬ સારાંશ

સમવાયતંત્રી સરકારનું મુખ્ય હાર્દ સત્તાનું વિકેન્દ્રીકરણ છે. કાર્યોના વિભાજનની સાથે રાજ્ય અને કેન્દ્ર સરકાર એક સમાન દરજ્જો ધરાવે છે. અમેરિકા સમવાયતંત્રનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયા, કેનેડા, બ્રાઝીલ, ભારત, આર્જેન્ટીના, સ્વિત્ઝરલેન્ડ જેવા દેશોએ સમવાયતંત્રી સરકારનો સ્વીકાર કર્યો છે. બેવડું નાગરિકત્વ, કાયમી જોડાણ, દસ્તાવેજી બંધારણની સર્વોપરીતા, અદાલતી સમીક્ષા તેના અગત્યનાં લક્ષણો છે. સમવાયતંત્રની રચના માટે કેટલીક બાબતો આવશ્યક છે. જેમ કે સ્વતંત્ર સરકાર નીચે રહીને પ્રાદેશિક સરકાર તરીકે કાર્ય કરવાની તૈયારી એ તેની પૂર્વ શરત છે. સમવાયતંત્ર, સમૂહતંત્ર, એકતંત્ર, સહકારી સમવાયતંત્ર આ બધા વચ્ચે તફાવત છે. ત્રીજા વિશ્વનાં દેશોમાં સમવાયતંત્રએ અલગ જ ભાત ઉપસાવી છે. ભારતમાં પણ વિશિષ્ટ પ્રકારની સમવાય પ્રથા સ્વીકારવામાં આવી છે. જેનો વિગતે અભ્યાસ તમે આગળનાં વર્ષમાં કરશો.

## ૯.૭ ચાવીરૂપ શબ્દો

**સત્તાનું વિકેન્દ્રીકરણ** : સત્તાનું વિભાજન, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે સત્તાનું વિભાજન

**સમૂહતંત્ર** : સમૂહતંત્ર રાજ્યોનું ઢીલું જોડાણ છે. સમૂહતંત્રમાં રાજ્યો પોતાની સાર્વભૌમસત્તા જાળવી રાખે છે.

**સહકારી સમવાયતંત્ર** : જેમાં કેન્દ્ર સરકાર આત્મસંયમ જાળવે છે. તથા સર્વસામાન્ય અભિપ્રાય કેળવે છે.

## ૯.૮ સ્વાધ્યાય

**(અ) નીચે આપેલ વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો.**

૧. સમવાયતંત્રી સરકારમાં સત્તાનું વિભાજન કરવામાં આવે છે.

૨. સમવાયતંત્રમાં બંધારણ સુપરિવર્તનશીલ જ હોય તે અતિ આવશ્યક છે.

૩. સમવાયતંત્રમાં એકમ રાજ્યો પોતાનાં સાર્વભૌમત્ત્વનો ત્યાગ કરીને કાયમી જોડાણ કરે છે.

૪. સમવાયતંત્રમાં દસ્તાવેજી બંધારણની સર્વોપરીતા હોય છે.

૫. સમવાયતંત્રમાં મધ્યસ્થ સરકારમાં દ્વીગૃહી ધારાસભાનો સ્વીકાર કરવામાં આવે છે.

૬. સમવાતંત્રમાં નાગરિકોને બે નાગરિકતા આપવામાં આવતી નથી.

**(બ) નીચે આપેલી ખાલી જગ્યાઓ પૂરો.**

૧. વિશાળ વસતિ અને વિસ્તાર ધરાવતા મોટા રાજ્યો માટે.................. સરકાર આવકારદાયક છે.

૨. સમવાયતંત્રમાં ..................નાગરિકતા આપવામાં આવે છે.

**(ક) નીચે આપેલા બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબો આપો.**

**૧. સમવાયતંત્રની લાક્ષણિકતા છે કે............**

અ. દસ્તાવેજી બંધારણની સર્વોપરીતા

બ. દુષ્પરિવર્તનશીલ બંધારણ

ક. ઉપરોક્ત બંને

ડ. ત્રણમાંથી એકપણ નહી.

**૨. સમવાયતંત્રના સંદર્ભમાં જોઈએ તો તેમાં.....**

અ. મધ્યસ્થ સરકારમાં દ્વીગૃહી ધારાસભાનો સ્વીકાર કરવામાં આવે છે.

બ. મધ્યસ્થ સરકારમાં એકગૃહી ધારાસભાનો સ્વીકાર કરવામાં આવે છે.

ક. સત્તાનું કેન્દ્રીકરણ હોય છે.

ડ. ત્રણમાંથી એકપણ નહિ.

**૩. સમવાયતંત્રની ખાસીયત એ છે કે..............**

અ. બે નાગરિકતા

બ. બે વહીવટીતંત્રો

ક. બે પ્રકારનાં ન્યાયતંત્રો

ડ. ઉપરોક્ત ત્રણેય

**૪. સમવાયતંત્રનો ફાયદો એ છે કે......**

અ. વિવિધતામાં એકતા

બ. નબળા રાજ્યોનું રક્ષણ

ક. ઉપરોક્ત બંને

ડ. ત્રણ પૈકી એકપણ નહી.

**૫. સમવાયતંત્રનો ગેરફાયદો એ છે કે.....**

અ. ખર્ચાળ પદ્ધતિ

બ. સુપરિવર્તનશીલ બંધારણ

ક. ત્વરિત નિર્ણય લઈ શકાય છે.

ડ. સત્તાનું કેન્દ્રીકરણ

**૬. સમવાયતંત્રનું ઉત્તમ ઉદાહરણ આપો......**

અ. અમેરિકા

બ. ભારત

ક. જાપાન

ડ. કેનેડા

**(ડ) નીચે આપેલ ટૂંકનોંધ તૈયાર કરો.**

**૧. સમવાયતંત્રનાં લક્ષણો**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**૨. એકતંત્રી અને સમવાયતંત્રી સરકાર વચ્ચેનો તફાવત.**

..............................................................................

..............................................................................

....................................................................

....................................................................

**(ઇ) નીચે આપેલા પ્રશ્નોનો વિગતવાર જવાબ આપો.**

**૧. સમવાયતંત્રી સરકારનો અર્થ જણાવી તેની લાક્ષણિકતાઓની વિગતવાર ચર્ચા કરો.**

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

**૨. સમવાયતંત્રનાં ફાયદા-ગેરફાયદાઓનું વર્ણન કરો.**

....................................................................

....................................................................

....................................................................

....................................................................

....................................................................

## ૯.૯ જવાબો

**(અ) ખરાં-ખોટાંના જવાબો.**

૧.સાચું

૨. ખોટું

૩. સાચું

૪. સાચું

૫. સાચું

૬. ખોટું

**(બ) ખાલીજગ્યાનાં જવાબો.**

૧. સમવાયતંત્રી ૨. બે

**(ક) બહુવૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ.**

૧. ઉપરોક્ત બંને

૨. મધ્યસ્થ સરકારમાં દ્વીગૃહી ધારાસભાનો સ્વીકાર કરવામાં આવે છે.

૩. ઉપરોક્ત ત્રણેય

૪. ઉપરોક્ત બંને

૫. ખર્ચાળ પદ્ધતિ

૬. અમેરિકા

## ૯.૧૦ સંદર્ભ સૂચિ


| | |
|---|---|
| ૧. વ્યાસ રક્ષાબહેનઃ | 'સરકારનાં સ્વરૂપો' ગુર્જર પ્રકાશન, અમદાવાદ-૧૯૯૨ |
| ૨. બ્રહ્મભટ્ટ આર.ડી.: | 'રાજયતંત્ર' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ -૧૯૭૩. |
| ૩. सिंह.आर.एल. : | 'राजनीतिशास्त्र के मूल सिध्धांत' रतन प्रकाशन मंदिर, आग्रा, १९७८-७९ |
| ૪. जैन बी. एम., : और अन्य | 'राजनीतिशास्त्र के आधार' कॉलेज बुक डीपो, जयपुर, १९७६ |
| ५ नारायण इकबालः | 'राजनीतिशास्त्र के मूल सिध्धांत' प्रथम भाग, रतन प्रकाशन मंदिर, दिल्ली, १९७८-७९ |
| ૬. Ray S.N., : | Modern comparative politics:Approches methods and issues, Prentice-Hall, New Delhi, 1998 |
| ૭. Johri J.C., : | Comparative Politics, sterling publishers, New Delhi, 2011 |

એકમ ૧૦

# લોકશાહી

## રૂપરેખા


૧૦.૦ ઉદ્દેશો
૧૦.૧ પ્રસ્તાવના
૧૦.૨ લોકશાહીની વ્યાખ્યા અને અર્થઘટન
૧૦.૩ લોકશાહીના લક્ષણો
૧૦.૪ લોકશાહીના પ્રકારો
૧૦.૫ લોકશાહીના લાભ
૧૦.૬ લોકશાહીના ગેરલાભ
૧૦.૭ સારાંશ
૧૦.૮ સ્વાધ્યાય
૧૦.૯ સંદર્ભ ગ્રંથોની યાદી


## ૧૦.૦ ઉદ્દેશો :

આ એકમમાં તમે લોકશાહી વિશેનો પરિચય મેળવી શકશો.

- લોકશાહી વિશેનો ખ્યાલ મેળવી શકશો.
- લોકશાહીની વિશેષતાઓનો ખ્યાલ મેળવી શકશો.
- લોકશાહીના પ્રકારો, ફાયદા અને ગેરફાયદા વિશે જાણી શકશો.

## ૧૦.૧ પ્રસ્તાવના :

લોકશાહી એટલે શાસન પ્રક્રિયામાં લોકોની ભાગીદારી એક એવી શાસન વ્યવસ્થા કે જેમાં લોકો નોંધપાત્ર ભાગ ભજવતા હોય. લોકશાહી અને તેની સંસ્થાઓ વિષેનો ઉલ્લેખ પ્રાચીન ગ્રીક ઈતિહાસકારો, બૌદ્ધ અને જૈન ગ્રંથો, સૂત્રો, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અને પૌરાણિક ગ્રંથો, શિલાલેખો, તામ્રપત્રો વગેરેમાં જોવા મળે છે. આજે જે લોકશાહી અસ્તિત્વમાં છે. તેનો વિકાસ ધીરે ધીરે થયો છે.

## ૧૦.૨ લોકશાહીની વ્યાખ્યા અને અર્થઘટન :

વર્તમાન યુગને લોકશાહીના યુગ તરીકે અથવા તો વર્તમાન એકવીસમી સદીને લોકશાહીની સદી તરીકે ઓળખવામાં આવે છે. કારણકે લોકશાહીનો આજે વિજય થયો છે. આજે દરેક દેશ પોતાને લોકશાહી તરીકે ઓળખવાનું પસંદ કરે છે. લોકશાહી શાસનવ્યવસ્થાને ઉતમ રાજકીય શાસન પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. લોકશાહીનો અર્થ જાણીએ તે પૂર્વે આપણે તેના વિકાસ અંગેનો ટૂંકો પરિચય મેળવીએ.

લોકશાહી પ્રાચીન ગ્રીસમાં ગ્રીક નગર રાજ્યોમાં અને પ્રાચીન ભારતમાં અસ્તિત્વમાં હતી. આ સમયમાં રાજ્યોને ગણરાજ્યો તરીકે ઓળખવામાં આવતા હતા. બૌદ્ધ અને જૈન ધર્મના ફેલાવા સાથે લોકશાહીનો ખ્યાલ મજબૂત બન્યો.

રોમન સમયગાળામાં શરુઆતમાં લોકશાહી "પ્રજાસત્તાક" વ્યવસ્થાની ભેટ જોવા મળી છે. પરંતુ રોમન સામ્રાજ્યના વ્યાપની સાથે પ્રજાસત્તાકનો ખ્યાલ સીમિત બન્યો અને લોકશાહીનો છોડ કરમાઈ ગયો.

મધ્ય યુગમાં ૪૦૦ થી ૧૫૦૦ નાં સમય દરમ્યાન લોકશાહીનો વિકાસ થઈ શકયો નહી. આ સમયગાળામાં સામંતશાહી અસ્તિત્વમાં હતી. એટલે રાજા સામંતોના માધ્યમોથી શાસન કરતો હતો. રાજા અને પ્રજા વચ્ચેનો સીધો સંપર્ક હતો નહીં.

૧૩મી સદીમાં લોકશાહી વિચારધારાને પુર્નજીવન મળ્યું. આ સમય ગાળામાં રાજાશાહીની આપખુદ સત્તા સામે વિરોધની શરુઆત થઈ. આ સમયે કેટલાક કાયદાઓ ઘડાયા જે લોકશાહીના વિકાસ માટેના અગત્યના ગણાવી શકાય. ઈ.સ. ૧૨૧૫ નો મેગ્નાકાર્ટા, ઈ.સ. ૧૬૨૮માં પીટીશન ઓફ રાઈટ્સ અને ઈ.સ. ૧૬૮૯ માં બીલ ઓફ રાઈટ્સ જેવા કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા જે લોકશાહીની સ્થાપના તરફના અગત્યના પગલાં હતા. આમ ૧૩મી સદી થી ૧૫મી સદી સુધી આ રાજાશાહીમાંથી લોકશાહીમાં પરિવર્તનની પ્રક્રિયા ચાલુ રહી.

ઔધોગિક ક્રાંતિને કારણે લોકશાહીની વિકાસ યાત્રા આગળ વધી. ઈ.સ. ૧૯૧૮માં પુરુષોને પુખ્તવય મતાધિકાર અને લાંબી લડતને અંતે મહિલાઓને પણ ઈ.સ. ૧૯૨૮માં પુખ્તવય મતાધિકાર આપવામાં આવ્યો જેની સાથે સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર શકય બન્યો.

૧૮મી સદીમાં ફ્રેંચ ક્રાંતિને કારણે રાજાશાહી નબળી પડી. પ્રજાએ રાજાશાહી સામે પોતાનો વિરોધ નોંધાવવા ક્રાંતિનો માર્ગ અપનાવ્યો. પરિણામે લોકશાહીના મૂલ્યો જેવા કે સમાનતા, સ્વતંત્રતા, બંધુત્વની સ્થાપના થઈ.

ઈ.સ. ૧૭૭૫માં અમેરિકાવાસીઓએ બ્રિટીશ વિદેશી શાસકો સામે સ્વશાસનની માંગણી કરી. તેમને " પ્રતિનિધિત્વ નહીં તો કર નહીં " સૂત્રનો સહારો લીધો અને અંતે ઈ.સ. ૧૭૭૬માં અમેરિકા આઝાદ થયું. અમેરિકન ક્રાંતિના ફળસ્વરુપે અમેરિકામાં લોકશાહીની સ્થાપના થઈ. અમેરિકાનું બંધારણ ઘડવામાં આવ્યું ત્યારે માનવઅધિકારોને સર્વોચ્ચ મૂલ્યો તરીકે સ્વીકારવામાં આવ્યા. અમેરિકાના બંધારણનું જાહેરનામું એ લોકશાહી પરનો એક વિશિષ્ટ દસ્તાવેજ બન્યું. ત્યાર બાદ બ્રિટીશ કોમન વેલ્થના દેશોએ પણ લોકશાહી સ્વીકારી. બીજા વિશ્વયુધ્ધ બાદ ત્રીજા વિશ્વના રાષ્ટ્રોએ પણ લોકશાહીનો સ્વીકાર કર્યો. આપણે લોકશાહીની વિકાસયાત્રા વિષે ટૂંકમાં જાણકારી મેળવી. હવે આપણે લોકશાહીનો અર્થ જાણીશું.

લોકશાહીની કોઈ સ્પષ્ટ, પરિપૂર્ણ કે ચોકકસ વ્યાખ્યા નથી. તેને વિવિધ રીતે સમજાવવામાં આવે છે. જેમ કે, (૧) લોકશાહી એટલે પ્રજાકીય સાર્વભૌમત્વ, લોકશાહી એટલે લઘુમતિનું સાર્વભૌમત્વ, અન્યના માટે લોકશાહી એટલે ભૂલો કરવાનો અધિકાર, બહુમતિના શાસનનો અધિકાર લોકશાહી એટલે લોકોની, લોકો માટેની અને લોકો વડે ચાલતી સરકાર લોકશાહીમાં લોકોનું શાસન હોય છે. શબ્દની વ્યુત્પત્તિની દષ્ટિએ જોઈએ તો લોકશાહી અંગ્રેજી શબ્દ **Democracy** અને ગ્રીક શબ્દ **Demokratia** ઉપરથી ઉતરી આવ્યો છે. તેમાં બે ગ્રીક ખ્યાલો **Demos** અને **Kratos** નો સમાવેશ થાય છે. **Demos** નો અર્થ પ્રજા અને **Kratos** નો અર્થ શાસન થાય છે. આમ **Demokratia** એટલે પ્રજાનું શાસન તેવો અર્થ થાય છે.

(૨) આમ લોકશાહી એટલે એવી શાસન વ્યવસ્થા છે જેમાં પ્રજા શાસન કરતી હોય છે.

(૩) પ્રા. સાર્તોરીના મત મુજબ લોકશાહીની ખોટી વ્યાખ્યા કરવાથી લોકશાહી

તંત્ર ભયમાં મૂકાઈ જાય છે. **"For wrong ideas about Democracy make a Democracy go wrong".** લોકશાહીના ખ્યાલને લોકપ્રિય બનાવવો હોય તો લોકોમાં લોકશાહીની સમજ ઉભી થાય તે જરૂરી છે. તેને પ્રજાની સંમતિ દ્વારા ચાલતી સરકાર **(Democracy is government by consent)** તરીકે ઓળખવામાં આવે છે.

(૪) ઈ.સ. ૧૮૬૩ માં અબ્રાહમ લિન્કને લોકશાહીની વ્યાખ્યા કરતા જણાવ્યું કે, લોકશાહીએ લોકોની, લોકો દ્વારા અને લોકો માટેની સરકાર છે.

લોકશાહીએ માત્ર રાજકીય પધ્ધતિ નથી પરંતુ તે એક જીવનરીતિ છે. એક રાજકીય પધ્ધતિ ઉપરાંત તે એક જીવનશૈલી પણ છે. તે લોકોના જીવનમાં વણાઈ જાય છે . તે જીવનના દરેક ક્ષેત્રને સ્પર્શે છે અને મતભેદ કે ચર્ચાવિચારણાને અવકાશ આપે છે. રાજકીય ઉપરાંત અન્ય ક્ષેત્રો જેવા કે ધાર્મિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં બીજાના વિચારોને અભિપ્રાયોને ખેલદિલીપૂર્વક વ્યકત કરવાની તક પૂરી પાડે છે. આમ તે વ્યકિતના સન્માન સાથે સાથે અન્યના સ્વમાનને આદર આપે છે.

## ૧૦.૩ લોકશાહીના લક્ષણો

એક શાસન પદ્ધતિ તરીકે લોકશાહી કેટલાક લક્ષણો ધરાવે છે. જે આ પ્રમાણે છે.

(૧) સીમિત સરકાર એટલે બંધારણીય સરકારઃ

તે એક સીમિત સરકાર છે જે નિયમોથી કામ કરે છે એટલે તે બંધારણ અનુસાર કાર્ય કરે છે. તે બંધારણ દ્વારા મર્યાદિત સરકારની સ્થાપના કરે છે.

(૨) બહુમતિ શાસનનો સિદ્ધાંતઃ

લોકશાહીમાં બહુમતી દ્વારા નિર્ણય કરવામાં આવે છે. "એક વ્યકિત, એક મત" ના સિદ્ધાંત દ્વારા મતદાન કરવામાં આવે છે.

(૩) લઘુમતીના હક્કોનો સ્વીકારઃ

લોકશાહીમાં અનેક પ્રકારની લઘુમતીઓ અસ્તિત્વમાં હોય છે જેમ કે રાજકીય, ધાર્મિક, ભાષાકિય, જાતીય વગેરે આથી બહુમતી દ્વારા નિર્ણય કરતી વખતે લઘુમતીના હિતોનું રક્ષણ કરવામાં આવે છે.

(૪) ધારાસભા કાયદા ઘડનાર અંગ તરીકેઃ

લોકશાહીમાં ધારાસભા સર્વોચ્ચ અને મજબુત સંસ્થા છે તે કાયદા ઘડનારું અગત્યનું અંગ છે. ઉપરાંત તે સરકારની અગત્યની નીતિઓ, જાહેર નીતિ, આર્થિક નીતિ અને વિદેશ નીતિ ઘડતરમાં અગત્યની ભૂમિકા ભજવે છે.

(૫) મુકત અને વ્યાજબી ચૂંટણીઓઃ

લોકશાહીમાં મૂકત અને વાજબી ચૂંટણીઓ હોય છે જેના દ્વારા દર ચાર કે પાંચ વર્ષે પ્રજા પોતાના પ્રતિનિધિઓ પસંદ કરે છે.

(૬) રાજકીય પક્ષોની હાજરીઃ

લોકશાહીમાં રાજકીય પક્ષોની હાજરી હોય છે. જેના માધ્યમ દ્વારા પ્રજા ના પ્રતિનિધીઓ ચૂંટાય છે. લોકશાહીમાં સંસદીય અથવા પ્રમુખીય કારોબારી હોય છે જે વહીવટી કામગીરી સંભાળે છે.

(૭) નિષ્પક્ષ અને સ્વતંત્ર ન્યાયતંત્રઃ

લોકશાહીમાં ન્યાયતંત્રની હાજરી હોય છે. તે ન્યાય આપવાની કામગીરી ઉપરાંત અદાલતી સમીક્ષાની કામગીરી સંભાળે છે.

(૮) સંચાર માધ્યમો :

લોકશાહીમાં સંચાર માધ્યમો જેવાં કે અખબાર, સામયિકો, રેડિયો, ટેલિવિઝન જેવા માધ્યમો અગત્યની ભૂમિકા ભજવે છે.

## ૧૦.૪ લોકશાહીના પ્રકારો

લોકશાહીના મુખ્યત્વે કરીને બે પ્રકાર એટલે કે પ્રત્યક્ષ અને પરોક્ષ હોય છે. તેના પેટા પ્રકાર તરીકે સંસદીય અને પ્રમુખીય લોકશાહી પદ્ધતિઓ અસ્તિત્વ ધરાવે છે.

**પ્રત્યક્ષ લોકશાહી :**

રાજ્યના નાગરિકો સાર્વભૌમ સત્તાનો ઉપયોગ પ્રત્યક્ષ રીતે એટલે કે પોતે ભગીદારી કરીને કરી શકતા હોય ત્યારે તેને પ્રત્યક્ષ લોકશાહી તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારની લોકશાહી વર્તમાન સમયમાં સ્વીત્ઝરલેન્ડમાં જોવા મળે છે.આ લોકશાહી પરંતરાગત લોકશાહી છે. આવી લોકશાહી પ્રાચીન ગ્રીસમાં અસ્તિત્વમાં હતી.પ્રાચીન ભારતમાં પણ આવી લોકશાહી અસ્તિત્વમાં હતી. જેમાં હાથ ઉંચો કરીને પોતાની સંમતિ આપવામાં આવતી હતી.

**પ્રત્યક્ષ લોકશાહીની રીતિઓ :**

**(૧) પહેલ અધિકાર :**

પ્રતિનિધિત્વયુક્ત લોકશાહીમાં પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા ધારાસભામાં કાયદાનું ઘડતર કરવામાં આવે છે. પરંતુ પ્રત્યક્ષ લોકશાહીમાં પ્રજા પહેલ અધિકાર દ્વારા કાયદાનું ઘડતર કરે છે. પહેલ અધિકાર દ્વારા પ્રજા પોતાને જરૂરી હોય તેવા કાયદાઓ જો ધારાસભ્યો દ્વારા રજૂ કરવામાં ના આવે ત્યારે ખરડો રજૂ કરવાની પહેલ કરી શકે છે. આવો અધિકાર પ્રજા સ્વિત્ઝરલેન્ડના બંધારણમાં ફેરફાર કરવા માટે અને અમેરિકામાં રાજયોમાં સામાન્ય કાયદામાં ફેરફાર કરવા માટે ધરાવે છે.

પહેલ અધિકાર દ્વારા લોકો રાજકારણમાં સક્રિય ભાગીદારી કરી શકે છે અને લોકશાહીને જીવંત રાખી શકે છે. તેઓ સારી રીતે તેનું પાલન કરે છે. ઉપરાંત આ અધિકાર દ્વારા પ્રજા કાયદાઓ ઘડવા અંગે ધારાસભાને સક્રિય કરી શકે છે.

**(૨) લોકપૃચ્છાનો અધિકાર :**

ધારાસભાના કોઈ ખરડાને કોઈ બંધારણીય સુધારાને પ્રજાની સંમતિ માટે લોકોની સમક્ષ મૂકવામાં આવે છે જેથી કરીને તેમની ઈચ્છા જાણી શકાય. આ પદ્ધતિને લોકપૃચ્છા તરીકે ઓળખવામાં આવે છે. લોકપૃચ્છા ફરજીયાત લોકપૃચ્છા અને મરજિયાત લોકપૃચ્છા એમ બે પ્રકારની હોય છે. જ્યારે કોઈ ખરડાને લોકોની ઈચ્છા જાણવા માટે મોકલવો ફરજિયાત હોય છે તેને ફરજિયાત લોકપૃચ્છા તરીકે ઓળખવામાં આવેછે. જેમ કે સ્વીત્ઝરલેન્ડમાં જયારે બંધારણ સુધારવાનું હોય કે વિદેશના દેશોને લગતી આંતરરાષ્ટ્રીય સંધિ હોય તેને લગતા ખરડા લોકપૃચ્છા માટે મોકલવા ફરજિયાત છે.

મરજીયાત લોકપૃચ્છાએ લોકોની પોતાની ઈચ્છા દર્શાવે છે. જેમ કે ચોકકસ સંખ્યાના લોકો કોઈ ખરડો બનાવવા માટેની માંગ કરે ત્યારે તેને મરજિયાત લોકપૃચ્છા કહેવાય છે.

**(૩) લોકમત અધિકાર :**

લોકમત એટલે મતદાન દ્વારા લોકોની ઈચ્છા જાણવી અને તે પ્રમાણે નિર્ણય કરવો. જયારે કોઈ અગત્યનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે નિર્ણય લેવા પ્રજા માટે પ્રજાની આજ્ઞા માંગવામાં આવે છે. અને પ્રજાની ઈચ્છા મુજબ નિર્ણય લેવામાં આવે છે. ઉદાહરણ તરીકે રાજયની સીમામાં ફેરફાર કરવાનો હોય કે વસ્તીની અદલા-બદલી કરવાની હોય ત્યારે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે

છે. લોકમતના આ વિચારનું સમર્થન પ્રથમ વિશ્વયુદ્ધ બાદ અમેરિકાના પ્રમુખ વુડ્રો વિલ્સને કર્યુ હતું. જેથી કરીને જે તે રાષ્ટ્રની પ્રજા પોતાના રાષ્ટ્રના ભાવિનો ફેંસલો કરી શકે. વિશ્વયુદ્ધો બાદ ખાસ કરીને યુરોપનાં રાજ્યોના વિસ્તારમાં ફેરફાર કરવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કાશ્મીર પ્રશ્ને પણ લોકમત લેવાની માંગણી કરવામાં આવી હતી.

**(૪) પ્રતિનિધિને પાછા બોલાવવાનો અધિકાર:**

પ્રતિનિધિત્વયુક્ત લોકશાહીમાં મતદારો પોતાના પ્રતિનિધિને નક્કી કરેલા સમય માટે ચૂંટે છે અને તેઓ પ્રજાના પ્રતિનિધિ તરીકે શાસન સંભાળે છે. પરંતુ પ્રજાને લાગે કે આ પ્રતિનિધિ બરાબર કામ કરતા નથી ત્યારે તેઓ પોતાના પ્રતિનિધિને પાછો બોલાવી શકે છે પરંતુ આ અધિકારનો ઉપયોગ યોગ્ય રીતે ન કરવામાં આવે તો લોકશાહી માટે ખતરારૂપ બની જાય છે. આથી કેટલીક શરતોને આધિન રહીને આ અધિકારનો ઉપયોગ કરવો આવશ્યક છે.

**પરોક્ષ લોકશાહી :**

પ્રાચીન સમયમાં જયારે રાજયો નાનાં નાનાં હતા ત્યારે પ્રત્યક્ષ લોકશાહી આવકાર્ય હતી. પરંતુ આજના યુગમાં રાજ્યો વિસ્તારની દૃષ્ટિએ વિશાળ થતા જાય છે. આથી પ્રત્યક્ષ લોકશાહીનો અમલ કરવો થોડો મુશ્કેલ બને છે. પરિણામે પરોક્ષ લોકશાહીની પદ્ધતિઓ આવકાર્ય બની છે.

આ પ્રકારની પદ્ધતિમાં ચોકકસ સમય માટે પ્રજા પોતાના પ્રતિનિધિને ચૂંટે છે જે પ્રજા વતી શાસન સંભાળે છે. આ પદ્ધતિમાં રાજકીય પક્ષોની ભૂમિકા ખુબ જ અગત્યની હોય છે. જે રાજકીય પક્ષને ચૂંટણીમાં બહુમતી મળે છે તેની સરકાર અસ્તિત્વમાં આવે છે.

પ્રત્યક્ષ અને પરોક્ષ લોકશાહી વચ્ચે તફાવત હોય છે. વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ જોઈએ તો પ્રાચીન ગ્રીક રાજયોમાં પ્રત્યક્ષ લોકશાહી અસ્તિત્વમાં હતી અને આ રાજયો વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ નાના રાજયો હતા. વર્તમાન સમયમાં રાજયો વસ્તી અને વિસ્તારની દૃષ્ટિએ વિશાળ હોય છે. આથી પ્રત્યક્ષ લોકશાહી શક્ય બનતી નથી.

પ્રાચીન લોકશાહીમાં નાગરિકોને મર્યાદિત નાગરિકત્વ આપવામાં આવતું હતું આથી બધા નાગરિકો રાજય કાર્યભારમાં ભાગ લઈ શકતાં નહિ. જયારે આજે નાગરિકતાનું સ્વરૂપ વિશાળ બન્યું છે.

પ્રત્યક્ષ લોકશાહીમાં ગુલામી પ્રજાનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. જયારે આજે તેનો અસ્વીકાર કરવામાં આવે છે.

પ્રાચીન ગ્રીસમાં નાગરિક વફાદારી માત્ર રાજય પૂરતી મર્યાદિત હતી જયારે વર્તમાન સમયમાં નાગરિકની વફાદારી રાજય ઉપરાંત નગર, શહેર, રાજય અને સંઘ અથવા તો કેન્દ્ર સુધીની વ્યાપક હોય છે.

**લોકશાહીના પ્રકાર :**

**(૧) સંસદીય લોકશાહી (૨) પ્રમુખીય લોકશાહી**

**સંસદીય લોકશાહી**

સંસદીય લોકશાહીમાં નક્કી કરેલા સમયે ચૂંટણીનું આયોજન કરવામાં આવે છે અને જે પક્ષને ધારાસભાના પ્રથમ ગૃહમાં બહુમતી મળે તે પક્ષની સરકાર અસ્તિત્વમાં આવે છે. આ સરકાર એટલે કે કારોબારી સંસદનો પ્રથમ ગૃહનો વિશ્વાસ જાળવી રાખે ત્યાં સુધી સત્તા ઉપર રહી શકે છે.

સંસદીય સરકાર શાસનનું એવું સ્વરૂપ છે જેમાં વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી તરીકે ધારાસભાને જવાબદાર હોય છે. ધારાસભામાં બે ગૃહ હોય છે. લોકસભા અને રાજયસભા. પ્રધાનમંડળ એ ગૃહના નિયંત્રણમાં હોય છે. જેની પાસે નાણાંકીય બાબતોમાં વધુ સત્તા હોય છે અને જે મતદારોનું વધુ પ્રત્યક્ષ રીતે પ્રતિનિધિત્વ કરે છે.

સંસદીય લોકસભામાં બે પ્રકારની કારોબારી હોય છે. નામની કારોબારી અને વાસ્તવિક કારોબારી. વડાપ્રધાન અને પ્રધાનમંડળ વાસ્તવિક કારોબારી તરીકે હોય છે. ગ્રેટ બ્રિટનમાં તાજ એટલે કે રાજા અથવા તો રાણી અને ભારતમાં રાષ્ટ્રપતિ નામની કારોબારી તરીકે છે.

સંસદીય લોકશાહીનું ઉતમ ઉદાહરણ એટલે ગ્રેટ બ્રિટનની લોકશાહી. તે વિશ્વની સૌથી જુનામાં જુની લોકશાહી છે. ગ્રેટ બ્રિટનનું બંધારણ ઘડવામાં નથી આવ્યું પરંતુ તે ક્રમિક વિકાસનું પરિણામ છે. શરૂઆતમાં રાજાશાહી અસ્તિત્વમાં હતી. ધીરે ધીરે લોકશાહી સંસ્થાઓનો વિકાસ થયો. જેમ જેમ જરૂરિયાત ઉભી થઈ તેમ તેમ વિવિધ સિદ્ધાંતો ઘડવામાં આવ્યા. જે બંધારણના ભાગ તરીકે સ્વીકારવામાં આવ્યા. આમ ક્રમિક રીતે સંસદીય લોકશાહીનો વિકાસ થયો. ૧૬૮૮ ની રક્તવિહીન ક્રાંતિથી રાજાની સત્તાઓમાં ઘટાડો થયો છે. આ બંધારણમાં રૂઢિઓ, પરંપરાઓ અલિખીત સ્વરૂપે સ્વીકારવામાં આવી છે અને મેગ્નાકાર્ટા અને બીલ ઓફ રાઈટ્સ લિખિત સ્વરૂપે જોવા મળે છે. આમ બ્રિટનના બંધારણનો મોટો ભાગ અલિખીત સ્વરૂપે અને બહુ થોડો ભાગ લિખીત સ્વરૂપે જોવા મળે છે.

ગ્રેટ બ્રિટનનું બંધારણ કેટલીક વિશિષ્ટતાઓ ધરાવે છે. જેમકે, તે બંધારણીય રાજાશાહી છે. એટલે કે તાજની સરકાર છે. બધી જ સત્તાઓ તાજ પાસે છે. તાજ એક સંસ્થા છે અને રાજા તેનો પ્રતિનિધિ છે. અને વાસ્તવિક સત્તા વડાપ્રધાન અને પ્રધાનમંડળ ભોગવે છે.

ગ્રેટ બ્રિટનમાં સંસદીય લોકશાહીનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને સંસદીય સાર્વભૌમત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે. રાજાશાહીના સમયગાળામાં સંસદ રાજાના સલાહકાર તરીકેની ભૂમિકા ભજવતી હતી. તેમાંથી જ ધીરે ધીરે ચર્ચા વિચારણા કરતાં ગૃહ તરીકે તેનો વિકાસ થયો અને તેને કાયદાની ઘડતરની સંસ્થા તરીકે ઓળખવામાં આવી. બ્લેક સ્ટોન નામના વિદ્વાનના મતે, કોઈપણ કાયદા ઘડવાની, તેને મંજુર રાખવાની, તેને વિસ્તારવાની કે તેમાં ફેરફાર કરવાની સર્વોચ્ચ અને અમર્યાદ સત્તા પાર્લમિન્ટ પાસે હતી. શકય હોય તેવા તમામ કાયદા ઘડવા તે સમર્થ હતી. કોઈપણ દ્રષ્ટિબિંદુથી જોતા બ્રિટીશ પાર્લમિન્ટ સૌથી વિશિષ્ટ અને શકિતશાળી સંસ્થા છે. તેનું કાર્યક્ષેત્ર સૌથી વ્યાપક અને તેની સત્તાઓ અમર્યાદ છે. આ કારણોસર તે "જગતની તમામ સંસદોની માતા" તરીકે ઓળખાય છે. સંસદની સર્વોપરિતા તેની એક વિશિષ્ટતા છે. તે કાયદાના ઘડતરમાં, જુના કાયદાને રદ કરવામાં કે તેમાં ફેરફાર કરવામાં આખરી સત્તા ધરાવે છે. તેની કાયદેસરતાને અદાલતમાં પડકારી શકાતી નથી. આ સંસદના ઉપલા ગૃહ તરીકે ઉમરાવ સભા અને નીચલા ગૃહ તરીકે આમ સભા ગૃહનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારત સંસદીય લોકશાહીનું એક ઉતમ ઉદાહરણ છે. તે વિશ્વની સૌથી વિશાળ લોકશાહી તરીકે ઓળખાય છે. તેનું બંધારણ લિખીત સ્વરૂપે જોવા મળે છે. ભારતનું બંધારણ નાગરિકોના મૂળભૂત અધિકારોનો સમાવેશ, નીતિદર્શક સિદ્ધાંતો, લોકશાહી, પ્રજાસત્તાક, સમાજવાદી, બિનસાંપ્રદાયિક રાજય, અદાલતી સમીક્ષા, બહુ પક્ષપ્રથા, દ્વિગૃહી સંસદ, નામની કારોબારી, વાસ્તવિક કારોબારી, પુખ્તવય મતાધિકાર, સમવાયી પ્રજાનો સ્વીકાર, ન્યાયતંત્રની હાજરી જેવી વિશિષ્ટ સત્તાઓ ધરાવે છે.

**પ્રમુખીય લોકશાહી :**

લોકશાહીનો બીજો પ્રકાર એટલે પ્રમુખીય લોકશાહી. પ્રમુખીય લોકશાહી એટલે જયારે કારોબારીની સમગ્ર સત્તા એક જ વ્યકિત એટલે કે પ્રમુખ પાસે કેન્દ્રીત થયેલી હોય છે. પ્રમુખની ચૂંટણી પ્રત્યક્ષ રીતે કરવામાં આવે છે. અને તે લોકો દ્વારા ચૂંટાય છે. આથી પ્રમુખ અને મંત્રીમંડળ સંસદ એટલે કે ધારાસભાને જવાબદાર રહીને કાર્ય કરતા નથી. પ્રમુખના મંત્રી મંડળના સભ્યો ધારાસભામાં બેસતા નથી. એટલું જ નહી ધારાસભ્યો મંત્રી બની શકતા નથી.

પ્રમુખીય લોકશાહીનું એક શ્રેષ્ઠ ઉદાહરણ એટલે અમેરિકાની પ્રમુખીય લોકશાહી. આઝાદી પુર્વે અમેરિકાના નાનાં તેર સંસ્થાનો હતા. આઝાદીની લડતને અંતે આ તેર સંસ્થાનો ૪ જુલાઈ, ૧૭૭૬ ના રોજ સ્વતંત્ર થયા. શરૂઆતમાં સમૂહતંત્ર તરીકે ઓળખાતું હતું. પરંતુ બાદમાં સમવાયી પ્રથાનો સ્વીકાર કરવામાં આવ્યો. જેને હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા તરીકે ઓળખવામાં આવે છે.

અમેરિકાનું બંધારણમાં ટૂંકુ દસ્તાવેજી અને સર્વોપરી છે. પ્રજાકીય સાર્વભૌમત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે. બંધારણ દુષ્પરિવર્તનશીલ છે. સત્તા વિશ્લેષણનો સિદ્ધાંત અમલમાં છે. આ સાથે અદાલતી સમીક્ષાનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે.

અમેરિકન બંધારણમાં અત્યાર સુધીમાં માત્ર છવ્વીસ સુધારાઓ કરવામાં આવ્યા છે અને તેમાં પણ પ્રથમ દસ સુધારાઓ દ્વારા એટલે કે "હકકોનાં ખતપત્રો " દ્વારા નાગરિકોને મૂળભુત અધિકારો આપવામાં આવ્યા છે.

સરકારની ત્રણેય શાખાઓ કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર સત્તા વિશ્લેષણના સિદ્ધાંતના આધારે કાર્યો કરે છે. પ્રમુખ વાસ્તવિક કારોબારી તરીકે કામગીરી કરે છે. અને તેમનું મંત્રી મંડળ માત્ર પ્રમુખને જવાબદાર રહીને કાર્ય કરે છે. પ્રમુખ એકલા ધારાસભાને જવાબદાર રહે છે. મંત્રીમંડળના સભ્યોની પસંદગી પ્રમુખ કરે છે. પ્રમુખનો કાર્યકાળ ચાર વર્ષનો હોય છે. તેઓ વધુમાં વધુ બે ટર્મ એટલે કે આઠ વર્ષ સુધી પ્રમુખપદ સંભાળી શકે છે.

અમેરિકાની ધારાસભા દ્વિગૃહી છે. સેનેટ ગૃહ ઉપલું ગૃહ અને પ્રતિનિધિ ગૃહ નીચલું ગૃહ એમ બે ગૃહોની બનેલી ધારાસભા છે.

## ૧૦.૫ લોકશાહીના લાભ

એક વિચારધારા તરીકે લોકશાહીનો વિજય થયો છે. વિશ્વના મોટાભાગના દેશોએ લોકશાહીનો સ્વીકાર કર્યો છે. આપણે લોકશાહીના લાભોની ચર્ચા કરીશું.

### (૧) તે મર્યાદિત સરકાર આપે છે.

લોકશાહીમાં પ્રજાના પ્રતિનિધિઓની બનેલી સરકારે બંધારણને અનુલક્ષીને અને તેની મર્યાદામાં રહીને કામ કરવાનું હોય છે. સરકારના ત્રણેય અંગોને બંધારણ દ્વારા સત્તા આપવામાં આવે છે. જેમાં કારોબારી અને ધારાસભા આપખુદ બને તેવું લાગે ત્યારે ન્યાયતંત્ર માં તેને પડકારી શકાય છે. બીજી બાજુ લોકશાહીને કારણે લોકોને મહત્ત્વ આપવામાં આવે છે. એટલે કે પ્રજાકીય સાર્વભૌમત્વનો સ્વીકાર કરવામાં આવે છે. આવી લોકમત દ્વારા સરકાર ઉપર નિયંત્રણ રહે છે.

### (૨) માનવીય ગૌરવની સ્થાપના થાય છે.

લોકશાહીમાં લોકોનું એટલે કે માનવ ગૌરવ હોય છે. રાજયને બદલે વ્યકિતનું મહત્ત્વ હોય છે. રાજય વ્યકિત માટે હોય છે કે નહિ કે વ્યકિત રાજય માટે. વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય તે હેતુસર મૂળભૂત અધિકારો આપવામાં આવે છે. જો તેના આ અધિકારો ઉપર કાપ મૂકવામાં આવે અથવા તો તે હણાય તો તે અદાલતનો આશરો લઈ શકે છે અને ન્યાય માંગી શકે છે.

### (૩) લઘુમતીના હિતોનું રક્ષણ થાય છે.

લોકશાહીમાં લઘુમતીના હિતોનું રક્ષણ થાય તે માટેના પ્રયાસો કરવામાં આવે છે, જેમ કે ભારતના બંધારણ દ્વારા તેમના હિતોના રક્ષણની જોગવાઈ કરવામાં આવી છે. તેમની ભાષા, ધર્મ અને જાતિની વિશેષતાઓનું રક્ષણ થાય તે માટેની જોગવાઈઓ કરવામાં આવી છે.

### (૪) બંધારણીય અને અહિંસક માર્ગ સત્તા પરિવર્તન થાય છે.

લોકશાહીમાં સત્તા પરિવર્તન શાંતિમય અને અહિંસક માર્ગે થાય છે. નકકી કરેલા સમયે ચૂંટણીઓનું આયોજન થાય છે. જેમાં પ્રજા પોતાના પ્રતિનિધિઓને

પસંદ કરી શકે છે. સાર્વત્રિક પુખ્તવય મતાધિકારના ધોરણે નાગરિકો પોતાના પ્રતિનિધિને પસંદ કરે છે. જે પ્રતિનિધિ પસંદ નથી તેને તથા નાપસંદ સરકારને બદલી શકે છે. આમ નાગરિકો લોકશાહી ઢબે એટલે કે શાંતિમય માર્ગે સત્તા પરિવર્તન કરી શકે છે. અહિંયા ક્રાંતિ અને હિંસાની મદદથી સત્તા પરિવર્તન થતું નથી. આમ બંધારણીય માર્ગે જ સત્તા પરિવતર્ન શક્ય બને છે.

**(૫) લોકશાહીમાં સૌના ભલાનો વિચાર શક્ય બને છે.**

લોકશાહીમાં તમામ લોકોને સત્તામાં ભાગીદારી કરવાની તક મળે છે અને આથી રાજ્ય સૌના ભલાનો અને હિતનો વિચાર કરે છે. ગાંધીજીનો સર્વોદય અંગેનો વિચાર એટલે સર્વનો ઉદય અને તેમનો અંત્યોદય અંગેનો વિચાર એટલે સૌથી છેવાડાના માનવીનો ઉદય વિશેનો વિચાર અહીં શક્ય બને છે.

**(૬) પૂરતી વિચારણાને અંતે નિર્ણય લેવામાં આવે છે.**

લોકશાહીમાં કોઈ પણ નિર્ણય લેવાનો હોય ત્યારે પૂરતી ચર્ચા વિચારણાને અંતે લેવામાં આવે છે. કોઈપણ ખરડો સંસદના બંને ગૃહોમાં પૂરતી ચર્ચા વિચારણાને અંતે કાયદાનું સ્વરૂપ ધારણ કરે છે અને જરૂર જણાય તો પુનઃ વિચારણા માટે પણ મોકલવામાં આવે છે. કારોબારીમાં પણ નિર્ણયો તેની બેઠકમાં પૂરતી ચર્ચા વિચારણાને અંતે લેવામાં આવે છે. જરૂર જણાય તો વડાપ્રધાન રાજ્યના વડા સાથે ચર્ચા વિચારણા કરે છે. જ્યારે પ્રમુખીય સરકારમાં પ્રમુખના નિર્ણયો ખાસ કરીને વિદેશ નીતિ અંગેના નિર્ણયોને સેનેટની મંજૂરીની આવશ્યકતા હોય છે. આમ લોકશાહીમાં પૂરતી ચર્ચા વિચારણાને અવકાશ હોય છે.

**(૭) સમાજ સુધારાઓ શક્ય બને છે.**

લોકશાહીમાં લોકોના હિતોનું પુરતું રક્ષણ થાય છે. આથી સમાજમાં રહેલા કુરિવાજો, અંધશ્રદ્ધા સામાજિક અસમાનતા, ધાર્મિક ભેદભાવ, કોમવાદ દૂર કરવાના પગલાંઓ લેવામાં આવે છે. ભારતીય લોકશાહીમાં બંધારણમાં મૂળભૂત અધિકારો, સંસદીય કાયદાઓનું ઘડતર કરવામાં આવ્યું હોય છે જેમ કે અસ્પૃશ્યતા નિવારણ માટે સમાનતાઓ અધિકાર, ધાર્મિક ભેદભાવને દૂર કરવા માટે બિનસાંપ્રદાયિકતાનો સિદ્ધાંત, ખેડે તેની જમીન, જમીન ટોચ મર્યાદા જેવા કાયદાઓનું ઘડતર કરવામાં આવ્યું છે અને તે દ્વારા સામાજિક, ધાર્મિક, આર્થિક ભેદભાવો દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**(૭) લોકોને રાજકીય શિક્ષણ મળે છે.**

લોકશાહીમાં તમામ લોકો ભાગીદારી નોંધાવી શકે છે. ચૂંટણી સમયે લોકો મતદાન ઉમેદવારી, પ્રચાર-પ્રસારની કામગીરીમાં ભાગીદારી કરે છે. રાજકીય પક્ષોમાં જોડાઈને કામગીરી કરે છે. રાજકીય પક્ષો ચૂંટણી ઢંઢેરા બહાર પાડે છે. વિવિધ માધ્યમો જેવા કે, અખબાર, ટેલીવીઝન તથા અન્ય માધ્યમોમાં પોતાના કાર્યક્રમોની જાહેરાત આપે છે. ત્યારે નાગરિકોમાં જાગૃતિ આવે છે. સંસદમાં અને સંસદની બહાર પ્રજાના પ્રશ્નોને વાચા આપવામાં આવે છે. આમ નાગરિકમાં રાજકીય જાગૃતિ આવે છે અને રાજકીય શિક્ષણ મળે છે.

## ૧૦.૬ લોકશાહીના ગેરલાભ

લોકશાહીના કેટલાક ગેરલાભો પણ જોવા મળે છે. જેમ કે, તે ખુબ જ ખર્ચાળ છે અને તે ધીમેથી કામ કરતી સરકાર છે. ઉપરાંત તે ગુણવત્તાને બદલે સંખ્યાને મહત્ત્વ આપે છે. આપણે આ વિષે વિગતે માહિતી મેળવીએ.

**(૧) તે ખૂબ જ ખર્ચાળ છે.**

લોકશાહીમાં નકકી કરેલા સમયને અંતે વિવિધ સ્તરે ચૂંટણીઓનું આયોજન થાય છે. દિવસે દિવસે આ ખૂબ જ ખર્ચાળ બનતું જાય છે. ૧૭મી લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારોનો ચૂંટણી ખર્ચ કરોડોમાં હોય છે. જે

લોકશાહીમાં દ્વિગૃહી ધારાસભા હોય અને સમવાયી પ્રથાનો સ્વીકાર કરવામાં આવ્યો હોય ત્યારે ખર્ચ વધારે જોવા મળે છે. અને જ્યારે કોઈ કારણસર મુદત પહેલા ચૂંટણીનું આયોજન થાય તો ત્યારે પણ ખર્ચ વધે છે. આ ઉપરાંત દિન પ્રતિદિન ધારાસભ્યોના પગાર, ભથ્થા અને પેન્શનની સુવિધાઓમાં સતત વધારો થતો હોય છે. લોકશાહીમાં અંતે આ ખર્ચ લોકોએ ભોગવવાનો હોય છે.

**(૨) ખુબ જ ધીમેથી કામ કરતી સરકાર છે.**

લોકશાહીમાં કાયદાના ઘડતરની કાર્યવાહી હોય કે તેના અમલની કામગીરી ખુબ જ ધીમેથી થાય છે. કાયદાના ઘડતરની પ્રક્રિયામાં બંન્ને ગૃહોમાં ચર્ચા તથા વિરોધ પક્ષોની વિરોધ કરવાની રીતને કારણે કામગીરીમાં વિલંબ જોવા મળે છે. કારોબારીએ લીધેલો નિર્ણય અમલમાં મુકતા વાર લાગે છે કારણકે તેના વિરોધમાં પણ સભા, સરઘસ કે દેખાવો જોવા મળે છે. જ્યારે એવો પ્રસંગ હોય અને ઝડપી નિર્ણય કરવાનો થાય ત્યારે કરી શકાતો નથી.

**(૩) ગુણવત્તાને બદલે સંખ્યાને મહત્ત્વ આપે છે.**

લોકશાહીમાં લોકોનું મહત્ત્વ હોય છે. તેથી ગુણવત્તાને બદલે સંખ્યાને મહત્ત્વ આપવામાં આવે છે. એટલે કે બહુમતી જે ઉમેદવારને પસંદ કરીને મત આપે તેવા પ્રતિનિધિઓ પસંદ થાય છે. પરિણામે ગુનાહિત રેકોર્ડ ધરાવતા ઉમેદવારો પણ પસંદગી પામે છે. આથી બહુમતીને નહિ પણ સંખ્યાને લોકશાહીમાં મહત્ત્વ આપવામાં આવે છે.

**(૪) લોકશાહીમાં લોકહિતને બદલે સ્થાપિત હિતને મહત્ત્વ આપે છે.**

લોકશાહીમાં લોકહિત એટલે કે લોકોના પ્રશ્નોને વાચા આપવાને બદલે સ્થાપિત હિતોને મહત્ત્વ આપવામાં આવે છે. લોકોની જરૂરિયાતો શું છે તે પ્રત્યે ધ્યાન દેવાને બદલે સ્થાપિત હિતોને યેનકેન પ્રકારેણ પોતાના કાર્યો કરાવે છે. વિવિધ ઉપાયો જેવા કે લોભ, લાલચ, ખુશામતગીરીથી તેઓ પોતાના હિતો સંતોષવામાં સફળ રહે છે.

**(૫) પક્ષ પ્રથાના દોષને કારણે લોકશાહીને નડે છે.**

આપણે જાણીએ છીએ કે લોકશાહીમાં પક્ષોની હાજરી અનિવાર્ય છે. તેના માધ્યમથી જ લોકો રાજકારણમાં પ્રવેશ પામે છે અને પરોક્ષ લોકશાહી માટે તો આ પક્ષો ખુબ જ અનિવાર્ય છે. પરંતુ આ પક્ષો જ લોકોમાં ભાગલાની ભાવના ઉભી કરે છે. તે ભ્રષ્ટાચારને પોષે છે એટલું જ નહિ ગુનાખોરીને પણ છાવરે છે. આમ આ રાજકીય પક્ષોને કારણે જ લોકોનો સરકાર પ્રત્યેનો આદર ઘટવા પામે છે.

**(૬) રાજકીય સંઘર્ષ લોકોના જીવનને કલુષિત બનાવે છે.**

લોકશાહીમાં સત્તા માટેનો સંઘર્ષ સતત ચાલ્યા કરે છે. તેને સેવા માટેનું માધ્યમ ઘણાં જ ઓછા લોકો માને છે. સંસદીય લોકશાહીમાં આ સંઘર્ષ વધુ જોવા મળે છે. ઉમેદવારો કે જેઓ હાર્યા છે તેઓ ફરીથી સત્તા મેળવવા સંઘર્ષ કરે છે. વિવિધ પક્ષો રચનાત્મક વિરોધ કરવાને બદલે સંઘર્ષ દ્વારા સત્તા મેળવવાનો ટૂંકો રસ્તો અપનાવે છે.

**(૭) લોકશાહી એ કાલ્પનિક છે.**

લોકશાહીમાં લોકોનું મહત્ત્વ છે. આ વિચાર એક આદર્શ બનીને રહી જાય છે કારણકે વાસ્તવિકતામાં સત્તા અગ્રવર્ગ એટલે કે ઘણાં ઓછા લોકોના હાથમાં સત્તા હોય છે. મહાત્મા ગાંધીજીએ ગ્રેટ બ્રિટનની સંસદની ટીકા કરતાં તેને વેશ્યા ગણાવી હતી. જેને ધ્યાનમાં લેવું ઘટે. વાસ્તવમાં સત્તા અગ્રગણ્ય એટલે કે ઓછા લોકોના હાથમાં હોવાથી લોકોના શાસનનો વિચાર કાલ્પનીક કે આદર્શ બનતો જણાય છે.

## ૧૦.૭ સારાંશ

આપણે લોકશાહી એટલે શું ? તેનો વિકાસ કેવી રીતે થયો તે વિશેની માહિતી મેળવી. આ ઉપરાંત તેના લક્ષણો, પ્રકારો અને તેના લાભ અને ગેરલાભ વિષેની માહિતી મેળવી.

શબ્દાવલી : લોકશાહી, પ્રત્યક્ષ લોકશાહી, પહેલ અધિકાર, લોકપૃચ્છાનો અધિકાર, લોકમતનો અધિકાર, પરોક્ષ લોકશાહી, સંસદીય લોકશાહી, પ્રમુખીય લોકશાહી. આ શબ્દાવલીના દરેક શબ્દની સમજ આ યુનિટમાં આપવામાં આવેલી છે.

## ૧૦.૮ સ્વાધ્યાય

**નીચેના બહુવિકલ્પીય પ્રશ્નોનો સાચો વિકલ્પ શોધીને જવાબ લખો.**

**(૧) લોકશાહીના પાસાંઓ છે.**

(અ) ધારાસભા (બ) કારોબારી (ક) ન્યાયતંત્ર (ડ) (અ), (બ), (ક) ત્રણેય

**(૨) પ્રત્યક્ષ લોકશાહીની રીતિઓ છે.**

(અ) પહેલઅધિકાર (બ) લોકપૃચ્છાનો અધિકાર (ક) લોકમતનો અધિકાર (ડ) (અ), (બ), (ક) ત્રણેય

**(૩) મેગ્નાકાર્ટાનો કાયદો કયા વર્ષમાં પસાર કરવામાં આવ્યો ?**

(અ) ૧૨૧૫ (બ) ૧૨૧૬ (ક) ૧૨૧૭ (ડ) ૧૨૧૮

**(૪) પીટીશન ઓફ રાઈટ્સ ક્યારે પસાર કરવામાં આવ્યો ?**

(અ) ૧૬૨૫ (બ) ૧૬૨૬ (ક) ૧૬૨૭ (ડ) ૧૬૨૮

**(૫) બીલ ઓફ રાઈટ્સ ક્યારે પસાર કરવામાં આવ્યું ?**

(અ) ૧૬૮૭ (બ) ૧૬૮૮(ક) ૧૬૮૯(ડ) ૧૬૯૦

**(૬) લોકશાહીના મૂલ્યો છે.**

(અ) સમાનતા (બ) સ્વતંત્રતા (ક) ન્યાય (ડ) (અ), (બ), (ક) ત્રણેય

**(૭) લોકશાહી એટલે લોકોની, લોકો દ્વારા, લોકો માટેની સરકાર આ વ્યાખ્યા કોની છે ?**

(અ) જહોન સીલી (બ) અબ્રાહમ લિંકન (ક) વુડ્રો વિલ્સન (ડ) કાર્લ માર્ક્સ

**(૮) કયા દેશની લોકશાહી જૂનામાં જૂની લોકશાહી છે ?**

(અ) અમેરિકા (બ) બ્રિટન (ક) રશિયા (ડ) ભારત

**(૯) પુરૂષોને મતાધિકાર કયા વર્ષે આપવામાં આવ્યો ?**

(અ) ૧૯૧૮ (બ) ૧૯૨૦ (ક) ૧૯૨૨ (ડ) ૧૯૨૪

**(૧૦) મહિલાઓને મતાધિકાર કયા વર્ષે આપવામાં આવ્યો ?**

(અ) ૧૯૨૬ (બ) ૧૯૨૭ (ક) ૧૯૨૮ (ડ) ૧૯૨૯

**(૧૧) કયા દેશની સંસદ જગતની તમામ સંસદોની માતા છે ?**

(અ) અમેરિકા (બ) બ્રિટન (ક) ફ્રાંસ (ડ) રશિયા

**(૧૨) અમેરિકન બંધારણમા અત્યાર સુધીમાં કેટલા સુધારા કરવામાં આવ્યા છે?**

(અ) ૨૨ (બ) ૨૪ (ક) ૨૬ (ડ) ૨૮

★ **બહુવિકલ્પિય પ્રશ્નોના જવાબો.**

(૧)ડ ,(૨)ડ, (૩)અ, (૪)ડ, (૫) ક, (૬) ડ,(૭) બ,(૮)બ, (૯)અ,(૧૦) ક,(૧૧)બ,(૧૨)ક

★ **નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં જણાવો.**

(૧) **લોકશાહીની લાક્ષણિકતાઓ જણાવો.**

...................................................................
...................................................................
...................................................................

(૨) **પ્રત્યક્ષ લોકશાહી પદ્ધતિઓ કઈ કઈ છે ?**

...................................................................
...................................................................
...................................................................

(૩) **લોકશાહીનો ઉદ્ભવ સમજાવો.**

...................................................................
...................................................................
...................................................................

(૪) **લોકશાહીના ફાયદા સમજાવો.**

...................................................................
...................................................................
...................................................................

(૫) **લોકશાહીના ગેરફાયદાઓ કયા કયા છે?**

...................................................................
...................................................................

..............................................................

(૬) પરોક્ષ લોકશાહી એટલે શું ?

..............................................................
..............................................................
..............................................................

(૭) સંસદીય લોકશાહી એટલે શું ?

..............................................................
..............................................................
..............................................................

(૮) પ્રમુખીય લોકશાહી કોને કહેવાય ?

..............................................................
..............................................................
..............................................................

(૯) લોકપૃચ્છાનો અધિકાર એટલે શું ?

..............................................................
..............................................................
..............................................................

(૧૦) પ્રતિનિધિને પાછો બોલાવવાનો અધિકાર એટલે શું ?

..............................................................
..............................................................
..............................................................

(૧૧) પહેલ અધિકાર એટલે શું ?

..............................................................
..............................................................
..............................................................

(૧૨) લોકમત/ જનમત એટલે શું ?

..............................................................
..............................................................
..............................................................

★ નીચેના પ્રશ્નનો જવાબ વિસ્તારપૂર્વક આપો.

(૧) લોકશાહીની વ્યાખ્યા જણાવી તેની લાક્ષણિકતાઓની ચર્ચા કરો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૨) લોકશાહીની વ્યાખ્યા કરી તેનો ઉદ્‌ભવ વિકાસ સમજાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૩) લોકશાહીની વ્યાખ્યા શું છે ? તેના મૂળભૂત ખ્યાલોની ચર્ચા કરો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૪) પ્રત્યક્ષ લોકશાહી એટલે શું ? તેની વિવિધ પદ્ધતિઓની ચર્ચા કરો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

(૫) લોકશાહીના લાભાલાભો જણાવો.

..............................................................
..............................................................
..............................................................
..............................................................
..............................................................

## ૧૦.૯ સંદર્ભ ગ્રંથોની યાદી


૧. વ્યાસ રક્ષાબેન : લોકશાહી, વિશ્વકોશ પ્રકાશન, અમદાવાદ. ૨૦૦૪

૨. પંડ્યા હસમુખ : લોકશાહી રાજ્યવ્યવસ્થા: તત્ત્વ અને વ્યવહાર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

એકમ ૧૧

# સરમુખત્યારશાહી

## રૂપરેખા


૧૧.૦ ઉદ્દેશો

૧૧.૧ પ્રસ્તાવના

૧૧.૨ સરમુખત્યારશાહીની વ્યાખ્યા અને અર્થઘટન

૧૧.૩ સરમુખત્યારશાહીના પ્રકારો

૧૧.૪ સરમુખત્યારશાહીના ફાયદા

૧૧.૫ સરમુખત્યારશાહીના ગેરફાયદા

૧૧.૬ લોકશાહી અને સરમુખત્યારશાહી વચ્ચેનો તફાવત

૧૧.૭ સારાંશ

૧૧.૮ સ્વાધ્યાય

૧૧.૯ સંદર્ભ ગ્રંથોની યાદી

૧૧.૧૦ સ્વાધ્યાયના જવાબો


## ૧૧.૦ ઉદ્દેશો :

આ એકમના અભ્યાસથી તમે નીચે મુજબની વિગતોથી માહિતગાર થશો.

- સરમુખત્યારશાહીનો અર્થ અને વિભાવના વિશે માહિતી મેળવશો.
- સરમુખત્યારશાહીના પ્રકારો અંગે સમજશો.
- સરમુખત્યારશાહીના ફાયદા અને ગેરફાયદા વિશે સમજશો.

## ૧૧.૧ પ્રસ્તાવના :

સરમુખત્યારશાહી એ લોકશાહીથી તદ્દન ભિન્ન શાસન વ્યવસ્થા છે. આ પ્રકારની વ્યવસ્થા ગ્રીક અને રોમન સમયગાળામાં અસ્તિત્વમાં આવી હતી. આ પ્રકારની શાસન વ્યવસ્થા ખાસ કરીને પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ વચ્ચેના સમયગાળામાં વિકાસ પામી.

**સરમુખત્યારશાહી :**

સરમુખત્યારશાહી એ લોકશાહીથી તદ્દન વિરોધી પ્રકારનું શાસન સ્વરૂપ છે. શાસનનું આ પ્રકારનું સ્વરૂપ પ્રથમ વિશ્વયુદ્ધમાંથી જન્મ્યું છે. આમ તો આ પ્રકારનું શાસન સ્વરૂપ ગ્રીક નગર રાજ્યોમાં અને રોમન સામ્રાજ્યોમાં અમુક ખાસ પરિસ્થિતિમાં જોવા મળતું. સરકારના વડાને અમુક ખાસ સંજોગોમાં આપખુદ કહી શકાય તેવી સત્તાઓ સોંપવામાં આવતી જેમ કે, રોમમાં જુલિઅસ સિઝરે, બ્રિટનમાં ગૃહયુદ્ધ સમયે ક્રોમવેલનું શાસન અને ફ્રાંસમાં ક્રાંતિના સમયગાળામાં નેપોલિયન બોનાપાર્ટનું શાસન તેના ઉત્તમ ઉદાહરણો છે.

પ્રથમ વિશ્વયુદ્ધના અંતથી બીજા વિશ્વયુદ્ધના અંતના સમયગાળા દરમ્યાન સરમુખત્યારશાહી સરકારો અસ્તિત્વમાં આવી. આ સમયગાળામાં લોકશાહી કેટલાક દેશોમાં નબળી પડે છે અને તેનો લાભ આ સરમુખત્યારો લે છે. ૧૯૨૩ માં તુર્કસ્તાનમાં સરમુખત્યાર કમાલપાશાએ સત્તાના સૂત્રો સંભાળ્યા. ૧૯૨૫ માં ઈટાલીમાં મુસોલીની સત્તા સંભાળે છે, ૧૯૩૩ માં જર્મનીમાં હિટલર સત્તા પર આવે છે, ૧૯૪૪ સુધી સત્તાના સૂત્રો ધારણ કરે છે.

લોકશાહીના એક વિકલ્પ તરીકે સામ્યવાદી વિચારધારા વિકાસ પામે છે જેના પ્રણેતા કાર્લ માર્ક્સ હોય છે. તેઓ જર્મનીના વિદ્વાન હોય છે અને તેમની વિચારધારા સોવિયેત રશિયામાં મૂર્તિમંત થાય છે. આ વિચારધારા લોકશાહીને એક પડકાર આપે છે. સૌ પ્રથમ ૧૯૧૭ માં રશિયામાં લેનિન સામ્યવાદી સરકારની સ્થાપના કરે છે અને બીજા વિશ્વયુદ્ધ બાદ અડધા વિશ્વના દેશોમાં સરમુખત્યારશાહી સરકારો અસ્તિત્વમાં આવે છે. જેમ કે, ચીન, યુગોસ્લાવિયા, રૂમાનિયા, બલ્ગેરિયા, ઝેકોસ્લોવેકિયા, પોલેન્ડ, હંગેરી, પૂર્વ જર્મની, ઉત્તર કોરિયા, ઉત્તર વિએટનામ અને ક્યુબા જેવા દેશોમાં સામ્યવાદી સરકારો સ્થપાઈ. ઈન્ડોનેશિયામાં સુકર્ણો અને ઈજીપ્તમાં જનરલ નાસરની સરમુખત્યારશાહી સરકારો અસ્તિત્વમાં આવી હતી.

## ૧૧.૨ સરમુખત્યારશાહીની વ્યાખ્યા અને અર્થઘટન

આપણે લોકશાહીનો પરિચય મેળવ્યો. હવે આપણે સરમુખત્યારશાહી વિશેની જાણકારી મેળવીએ. સરમુખત્યારશાહીમાં કોઈ એક નેતા અથવા નેતાઓનું જૂથ જોવા મળે છે. આ પ્રકારની સરકારમાં રાજકીય બહુત્વવાદ, સ્વતંત્ર કાર્યક્રમો તથા માધ્યમો માટે સહિષ્ણુતા ઘણી ઓછી હોય છે અથવા એમ કહી શકાય કે તે શૂન્ય હોય છે. લોકશાહીમાં લોકો શાસન કરે છે. તેઓ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવે છે અને જીતે છે. પ્રજા તેઓને મત આપીને પસંદ કરે છે આથી તેઓ પ્રજાના પ્રતિનિધિઓ હોય છે. જ્યારે સરમુખત્યારશાહીમાં તેમ હોતું નથી.

સરમુખત્યારશાહીમાં દેશના નેતાને સરમુખત્યાર કહેવામાં આવે છે તેને લાક્ષણિકતાયુક્ત સરમુખત્યારશાહી તરીકે ઓળખવામાં આવે છે. જેમાં મજબૂત વ્યક્તિનો લાભ લેવામાં આવે છે. આ પ્રકારની સરકારમાં પ્રજાની વાણીની સ્વતંત્રતાને દબાવી દેવામાં આવે છે. રાજકીય અને સામાજિક સર્વોપરિતા અને સ્થિરતા મેળવવાના હેતુસર સરમુખત્યારશાહી અને સર્વસત્તાવાદી સમાજો સામાન્યરીતે રાજકીય પ્રચારનો સાધન તરીકે ઉપયોગ કરે છે. જેથી કરીને વૈકલ્પિક શાસનની પ્રથાની અસર ઘટાડી શકાય.

સરમુખત્યારશાહી માટેનો શબ્દ લેટિન ભાષામાંથી ઉતરી આવ્યો છે. લેટિનમાં **Dictator** શબ્દનો અર્થ જજ તરીકે વપરાતો એટલું જ નહી તે રોમન રિપબ્લિકમાં એબ્સોલ્યુટ સત્તા સાથે જોડાયેલો હતો.

સરમુખત્યારશાહીની વ્યાખ્યા કેટલાક વિદ્વાનોએ સમજાવી છે. ન્યુમેન નામના વિદ્વાનના મતે, સરમુખત્યારશાહીનો અર્થ એક વ્યકિત અથવા વ્યકિતઓના શાસનથી છે જે રાજ્યમાં સત્તા બળજબરીપૂર્વક છીનવી લે છે અને તેનો અમર્યાદિત પ્રમાણમાં ઉપયોગ કરે છે.

### સરમુખત્યારશાહીની વિશેષતાઓ :

સરમુખત્યારશાહીની કેટલીક વિશેષતાઓ આ પ્રમાણે તારવી શકાય.

(૧) તેમાં એક જ વ્યકિતનું શાસન હોય છે અને એક જ પક્ષનું મહત્વ હોય છે.

(૨) સત્તાના સૂત્રો એક જ વ્યકિતના હાથમાં હોય છે.

(૩) સરકારની ત્રણેય શાખાઓ સરમુખત્યાર હસ્તક હોય છે.

(૪) પ્રજા રાજકીય ભાગીદારી કરી શકતી નથી.

(૫) તેમાં નામમાત્રની એટલે કે માત્ર દેખાવ પુરતી ચૂંટણીઓનું આયોજન કરવામાં આવે છે.

(૬) તેમાં કોઈ એક જ પક્ષના જ સભ્યો ચૂંટાય છે અને સત્તા ગ્રહણ કરે છે.

(૭) તેમાં વ્યક્તિ રાજ્ય માટે હોય છે નહી કે રાજ્ય વ્યક્તિ માટે.

(૮) તેમાં પ્રજા જીવનના તમામ પાસાંઓ ઉપર સરમુખત્યારનું નિયંત્રણ હોય છે.

(૯) નાગરિકોના મૂળભૂત અધિકારો આપવામાં આવતા નથી અથવા તો નામમાત્રના કે દેખાવ માત્રના આપવામાં આવે છે.

(૧૦) સંચાર માધ્યમો ઉપર પણ સરમુખત્યારની પકડ જોવા મળે છે એટલે કે બંધ બારણાની નીતિ હોય છે.

(૧૧) આ પ્રકારના શાસનમાં વિરોધીઓ અથવા તો વિરોધ વિચારધારા આવકાર્ય હોતી નથી અને તેને કચડી નાંખવામાં આવે છે.

સરમુખત્યારશાહીના ઉદયની વાત કરીએ તો તે ૧૯ મી અને ૨૦ મી સદીમાં જોવા મળી. આ સમયગાળામાં સરમુખત્યારશાહી અને બંધારણીય લોકશાહીનો વિશ્વના શાસનના બે સ્વરૂપો તરીકે ઉદ્ભવ થયો. અને પરંપરાગત શાસનના પ્રકાર એવી રાજાશાહીનો અંત થયો.

રોમન સમયગાળામાં ૧૯મી સદીમાં સરમુખત્યારશાહી સામ્યવાદ તથા ફાસીવાદના સ્વરૂપે જોવા મળી. એશિયા તથા આફ્રિકાના દેશોમાં પણ તે જોવા મળ્યો. છેલ્લા ઘણાં સમયથી લોકશાહી પરિબળોનો વિજય થયો છે. આથી લોકશાહી તરફનો જોક જોવા મળે છે. પરિણામે સરમુખત્યારશાહીનું મહત્વ અને તેની લોકપ્રિયતામાં ઘટાડો થવા પામ્યો છે.

૧૯૧૭માં રશિયામા લેનિનનું શાસન, ૧૯૨૩માં તુર્કસ્તાનમાં કમાલપાશાની સરકાર, ૧૯૨૫ થી ૧૯૪૫ દરમ્યાન ઈટાલીમાં મુસોલીનીનું શાસન અને ૧૯૩૩માં જર્મનીમાં હિટલરનું શાસન સરમુખત્યારશાહીના ઉદાહરણો છે.

## ૧૧.૩ સરમુખત્યારશાહીના પ્રકારો

સરમુખત્યારશાહીના વિવિધ પ્રકારો છે, જેમ કે

### (૧) લશ્કરી તાનાશાહી/ સરમુખત્યારશાહી:

આ પ્રકારની સરમુખત્યારશાહીમાં સત્તા વ્યક્તિઓના એક જૂથ સાથે સંકળાયેલી હોય છે. તેઓ નક્કી કરે છે કે નેતૃત્વ કોને આપશે અને નીતિઓ ઉપર પોતાની અસર અથવા તો સત્તાનો ઉપયોગ કરશે. આ પ્રકારની શાસન વ્યવસ્થામાં ઉચ્ચ સ્તરના અગ્ર વર્ગો અને નેતા તેના સભ્યો હોય છે.

આ પ્રકારની સરમુખત્યારશાહીમાં પ્રોફેશનલ મેમ્બર્સ દ્વારા શાસન સંભાળવામાં આવે છે અને આ તેની એક ખાસિયત છે. આ પ્રકારના શાસનમાં અગ્ર વર્ગોને "જનતા મેમ્બર્સ" કહેવામાં આવે છે.

### (૨) એકપક્ષીય સરમુખત્યારશાહી :

એકપક્ષીય સરમુખત્યારશાહીમાં કોઈ અગ્રવર્ગો શાસક પક્ષોના સભ્યો હોય છે. જેને કેટલીક વાર જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે જેમ કે, સેન્ટ્રલ કમિટી અથવા તો કેન્દ્રીય કમિટી, પોલીટબ્યુરો અથવા સચિવાલય તરીકે ઓળખવામાં આવે છે.

આ વ્યક્તિઓના બનેલા જૂથો પક્ષના અધિકારીઓની પસંદગી ઉપર અસ્તિત્વ ધરાવે છે અને તેના ટેકેદારોને લાભોની વહેંચણીની વ્યવસ્થા કરે છે. નાગરિકો મત આપવા પ્રેરાય તે માટે અને પક્ષના નેતાને ટેકો દર્શાવી શકે તે માટે તેમને નિયુક્ત કરે છે.

**(૩) વ્યકિતત્વ આધારિત સરમુખત્યારશાહી :**

આ પ્રકારની સરમુખત્યારશાહીમાં તમામ સત્તાઓ એક વ્યકિત પાસે હોય છે. તે અન્ય પ્રકારની સરમુખત્યારશાહીથી અલગ પડે છે. અગત્યના હોદ્દાઓ સંદર્ભે અને ઓફીસના લાભોથી મોટા ભાગે કોઈ એક વ્યકિતની સત્તાઓ ઉપર આધારિત હોય છે.

આ પ્રકારના શાસનમાં સરમુખત્યાર કોઈ એક પક્ષનો અથવા તો લશ્કરનો સભ્ય હોઈ શકે છે. પરંતુ આમ છતાંય પક્ષ અથવા તો લશ્કર સરમુખત્યારથી અલગ હોય તેવી સત્તા ભોગવી શકતા નથી.

આ સરમુખત્યારશાહીમાં અગ્રવર્ગ સમુદાય સરમુખત્યારના નજીકના મિત્રો અને કુટુંબીજનોનો બનેલો હોય છે.

**(૪) રાજાશાહી :**

રાજાશાહી એ એવા પ્રકારનું શાસન છે કે જેમાં વારસાગત પરંપરાથી રોયલ કુટુંબની વ્યકિતને શાસન કરવાની સત્તા મળે છે. તે રાજ્યના વડાનો હોદ્દો સંભાળે છે. જો રાજાની ભૂમિકા માત્ર ઉજવણીઓ પૂરતી મર્યાદીત હોય તેને સરમુખત્યાર તરીકે ઓળખવામાં આવતો નથી. પરંતુ સંપૂર્ણ સરમુખત્યારશાહી કે જે સાઉદી અરેબિયામાં છે તેને વંશપરંપરાગત સરમુખત્યારશાહી કહેવામાં આવે છે. આ પ્રકારના શાસનમાં અગ્ર વર્ગો શાહી કુટુંબના સભ્યો હોય છે.

**(૫) મિશ્ર પ્રકારની સરમુખત્યારશાહી :**

આ પ્રકારના શાસનમાં ઉપરોક્ત ચારેય પ્રકારની સરમુખત્યારશાહીનું સંમિશ્રણ જોવા મળે છે.

## ૧૧.૪ સરમુખત્યારશાહીના ફાયદા

**(૧) તે ઝડપથી કામ કરે છે.**

આપણે જોયું કે, સરમુખત્યારશાહીમાં કોઈ એક જ વ્યકિત અથવા તો કોઈ એક જ પક્ષ પાસે સત્તા હોય છે. પરિણામે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિર્ણયો ઝડપથી લઈ શકે છે. આ પ્રકારના શાસનમાં આદેશની એકતાનો સિદ્ધાંત અમલમાં હોય છે. પરિણામે જે પણ નિર્ણયો લેવામાં આવે છે તેનું પાલન પણ ઝડપથી કરવામાં આવે છે. બીજું કે આ પ્રકારના શાસનમાં વિરોધ પક્ષને સ્થાન હોતું નથી. આથી તે રચનાત્મક વિરોધ કરીને કામગીરી કરાવી શકતો નથી. આથી વહીવટી તંત્ર ઝડપથી કામગીરી કરી શકે છે.

**(૨) તેનાથી આર્થિક વિકાસ ઝડપી થાય છે.**

સરમુખત્યારશાહીમાં નિર્ણયનો અમલ ઝડપથી કરવામાં આવે છે. આથી આર્થિક વિકાસ ઝડપી બને છે. જર્મનીના હિટલર કે ઈટાલીના મુસોલીની આના ઉત્તમ ઉદાહરણ છે. આ પ્રકારના શાસનમાં કામદારોની હડતાલ પર પ્રતિબંધ હોય છે અને કાળાંબજાર કે ભ્રષ્ટાચાર જેવા ગુનાઓ માટેની કડક સજા આપવામાં આવે છે.

**(૩) રાષ્ટ્રીય આપત્તિનો સામનો આસાનીથી અને કાર્યક્ષમતાથી થઈ શકે છે.**

સરમુખત્યારશાહી શાસનમાં કોઈપણ પ્રકારની આપત્તિ આવે તેને આસાનીથી પહોંચી શકાય છે. કારણકે તેમાં પ્રજાજનોમાં ઉગ્ર-રાષ્ટ્રવાદની ભાવના ભરપૂર હોય છે. તેઓને રાષ્ટ્ર માટે મરીફીટવાની તાલીમ આપવામાં આવે છે. તેમાં વિવિધ પ્રચાર-માધ્યમો પણ અગત્યની ભૂમિકા ભજવે છે. જ્યારે પણ આફત આવે ત્યારે લશ્કર, વહીવટી તંત્ર અને પ્રજાજનો સર્વ સાથે મળીને તેનો સામનો કરે છે.

**(૪) રાજ્યમાં શાંતિ અને સલામતી એકતા સ્થપાય છે.**

સરમુખત્યારશાહી શાસનમાં કાયદાનું શાસન અસ્તિત્વમાં હોય છે.

કોઈપણ ગુના માટે ગંભીર અને કડક સજા કરવામાં આવે છે. પરિણામે વિવિધ પ્રકારના ગુનાઓ જેવા કે કાળા બજાર, કે ચોરી કે લુંટફાટ કે બળાત્કાર જોવા મળતા નથી. કોઈપણ પ્રકારના વિરોધ કે હડતાળને આવકાર્ય ગણવામાં આવતા નથી. પરિણામે રાજ્યમાં શાંતિ, સલામતી અને એક્તાના દર્શન થાય છે.

**(૫) સમાજ સુધારણાને પ્રોત્સાહન મળે છે.**

સરમુખત્યારશાહી શાસનમાં ઝડપથી વિકાસ અને પ્રગતિ ઉપર ભાર મૂકવામાં આવે છે. આથી રાજ્યમાં સામાજિક દૂષણો કે કુરિવાજોને કાયદાની મદદથી અથવા તો પ્રચાર અને પ્રસારથી દૂર કરવામાં આવે છે. તુર્કીમાં જ્યારે મુસ્તફા કમાલ પાશાના શાસન દરમ્યાન તેઓએ આધુનિક શિક્ષણ અને વિજ્ઞાન ઉપર ભાર મૂક્યો હતો. પરિણામે તેમનો સમાજ આધુનિક બન્યો હતો.

આમ સરમુખત્યારશાહીમાં કોઈ એક વ્યક્તિ અથવા તો કોઈ એક પક્ષનું શાસન હોવાથી કેટલાક ફાયદાઓ થાય છે.

## ૧૧.૫ સરમુખત્યારશાહીના ગેરફાયદા

આપણે જોયું કે સરમુખત્યારશાહીના કેટલાક ફાયદા છે તેવી જ રીતે તેના કેટલાક ગેરફાયદા પણ છે.

જેની આપણે વિગતવાર માહિતી મેળવીએ.

**(૧) નાગરિકોના હકકો અને સ્વતંત્રતા રૂંધાય છે.**

સરમુખત્યારશાહીનો સૌથી મોટો ગેરફાયદો એ છે કે તેમાં નાગરિકોના મૂળભુત હકકો અને સ્વતંત્રતા રૂંધાય છે. નાગરિકોના હકકો અને સ્વતંત્રતાને ખતમ કરી નાખવામાં આવે છે. વિરોધ પક્ષોને આવકાર્ય ગણવામાં આવતા નથી. વિવિધ પ્રસાર માધ્યમો જેવા કે રેડિયો, ટેલીવીઝન, અખબારો ઉપર સરકારી અંકુશ જોવા મળે છે. સમગ્ર વાતાવરણ ભયનું વાતાવરણ હોય છે.

**(૨) શાસન નિરંકુશ હોય છે.**

સરમુખત્યારશાહી શાસન બંધારણને અનુલક્ષીને કામગીરી કરતું નથી એટલે કે તેની ઉપર બંધારણનું નિયંત્રણ લેશમાત્ર હોતું નથી. શાસક અને શાસનનો કોઈ વિરોધ કરી શકતું નથી. વિરોધ પક્ષની હાજરી અને ભુમિકા આવકાર્ય ગણવામાં આવતા નથી. આથી શાસક નિરંકુશ રહીને શાસન કરે છે.

**(૩) વ્યકિતનું મહત્ત્વ હોતું નથી.**

સરમુખત્યારશાહી શાસનમાં વ્યકિત રાજ્ય માટે હોય છે નહી કે રાજ્ય વ્યકિત માટે. આથી રાજ્ય સાધ્ય છે અને વ્યકિત સાધન છે. આ પ્રકારના રાજ્યમાં નાગરિકોને વિવિધ મૂળભૂત અધિકારો આપવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતામાં તે હોતા નથી પરિણામે આ પ્રકારના શાસનમાં વ્યકિત વિકાસને અવકાશ હોતો નથી બલ્કે વ્યકિત વિકાસ રૂંધાય છે.

**(૪) યુદ્ધને આવકારે છે.**

આ પ્રકારનું શાસન યુદ્ધને આવકારે છે. પ્રજાજનોમાં ઉગ્ર રાષ્ટ્રવાદની ભાવના હોય છે. આ પરિસ્થિતિમાં સરમુખત્યાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નીતિઓના અમલ માટે બળના ઉપયોગ ઉપર ભાર મૂકે છે. અને યુદ્ધને પ્રાથમિકતા આપે છે. નાગરિકોનું ધ્યાન તેમના પ્રશ્નોથી બીજે દોરવા માટે સરમુખત્યાર આવું વલણ અપનાવે છે. ઉદાહરણ તરીકે જર્મનીના હિટલર અને ઈટાલીના મુસોલીનીના નામનો ઉલ્લેખ કરી શકાય. તેઓની યુદ્ધખોર નીતિઓ અને માનસિકતાના કારણે જ વિશ્વને બીજા વિશ્વયુદ્ધનો અનુભવ કરવો પડયો.

**(૫) તે માનવતા વિરોધી હોય છે.**

આ પ્રકારના શાસનમાં માનવને એટલે કે વ્યકિતને અને માનવતાને મહત્ત્વ આપવામાં આવતું નથી. પરંતુ કોઈ એક ચોકકસ જાતિને અથવા તો કોઈ

એક ચોકકસ ધર્મને મહત્વ આપવામાં આવે છે. જર્મનીમા હિટલર દ્વારા આર્ય જાતિને શ્રેષ્ઠ જાતિ તરીકે ગણાવીને યહૂદિ જાતિના લોકો ઉપર અમાનવીય ત્રાસ ગુજારવામાં આવ્યો. આવા અસંખ્ય ઉદાહરણો આપી શકાય.

**(૬) પ્રજાનું જીવન યંત્રવત્ બની જાય છે.**

આ પ્રકારના શાસનમાં પ્રજાજીવન યંત્રવત્ બની જાય છે. સરમુખત્યારશાહીમાં પ્રજા જીવનના દરેક ક્ષેત્ર ઉપર રાજ્યનું અને સરકારનું નિયંત્રણ હોય છે. આથી પ્રજા ભારે માનસિક તણાવ અને અન્ય પ્રશ્નોનો સામનો કરે છે. મોટા ભાગના સામ્યવાદી દેશોમાં આવી પરિસ્થિતિ જોવા મળી. આથી જ તેના વળતાં પાણી જોવા મળ્યા.

**(૭) વિદ્રોહ અને લોહીયાળ ક્રાંતિનો ભય હોય છે.**

આ પ્રકારના શાસનમાં હંમેશા વિદ્રોહ અને લોહીયાળ ક્રાંતિનો ભય હોય છે. સરમુખત્યારશાહી શાસન શાંતિમય માર્ગે પ્રજાજનોની સંમતિથી અસ્તિત્વમાં આવતું નથી. તે મોટા ભાગે લોહીયાળ ક્રાંતિ અથવા તો બળવાના કારણે અસ્તિત્વમાં આવે છે અને ભવિષ્યમાં આ પ્રકારનો જ ભય શાસકને સતાવે છે. તેનો મુખ્ય આધાર લશ્કર અને તેની તાકાત હોય છે.

## ૧૧.૬ લોકશાહી અને સરમુખત્યારશાહી વચ્ચેનો તફાવત

આપણે લોકશાહી અને સરમુખત્યારશાહી શાસન વ્યવસ્થાનો પરિચય મેળવ્યો. બંને પ્રકારની શાસન વ્યવસ્થાઓ એક બીજાથી તદ્દન ભિન્ન છે. તેને નીચે પ્રમાણે સમજાવી શકાય.

(૧) લોકશાહી તેનું ચિંતન માનવતાવાદી છે. તે અહિંસા, સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, સહકાર જેવા મૂલ્યો ઉપર ભાર મૂકે છે. આ પ્રકારનું ચિંતન સંસ્કૃતિનું જતન કરે છે અને સભ્યતાને પોષે છે.

બીજી બાજુ સરમુખત્યારશાહી હિંસા અને લોહિયાળ ક્રાંતિની પોષક છે. તે એક જ ધર્મ અને એક જ જાતિના લોકો ઉપર ભાર મૂકે છે અને વિરોધી વિચાર ધરાવતા લોકોને અવગણે છે તેમની ઉપર અમાનુષી ત્રાસ ગુજારે છે.

(૨) લોકશાહી સરકાર બંધારણીય માર્ગે સર્વસંમતિથી ચૂંટણીઓના માધ્યમથી અસ્તિત્વમાં આવે છે. અહિ ચૂંટણી પંચ સ્વતંત્ર અને તટસ્થ રીતે ચૂંટણીઓનું આયોજન કરે છે. આ પ્રકારે અસ્તિત્વમાં આવેલી સરકાર કાયદેસરની હોય છે. અને બંધારણને અનુલક્ષીને કામગીરી કરે છે.

સરમુખત્યારશાહીમાં હિંસા અને ક્રાંતિના માધ્યમથી સત્તાનાં સૂત્રો સંભાળવાના હોય છે. આ સરકારમાં બંધારણની અવગણના કરવામાં આવે છે. તે નિરંકુશ અને ગેરકાયદેસર સરકાર છે.

(૩) લોકશાહીમાં લોકોનું મહત્ત્વ હોય છે એટલે કે પ્રજાકીય સાર્વભૌમત્ત્વને મહત્ત્વ આપવામાં આવે છે. લોકો નકકી કરેલા સમય માટે પોતાના પ્રતિનિધિને પસંદ કરે છે. અને અપ્રિય નેતા કે સરકારને મતાધિકારના માધ્યમથી પદભ્રષ્ટ કરી શકે છે. આમ લોકશાહી એ લોકપ્રિય સરકાર તરીકે ઓળખાય છે તેના સમર્થકો જેવા કે જ્યોર્જ વોશિંગ્ટન, અબ્રાહમ લિંકન, મહાત્મા ગાંધીને પ્રજા આજે પણ યાદ કરે છે.

સરમુખત્યારશાહીએ લોકપ્રિય સરકાર નથી તે વંશપરંપરાગત સરકાર હોય છે અથવા લોહીયાળ ક્રાંતિની મદદથી સરકાર અસ્તિત્વમાં આવે છે. માત્ર દેખાવ પૂરતું જ સરમુખત્યારની પ્રશંસા કરવામાં આવે છે. ખરેખર તો તે અપ્રિય હોય છે. સરમુખત્યાર પાસે સર્વ-સત્તાઓ હોય છે. તેની પાસે જ સાર્વભૌમત્વ હોય છે. આથી હીટલર, મુસોલીની અને સદામ હુસૈન જેવા સરમુખત્યારો તેમની ક્રુરતા માટે જાણીતા છે.

(૪) લોકશાહી વ્યકિત અને વ્યકિતગત ગૌરવને મહત્ત્વ આપે છે. વ્યકિતની સ્વતંત્રતા, મૂળભૂત અધિકારોની તે હિમાયતી છે. પ્રજાના મૂળભૂત અધિકારોનો ભંગ થાય તો અદાલત પાસે રક્ષણ માંગી શકે છે. લોકશાહીમાં રાજય વ્યકિત માટે છે.

સરમુખત્યારશાહીમાં વ્યક્તિગત ગૌરવને મહત્ત્વ આપવામાં આવતું નથી. અહી વ્યકિત રાજય માટે હોય છે. નાગરિકોને મૂળભૂત અધિકારો હોતા નથી અને હોય તો તે આભાસી હોય છે.

(૫) લોકશાહીમાં નાગરિકોને રાજકીય શિક્ષણ મળી રહે છે અને પોતાની ભૂલો સુધારી શકે છે.તેની પ્રક્રિયાઓથી નાગરિકો શીખે છે.

સરમુખત્યારશાહીમાં લોકો સરમુખત્યારને સહન કરે છે. લોકો પોતાની ભુલો સુધારી શકતા નથી.

(૬) લોકશાહીમાં સારા ઉચ્ચ આદર્શો સમાયેલા હોય છે.તે આંતરરાષ્ટ્રીય બાબતોમાં શાંતિ અને સહકારમાં માને છે તેમાં વિશ્વ નાગરિકનો ભાવ જોવા મળે છે.

સરમુખત્યારશાહીમાં પ્રજાને માત્ર યુદ્ધની વાતો કરવામાં આવે છે અને તેમનું ધ્યાન બીજે દોરવામાં આવે છે. તેઓ ઉગ્ર રાષ્ટ્રવાદમાં માને છે. પ્રથમ અને બીજું વિશ્વયુદ્ધ આ કારણે જ આકાર પામ્યું.

## ૧૧.૭ સારાંશ

આપણે સરમુખત્યારશાહી એટલે શું ? તેના પ્રકારો વિશેની માહિતી મેળવી. સાથે સાથે તેના પ્રકારો, ફાયદા અને ગેરફાયદા વિશેની જાણકારી મેળવી એટલું જ નહિ પરંતુ લોકશાહી અને સરમુખત્યારશાહી વચ્ચેનો તફાવત શું છે તે વિશે માહિતી મેળવી.

## ૧૧.૮ સ્વાધ્યાય

**(૧) કઈ સાલમાં તુર્કસ્તાનમાં કમાલપાશાની સરમુખત્યારશાહી અસ્તિત્વમાં હતી?**

(અ) ૧૯૨૦ (બ) ૧૯૨૧ (ક) ૧૯૨૨ (ડ) ૧૯૨૩

**(૨) કઈ સાલમાં ઈટાલીમાં મુસોલીનીની સરમુખત્યારશાહી અસ્તિત્વમાં હતી?**

(અ) ૧૯૨૨ (બ) ૧૯૨૩ (ક) ૧૯૨૪ (ડ) ૧૯૨૫

**(૩) કઈ સાલમાં જર્મનીમાં હિટલરની સરમુખત્યારશાહી અસ્તિત્વમાં હતી?**

(અ) ૧૯૩૧ (બ) ૧૯૩૨ (ક) ૧૯૩૩ (ડ) ૧૯૩૪

**(૪) કઈ સાલમાં રશિયામાં લેનિનની સરમુખત્યારશાહી અસ્તિત્વમાં હતી?**

(અ) ૧૯૧૬ (બ) ૧૯૧૭ (ક) ૧૯૧૮ (ડ) ૧૯૧૯

★ **ટૂંકમાં જવાબ આપો.**

**(૧) સરમુખત્યારશાહીના એક પ્રકાર તરીકે લશ્કરી તાનાશાહી વિષે સમજાવો.**

..........................................................

..........................................................

..........................................................

**(૨) સરમુખત્યારશાહીના પ્રકાર તરીકે એક પક્ષીય સરમુખત્યારશાહીની ચર્ચા કરો.**

..........................................................

(૩) વ્યક્તિ આધારિત સરમુખત્યારશાહી વિશે સમજાવો.

(૪) સરમુખત્યારશાહીના એક પ્રકાર તરીકે રાજાશાહી વિશે સમજાવો.

(૫) સરમુખત્યારશાહીનો રોમન અર્થ શું થાય છે?

(૬) લશ્કરી સરમુખત્યારશાહી એટલે શું ?

(૭) વ્યક્તિ આધારિત સરમુખત્યારશાહી એટલે શું ?

(૮) એક પક્ષ આધારિત સરમુખત્યારશાહી એટલે શું ?

★ નીચેના પ્રશ્નનો સવિસ્તાર જવાબ આપો.

(૧) સરમુખત્યારશાહીની વ્યાખ્યા જણાવી તેની વિશેષતાઓની ચર્ચા કરો.

(૨) સરમુખત્યારશાહીની વ્યાખ્યા જણાવી તેના વિવિધ પ્રકારોની ચર્ચા કરો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

(૩) સરમુખત્યારશાહીના ગેરફાયદા જણાવો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

(૪) લોકશાહી અને સરમુખત્યારશાહી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

(૫) સરમુખત્યારશાહી એટલે શું ? તેના વિવિધ પ્રકારોની ચર્ચા કરો અને શું તે આજે પ્રસ્તુત છે ? જણાવો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

(૬) સરમુખત્યારશાહીના લાભાલાભો શું છે ? ચર્ચા કરો.

..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

(૭) લોકશાહી અને સરમુખત્યારશાહીની સરખામણી કરો. વર્તમાન સમયમાં બંન્નેમાંથી કોનું મહત્વ છે તે દર્શાવો.

..........................................................
..........................................................

.....................................................

.....................................................

.....................................................

.....................................................

## ૧૧.૯ સંદર્ભ ગ્રંથોની યાદી


૧. વ્યાસ રક્ષાબેન : લોકશાહી, વિશ્વકોશ પ્રકાશન, અમદાવાદ, ૨૦૦૪.

૨. પંડ્યા હસમુખ : લોકશાહી રાજ્યવ્યવસ્થા: તત્ત્વ અને વ્યવહાર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૩. શુક્લ ગજેન્દ્ર બી : સરકારી તંત્ર વ્યવસ્થા, ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત, ૨૦૧૩.


## ૧૧.૧૦ સ્વાધ્યાયના જવાબો.

(૧) ડ, (૨) ડ, (૩) ક, (૪) બ

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-89456-26-4


BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ -રાજ્યશાસ્ત્ર
PSCM 102 / PSCS 102
PSCMJ 102 / PSCMN 201
સરકારી તંત્ર વ્યવસ્થા
(મુખ્ય તથા ગૌણ)




# સ્થાનિક સ્વશાસનની સરકાર 4

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે, જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસકોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ !


કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**સંપાદનઃ**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ.પુષ્પાબહેન મોતિયાની | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**વિષય સલાહકાર સમિતિ( PAC):**

| | |
|---|---|
| ડૉ. દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા. |
| ડૉ.ગજેન્દ્રસિંહ પી. જાડેજા | એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કોલેજ, એમ.કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ. હેમાબહેન જીકાદરા | એસોસિએટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર , ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ.પુષ્પાબહેન મોતિયાની | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**લેખનઃ**

| | |
|---|---|
| ડૉ.ગજેન્દ્રસિંહ પી. જાડેજા | એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કોલેજ, એમ.કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| ઉર્વિકા એસ. પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર,ગુજરાતી, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| ડૉ. હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |
| પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ | ગુજરાતી વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |

પ્રકાશક: ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠયપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ISBN: "978-93-89456-27-1"
પ્રકાશન વર્ષ : 2020

# વિભાગ 04
## સ્થાનિક સ્વશાસનની સરકાર

| | |
|---|---|
| એકમ : 12<br>રાજકીય પક્ષ-1 | 7 |
| એકમ : 13<br>રાજકીય પક્ષ-2 | 21 |
| એકમ : 14<br>સ્થાનિક સ્વશાસનની સરકાર-1 | 31 |
| એકમ : 15<br>સ્થાનિક સ્વશાસનની સરકાર-2 | 37 |

# વિભાગ 04

## સ્થાનિક સ્વશાસનની સરકાર

સરકારી તંત્રવ્યવસ્થા પેપર નંબર **02** ના આ વિભાગ **04** માં ચાર એકમો છે.

એકમ : **12** રાજકીય પક્ષ-**1** માં રાજકીય પક્ષનો અર્થ, વ્યાખ્યા રાજકીય પક્ષના ઉદ્દભવના કારણોની સમજૂતી આપવામાં આવી છે. પક્ષપ્રથાના પ્રકારો જેમાં એકપક્ષ પ્રથા, દ્વિપક્ષ પ્રથા, બહુપક્ષ પ્રથાની સમજ તમે કેળવશો.

એકમ : **13** રાજકીય પક્ષ-**2** માં તમે રાજકીય પક્ષની ખાસિયતોથી માહિતગાર બનશો. રાજકીય પક્ષની ભૂમિકા અને કાર્યોની સમજૂતી મેળવશો. રાજકીય પક્ષના ફાયદાઓ અને મર્યાદાઓ કે ગેરફાયદા જાણશો. રાજકીય પક્ષનું મહત્વ આ એકમના માધ્યમથી સમજશો.

એકમ : **14** સ્થાનિક સ્વશાસનની સરકાર-**1** માં સ્થાનિક સ્વશાસનની સરકારનો અર્થ અને તેનું મહત્વ સમજાવવામાં આવ્યું છે.

એકમ : **15** સ્થાનિક સ્વશાસનની સરકાર-**2** માં સ્થાનિક સ્વશાસનની સરકારના કાર્યો અને ફાયદા તેમજ ગેરફાયદાઓની સમજ આપવામાં આવી છે.

એકમ ૧૨

# રાજકીય પક્ષ - ૧

## રૂપરેખા


૧૨.૦ ઉદ્દેશો

૧૨.૧ પ્રસ્તાવના

૧૨.૨ રાજકીય પક્ષનો અર્થ - વ્યાખ્યા

૧૨.૩ રાજકીય પક્ષના ઉદ્‌ભવની રૂપરેખા

૧૨.૩.૧ ઉદ્‌ભવ

૧૨.૩.૨ ઉદ્‌ભવના કારણો

૧૨.૪ પક્ષ પ્રથાના પ્રકારો

૧૨.૪.૧ એકપક્ષ પ્રથા

૧૨.૪.૨ દ્વિપક્ષ પ્રથા

૧૨.૪.૩ બહુપક્ષ પ્રથા

૧૨.૫ સારાંશ

૧૨.૬ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

૧૨.૭ સંદર્ભસૂચિ


## ૧૨.૦ ઉદ્દેશો

- રાજકીય પક્ષના અર્થ અને વ્યાખ્યાનો ખ્યાલ મેળવી શકશો.
- રાજકીય પક્ષના ઉદ્‌ભવની રૂપરેખા વિશેનો ખ્યાલ મેળવી શકશો.
- રાજકીય પક્ષના પ્રકારો વિશેનો ખ્યાલ મેળવી શકશો.

## ૧૨.૧ પ્રસ્તાવના

પક્ષ શબ્દ નવો નથી પરંતુ તેનો સંદર્ભ બદલાતા આપણને નવો લાગે છે. પક્ષ શબ્દનો પ્રયોગ રાજ્ય વ્યવસ્થા અને સમાજ વ્યવસ્થા માટે પણ કરવામાં આવે છે. પક્ષ એટલે કોઈ પણ બાબતે તરફેણ કે વિરોધમાં અભિપ્રાય વ્યક્ત કરતો માનવ સમૂહ એવો તેનો અર્થ કરી શકાય. પરંતુ જ્યારે પક્ષ શબ્દનો ઉપયોગ રાજ્ય વ્યવસ્થાના સંદર્ભમાં કરવામાં આવે છે ત્યારે તેનો દષ્ટિકોણ કે અભિગમ બદલાઈ જાય છે. આધુનિક વિશ્વમાં લોકતંત્રના વિકાસની સાથે રાજકીય પક્ષનો ઉદ્‌ભવ અને વિકાસ થયો. આધુનિક લોકતાંત્રિક રાજ્ય વ્યવસ્થામાં રાજકીય પક્ષનું મહત્વ વિશ્વપ્રસિદ્ધ છે. લોકશાહી નિર્ણય કરવાનો અધિકાર લોકોની પાસે છે. લોકશાહીમાં લોકોને સરકાર પસંદ કરવા મતાધિકાર આપીને લોકશાહીમાં લોકોની સર્વોપરિતાના સિદ્ધાંતને ચરિતાર્થ કરવામાં આવ્યો છે. આ સિદ્ધાંતને વધુ સુદઢ બનાવવા અને તેના અસરકારક અમલ માટે લોકશાહીમાં ચૂંટણીઓ યોજવી અનિવાર્ય બની છે. ચૂંટણીઓની અનિવાર્યતાની સાથે જ લોકોને

પોતાની પસદંગી માટે વિવિધ પક્ષોની આવશ્યકતા રહે છે. આમ, માનવ સ્વભાવમાં રહેલી વિવિધતામાંથી પસંદગીની જરૂરિયાતે રાજકીય પક્ષની આવશ્યકતા અને અનિવાર્યતા ઊભી કરી છે. ૧૯મી સદીમાં યુરોપ અને અમેરિકામાં મતાધિકાર અને પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓના વિકાસની સાથે રાજકીય પક્ષનો આવિર્ભાવ થયો. જોકે આ પહેલાં પણ કેટલાક સંગઠનો કાર્ય કરતાં હતાં. પરંતુ જેમ જેમ રાજકીય પક્ષો વિકસતા ગયા તેમ તેમ જે તે રાજ્યની પોતાની રાજ્ય વ્યવસ્થાને તથા પરિસ્થિતિને અનુરૂપ પક્ષ પ્રથાના પ્રકારો પડ્યા અને વિસ્તર્યા. આધુનિક સમયમાં મુખ્યત્વે પક્ષ પ્રથાના ત્રણ પ્રકારો જેવા કે એકપક્ષ પ્રથા, દ્વિપક્ષ પ્રથા અને બહુપક્ષ પ્રથા વિશ્વમાં જોવા મળે છે તેનો આપણે અત્રે અભ્યાસ કરીશું.

## ૧૨.૨ રાજકીય પક્ષનો અર્થ અને વ્યાખ્યા :

મનુષ્ય સામાજિક પ્રાણીની સાથે સાથે વિચારશીલ પ્રાણી પણ છે. મનુષ્યની સામાજિક વૃત્તિ તેને સમૂહમાં રહેવા પ્રેરે છે. તેની વિચારણસરણી કે સિદ્ધાંતોની સામ્યતા ધરાવતા વ્યક્તિઓનું એક સંગઠિત જૂથ બની સંગઠિત માળખું રચીને પોતાના ઉદ્દેશોને સિદ્ધ કરવા સક્રિય બને છે. આ પ્રકારના રાજકીય સંગઠનને રાજકીય પક્ષ તરીકે ઓળખાવી શકાય. તેમ છતાં વ્યક્તિ આ પ્રકારના સંગઠનનું સભ્યપદ સ્વીકાર્યા સિવાય પણ પ્રત્યેક વ્યક્તિ જાણ્યે અજાણ્યે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એટલે કે વૈચારિક રીતે કોઈને કોઈ રાજકીય પક્ષ સાથે તેની તરફેણ કે વિરુદ્ધમાં જોડાયેલ હોય છે. બર્કના મતે, "એક સામાન્ય સિદ્ધાંત પ્રમાણે જે નાગરિકો એકત્રિત થઈને પોતાની શક્તિ અને મતિ પ્રમાણે રાષ્ટ્રના હિત માટે સામૂહિક રીતે પ્રવૃત્તિ અને પ્રયત્નો કરે છે તેઓ એક રાજકીય પક્ષ બનાવે છે." લિકોકના મતે "રાજકીય પક્ષ એવા નાગરિકોનો સમૂહ છે કે જે રાજકીય એકમના રૂપમાં કાર્ય કરે છે તથા જાહેર પ્રશ્નો ઉપર તેઓના વિચારો એક જેવા હોય છે અને તે સમાન્ય ઉદ્દેશોનો સિદ્ધ કરવા માટે મતદાનની શક્તિનો ઉપયોગ કરીને સત્તાના સૂત્રો સંભાળવા ઈચ્છે છે." રાજકીય પક્ષનાં સંદર્ભમાં મેકાઈવર જણાવે છે કે "રાજકીય પક્ષએ સમુદાય છે કે જે કોઈ ખાસ સિદ્ધાંત કે નીતિથી સંગઠિત કરવામાં આવેલ હોય છે. જે બંધારણીય માર્ગે તે સિદ્ધાંત કે નીતિને શાસનનો આધાર બનાવવા પ્રયાસો કરે છે." ગિલક્રિસ્ટ જણાવે છે કે, "રાજકીય પક્ષ એવા નાગરિકોનો સંગઠિત સમૂહ છે કે જેમના સભ્યો સમાન રાજકીય વિચારો ધરાવે છે અને એક એકમના રૂપમાં કાર્ય કરીને શાસનને પોતાના અંકુશમાં રાખવા પ્રયત્નો કરે છે." આમ, સ્પષ્ટ થાય છે કે રાજકીય પક્ષએ સમાન વિચારસરણી અને સમાન ઉદ્દેશો ધરાવતા નાગરિકોનો સંગઠિત સમૂહ છે, જે એક રાજકીય એકમના રૂપમાં કાર્યરત રહે છે અને બંધારણીય માર્ગે સત્તા પ્રાપ્ત કરવા કે શાસન પર નિયંત્રણ રાખવા સતત પ્રયત્નશીલ રહે છે.

સામાન્ય રીતે રાજકીય પક્ષ એક સ્વૈચ્છિક સંગઠન હોય છે. તેના સભ્યોમાં સિદ્ધાંતો અને રાજકીય સભ્યતાઓમાં સમાનતા જોવા મળે છે. તેમજ પ્રત્યેક સભ્ય એક પ્રકારની વિચારધારા સાથે સંમત હોય છે. રાજકીય પક્ષ એ એવું માધ્યમ છે કે જેમના થકી માનવીય એકતા અને સામાજિક એકતા સ્થાપી શકાય છે અને તેને મજબૂત પણ કરી શકાય છે. રાજકીય પક્ષો સત્તા પ્રાપ્તિ અને સરકારની રચના માટે હંમેશા સતત હરીફાઈમાં રહેતા હોય છે. જો સરકાર રચવામાં નિષ્ફળ જાય તો સરકારની બહાર રહીને પ્રજાના પ્રશ્નોને અભિવ્યક્તિ દ્વારા સરકાર સુધી પહોંચાડે છે તેના માટે વિવિધ કાર્યક્રમો આપીને પોતાના પક્ષના સિદ્ધાંતોની તરફેણમાં લાવવા સતત પ્રયત્નશીલ રહે છે. લોકશાહીમાં સત્તા પ્રાપ્તિ માટે પ્રજાનો ટેકો અને બહુમતી બેઠકો હોવી જરૂરી છે. તેથી બહુમતી પ્રજાના સમર્થન માટે રાજકીય પક્ષ પોતાના સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર કરે છે.

## ૧૨.૩ રાજકીય પક્ષના ઉદ્‌ભવની રૂપરેખા

### ૧૨.૩.૧ ઉદ્‌ભવ

રાજકીય પક્ષના ઉદ્‌ભવના મૂળ ઈંગ્લેન્ડની આધુનિક લોકશાહીમાં પડેલા જોવા મળે છે ૧૬મી સદી દરમિયાન રાણી એલિઝાબેથના સમયમાં પ્યુરેટનોએ એક સમૂહની સ્થાપના કરી. આ સમૂહે રાજકીય અને સામાજીક બાબતો અંગે પોતાના વિચારોને અભિવ્યક્ત કરવાનું શરૂ કર્યું ત્યારથી રાજકીય પક્ષની શરૂઆત થઈ, તેમ છતાં ખરેખર તો ૧૭મી સદી દરમિયાન સ્ટુઅર્ટ વંશના રાજા અને પાર્લામેન્ટ વચ્ચે થયેલા સંઘર્ષમાંથી બે સ્પષ્ટ રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવ્યા. જે લોકો દેવળના શાસનના અને રાજ્યના સ્વચ્છંદી શાસનના વિરોધી હતા તેઓ 'રાઉન્ડ હેડ્ઝ' **(Round Heads)** તરીકે અને જેઓ રાજાના ટેકેદારો હતા તેઓ 'કેવેલીયર્સ' **(Cavaliers)** તરીકે ઓળખવા લાગ્યા. આ બંધારણીય સંઘર્ષમાંથી બે પક્ષો ઊભા થયા વ્હીગ અને ટોરી પક્ષ. વ્હીગ પક્ષ રાજાની સત્તા પર મર્યાદા મૂકવા ઇચ્છતો હતો. જ્યારે ટોરી પક્ષ રાજાના વિશિષ્ટ અધિકારોનો સમર્થક હતો. ૧૮૩૨માં પાર્લામેન્ટના સુધારા અંગેના કાયદાથી આ પક્ષોનું માળખું બદલાયું અને તે લિબરલ અને રૂઢિચુસ્ત પક્ષના નામે ઓળખાયા. ૨૦મી સદીની શરૂઆત સુધી આ બે જ રાજકીય પક્ષો હતા. અમેરિકા જ્યારે બ્રિટનનું સંસ્થાન હતું ત્યારે ત્યાં પણ ઈંગ્લેન્ડની માફક પક્ષ પદ્ધતિ અસ્તિત્વમાં હતી. પરંતુ સ્વતંત્રતા પ્રાપ્તિ પછી અમેરિકામાં જે લોકો મજબૂત કેન્દ્ર સરકારની અને બંધારણનો સ્વીકાર કરવાની હિમાયત કરતા હતા તેઓ 'ફેડરાલિસ્ટસ' **(Federalist)** તરીકે ઓળખાયા અને તેમના વિરોધીઓ 'એન્ટી-ફેડરાલિસ્ટસ' **(Anti Federalist)** તરીકે ઓળખાવા લાગ્યા. બંધારણનો સ્વીકાર થતાં 'એન્ટી-ફેડરાલિસ્ટસ'નો અંત આવ્યો. જ્યોર્જ વોશિંગ્ટનના પ્રમુખપદ દરમિયાન અમેરિકામાં સ્પષ્ટપણે રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવ્યા. આમ, વિશ્વના રાજ્યોમાં જેમ જેમ લોકતંત્રનો સ્વીકાર અને વિસ્તાર થતો ગયો તેમ તેમ રાજકીય પક્ષના ઉદ્‌ભવ અને વિકાસની પ્રક્રિયામાં પણ ગતિ આવતી ગઈ. જોસેફ એ શેલીસિંગરના મતે ૧૯મી સદીમાં યુરોપ અને અમેરિકામાં મતાધિકાર અને પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓના વિકાસની સાથે રાજકીય પક્ષોનો આવિર્ભાવ થયો. આમ, આધુનિક સમાજોમાં સંગઠનની પ્રક્રિયાનો વિકાસ થતો ગયો. તેના પરિણામ સ્વરૂપે વિશ્વને રાજકીય પક્ષો મળ્યા છે.

### ૧૨.૩.૨ રાજકીય પક્ષ ઉદ્‌ભવના કારણો :

રાજકીય પક્ષની રચનાના મૂળમાં એ બાબત રહેલી છે કે એક, સમાજમાં વસવાટ કરતો પ્રત્યેક મનુષ્ય પ્રત્યેક મુદ્દાઓ ઉપર એકબીજાથી સ્વતંત્ર અને અલગ અભિપ્રાય ધરાવે છે. પરંતુ સમાજમાં વ્યવસ્થિત રીતે ટકી રહેવા માટે બાંધછોડની નીતિ અપનાવી કેટલીક પાયાની બાબતે અન્ય વ્યક્તિઓની સાથે એકમતિ સાધે છે અને બે, મૂળભૂત બાબતો અંગે સમાન વિચારો ધરાવતા વ્યક્તિઓ પોતાના વિચારોને વ્યવસ્થિત સ્વરૂપ આપવા માટે અને તેનો પ્રચાર કરવા માટે સંગઠન રચે છે. રાજકીય પક્ષોના ઉદ્‌ભવના પાયામાં આ બે બાબતો હોવા છતાં પણ અન્ય પરિબળોએ પણ ભાગ ભજવ્યો છે.

#### ૧૨.૩.૨.૧ મનુષ્ય સ્વભાવ

રાજકીય પક્ષની રચનામાં મનુષ્ય સ્વભાવ મહત્ત્વનો ભાગ ભજવે છે. કેટલાંક મનુષ્યો સ્વભાવથી જ રૂઢિચુસ્ત હોય છે અને જે પરિસ્થિતિ ચાલુ હોય તેમાં ફેરફાર કરવાનું પસંદ કરતા નથી. આવા મનુષ્યો સમય જતાં રૂઢિચુસ્ત પ્રકારના પક્ષની રચના કરે છે. જ્યારે કેટલાંક મનુષ્યો ઉદારવાદી અને પ્રગતિશીલ સ્વભાવના હોય છે. તેથી તેઓ પરિસ્થિતિમાં સુધારા કે બદલાવ લાવીને પ્રગતિ કરવા માંગતા હોય છે. આવી વ્યક્તિઓ છેવટે ઉદારવાદી રાજકીય પક્ષની રચના કરે છે. આમ, મનુષ્ય સ્વભાવ રાજકીય પક્ષના ઉદ્‌ભવનું કારણ બને છે.

### ૧૨.૩.૨.૨ પારિવારિક પર્યાવરણ/કૌટુંબિક વાતાવરણ

રાજકીય પક્ષના ઉદ્ભવમાં મનુષ્યના પારિવારિક પર્યાવરણની અસર પણ જોવા મળે છે. જેમ વ્યક્તિને પોતાનો પરિવાર જે ધર્મ પાળતો હોય અને જે મિલકત ધરાવતો હોય તે તેને વારસામાં મળે છે તેમ પોતાના પરિવારના સભ્યો જે રાજકીય પક્ષની વિચારસરણી ધરાવતા હોય તેના વાતાવરણથી તે પ્રેરાય છે અથવા તો કુટુંબના દબાણને કારણે પણ વ્યક્તિ ને પક્ષમાં જોડાય છે. આ પ્રકારના અનેક ઉદાહરણ જોવા મળે છે. અમેરિકામાં આયરીશ કુળના સભ્યો મોટે ભાગે ડેમોક્રેટિક પક્ષોમાં હોય છે, તો જર્મન કુળના સભ્યો રિપબ્લિક પક્ષમાં જોડાતા હોય છે.

### ૧૨.૩.૨.૩ ધર્મ

પ્રાચીન સમયથી ધર્મ રાજકારણમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યો છે. આજે પણ અનેક દેશોમાં ધર્મના વડાઓ અને ધર્મગુરુઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાજકારણમાં હસ્તક્ષેપ કરતા રહે છે. તેથી ધાર્મિક આધાર પર રાજકીય પક્ષની રચના થાય છે. ભારતમાં મુસ્લિમ લિગ, અકાલીદળ, હિન્દુ મહાસભા જેવા ધર્મ પર આધારિત રાજકીય પક્ષો જોવા મળે છે.

### ૧૨.૩.૨.૪ આર્થિક હિતો અંગે અસમાન વિચારો

લોર્ડ મેકોલે લખે છે કે, "આર્થિક હિતોની અથડામણો રાજકીય પક્ષોની રચના માટે અગત્યનું કારણ ગણાય છે." એટલે કે આર્થિક હિતો રાજકારણ પર પ્રભાવ પાડે છે. પ્રજાના આર્થિક દષ્ટિબિંદુઓ અને આર્થિક સ્થિતિ રાજકીય પક્ષોના ઉદ્ભવમાં મહત્ત્વનું પરિબળ છે આર્થિક હિતોનો સંઘર્ષ રાજકીય પક્ષોને જન્મ આપે છે અને આર્થિક આધાર પર રાજકીય પક્ષો સંગઠિત થાય છે. માર્ક્સના મતે રાજકીય પક્ષો તથા સામાજિક વર્ગોનો પરસ્પર સંબંધ રાજ્ય અને રાજકારણના સિદ્ધાંતનું કેન્દ્રબિંદુ છે.

### ૧૨.૩.૨.૫ વ્યક્તિગત હિતો

કેટલીક વખત વ્યક્તિગત હિતોની જાળવણી માટે સમાનહિતો ધરાવતા લોકો એકઠા થઈ રાજકીય પક્ષની સ્થાપના કરતા હોય છે. ભારતમાં અનેક રાજકીય પક્ષની રચના માત્ર કોઈ એક કે તેથી વધુ વ્યક્તિઓના હિતોની પૂર્તિ માટે અથવા સરકાર કે વિરોધ પક્ષો સાથે સોદાબાજી કરવાના હેતુથી થઈ હોય તેવા અનેક ઉદાહરણો જોવા મળે છે. આ પરિબળને કારણે ભારતમાં રાજકીય પક્ષોની સંખ્યામાં ખૂબ જ ઝડપથી અને મોટા પ્રમાણમાં વૃદ્ધિ થઈ છે અને મિશ્ર સરકારોનો યુગ શરૂ થયો છે.

### ૧૨.૩.૨.૬ પ્રાદેશિક હિતોની ભાવના

ભારત જેવા દેશમાં પ્રાદેશિક પક્ષોની વૃદ્ધિ થઈ રહી છે તેના મૂળમાં પ્રાદેશિક હિતની ભાવના રહેલી છે. પ્રાદેશિક સમસ્યાઓનો ઝડપી નિકાલ લાવવા તથા પોતાને થતો અન્યાય દૂર કરી વિકાસની ગતિ ઝડપી બનાવવાની ઈચ્છાથી પ્રાદેશિક પક્ષોનું નિર્માણ થાય છે ભારતમાં ટી.ડી.પી., ડી.એમ.કે., અકાલીદળ જેવા અનેક રાજકીય પક્ષોની રચના આ પ્રાદેશિક હિતોની ભાવનામાંથી થયેલ છે.

- **તમારી પ્રગતિ ચકાસો (ક)**

૧. અમેરીકાના આઈરિશ લોકો મોટે ભાગે .................................... પક્ષના સભ્યો હોય છે.

૨. બ્રિટનમાં ૧૭મી સદીના સંઘર્ષમાં દેવળના શાસન વિરોધી .......................... તરીકે અને રાજાના ટેકેદારો .......................... તરીકે ઓળખાવા લાગ્યા.

૩. ૧૭મી સદીના બ્રિટનના બંધારણીય સંઘર્ષમાંથી ............................ અને ................................ પક્ષોનો જન્મ થયો.

૪. અમેરિકામાં ........................... પ્રમુખના સમયમાં રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવ્યા.

૫. ...........................ના મતે આર્થિક હિતોની અથડામણો રાજકીય પક્ષોની રચના માટે અગત્યની છે.

## ૧૨.૪ પક્ષ પ્રથાના પ્રકારો :

આધુનિક વિશ્વમાં રાજકારણને જીવંત રાખવા માટે રાજકીય પક્ષોની અનિવાર્યતા રહી છે. અત્યારે વિશ્વના તમામ રાજ્યોમાં રાજકીય પક્ષો અસ્તિત્વ ધરાવે છે. જો કે વિશ્વના પ્રત્યેક દેશમાં રાજકીય પક્ષો હોવા છતાં એક જ પ્રકારની પક્ષ વ્યવસ્થા અસ્તિત્વમાં નથી અને આવી શકે પણ નહીં. તેથી વિશ્વના રાજ્યોની આ પક્ષ વ્યવસ્થાને ત્રણ ભાગમાં વહેંચી શકાય. (૧) એકપક્ષ પ્રથા (૨) દ્વિપક્ષ પ્રથા અને (૩) બહુપક્ષ પ્રથા.

### ૧૨.૪.૧ એકપક્ષ પ્રથા (Single Party System)

આધુનિક લોકશાહી રાજ્યોમાં અનિવાર્યપણે અને બિનલોકશાહી રાજ્યોમાં માત્ર દેખાવ પૂરતી પક્ષ પ્રથાનો સ્વીકાર કરવામાં આવે છે. તેમાં સર્વસત્તાવાદી રાજ્યો અગ્રસ્થાને છે. આવા સર્વસત્તાવાદી રાજ્યોએ એકપક્ષ પ્રથાનો સ્વીકાર કરેલ હોય છે અને એક જ પક્ષ અસ્તિત્વમાં હોય છે. જો બીજા પક્ષો હોય તો સત્તાધારી બળ પ્રયોગ કરીને અન્ય પક્ષોના અસ્તિત્વનો જ નાશ કરે છે. એટલે કે એકપક્ષ પ્રથામાં સત્તાધારી પક્ષ સિવાય અન્ય પક્ષને સ્થાન નથી. એકપક્ષ પ્રથામાં એક જ પક્ષ હોય છે અને સત્તાના સૂત્રો સંભાળનાર વ્યક્તિઓ આ એક જ પક્ષના સભ્યો હોય છે અને અહીં વિરોધ પક્ષનું અસ્તિત્વ જ નથી હોતું. આમ, એકપક્ષ પ્રથામાં એક જ પક્ષ સમગ્ર સત્તાનો ઉપયોગ કરતુ સાધન હોવાથી તે સર્વસત્તાધીશ ગણાય છે. પક્ષ જ સરકાર અને પક્ષ જ રાજ્ય ગણાય છે. સરકારની સત્તાનો સ્રોત પક્ષ છે. સરકારની નીતિ અંગેના નિર્ણયો પક્ષની ખાનગી બેઠક કે પક્ષના અધિવેશનમાં લેવાય છે. પક્ષના નિર્ણયોને મંજૂરી આપવાનું કાર્ય સરકાર કરે છે. સરકારમાં સ્થાન મેળવેલી વ્યક્તિઓ પક્ષના શિસ્તબદ્ધ સભ્યો હોય છે અને પક્ષની નીતિઓનો શિસ્તબદ્ધ રીતે અમલ કરે છે. આવા બિનલોકશાહી રાજ્યોમાં નામ પૂરતી ચૂંટણીઓ કરવામાં આવતી હોય છે. તો પણ એક જ પક્ષના ઉમેદવારોને મત આપવો પડતો હોય છે. આમ, એકપક્ષ પ્રથાવાળી સર્વસત્તાવાદી સરકારો પ્રજાનું સમર્થન તેને છે એવું દેખાડવા માટે આવી ચૂંટણીઓ યોજે છે. નાઝીવાદ, ફાંસીવાદ, સામ્યવાદ જેવા અનેક ઉદાહરણો આ સંબંધે જોવા મળે છે. કેટલીક વખત રાજ્યના બંધારણમાં જ પક્ષનો ઉલ્લેખ કરવામાં આવતો હોય છે.

- **એકપક્ષ પ્રથાના ફાયદા**

**૦૧. મજબૂત શાસન/સુદૃઢ શાસન**

એકપક્ષ પ્રથામાં વિરોધ પક્ષોની ગેરહાજરીને કારણે સત્તાધારી પક્ષ વિના વિરોધે દૃઢતાપૂર્વક શાસનવ્યવસ્થા સંભાળી શકે છે. પક્ષ જ સત્તાનો સ્રોત અને લોકશક્તિનું પ્રતીક બની જાય છે. પક્ષ જ સરકાર અને પક્ષ જ રાજ્ય ગણાય છે. જરૂર જણાય ત્યારે બળ પ્રયોગ કરીને શાસનને અસ્થિર થતું અટકાવી શકાય છે. આમ, કરીને શાસનને મજબૂતી પ્રદાન કરી શકાય છે. રાજ્યના અપેક્ષિત હેતુઓને સિદ્ધ કરવાનો માર્ગ ખુલ્લો થાય છે અને રાજ્યના વિકાસને ગતિ મળે છે.

**૦૨. વ્યર્થ ટીકાઓ અને પ્રચારમાં સમય બરબાદ થતો નથી.**

એકપક્ષ પ્રથામાં અન્ય પક્ષોના અભાવને કારણે વ્યર્થ અને બિનજરૂરી ટીકાઓ કરીને દ્વિપક્ષી કે બહુપક્ષી પક્ષ પ્રથામાં જે નકારાત્મક પ્રચાર કરીને જે સમય, શક્તિ અને નાણાંને બરબાદ (વ્યય) કરવામાં આવે છે તેનાંથી એકપક્ષ પ્રથા દ્વારા બચી શકાય છે. આ સમય, શક્તિ અને

નાણાંનો ઉપયોગ રાજ્યના સકારાત્મક વિકાસમાં કરીને રાજ્યનો ઝડપી વિકાસ સાધી શકાય છે.

**૦૩. એકપક્ષ પ્રથા આર્થિક વિકાસમાં સહાયક બને છે.**

એકપક્ષ પ્રથાને કારણે રાજ્યની જરૂરિયાત મુજબની આર્થિક વિકાસ માટેની લાંબા અને ટૂંકાગાળાની યોજનાઓ અપનાવી અને ઝડપી અમલી બનાવી શકાય છે. દા.ત. સામ્યવાદી ચીનની અનેક સમસ્યાઓ અને નબળાઈઓ હોવા છતાં પણ તેના લાંબાગાળાના આયોજનને અમલી અને સફળ બનાવવામાં એકપક્ષ પ્રથાનો નોંધપાત્ર ફાળો રહ્યો છે.

**૦૪. શિસ્તપાલન**

એકપક્ષ પ્રથામાં સરકારમાં સ્થાન પ્રાપ્ત કરનાર દરેક સભ્યે પક્ષની ઉચ્ચપ્રકારની શિસ્તનું પાલન કરવું પડે છે. તેથી પ્રજામાં પણ શિસ્તની ભાવના પ્રગટે છે. આ શિસ્તપાલનને કારણે અવારનવાર પડતી હડતાલ, તાળાબંધી, ઘેરાવ જેવી ઘટના બનતી નથી. જો ક્યારેક નાના પાયા પર બને તો સરકાર દ્વારા બળપ્રયોગથી તેને દબાવી દેવામાં આવે છે. આમ, શિસ્તના આગ્રહને કારણે સમગ્ર રાજ્ય શિસ્તબદ્ધ રીતે એક છત્ર નીચે ચાલે છે અને રાજ્ય વિવિધ ક્ષેત્રોમાં અગ્રસ્થાન પ્રાપ્ત કરે છે. ચીન તેનું ઉત્તમ ઉદાહરણ છે.

**૦૫. રાષ્ટ્રીય એકતા**

એકપક્ષ પ્રથાને કારણે પ્રજામાં જૂથબંધી ઓછી થાય છે. તેથી અલગતાવાદની ભાવના ઉપસ્થિત થતી નથી બલકે પ્રજામાં રાષ્ટ્રીય એકતાની ભાવના જાગૃત થાય છે અને મજબૂત થાય છે. રાષ્ટ્રીય એકતાની ભાવનાના અભાવને કારણે રાજ્યે પ્રદેશવાદ, આંતકવાદ અને એવા અન્ય વિભાજક પરિબળોનો સામનો કરવો પડે છે. એકપક્ષ પ્રથાને કારણે રાજ્ય આવા પડકારોથી બચી જાય છે અને રાષ્ટ્રીય એકતા જળવાઈ રહે છે.

- **એકપક્ષ પ્રથાના ગેરફાયદા**

**૦૧. વ્યક્તિ સ્વાતંત્ર્યનો નાશ થાય છે.**

એકપક્ષ પ્રથામાં મુક્ત વિચારો, વિચાર-વિમર્શ, વાદ-વિવાદ કે આલોચનાને કોઈ સ્થાન હોતું નથી. તેની સંગઠનની રચના કરવાની પણ સ્વતંત્રતા નથી અને જે સંગઠનો હોય છે તે પણ પક્ષના કહ્યાગરા હોય છે. વ્યક્તિ સ્વાતંત્ર્યનો અભાવ વ્યક્તિના વ્યક્તિત્વના વિકાસને અવરોધે છે. તેની માઠી અસર વ્યક્તિ અને રાજ્યના વિકાસ પર પડે છે.

**૦૨. વિરોધ પક્ષની અનુપસ્થિતિ**

કોઈ પણ પ્રકારની શાસનવ્યવસ્થામાં વિરોધપક્ષની ભૂમિકા ખૂબ જ અગત્યની રહેતી હોય છે. વિરોધ પક્ષ સરકારને જાગૃત તો રાખે જ છે પરંતુ સાથો સાથ વૈકલ્પિક નીતિઓ પણ રજૂ કરે છે. એકપક્ષ પ્રથામાં વિરોધપક્ષોને કચડી નાખીને પ્રજાને ભયભીત કરવામાં આવે છે પરિણામે વિરોધપક્ષ અને પુખ્ત વિચારણાના અભાવે રાજ્ય માટે જે નીતિઓ ઘડાય અને અમલી બને છે. તેનાથી રાજ્યને મોટું નુકસાન પણ સહન કરવું પડે છે.

**૦૩. સર્વસત્તાવાદી વ્યવસ્થાતંત્ર**

એકપક્ષ પ્રથા વાસ્તવમાં એકાધિકારવાદી વ્યવસ્થાતંત્ર બની જાય છે. તે વ્યક્તિના જીવનના તમામ પાસાઓને નિયંત્રણમાં રાખે છે અને વ્યક્તિ રાજ્યરૂપી મશીનના પૂર્જા જેવી બની જાય છે. આમ,

રાજ્યની દરમિયાનગીરીને કારણે વ્યક્તિને સ્વતંત્ર જીવન જીવવામાં અનેક પ્રકારની મુશ્કેલીઓ પડે છે. વ્યક્તિનું જીવન ચીલા ચાલુ અને યંત્રવત બની જાય છે.

**૦૪. પ્રગતિશીલ વિચારોને અવરોધક છે.**

એકપક્ષ પ્રથા ઉદારવાદ, લોકતંત્ર, સમાનતા અને સ્વતંત્રતા જેવા પ્રગતિશીલ વિચારોને મહત્ત્વની ગણતો નથી અને આ પ્રકારની પક્ષપ્રથા માત્ર પોતાની જ વિચારણસરણીને પ્રાધાન્ય આપીને પક્ષની સરમુખત્યારશાહી સ્થાપે છે તથા અન્ય વિચારણસરણીને અછૂત ગણીને વિરોધ કરે છે. અન્ય વિચારસરણીની આવકારદાયક બાબતોનો સ્વીકાર કરવા પણ તૈયાર હોતી નથી.

**૦૫. દાસત્વપૂર્ણ જીવનનો અભિગમ**

એકપક્ષ પ્રથામાં શિક્ષણ, કળા, સાહિત્ય અને સમાજ પર પક્ષનો અંકુશ હોય છે. તેથી તે તમામ બાબતોનો સ્વતંત્ર વિકાસ શક્ય બનતો નથી. કોકરના મતે, "રાષ્ટ્રના સાર્વજનિક અને સાંસ્કૃતિક જીવનને કેન્દ્રીકૃત કરવાથી જે તે દેશના સાહિત્ય, કલા, જ્ઞાનનો વિકાસ સમાપ્ત થઈ જાય છે." આમ, એકપક્ષ પ્રથાને કારણે સાર્વજનિક અને સાંસ્કૃતિક જીવનને નિયંત્રિત કરવાથી પ્રજા નિસ્તેજ અને દાસત્વપૂર્ણ જીવન જીવવા માટે મજબૂર બની જાય છે.

- **તમારી પ્રગતિ ચકાસો (ખ)**

૧. પક્ષપ્રથાના મુખ્યત્વે.................... પ્રકારો પાડવામાં આવે છે.

૨. એકપક્ષ પ્રથાવાળા રાજ્યોમાં ....................... પ્રકારની વિચારસરણી ધરાવતી રાજ્યપ્રથા હોય છે.

- **વિધાન ખરું છે કે ખોટું તે દર્શાવો.**

અ. એકપક્ષ પ્રથામાં વિરોધપક્ષને મહત્ત્વનું સ્થાન હોય છે.

બ. એકપક્ષ પ્રથામાં પક્ષ જ સરકાર અને પક્ષ જ રાજ્ય ગણાય છે.

ક. સોવિયેત રશિયાની સામ્યવાદી સરકાર એકપક્ષ પ્રથાનું શ્રેષ્ઠ ઉદાહરણ આપી શકાય.

ડ. લાંબાગાળાના આયોજનને અમલી અને સફળ બનાવવા માટે એકપક્ષ પ્રથા યોગ્ય છે.

**૧૨.૪.૨. દ્વિપક્ષ પ્રથા**

સાંપ્રત લોકશાહી શાસનતંત્રમાં અનેક રાજકીય પક્ષો અસ્તિત્વમાં હોવા છતાં પણ જે રાજ્યમાં બે મુખ્ય રાજકીય પક્ષો વચ્ચે શાસનના સૂત્રો હસ્તગત કરવાની ચૂંટણીમાં સ્પર્ધા રહેતી હોય છે ત્યારે આ મજબૂત અને સક્ષમ બે પક્ષોના પ્રભાવવાળી પક્ષ પ્રથાને દ્વિપક્ષ પ્રથા તરીકે ઓળખવામાં આવે છે. દ્વિપક્ષ પ્રથાવાળા રાજ્યોમાં બેથી વધારે રાજકીય પક્ષોની રચના કરવા પર કોઈ કાનૂની પ્રતિબંધ નથી હોતો. તેથી બેથી વધારે રાજકીય પક્ષ હોય છે. પરંતુ બે સબળ પક્ષો કરતાં અન્ય રાજકીય પક્ષો એટલા નાના હોય છે કે તેનો રાજકારણ પર ખાસ પ્રભાવ નથી હોતો અને તેમણે સત્તામાં ભાગીદારી પ્રાપ્ત થતી નથી. તેથી બે સબળ રાજકીય પક્ષોમાંથી ક્યારેક એક પક્ષ તો ક્યારેક બીજો પક્ષ સત્તાના સૂત્રો સાંભળતો હોય છે ત્યારે તે રાજ્યમાં દ્વિપક્ષ પ્રથા અસ્તિત્વ ધરાવે છે તેમ કહી શકાય. દ્વિપક્ષ પ્રથામાં તે રાજ્યમાં બે પ્રભાવશાળી પક્ષોમાંથી ચૂંટણીમાં કોઈ એક પક્ષ બહુમતી પ્રાપ્ત કરીને સરકાર બનાવે છે અને સત્તાધારી પક્ષથી ઓછી બેઠકો

મેળવનાર પક્ષ વિરોધપક્ષની ભૂમિકા નિભાવે છે. આ વિરોધ પક્ષ સત્તાધારી પક્ષ નિષ્ફળ જાય ત્યારે વૈકલ્પિક સરકાર રચવા તૈયાર રહે છે. દ્વિપક્ષ પ્રથાના ઈંગ્લેન્ડ અને સંયુક્ત રાજ્ય અમેરિકા ઉત્તમ ઉદાહરણો છે. ઈંગ્લેન્ડમાં રૂઢિચુસ્ત પક્ષ અને મજૂર પક્ષ એમ બે સબળ રાજકીય પક્ષો છે. જ્યારે અમેરિકામાં રિપબ્લિકન પક્ષ અને ડેમોક્રેટિક પક્ષ સબળ રાજકીય પક્ષો છે. લોકશાહી રાજ્ય વ્યવસ્થા માટે દ્વિપક્ષ પ્રથા એક આદર્શ વ્યવસ્થા ગણવામાં આવે છે. કારણ કે, તેમાં રાજકીય પક્ષો તેમની અપેક્ષિત ભૂમિકા ખૂબ જ સારી રીતે ભજવી શકે છે અને સત્તાધારી પક્ષના એક સબળ વિકલ્પ તરીકે વિરોધ પક્ષ હંમેશાં હાજર અને તત્પર હોય છે, જે લોકશાહીને જીવંત અને ધબકતી રાખે છે. સત્તાધારી પક્ષ પણ સતત સતર્ક રહે છે કે કોઈ ખોટો નિર્ણય ન થાય અને કોઈ ખોટી નીતિ અમલી ન બનાવાય કે જેથી સત્તા ગુમાવવી પડે.

- **દ્વિપક્ષ પ્રથાના ફાયદા**

**૦૧. મજબૂત અને સ્થિર સરકાર રચી શકાય છે.**

શાસન સુદૃઢ અને સ્થિર હોય તે ખૂબ જ જરૂરી છે. દ્વિપક્ષ પ્રથા દ્વારા તે શક્ય બનાવી શકાય છે દ્વિપક્ષ પ્રથામાં બે પ્રભાવક પક્ષો સામાન્ય ચૂંટણીમાં વધારે સક્રિય હોવાથી જે પક્ષને ધારાસભાના પ્રથમ ગૃહમાં બહુમતી બેઠકો મળે તે સત્તાના સૂત્રો સંભાળે છે અને સરકારની રચના કરે છે. સરકારને ધારાસભામાં બહુમતી સભ્યોનું સમર્થન હોવાથી સરકાર સુદૃઢતાથી સત્તા અને કાર્યો સાંભળી શકે છે અને સરકાર સ્થિર રહે છે.

**૦૨. સરકારની રચના સહેલાઈથી થઈ શકે છે.**

સંસદીય લોકશાહીમાં બે સફળ રાજકીય પક્ષો હોય તો સરકારની રચના સહેલાઈથી થઈ શકે છે. બહુમતી મેળવનાર પક્ષને સરકાર રચવાની જવાબદારી સોંપવામાં આવે છે. તે પોતાના પક્ષના ચૂંટાયેલ સભ્યોમાંથી પ્રધાન મંડળની રચના કરે છે. આમ, પક્ષના સભ્યોમાંથી જ પ્રધાન મંડળના સભ્યોની પસંદગી કરવાનું સહેલું બને છે.

**૦૩. સરકારનું પરિવર્તન કરવું સહેલું બને છે.**

દ્વિપક્ષ પ્રથામાં સરકાર વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય અથવા અન્ય કારણોસર સત્તાનો ત્યાગ કરવાની સ્થિતિ ઊભી થાય ત્યારે રાજ્યના વડા વિરોધ પક્ષના નેતાને આમંત્રણ આપીને સરકારની રચના કરવા માટેની જવાબદારી સોંપે છે અને બહુમતી પુરવાર કરવા જણાવે છે. બીજું કે સરકારી વ્યવસ્થાતંત્ર અવરોધ વિના સતત ચાલ્યા કરે તે માટે પ્રજા પણ ચૂંટણીમાં પોતાને યોગ્ય લાગે તે પક્ષને બહુમતી આપીને ચૂંટે છે આમ, બંને રીતે સરકારની ફેરબદલી કરવી સરળ બને છે.

**૦૪. બંધારણીય અવરોધની શંકા રહેતી નથી.**

બહુપક્ષ પ્રથામાં ક્યારેક કોઈ એક પક્ષને સ્પષ્ટ બહુમતી નહીં મળતાં એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. કોઈ પણ પક્ષ એકલો કે અન્ય પક્ષોની સાથે સમજૂતી દ્વારા પણ સરકારની રચનાની સ્થિતિમાં ન હોય ત્યારે બંધારણીય અવરોધ ઊભો થાય છે. પરંતુ દ્વિપક્ષ પ્રથામાં આવી પરિસ્થિતિનું નિર્માણ થતું નથી. કારણ કે દ્વિપક્ષ પ્રથામાં સબળ અને સક્ષમ વિરોધપક્ષ સત્તા પ્રાપ્ત કરવા હંમેશાં તત્પર હોય છે.

**૦૫. સંગઠિત અને મજબૂત વિરોધ પક્ષ**

રાજકીય પક્ષનું કાર્ય શાસનના સંચાલનનું તો છે જ પરંતુ સાથોસાથ સત્તાને નિયંત્રિત કરવાનું પણ છે. સત્તાને નિયંત્રિત રાખવાનું કાર્ય

ત્યારે જ યોગ્ય રીતે કરી શકાય કે જ્યારે વિરોધ પક્ષ સંગઠિત અને પૂરો શક્તિશાળી હોય. દ્વિપક્ષ પ્રથામાં વિરોધ પક્ષ હંમેશાં સંગઠિત અને મજબૂત બનવાનો પ્રયાસ કરતો હોય છે.

- **દ્વિપક્ષ પ્રથાના ગેરફાયદા**

**૦૧. મતદાનની સ્વતંત્રતાને અંકુશિત કરે છે.**

દ્વિપક્ષ પ્રથામાં નાગરિકને મતાધિકારનો ઉપયોગ કરતી વખતે મતદાન માટેની પસંદગીમાં ઘટાડો થાય છે. મતદારે બે પક્ષમાંથી કોઈ પણ એક પક્ષને પોતાનો મત આપવો પડે છે. પછી ભલે મતદાર બંને પક્ષની નીતિઓ અને ઉમેદવાર સાથે અસંમત કેમ ન હોય? આમ, મતદારોની પસંદગી દ્વિપક્ષ પ્રથામાં મર્યાદિત બને છે. દ્વિપક્ષ પ્રથામાં બે સબળ પક્ષો સિવાય અન્ય પક્ષો પણ હોય છે. પરંતુ બહુમતી મળવાની શક્યતા હોતી નથી. એટલે બે પક્ષોમાંથી જ મતદારને પસંદગી કરવાની ફરજ પડે છે.

**૦૨. સરકાર નિરંકુશ બને છે.**

દ્વિપક્ષ પ્રથામાં એક જ રાજકીય પક્ષના હાથમાં ધારાસભા અને કારોબારી સંબંધી સત્તાઓ હોય છે. તેના પરિણામે એક એવી નિરંકુશ બહુમતીનો જન્મ થાય છે. જે હંમેશાં લઘુમતીને કચડી નાંખે છે અને જોહુકમી ચલાવે છે. અન્ય રાજકીય પક્ષના નેતાઓની અવગણના કરવામાં આવે છે. જેથી તેઓની રાજકીય ક્ષેત્રે અસરકારકતા ઓછી થાય.

**૦૩. ધારાસભાના મહત્ત્વ અને સન્માનમાં ઘટાડો.**

દ્વિપક્ષ પ્રથામાં ધારાસભાનો બહુમતી પક્ષ હંમેશા પ્રધાનમંડળનું સમર્થન કરે છે. તેથી દરેક રીતે ધારાસભાની સત્તા પર મર્યાદા મૂકાઈ જાય છે. દ્વિપક્ષ પ્રથામાં ધારાસભા માત્ર નોંધ કરનારી સંસ્થા બની જાય છે અને પક્ષના સભ્યો સરકારની ઇચ્છા અનુસાર મત આપનાર યંત્ર બની રહે છે. સભ્યોને પક્ષના વ્હીપનું પાલન કરવું પડે છે. આમ, થવાથી ધારાસભાના સન્માન અને મહત્ત્વમાં ઘટાડો થાય છે.

**૦૪. પ્રધાનમંડળની સરમુખત્યારશાહી/સરકારની સરમુખત્યારશાહી.**

કેટલાકનું માનવું છે કે દ્વિપક્ષ પ્રથામાં પ્રધાન મંડળની સરમુખત્યારશાહીનો વિકાસ થાય છે. સંસદીય સરકારમાં પ્રધાનમંડળની રચના ધારાસભાના બહુમતી સભ્યોના સમર્થનથી થાય છે. પક્ષની શિસ્તના કારણે ધારાસભાના બહુમતી પક્ષના સભ્યોનું સમર્થન હંમેશા કારોબારીને મળતું રહે છે. તેમજ સરકારનો વડો પોતાના પક્ષમાં પણ એક નેતા તરીકે અગ્રસ્થાને હોય છે. તેથી ધારાસભાના પક્ષના સભ્યો નેતાની કોઈ બાબતોનો વિરોધ કરી શક્તા નથી. તેથી સરકાર પોતાની ઇચ્છાનુસાર ધારાસભા પાસે નિર્ણયો કરાવીને પોતાની નીતિનો અમલ કરાવે છે. આમ, કરતી વખતે સરકારનું વર્તન કેટલીક વખતે સરમુખત્યાર જેવું હોય છે.

**૦૫. અનઆવશ્યક વિરોધ**

દ્વિપક્ષ પ્રથામાં બંને રાજકીય પક્ષો સબળ અને સક્ષમ હોવાના લીધે તેઓની બેઠકોને સંખ્યામાં તફાવતનું પ્રમાણ ઓછું હોય છે. તેથી ક્યારેક શાસક પક્ષ હઠાગ્રહ તો વિરોધ પક્ષ સતત વિરોધી નીતિ અપનાવે છે. કેટલીક વખત વિરોધ પક્ષ ગુણ-દોષનો વિચાર કર્યા વગર માત્ર વિરોધ કરવા ખાતર જ વિરોધ કરતો હોય છે. તેના પરિણામે નિર્ણય કરવામાં અને કાયદો ઘડવામાં વિલંબ થાય છે. તેથી નીતિના અમલમાં પણ વિલંબ થાય છે. આમ, થવાથી પ્રજાના હિતમાં અને રાષ્ટ્રના વિકાસમાં ક્યારેક અવરોધો ઊભા થતાં હોય

છે.

**૦૬. અનેક વર્ગોને પ્રતિનિધિત્વ નથી મળતું/અનેક વર્ગો પ્રતિનિધિત્વથી વંચિત રહે છે.**

દ્વિપક્ષ પ્રથાને કારણે અનેક વર્ગો અને હિત-જૂથો ધારાસભામાં પોતાનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત કરી શકતા નથી. તેથી આ પ્રકારના વર્ગો પોતાની સમસ્યાઓ ધારાસભા કે કારોબારી સમક્ષ યોગ્ય રીતે રજૂ કરવામાં ઊણા ઊતરે છે. પરિણામે તેઓની સમસ્યાઓનો યોગ્ય ઉકેલ લાવી શકતો નથી, અથવા વિલંબ થાય છે. આ સ્થિતિ ક્યારેક લોકતંત્ર માટે મુશ્કેલી સર્જે છે.

આમ, દ્વિપક્ષ પ્રથાની તરફેણ અને વિરુદ્ધમાં દલીલો આપવામાં આવતી હોવા છતાં દ્વિપક્ષ પ્રથા લોકતંત્ર માટે આદર્શ અને આવકારદાયક માનવામાં આવે છે. પછી ભલે લોકતંત્ર સંસદીય પ્રકારનું હોય કે પ્રમુખીય પ્રકારનું.

- **તમારી પ્રગતિ ચકાસો. (ગ)**

૧. વિધાન ખરું છે કે ખોટું તે દર્શાવો.

અ. દ્વિપક્ષ પ્રથામાં હંમેશા માત્ર બે જ પક્ષો અસ્તિત્વ ધરાવતા હોય છે.

બ. બ્રિટનમાં રૂઢિચુસ્ત પક્ષ અને મજૂર પક્ષ એમ બે સબળ પક્ષો છે.

ક. લોકશાહી માટે દ્વિપક્ષ પ્રથા આદર્શ વ્યવસ્થા છે.

ડ. દ્વિપક્ષ પ્રથામાં વિરોધ પક્ષની ભૂમિકા ખાસ મહત્ત્વની નથી.

### ૧૨.૪.૩. બહુપક્ષ પ્રથા

જ્યારે લોકતંત્રમાં બે સબળ રાજકીય પક્ષોના અસ્તિત્વના અભાવને કારણે અનેક નાના-મોટા રાજકીય પક્ષો અસ્તિત્વ ધરાવતા હોય ત્યારે એ લોકશાહી રાજ્યપ્રથામાં બહુપક્ષ પ્રથા અસ્તિત્વમાં એમ કહી શકાય. વિશાળ વિસ્તાર અને વૈવિધ્યસભર રાજ્યોમાં આ પ્રકારની બહુપક્ષ પ્રથા અસ્તિત્વ ધરાવતી હોય છે. બહુપક્ષ પ્રથાવાળા રાજ્યમાં અનેક રાજકીય પક્ષો રાજ્યની ચૂંટણી પ્રક્રિયામાં પોતાની હિસ્સેદારી નોંધાવતા હોવાથી કોઈ પણ એક રાજકીય પક્ષને સરકાર રચવા અને લાંબા સમય સુધી તે સરકાર ચલાવી શકે એટલી બહુમતી મળતી હોતી નથી. ત્યારે બે કે તેથી વધુ રાજકીય પક્ષો સામાન્ય સંયુક્ત કાર્યક્રમ કે યોજનાઓ સંબંધી સમજૂતી સાધીને જોડાણ દ્વારા સરકારની રચના કરે છે. જો કે આ પ્રકારના જોડાણમાં પક્ષોની વચ્ચે સૈદ્ધાંતિક કે વૈચારિક સામ્યતાનો અભાવ હોવા છતાં પક્ષની કે વ્યક્તિની મહત્વકાંક્ષાની પૂર્તિ માટે આ પ્રકારના જોડાણ થતાં હોય છે. તેથી વારંવાર મહત્ત્વકાંક્ષાની પૂર્તિ ન થવાને કારણે અથવા તો અહમના ટકરાવને કારણે મતભેદ ઊભા થતા રહે છે. તેથી તરત જ સરકારનું પતન થાય છે. તો બીજી બાજુ વિરોધ પક્ષોમાંથી કોઈ રાજકીય પક્ષ પણ સરકાર રચવા જેટલી બહુમતી નહીં ધરાવતો હોવાથી સરકારની અસ્થિરતા સર્જાય છે. આમ સરકારની અસ્થિરતાને કારણે સરકારની કામગીરીમાં અવરોધ આવે છે. મોનશ્યો બ્રિઆંડ આ બાબતે લખે છે, "ફ્રાન્સમાં જે દિવસે વડાપ્રધાન પોતાનું કાર્ય શરૂ કરે છે તે દિવસથી જ તેના પ્રધાનમંડળના સભ્યો તેની પડતી માટેના પ્રયત્નો શરૂ કરી દે છે." બહુપક્ષ પ્રથા વિશ્વના અનેક લોકશાહી રાજ્યોમાં જોવા મળે છે. દા.ત. ફ્રાંસ, ભારત, જાપાન, બેલ્જિયમ, ડેન્માર્ક, નેધરલેન્ડ, નોર્વે, સ્વિટ્ઝરલેન્ડ વગેરે...

● **બહુપક્ષ પ્રથાના ફાયદા**

**૦૧. મતદારોને પસંદગીમાં વિકલ્પો મળી રહે છે.**

બહુપક્ષ પ્રથામાં અનેક રાજકીય પક્ષો ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી નોંધાવતા હોવાથી સ્વાભાવિક રીતે જ મતદારોને રાજકીય પક્ષ અને ઉમેદવારોમાંથી પસંદગી કરવામાં વધુ સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે. તેથી મતદાર પોતાને યોગ્ય લાગે તેવા ઉમેદવાર અને પક્ષને પસંદ કરે છે. આમ, પક્ષની અને ઉમેદવારની એમ બંનેની પસંદગીમાં મતદારોને વિકલ્પ મળી રહે છે.

**૦૨. સરકારની સરમુખત્યારશાહીનો ભય રહેતો નથી.**

બહુપક્ષ પ્રથામાં ભાગ્યે જ કોઈકવાર કોઈ એક પક્ષને ધારાસભામાં સ્પષ્ટ બહુમતી મળે છે. સામાન્ય રીતે એક પક્ષને બહુમતી પ્રાપ્ત થતી નથી ત્યારે સંયુક્ત સરકાર રચાય છે. આ મિશ્ર સરકાર સ્વેચ્છાચારી બની શકતી નથી. કારણ કે સરકારમાં સહભાગી પક્ષોમાંથી એક ને પણ અસંતોષ થાય તો સરકારના અસ્તિત્વ સામે ખતરો ઉભો થાય છે. સરકાર આ પ્રકારના ભયને કારણે સરમુખત્યાર બનીને વર્તી શકતી નથી. આમ, સરમુખત્યારશાહીનો ભય રહેતો નથી.

**૦૩. દરેક વર્ગ અને હિત-જૂથોને પ્રતિનિધિત્વ મળી રહે છે.**

બહુપક્ષ પ્રથામાં વિરોધ વિચારધારા, વિવિધ વર્ગ અને વિવિધ હિત-જૂથો ધરાવતા રાજકીય પક્ષો અસ્તિત્વમાં હોય છે. તેથી સમાજના ધાર્મિક, સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને આર્થિક હિતો ધરાવતા અને વિવિધ વર્ગના પ્રતિનિધિત્વ ધરાવતા રાજકીય પક્ષોને ધારાસભામાં સ્થાન મળે છે અને સરકારમાં પણ કેટલીક વખત સ્થાન પ્રાપ્ત થાય છે. આમ, તમામ વર્ગો અને હિતજૂથોની સમસ્યાઓને રજૂ કરવામાં અને તેના ઉકેલમાં સરળતા રહે છે.

**૦૪. વારંવાર ચૂંટણીઓથી બચી શકાય છે.**

બહુપક્ષ પ્રથામાં ઘણી વાર મિશ્ર સરકારની રચના થાય છે. તેમાં જોડાયેલ પક્ષોમાં મતભેદ થાય અને સમર્થન પાછું લેવામાં આવે ત્યારે સરકારનું પતન થાય છે. પરંતુ આવા સંજોગોમાં વિરોધપક્ષોમાં સમજૂતી થવાથી નવી મિશ્રસરકારની રચના કરવામાં આવતી હોય છે. આમ, એક વખત સરકારનું પતન થવા છતાં સામાન્ય ચૂંટણી કર્યા સિવાય પણ સરકારની રચના કરી શકાય. આમ થવાથી વારંવાર ચૂંટણી યોજવી પડતી નથી.

**૦૫. રાષ્ટ્ર બે વિરોધી જૂથોમાં વહેંચાતું નથી.**

બહુપક્ષ પ્રથાને કારણે પક્ષીય ભાવના વધારે પ્રબળ બનતી નથી જે ભય દ્વિપક્ષ પ્રથામાં હોય છે. બહુપક્ષ પ્રથામાં વિવિધ પક્ષો દ્વારા અમુક હદ સુધી જ પરસ્પર સહકાર શક્ય બને છે. આમ, થવાને કારણે બે પરસ્પર વિરોધી તીવ્ર સ્પર્ધા કરતાં રાજકીય પક્ષો કે જૂથોમાં રાષ્ટ્ર વહેંચાય જતું નથી.

**૦૬. પ્રજા પોતાનો પ્રભાવ પાડી શકે છે.**

બહુપક્ષ પ્રથાને કારણે રાજ્યમાં સંયુક્ત સરકાર રચવાની શક્યતા વધી જતી હોય છે અને રચાય પણ છે ત્યારે પ્રજા તે સરકાર ઉપર પોતાનો સારો પ્રભાવ પાડી શકે છે. કારણ કે સંયુક્ત સરકારના પક્ષોમાં સભ્યો વર્તનની સ્વતંત્રતા વધુ ધરાવતા હોય છે અને રાજકીય પક્ષો મતદારોની ઈચ્છાને સંતોષવા પ્રયત્નો કરતાં હોય છે. જેથી તે ભવિષ્યમાં પ્રજાનો ટેકો મેળવી શકે આમ પ્રજા પક્ષો પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાનો પ્રભાવ પાડી શકે છે.

● **બહુપક્ષ પ્રથાના ગેરફાયદા**

**૦૧. અસ્થિર સરકાર**

બહુપક્ષ પ્રથાને કારણે કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી મળવાની શક્યતા ઓછી રહે છે. આવા સંજોગોમાં એક કરતાં વધુ પક્ષોની બનેલી મિશ્ર સરકારનો જન્મ થાય છે. ત્યારે તેમાં સહભાગી પક્ષોના હિતો અથડાવાને કારણે ક્યારેક વિવાદ ઊભો થાય છે. તેના પરિણામે ક્યારેક સરકારનો અંત પણ આવી જાય છે. બહુ ઝડપથી આ રીતે બનતી - બગડતી સરકારો પ્રજાહિતનો વિચાર કરવાને બદલે સરકારને બચાવવાનું સતત વિચાર્યા કરે છે. તેમ છતાં સરકાર અસ્થિર બનતી રહે છે. આમ બહુપક્ષ પ્રથા અસ્થિર સરકાર માટેનું કારણ બને છે.

**૦૨. અચોક્કસ નીતિ**

બહુપક્ષ પ્રથાને લીધે વારંવાર મિશ્ર સરકારો રચાય છે અને તેનું ઝડપથી પતન પણ થાય છે. તેથી સરકારની નીતિઓમાં અસ્પષ્ટતા અને અચોક્કસતા સર્જાય છે. જેથી સરકારની સમગ્ર કાર્યવાહી પર માઠી અસર પડે છે. સરકારની અસ્થિરતાને કારણે લાંબાગાળાની યોજનાઓને વ્યવહારિક સ્વરૂપ આપવાનું મુશ્કેલ બને છે અને લાંબાગાળાના આયોજનો શક્ય બનતા નથી.

**૦૩. મજબૂત અને સક્ષમ વિરોધ પક્ષનો અભાવ**

સંસદીય લોકશાહીની સફળતા અને મજબૂતીનો આધાર મજબૂત અને સક્ષમ વિરોધ પક્ષ છે. પરંતુ બહુપક્ષ પ્રથામાં આ પ્રકારના વિરોધ પક્ષનો અભાવ જોવા મળે છે. તેના કારણે રાજ્યના વિકાસની ગતિમાં અવરોધ ઊભો થાય છે. નિર્ધારિત લક્ષ્યાંકો પ્રાપ્ત કરવામાં વિલંબ સર્જાય છે. તો શક્તિશાળી વિરોધપક્ષના અભાવે કેટલીક વખત સરકાર દ્વારા પ્રજાકીય હિતોની અવગણના પણ કરવામાં આવે છે.

**૦૪. નબળી સરકાર પુરવાર થાય છે.**

બહુપક્ષમાં પ્રથામાં સંયુક્ત સરકારની રચના કરતી વખતે વડાપ્રધાને સમર્થક સાથી પક્ષોમાંથી પણ સભ્યોને પ્રધાનમંડળમાં સ્થાન આપવું પડે છે અને ક્યારેક તો તે ઇચ્છે તે ખાતું પણ તેને ફાળવવું પડે છે. પછી ભલે તે ખાતાના પ્રધાન બનવાની તેની યોગ્યતા હોય કે ન હોય. વડાપ્રધાને પોતાના સાથી પક્ષોને પણ સતત પ્રસન્ન રાખવા પડે છે. આવી પરિસ્થિતિ સરકારની કાર્ય ક્ષમતા અને નિર્ણય પ્રક્રિયા પર વિપરીત અસર ઊભી કરે છે. તેમજ સરકાર ઉપર હંમેશા અવિશ્વાસની દરખાસ્તની તલવાર લટકતી રહે છે.

**૦૫. તક સાધુ નેતાઓનું મહત્ત્વ.**

બહુપક્ષ પ્રથામાં સરકારની રચના પ્રજાના નિર્ણયના આધારે નહીં પરંતુ ચાલાક, સ્વાર્થી અને તક સાધુ, સત્તા લાલચુ રાજકીય નેતાઓની ગઠજોડની આવડતને પરિણામે સરકાર રચાતી હોય છે. તેથી આવી ગઠજોડની નીતિના માહીર રાજકીય નેતાઓનું સરકાર પર હંમેશા પ્રભુત્વ રહેતું હોય છે અને આ પ્રભુત્વને કારણે સત્તાનો ઉપયોગ પોતાના સ્વાર્થને સિદ્ધ કરવા સરકાર પર દબાણ ઊભું કરે છે.

**૦૬. સરકારની કાર્યક્ષમતા ઘટે છે.**

બહુપક્ષ પ્રથામાં રાજકીય પક્ષના નેતાઓનું ધ્યાન સતત સરકારને તોડવામાં, ગઠજોડ કરવામાં અને નવી સરકાર રચવામાં રહેતું હોય છે. આ રાજકીય શતરંજના માહિર રાજકીય નેતાઓ સતત તેમાં જ રચ્યા પચ્યા રહે છે. તો સરકારમાં સ્થાન મેળવેલ પક્ષો અને તેના નેતાઓ સરકારને બચાવવા સતત પ્રયત્નશીલ હોય છે. આવી

પરિસ્થિતિમાં વડાપ્રધાન અને તેમનું પ્રધાનમંડળ પોતાના ખાતાના વહીવટીતંત્ર પર પૂરતું ધ્યાન આપી શકતા નથી તેથી સરકારની કાર્યક્ષમતા ઘટે છે.

- **એકપક્ષ પ્રભાવ પ્રથા**

આધુનિક વિવિધ રાજ્યોમાં અસ્તિત્વ ધરાવતી રાજકીય પક્ષ પ્રથાના અભ્યાસ પરથી રાજ્યશાસ્ત્રીઓએ પક્ષપ્રથાના ત્રણ પ્રકારો પાડેલા છે. એકપક્ષ પ્રથા, દ્વિપક્ષપ્રથા અને બહુપક્ષ પ્રથા, પરંતુ ભારતની પક્ષપ્રથાનો વિચાર કરીએ તો આ ત્રણમાંથી તેને કોઈ એકમાં સંપૂર્ણ પણે મૂકી શકાય તેમ નહીં હોવાથી ૧૯૫૨ થી ૧૯૬૯ના સમયગાળાને ધ્યાનમાં લઈને પ્રા. મોરિસ જોન્સ અને પ્રા. રજની કોઠારીએ તેને 'એકપક્ષ પ્રભુત્વ પ્રથા' કે 'એકપક્ષ પ્રભાવપ્રથા' એવું નામ આપ્યું અને તેના લક્ષણો આ પ્રમાણે રજૂ કર્યા.

૧. સર્વસંમતિ સાધકપક્ષ.

૨. જૂથવાદી સ્પર્ધા

૩. દાબપક્ષો-સીમાવર્તી પક્ષો.

એકપક્ષ પ્રથામાં અનેક પક્ષો હોય છે અને તેમાં તમામ પક્ષોને વિકસવાની તક મળતી હોય છે, તેમ છતાં એક જ પક્ષ મજબૂત અને પ્રભાવશાળી હોય છે તેની તુલનાએ અન્ય પક્ષોને બહુ મહત્ત્વ મળતું હોતું નથી. એકપક્ષ પ્રથામાં એકપક્ષ એટલો વિશાળ હોય છે કે અન્ય પક્ષો તેની સરખામણીમાં ખૂબ જ નાના હોય છે. જેથી ચૂંટણીની વાસ્તવિક સ્પર્ધામાં તેઓ નિર્ણાયક સાબિત થતા નથી તેથી એક જ પક્ષ એકચક્રી વર્ચસ્વ ભોગવે છે. આ એકપક્ષ પ્રભાવ પ્રથાની વિશિષ્ટતા એ છે કે તેમાં (૧) એક ખૂબ જ પ્રભાવશાળી પક્ષ હોય છે, જેનો પ્રભાવ કેન્દ્ર તથા મોટાભાગના રાજ્યોમાં વિસ્તરેલો જોવા મળે છે. (૨) અહીં રાજકીય સ્પર્ધા એક જ પ્રભાવશાળી પક્ષના આંતરિક જૂથો વચ્ચે થાય છે. (૩) અહીં ઘણા પક્ષો હોવા છતાં એક જ પક્ષ સત્તા પર આવવા સક્ષમ હોવાથી બાકીના પક્ષોની સ્થિતિ દાબજૂથ જેવી બની જાય છે. ભારતમાં અનેક પક્ષો છે, પરંતુ પૂરતાં સબળ નહીં હોવાથી છેલ્લા છ દાયકા દરમિયાન કેટલાંક અપવાદોને બાદ કરતાં કોંગ્રેસ પક્ષનો રાજકીય પ્રભાવ કેન્દ્ર અને રાજ્યોમા રહ્યો છે. તેમ છતાં તે આપખુદ બની શક્યો નથી તે અંગે પ્રા. રજની કોઠારી જણાવે છે કે, "આટલી બધી એકહથ્થુ સત્તા ભોગવવા છતાં કોંગ્રેસ સરમુખત્યાર પક્ષ બન્યો નથી તેનું શ્રેય કોંગ્રેસના જૂથબંધીના રાજકારણને ફાળે જાય છે."

- **તમારી પ્રગતિ ચકાસો. (ઘ)**

૧. વિધાન ખરું છે કે ખોટું તે દર્શાવો.

ક. બહુપક્ષ પ્રથામાં હંમેશાં માત્ર બે જ પક્ષ હોય છે.

ખ. બહુપક્ષ પ્રથાને કારણે સરકારની અસ્થિરતા વધે છે.

ગ. મિશ્ર સરકારોની રચનાના પાયામાં બહુપક્ષ પ્રથા છે.

ઘ. અમેરિકા બહુપક્ષ પ્રથાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

ચ. ફ્રાંસમાં બહુપક્ષ પ્રથા છે.

છ. ભારતની એકપક્ષ પ્રભાવ પ્રથાના વિકાસમાં બહુપક્ષ પ્રથાનો ફાળો મહત્ત્વનો છે.

## ૧૨.૫ સારાંશ

આમ, આધુનિક રાજ્ય વ્યવસ્થામાં પક્ષની આવશ્યકતા એ રાજકીય પક્ષનાં ઉદ્‌ભવનો માર્ગ ખુલ્લો કર્યો. પક્ષના ઉદ્‌ભવમાં અનેક પરિબળો

એ પોતાની ભૂમિકા અદા કરી છે. રાજકીય પક્ષોને કારણે વ્યક્તિના વિચારોની અભિવ્યક્તિ, તેની વિવિધતા અને વિચારોની સમાનતાએ રાજકીય પક્ષોને આકાર આપ્યો. સાથે સાથે જે તે રાજ્યની રાજ્ય વ્યવસ્થા. તેની પરિસ્થિતિએ તેને કોઈને કોઈ પ્રકારની પક્ષ પ્રથા સ્વીકારવાની ફરજ પાડી. તેનાથી પક્ષ પ્રથાના વિવિધ સ્વરૂપો આકાર પામતા રહ્યા, વિકસતા રહ્યાં છે. પક્ષ પ્રથાની વિકાસની સાથે રાજ્ય વ્યવસ્થામાં ગુણાત્મક પરિવર્તન આવતું રહ્યું છે. તેનો સ્વીકાર કરવો રહ્યો. પક્ષપ્રથાની ખામીઓએ રાજ્યને તે દૂર કરવા માટે નવી દિશાએ વિચારવા ફરજ પાડી છે. આમ, રાજ્ય વ્યવસ્થાનું સ્વરૂપ ગમે તે પ્રકારનું હોય પરંતુ કોઈ પણ પ્રકારની પક્ષ પ્રથાની આવશ્યકતા રહે જ છે. તેને રાજકીય પક્ષના સંકુચિત અર્થમાં ન લેતા પક્ષ એટલે "સમાન વિચારો ધરાવતું મનુષ્યનું જૂથ" એ દૃષ્ટિએ જોવાની જરૂર છે.

## ૧૨.૬ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

(ક) ખાલી જગ્યાના જવાબો.

(૧) ડેમોક્રેટિક (૨) રાઉન્ડ હેડ્ઝ, કેવેલીયર્સ (૩) વ્હીગ, ટોરી (૪) જ્યોર્જ વોશિંગ્ટન (૫) લોર્ડ મેકોલે

(ખ) ખાલી જગ્યાના જવાબો.

(૧) ત્રણ (૨) સર્વસત્તાવાદી (૩) વિધાન ખરું છે કે ખોટું તે દર્શાવો.

અ - ખોટું, બ - સાચું, ક - સાચું, ડ - ખોટું.

(ગ) ખરાં-ખોટાંના જવાબો.

અ - ખોટું, બ - સાચું, ક - સાચું, ડ - ખોટું.

(ઘ) ખરાં-ખોટાંના જવાબો.

ક - ખોટું, ખ - સાચું, ગ - સાચું, ઘ - ખોટું, ચ - સાચું, છ - સાચું.

## ૧૨.૭ સંદર્ભ સૂચિ

**1. Almond & Powell : Comparative Politics & Development Approach**

**2. Herman Finer : The Theory and Practice of Modern Goverment.**

**3. M. Ostrogorski : Democtacy and Party System**

૪. જી.પી. નેમા : રાજનીતિક સમાજશાસ્ત્ર

૫. પંડ્યા હસમુખ : લોકશાહી રાજ્યવ્યવસ્થા: તત્ત્વ અને વ્યવહાર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૬. પાઠક અને પંડ્યા : રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ - ૨, અનડા પ્રકાશન, અમદાવાદ.

એકમ ૧૩

# રાજકીય પક્ષ - ૨

## રૂપરેખા


| | |
|---|---|
| ૧૩.૦ | ઉદ્દેશો |
| ૧૩.૧ | પ્રસ્તાવના |
| ૧૩.૨ | રાજકીય પક્ષની ખાસિયતો |
| ૧૩.૩ | રાજકીય પક્ષની ભૂમિકા/કાર્યો |
| ૧૩.૪ | રાજકીય પક્ષના ફાયદાઓ |
| ૧૩.૫ | રાજકીય પક્ષની મર્યાદાઓ/ગેરફાયદા |
| ૧૩.૬ | રાજકીય પક્ષનું મહત્ત્વ |
| ૧૩.૭ | સારાંશ |
| ૧૩.૮ | કેટલાંક ઉપયોગી પુસ્તકો |
| ૧૩.૯ | તમારી પ્રગતિ ચકાસો |
| ૧૩.૧૦ | તમારી પ્રગતિ ચકાસોના જવાબો |


## ૧૩.૦ ઉદ્દેશો

આ એકમના અભ્યાસથી તમે નીચેની બાબતોથી માહિતગાર થશો.

- રાજકીય પક્ષની ખાસિયતો વિશેનો ખ્યાલ મેળવી શકશો.
- રાજકીય પક્ષના કાર્યો અને ભૂમિકા વિશેનો ખ્યાલ મેળવી શકશો.
- રાજકીય પક્ષના ફાયદા અને ગેરફાયદા વિશેનો ખ્યાલ મેળવી શકશો.
- રાજકીય પક્ષના મહત્ત્વ વિશેનો ખ્યાલ મેળવી શકશો.

## ૧૩.૧ પ્રસ્તાવના :

આધુનિક વિશ્વના બહુસંખ્યક રાજ્યોએ લોકશાહી શાસન પ્રથાનો સ્વીકાર કરેલો છે. તેના પાયામાં લોકશાહીના આધારભૂત મૂલ્યો રહેલાં છે. આ મૂલ્યો ફ્રાંસની રાજ્યક્રાંતિમાંથી અપનાવેલા છે. આ મૂલ્યો છે સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવ. આ મૂલ્યો તથા લોકશાહીની મૂળભૂત ભાવના લોકોની સર્વોપરિતાની છે. આ બંને બાબતોને ચરિતાર્થ કરવા લોકશાહીને ગતિશીલ અને મજબૂત બનાવવાના હેતુથી ચૂંટણી પ્રક્રિયાનો એક શ્રેષ્ઠ વિકલ્પ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો. આ ચૂંટણી પ્રક્રિયા દ્વારા પ્રજાને પોતાના શાસકો પસંદ કરવાની તક પ્રાપ્ત થાય છે. તેથી લોકશાહીમાં ચૂંટણી પ્રક્રિયા એક મહાઉત્સવ બની જાય છે. પ્રજાને પણ વિવિધ વિચારસરણી, વિવિધ પ્રકારની નીતિઓ અને અનેક ઉમેદવારોમાંથી પોતાને યોગ્ય લાગે તેને પસંદ કરી શકે છે. આ માટે વિવિધ વિચારસરણીઓ કે સિદ્ધાંતોમાં વિશ્વાસ ધરાવતા સંગઠનો રચતા હોય, રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવતાં હોય અને વિકસતા લોકોને પક્ષ અને ઉમેદવારો પસંદ

કરવાની તક સાંપડે છે. આમ થવાથી રાજકીય પક્ષો લોકશાહીનું અભિન્ન અંગ બની ગયા. રાજકીય પક્ષોનો હેતુ હંમેશા સત્તા પ્રાપ્ત કરવાનો હોય છે. તેથી જે સત્તા સ્થાને છે તે સત્તા જાળવી રાખવા અને સત્તાથી વંચિત છે તે સત્તા પ્રાપ્ત કરવા માટે પોતાની સક્રિયતા વધારે છે. રાજકીય પક્ષો લોકોની સમસ્યાઓનો ઉકેલ માટે, રાજ્યને નવી દિશા આપવા માટે, રાજ્ય વ્યવસ્થાના સુચારુ સંચાલન માટે પોતાની ભૂમિકા સ્પષ્ટ કરતાં કાર્યક્રમો લોકો સમક્ષ મૂકવા લાગ્યા. આમ, રાજકીય પક્ષોની કાર્યશૈલીએ રાજ્યના રાજકીય જીવનને ગતિશીલ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. રાજકીય પક્ષના કાર્યો જ નક્કી કરે છે કે તેનું સત્તા પ્રાપ્તિનું સ્વપ્ન સિદ્ધ થાય છે કે તેનાથી તે વંચિત રહે છે. તેમ છતાં રાજકીય પક્ષને કારણે લોકશાહીમાં બધુ બરાબર ચાલે છે તેવું પણ નથી તેના ફાયદાઓ લોકશાહીને મજબૂત જરૂર બનાવે છે; પરંતુ, તેની મર્યાદાઓને કારણે કેટલીક વખત લોકો અને લોકશાહીની સક્રિયતા અને ગતિશીલતા પર માઠી અસર પણ ઉપજાવે છે. તેથી, રાજકીય પક્ષને વધારે વ્યાપક રીતે સમજવા માટે રાજકીય પક્ષના કાર્યો, ગુણ-દોષ અને મહત્ત્વને સમજવું જરૂરી બને છે.

## ૧૩.૨ રાજકીય પક્ષની ખાસિયતો :

૧. રાજકીય પક્ષ એક સંસ્થા સમાન હોય છે. તેના દ્વાર સભ્યપદ અર્થે તમામ નાગરિકોને માટે ખુલ્લા હોય છે. એટલે કે પક્ષનું સભ્યપદ મેળવવામાં જ્ઞાતિ-જાતિ, સંપ્રદાય, પ્રદેશ, ભાષા જેવી બાબતોને ધ્યાનમાં લેવામાં આવતી નથી.

૨. રાજકીય પક્ષનું સભ્યપદ સ્વૈચ્છિક અને ઔપચારિક હોય છે. પક્ષના સર્વમાન્ય લક્ષ્યોની સિદ્ધિ માટે પક્ષના સભ્યો પાસેથી તર્કસંગત વ્યવહારની અપેક્ષા રાખવામાં આવે છે તથા તમામ રાજકીય પક્ષો સામાજિક અને રાજકીય જરૂરિયાતો તરફ સકારાત્મક અભિગમ ધરાવે છે અને તે માટે પ્રયત્નશીલ પણ રહે છે.

૩. કોઈ પણ રાજકીય પક્ષને પોતાના સિદ્ધાંતો, આદર્શો કે વિચારધારા હોય છે, જેના આધારે તે સામૂહિક હિતો અને શાસનની નીતિ નક્કી કરે છે.

૪. પ્રત્યેક રાજકીય પક્ષ સત્તા માટે સંઘર્ષ કરતું સંગઠન છે અને સત્તાપ્રાપ્તિ માટે તે ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગ લે છે તથા પોતાના ઉમેદવારો પાસે ચૂંટણીમાં ઉમેદવારી કરાવે છે.

૫. રાજકીય પક્ષમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ટોચની નેતાગીરીના હાથમાં સત્તાનું કેન્દ્રીકરણ થયેલું હોય છે. નિર્ણયો ટોચના નેતાઓ દ્વારા લેવામાં આવતાં હોય છે અને પક્ષના સભ્યો પર તે લાદવામાં આવતા હોય છે.

૬. આ એક ખુલ્લી વ્યવસ્થા છે. તેનાં સભ્યપદ માટેના દ્વાર હંમેશા ખુલ્લા રહે છે. તેમાં ઉપરથી નીચે સુધી પક્ષના સભ્યો એકબીજાના વિચારો મોવડી મંડળ સુધી પહોંચાડતા રહે છે. પક્ષમાં મોવડીમંડળને સન્માન મળે છે જેથી તે પક્ષની તમામ પ્રવૃત્તિઓના કેન્દ્રમાં રહેવાનું પસંદ કરે છે.

૭. રાજકીય પક્ષમાં પરસ્પર વિરોધી જૂથો પણ હોય છે. તેમ છતાં ઉદ્દેશ, સિદ્ધાંતો કે વિચારસરણીને કારણે પરસ્પર જોડાયેલા રહે છે. તેનાં આ હિતોને કારણે ઉપ-સંરચનાઓનું નિર્માણ પણ થાય છે.

૮. રાજકીય પક્ષ એ એવું સંગઠન છે. જેનું પ્રાથમિક ધ્યેય નેતૃત્વ પૂરું પાડવાનું અને સત્તા પ્રાપ્ત કરવાનું હોય છે. તે માટે પક્ષના પ્રત્યેક સભ્યો સરકાર રચવા માટેના ભરપૂર પ્રયત્નો કરે છે.

૯. રાજકીય પક્ષને બંધારણીય સાધનોનો ઉપયોગ કરવામાં વિશ્વાસ હોવો જરૂરી છે. ગેરબંધારણીય સાધનો કે ગેરબંધારણીય માર્ગ અપનાવનાર સંગઠનને રાજકીય પક્ષ કહી શકાય નહીં.

૧૦. સત્તા પ્રાપ્ત કરવી, સત્તાને જાળવી રાખવી અને સરકારની નીતિઓને

પ્રભાવિત કરવી એ રાજકીય પક્ષનાં પાયાના લક્ષણ છે.

★ **તમારી પ્રગતિ ચકાસો (ક)**

**૧. આધુનિક સમયમાં રાજકીય પક્ષો કેવા પ્રકારની વિશેષતાઓ ધરાવે છે.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## ૧૩.૩ રાજકીય પક્ષની ભૂમિકા - કામગીરી :

આધુનિક લોકશાહીના વિકાસની સાથે લોકોને મતાધિકાર પ્રાપ્ત થતા અને પ્રતિનિધિત્વ માટે ચૂંટણી પ્રક્રિયા મહત્ત્વની બનતા રાજકીય પક્ષની આવશ્યકતા અને ભૂમિકા સવિશેષ બની છે. લોકશાહી વ્યવસ્થાને જાળવી રાખવા અને મજબૂત બનાવવા રાજકીય પક્ષો સતત પ્રવૃત્ત રહે છે. આ સંદર્ભમાં રાજકીય પક્ષની ભૂમિકા નીચે મુજબ સ્પષ્ટ થાય છે:

### ૧૩.૩.૧ લોકમત ઘડતરનું કાર્ય :

રાજકીય પક્ષો રાજ્યની વિવિધ સમસ્યાઓ કે મહત્ત્વના પ્રશ્નોને પ્રજા સમક્ષ લાવીને તેના તમામ પાસાઓનો ખ્યાલ લોકોને આપે છે. સાથે - સાથે આ સમસ્યાઓના ઉકેલ માટે પોતાનો દૃષ્ટિકોણ પણ રજૂ કરે છે. આમ કરીને તે પોતાના પક્ષના સમર્થનમાં લોકમત કેળવવા પ્રયાસ કરે છે. ખાસ કરીને ચૂંટણી સમયે રાજકીય પક્ષો લોકમતને પોતાની તરફેણમાં વાળવા વિવિધ ઉપાયો પ્રયોજે છે.

### ૧૩.૩.૨ રાજકીય સામાજિકીકરણનું કાર્ય :

રાજકીય પક્ષો રાજકીય સામાજિકીકરણનો મુખ્ય સ્રોત છે. રાજકીય પક્ષોમાં પોતાની વિચારસરણીના પ્રસાર માટે પરસ્પર સ્પર્ધા જોવા મળે છે. પ્રત્યેક વ્યક્તિને પોતાના વિચારો અને સિદ્ધાંતો હોય છે. ચૂંટણી સમયે રાજકીય પક્ષ પોતાની તરફેણમાં લોકોને વાળવા માટે રાજકીય ભાષણો, સંમેલનો અને પ્રચાર-પ્રસારની નવી નવી રીતો દ્વારા પ્રજાને રાજકીય ગતિવિધિઓમાં સક્રિય બનાવે છે. આમ કરીને રાજકીય પક્ષ રાજકીય મૂલ્યો પ્રતિ લોકોની ચેતના અને ઉત્સાહમાં વધારો કરે છે. તથા લોકોનું રાજકીયકરણ તથા રાજકીય સામાજિકીકરણ કરવામાં ફાળો આપે છે.

### ૧૩.૩.૩ પ્રજા અને સરકારની વચ્ચે કડી બનવાનું કાર્ય :

રાજકીય પક્ષ, પ્રજા અને સરકાર વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવે છે. રાજકીય પક્ષોના કાર્યોને કારણે લોકો સરકારના સતત સંપર્કમાં રહે છે. રાજકીય પક્ષ, પ્રજાની સમસ્યાઓ અને અપેક્ષાઓ સરકારની સમક્ષ રજૂ કરી તેને વાચા આપે છે. તો સરકાર પણ આ સમસ્યાઓના ઉકેલની ખાતરી આપીને અને તેનો ઉકેલ લાવીને પ્રજા સાથે જોડાઈ રહે છે. જો પ્રજા અને સરકાર વચ્ચે સંપર્ક તૂટી જાય તો રાજકીય શૂન્યાવકાશ સર્જાય એવું પણ નથી કે આ પ્રકારની કામગીરી રાજકીય પક્ષ માત્ર ચૂંટણી સમયે જ કરે છે; પરંતુ, આ પ્રક્રિયા તો સતત ચાલતી રહે છે.

### ૧૩.૩.૪ સંકલ્પપત્ર તૈયાર કરવાનું કાર્ય/ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવો :

વિવિધ રાજકીય પક્ષો વિચારસરણીની દૃષ્ટિએ એકબીજાથી અલગ હોય છે, તેથી પક્ષના કાર્યક્રમો અને નીતિઓ તેની પોતાની વિચારસરણીને

અનુરૂપ તૈયાર કરવામાં આવે છે. જ્યારે પક્ષોની વચ્ચે તીવ્ર સ્પર્ધા હોય ત્યારે તેના સભ્યોને તથા લોકોને આકર્ષવા માટે જનઉપયોગી કાર્યક્રમો અને નીતિઓ ઘડવામાં આવે છે. તેમાં સામાજિક, આર્થિક, રાજકીય અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નો અંગે પક્ષનો દૃષ્ટિકોણ અને પ્રશ્ન કેવી રીતે ઉકેલવા માંગે છે તેના કાર્યક્રમનો ખ્યાલ આપવામાં આવે છે. આ સંકલ્પપત્ર તૈયાર કરવાનું કાર્ય ખૂબ જ અગત્યનું હોય છે. તેથી સામાન્ય ચૂંટણીઓ વખતે દરેક રાજકીય પક્ષ પોતાના ચૂંટણી ઢંઢેરા બહાર પાડતા હોય છે.

**૧૩.૩.૫ પક્ષના સભ્યોમાં શિસ્ત અને એકતા જાળવી રાખવાનું કાર્ય :**

પ્રત્યેક રાજકીય પક્ષ એક વિશાળ સંસ્થા સમાન હોય છે તેથી દરેક પક્ષ પોતાના સભ્યોમાં શિસ્ત જળવાઈ રહે તેની ખાસ કાળજી લે છે. આ માટે પક્ષમાં શિસ્ત સમિતિની પણ રચના કરવામાં આવે છે. આ શિસ્ત સમિતિ પક્ષના જે સભ્યો પક્ષના આદેશોની અવગણના કરે કે પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરે ત્યારે તેની સામે શિસ્તભંગના પગલાં લે છે, જેથી પક્ષમાં શિસ્તનું અને એકતાનું વાતાવરણ જળવાઈ રહે. જરૂર પડે શિસ્તનું પાલન નહીં કરનાર સભ્યનું સભ્યપદ રદ કરીને પક્ષમાંથી દૂર કરવામાં આવે છે કે જેથી પક્ષના સભ્યો ડરને કારણે પણ પક્ષના આદેશોનું પાલન કરે છે તથા પક્ષ એક અને અકબંધ રહે છે.

**૧૩.૩.૬ સરકારીતંત્રને ગતિશીલ રાખવાનું કાર્ય :**

સંસદીય લોકશાહીમાં ધારાસભાના પ્રથમગૃહમાં બહુમતી બેઠકો મેળવનાર પક્ષ સરકારની રચના કરે છે. તેનાથી ઓછી બેઠકો મેળવનાર પક્ષ વિરોધ પક્ષ તરીકે ઓળખાય છે. સત્તાધારી પક્ષ પોતાની સત્તાને જાળવી રાખવા સરકારી તંત્ર પર સતત નજર રાખે છે. તેમાં કોઈપણ પ્રકારની ક્ષતિ રહેવા ન પામે તેનું ધ્યાન રાખે છે. સત્તાધારી પક્ષ તંત્રને ગતિશીલ રાખે જ્યારે વિરોધ પક્ષ સત્તા પ્રાપ્તિ માટે સરકારીતંત્રની ક્ષતિઓને સતત ઉજાગર કરે છે, જેથી પ્રજામતને પોતાના સમર્થનમાં લઈને સત્તા પ્રાપ્ત કરી શકે છે. આમ, સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષની સતત જાગૃતિ અને સતર્કતા સરકારીતંત્રને ગતિશીલ બનાવે છે.

**૧૩.૩.૭ સરકાર રચવાનું અને વૈકલ્પિક સરકારની તક પૂરી પાડવાનું કાર્ય :**

લોકતંત્રમાં સામાન્ય ચૂંટણીઓમાં પોતાના સંકલ્પપત્રને આધારે રાજકીય પક્ષો ચૂંટણી લડતા હોય છે. આ ચૂંટણીમાં જ પક્ષના કાર્યક્રમો અને નીતિઓને બહુમત પ્રજાનું સમર્થન મળે છે અને જેને બહુમતી બેઠકો પ્રાપ્ત કરે છે તે સરકારની રચના કરે છે. જે પક્ષને બહુમતી બેઠકો મળતી નથી તે વિરોધપક્ષની ભૂમિકા ભજવે છે. સંસદીય સરકારમાં જો સત્તાધારી પક્ષ પોતાની બહુમતી ગુમાવે ત્યારે મુખ્ય વિરોધ પક્ષ અથવા અન્ય વિરોધ પક્ષો એકત્રિત થઈ બહુમતી પુરવાર કરે ત્યાર પછી જ તેને સરકાર રચવાની તક મળે છે.

**૧૩.૩.૮ ઉમેદવારો અને નેતાની પસંદગીનું કાર્ય :**

દરેક રાજકીય પક્ષનો મુખ્ય ઉદ્દેશ સત્તા પ્રાપ્તિનો હોય છે. આ ઉદ્દેશ ત્યારે જ સિદ્ધ થઈ શકે કે જ્યારે સામાન્ય ચૂંટણીમાં પક્ષને બહુમતી બેઠકો પ્રાપ્ત થાય. પક્ષ પોતાના આ ઉદ્દેશની પ્રાપ્તિ માટે પોતાના પક્ષની શ્રેષ્ઠ વ્યક્તિઓની પસંદગી ઉમેદવાર તરીકે કરે છે, જેથી ચૂંટણીમાં પોતાના પક્ષના ઉમેદવારો વિજય પ્રાપ્ત કરે. જે તે મતદાર વિભાગમાંથી વિજય મેળવી શકે તેવા લોકપ્રિય ઉમેદવારની પસંદગી કરવાનું કાર્ય ખૂબ જ અગત્યનું છે. જો ઉમેદવારની પસંદગીમાં બેદરકારી દાખવવામાં આવે તો પક્ષે જે તે મતદાર વિભાગની બેઠક ગુમાવવી પડે છે. જ્યારે પક્ષને બહુમતી બેઠકો પ્રાપ્ત થાય છે ત્યારે સરકારની રચના કરતી વખતે ધારાસભામાં પક્ષના નેતા પસંદ કરવાનું કાર્ય પણ ખુબ જ મહત્ત્વનું બની જાય છે કારણ કે પક્ષે એવો નેતા પસંદ કરવાનો હોય છે કે જે કાર્યક્ષમતાથી સરકારનું નેતૃત્વ કરી શકે, સરકારને સ્થિરતા આપી શકે અને પક્ષના તમામ સભ્યોને સાથે રાખી શકે. જો આ નેતૃત્વની પસંદગીમાં ચૂક થાય છે તો સરકાર અસ્થિર બને છે.

**૧૩.૩.૯ સરકાર પર નિયંત્રણ રાખે છે :**

સંસદમાં બહુમતી બેઠકો મેળવવાથી વંચિત રહી ગયેલા રાજકીય પક્ષો, વિરોધપક્ષમાં બેસે છે. આ વિરોધપક્ષો પોતાની નીતિને કેન્દ્રમાં રાખીને સરકારની ક્ષતિઓને શોધી કાઢે છે, આ ક્ષતિઓને પ્રજા સમક્ષ ખુલ્લી પાડે છે અને સરકારની નીતિ-રીતીઓની યોગ્ય સમયે ટીકા પણ કરે છે. આ પ્રકારના ભયને કારણે સત્તાધારી પક્ષે હંમેશા જાગૃત રહેવું પડે છે. રાજકીય પક્ષોની આ પ્રકારની ભૂમિકા સરકારને આપખુદ થતી અટકાવે છે. આ રીતે વિરોધ પક્ષો સરકાર પર અંકુશ મૂકે છે.

**૧૩.૩.૧૦. સરકારની શાખાઓ વચ્ચે સંકલનનું કાર્ય :**

રાજકીય પક્ષો સરકારની શાખાઓ વચ્ચે સંકલન સાધીને સહકારપૂર્ણ વાતાવરણ ઊભું કરે છે. સંસદીય લોકશાહીમાં ધારાસભા અને કારોબારી વચ્ચે ઘનિષ્ઠ સંબંધ હોય છે કારણ કે ધારાસભા અને કારોબારી ઉપર એક જ પક્ષનું વર્ચસ્વ હોય છે. તેથી ધારાસભા અને કારોબારી સમાન નીતિથી કાર્ય કરે છે. સરકારના વિવિધ ખાતાઓમાં પણ પક્ષની નીતિની અને કાર્ય પદ્ધતિની એકરૂપતા જોવા મળે છે. સત્તા વિશ્લેષણના સિદ્ધાંતના સ્વીકારવાળી પ્રમુખીય લોકશાહીમાં પણ રાજકીય પક્ષોને કારણે સરકારની શાખાઓમાં સુમેળ સાધી શકાય છે તેથી સરકારની શાખાઓ વચ્ચે પક્ષોને કારણે સંઘર્ષના સ્થાને સહકારનું વાતાવરણ સર્જી શકાય છે.

**★ તમારી પ્રગતિ ચકાસો (ખ)**

**૧. આધુનિક લોકશાહીમાં રાજકીય પક્ષના ફાળાનું મૂલ્યાંકન કરો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## ૧૩.૪ રાજકીય પક્ષના ફાયદાઓ :

**૧૩.૪.૧ સમાન વિચારધારાવાળા લોકોને મંચ પ્રાપ્ત થાય છે :**

સમાન વિચારધારા ધરાવતા લોકો સંગઠિત બનીને અસરકારક રીતે પોતાના રાષ્ટ્ર-રાજ્યને લગતા, આંતરરાષ્ટ્રીય બાબતોને લગતા કે પછી પ્રજાકીય સમસ્યાઓને લગતા વિવિધ વિચારોની અભિવ્યક્તિ કરી શકે તે માટે રાજકીય પક્ષ એક ઉત્તમ મંચ પૂરો પાડે છે. પૂરતી માહિતીના અભાવે પ્રજા પોતાની સમસ્યાઓની બાબતમાં અસ્પષ્ટ હોય છે ત્યારે આ દ્વિધાપૂર્ણ સ્થિતિમાંથી પ્રજાને રાજકીય પક્ષ બહાર લાવીને અવ્યવસ્થામાંથી વ્યવસ્થાનું નિર્માણ કરે છે.

**૧૩.૪.૨ અહિંસક માર્ગે સત્તા પરિવર્તન કરી શકાય છે :**

રાજકીય સત્તામાં પરિવર્તન માટે રાજકીય પક્ષોના ઉદ્ભવ પૂર્વે હિંસાનો આશ્રય લેવો પડતો હતો. જે બાબત લોકશાહી અને રાજકીય પક્ષોના આવિષ્કારને કારણે ભૂતકાળ બની ગઈ છે. રાજકીય પક્ષોને કારણે સત્તા પરિવર્તનની પરિસ્થિતિમાં આમૂલ પરિવર્તન આવ્યું છે અને "બુલેટનું સ્થાન બેલેટ" લીધું છે. સત્તા પરિવર્તન હવે શાંત અને સરળ બન્યું છે. હાલમાં સત્તા પરિવર્તનમાં હવે હિંસાને કોઈ સ્થાન રહ્યું નથી.

**૧૩.૪.૩. સરકારને કાર્યદક્ષ રહેવાની ફરજ પડે છે :**

વિરોધ પક્ષનું કાર્ય હંમેશા સરકારની કામગીરી અને નીતિઓના સંદર્ભમાં

ટીકા-ટીપ્પણ કરવાનું હોય છે. આ રીતે વિરોધ પક્ષો લોકમતને સરકારની વિરુદ્ધ અને પોતાની તરફેણમાં વાળવા પ્રયત્ન કરે છે. વિરોધ પક્ષોની આ નીતિ-રીતિને કારણે સરકાર લોકમત પોતાની વિરુદ્ધ ન જાય તે માટે સરકારી તંત્રને નાછૂટકે સતત કાર્યરત રાખવાની ફરજ પડે છે, જેથી સરકારની કાર્યદક્ષતામાં વધારો થાય છે.

**૧૩.૪.૪ રાજકીય પક્ષોએ વર્ગીય રાજ્યને રાષ્ટ્ર-રાજ્યમાં ફેરવી નાખ્યું છે :**

જ્યારે રાજ્યમાં રાજકીય પક્ષો અસ્તિત્વમાં ન હતા ત્યારે રાજ્યમાં અમુક ચોક્કસ વર્ગનું મહત્ત્વનું સ્થાન રહેતું હતું અને આ વર્ગો પોતાના હિતમાં વધારો થાય તે રીતે પોતાની ભૂમિકા ભજવતા હતા અને સત્તાનો ઉપયોગ કરતા હતા. આમ, એક સમયે રાજ્ય એક પ્રકારનું વર્ગીય રાજ્ય હતું, તેમાંથી રાજકીય પક્ષોના ઉદ્‌ભવ અને વિકાસે બદલાવની ભૂમિકા રચી. રાજકીય પક્ષો કોઈ વર્ગના હિતોનો વિચાર કરવાને બદલે રાષ્ટ્ર હિતને ધ્યાનમાં લઈને પોતાની કામગીરી કરતા હોય છે. આમ, કરીને રાજકીય પક્ષોએ વર્ગીય રાજ્યને રાષ્ટ્ર-રાજ્યમાં ફેરવી નાખ્યું છે.

**૧૩.૪.૫ રાષ્ટ્રીય એકતા જાળવવામાં મદદરૂપ થાય છે :**

રાજકીય પક્ષો વિવિધ પ્રકારની વિચારણસરણી ધરાવતા હોય છે અને તેમાં વ્યક્તિને જે પ્રકારની વિચારસરણી યોગ્ય લાગે તેનું સમર્થન કરે છે. તેનું સભ્યપદ પણ મેળવે છે અને આ પ્રકારની વિચારસરણીની એકતા ધરાવતો માનવસમૂહ પોતાની અભિવ્યક્તિની સ્વતંત્રતાને આધારે પક્ષમાં તથા જરૂર જણાય તો જાહેરમાં પણ પોતાના વિચારો રજૂ કરીને સરકારની નીતિ-રીતિઓની ટીકા કરીને પોતાનો ગુસ્સો અને જુસ્સો વ્યક્ત કરતાં તેનામાં રાષ્ટ્ર વિભાજનની નહીં બલ્કે રાષ્ટ્રીયતાની ભાવના બળવતર બને છે, આમ થવાથી રાષ્ટ્રીય એકતા જળવાય રહે છે.

**૧૩.૪.૬ સામાન્ય નાગરિકને ચૂંટણી લડવા માટે પીઠબળ પૂરું પાડે છે :**

આધુનિક સમયની ચૂંટણી પ્રક્રિયા ખૂબ જ ખર્ચાળ હોવાથી સામાન્ય નાગરિક માટે ચૂંટણીમાં સ્વતંત્ર ઉમેદવારી કરવી મુશ્કેલ છે ત્યારે રાજકીય પક્ષોને કારણે નાગરિકને પોતાની વિચારસરણીને અનુરૂપ રાજકીય પક્ષમાં જોડાઈને પક્ષની ટિકિટ પરથી ચૂંટણીમાં ઉમેદવારી કરવાનું વધારે અનુકૂળ રહે છે. સામાન્ય નાગરિક કોઈ પક્ષનો ઉમેદવાર બનતા પક્ષનું સંગઠન અને પક્ષના સભ્યો તેના માટે પ્રચારતંત્ર સંભાળે છે અને ઉમેદવારને પીઠબળ પૂરું પાડે છે, જેથી આ સામાન્ય નાગરિક ચૂંટણી લડી શકે છે અને તેના વિજયની પણ શક્યતા રહે છે.

**૧૩.૪.૭ પ્રજામાં રાજકીય જાગૃતિ આવે છે :**

રાજકીય પક્ષ લોકોની વચ્ચે જઈને પોતાની લોકપ્રિયતામાં વધારો કરવા ઈચ્છે છે તથા લોકોને પોતાના સમર્થનમાં લાવવા માટે સતત પ્રચાર માધ્યમોનો ઉપયોગ કરતા રહે છે. પ્રચાર માધ્યમોને કારણે લોકમાનસ પર રાજકીય ગતિવિધિઓ અંગે એક છાપ ઊભી થાય છે. ધીમે ધીમે લોકો રાજકારણના પરિપ્રેક્ષ્યમાં વિચારતા થાય છે અને રાજકીય ક્ષેત્રની બાબતમાં એક સમજ ઊભી થાય છે જેથી પ્રજાને રાજકીય પક્ષની નીતિઓનો ખ્યાલ આવે છે. પ્રજાની ઉદાસીનતા દૂર થતા રાજકીય પક્ષો પ્રજામાં જાગૃતિ લાવે છે.

★ **તમારી પ્રગતિ ચકાસો (ગ)**

૧. **રાજકીય પક્ષની આવશ્યકતાની તરફેણમાં દલીલો આપો.**

..............................................................................

..............................................................................

..............................................................................

.................................................................

.................................................................

## ૧૩.૫. રાજકીય પક્ષની મર્યાદાઓ / ગેરફાયદાઓ :

### ૧૩.૫.૧ સમાજમાં જૂથવાદ ઊભો કરે છે :

બહુપક્ષ પ્રથાને કારણે અનેક રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવે છે તેથી સમાજ વિવિધ રાજકીય પક્ષના ટેકેદારોમાં વહેંચાઈ જાય છે. આમ થવાથી સમાજમાં પક્ષાપક્ષી ઊભી થાય છે. જ્યારે રાજકીય પક્ષો રાજકીય આચારસંહિતાનું પાલન કરતા નથી ત્યારે જૂથવાદ તીવ્ર બને છે. આ જૂથવાદને કારણે ગુણવત્તાને ધ્યાનમાં લેવામાં આવતી નથી. કેટલીક વખત તો રાજકીય પક્ષ પોતે જ આંતરિક જૂથવાદનો ભોગ બને છે. આ જૂથવાદને કારણે ક્યારેક સમાજ હિંસાનો ભોગ બનતો હોય છે.

### ૧૩.૫.૨ પક્ષના સભ્યની સ્વતંત્રતાને બાધક છે :

પક્ષના સભ્યોએ પક્ષના આદેશોનું શિસ્તબદ્ધ રીતે પાલન કરવું પડે છે. પક્ષના આદેશોનું પાલન કરવા જતાં કેટલીક વખત પોતાના વ્યક્તિગત વિચારોની અવગણના કરવાની ફરજ પડે છે, જે પક્ષના સભ્યની વ્યક્તિગત સ્વતંત્રતાને બાધક છે. આમ થવાને કારણે વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ અને સ્વતંત્રતા ગુમાવે છે.

### ૧૩.૫.૩ પક્ષના હિતને પ્રાધાન્ય :

જે પક્ષ સત્તા પર આવે છે તે સિદ્ધાંતમાં રાષ્ટ્રહિતની વાત કરે છે; પરંતુ, વ્યવહારમાં તે પોતાના હિતને જ કેન્દ્રમાં રાખીને વર્તે છે. તેથી ઘણીવખત પક્ષ પહેલાં અને રાષ્ટ્ર પછીની ભાવના વિકસે છે. આ પ્રકારનું પક્ષનું વલણ લોકશાહી તથા રાષ્ટ્ર માટે ભયકારક બને છે.

### ૧૩.૫.૪ પક્ષો દ્વારા ચૂંટણીમાં સંયમનો અભાવ :

ક્યારેક સત્તાપ્રાપ્તિ માટેની ઉતાવળમાં કે તીવ્ર ઝંખનામાં રાજકીય પક્ષો સામ, દામ,દંડ, ભેદ એમ તમામ નીતિઓ અપનાવે છે તેમજ ક્યારેક વાણી વિલાસ કરીને વ્યક્તિગત ચારિત્ર્ય હનન પણ કરવામાં આવે છે. આમ, ચૂંટણીની આચારસંહિતાની અવગણના કરવાથી મૂલ્યોનો હ્રાસ થાય છે અને ચૂંટણીમાં રાજકીય પક્ષોના સંયમને અભાવે રાજ્ય અને સમાજનું વાતાવરણ કલુષિત બને છે.

### ૧૩.૫.૫ રાજકીય પક્ષો ભ્રષ્ટાચારને પોષક બને છે :

રાજકીય પક્ષો પોતાના ધ્યેયની સિદ્ધિ માટે ક્યારેક ભ્રષ્ટાચારનો માર્ગ પણ અપનાવતા હોય છે. આધુનિક લોકશાહીમાં ચૂંટણીઓ દિવસે ને દિવસે ખર્ચાળ બનતી જતી હોવાથી, ચૂંટણી સમયે ચૂંટણીમાં ભાગ લેવા માટે રાજકીય પક્ષે આર્થિક રીતે શક્તિશાળી હોવું જરૂરી છે કારણ કે ચૂંટણીઓમાં લખલૂટ ખર્ચ પક્ષે કરવો પડે છે. આ સ્થિતિમાં રાજકીય પક્ષ ભંડોળ એકઠું કરે છે. તેમાં વેપારીઓ, ઉદ્યોગપતિઓ કે કરચોરો પાસેથી તો કેટલીક વખત વિદેશમાંથી પણ ચૂંટણી ફંડ એકત્રિત કરવામાં આવતું હોય છે કે જેની માહિતી ગુપ્ત રાખવામાં આવતી હોય છે. આ કારણે પરોક્ષ રીતે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળે છે.

### ૧૩.૫.૬ પક્ષની બહારની બુદ્ધિશાળી સક્ષમ વ્યક્તિની સેવાથી વંચિત રહેવું પડે છે :

રાજકીય પક્ષોમાંથી જેમણે બહુમતી બેઠકો પ્રાપ્ત થાય તે પક્ષ સરકારની રચના કરે છે. અહીં પોતાના પક્ષના ધારાસભ્યોમાંથી જ વડાપ્રધાન અને પ્રધાનમંડળની પસંદગી કરવામાં આવે છે. પોતાના પક્ષની બહારની બુદ્ધિશાળી અને સક્ષમ વ્યક્તિને સંસદીય લોકશાહીમાં સ્થાન મળતું નથી. તેથી રાજ્ય બુદ્ધિશાળી અને સક્ષમ વ્યક્તિની સેવાઓથી વંચિત રહી જાય એમ પણ બને. જોકે પ્રમુખીય

લોકશાહીમાં આ બાબતને ચુસ્ત રીતે ધ્યાનમાં લેવામાં આવતી નથી.

**૧૩.૫.૭ રાજકીય સ્થિરતા જોખમાઈ છે :**

બહુપક્ષ પ્રથાને કારણે જ્યારે કોઈ એક પક્ષ સરકાર રચવા જેટલી બહુમતી બેઠકો પ્રાપ્ત કરતો ન હોય ત્યારે ઘણા પક્ષો મળીને સંયુક્ત સરકારની રચના કરે છે; પરંતુ, તે પક્ષોની વચ્ચે સિદ્ધાંતોની એકતા હોવાથી થોડા મતભેદ કે અહમના ટકરાવને કારણે કોઈ પક્ષ સરકારને આપેલો ટેકો પાછો ખેંચી લે ત્યારે સરકાર લઘુમતીમાં મૂકાતા સરકારનું પતન થાય છે. આવું વારંવાર થતાં રાજકીય અસ્થિરતા ઊભી થાય છે.

**૧૩.૫.૮ પ્રજાની લાગણીઓ ઉશ્કેરવામાં આવે છે :**

રાજકીય પક્ષો ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરવા પ્રચાર માધ્યમોનો ઉપયોગ પ્રજામતને પોતાની તરફ વાળવા પ્રજાની લાગણીઓને ઉશ્કેરતા હોય છે. પ્રજા લાગણીવશ થતાં બુદ્ધિપૂર્વક વિચારવાને બદલે લાગણીના પ્રવાહમાં તણાઈને નિર્ણય લે છે જેથી રાજ્ય અને પ્રજાની વાસ્તવિક સમસ્યાઓને પ્રજા ધ્યાનમાં લેતી નથી. રાજકીય પક્ષોનું આ પ્રકારનું વલણ લોકશાહીને હાનિકારક છે.

**તમારી પ્રગતિ ચકાસો (ઘ)**

**૧. રાજકીય પક્ષના આલોચનાત્મક પાસાને તપાસો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## ૧૩.૬ રાજકીય પક્ષનું મહત્ત્વ :

કોઈપણ પ્રકારની લોકશાહીના અભિન્ન અંગ તરીકે સાંપ્રત સમયમાં રાજકીય પક્ષો સ્થાપિત થઈ ચૂક્યા છે. આધુનિક લોકશાહીમાં રાજકીય પક્ષોની અનઉપસ્થિતિ અકલ્પનીય છે. એટલા માટે જ રાજકીય પક્ષોને 'લોકતંત્રના પ્રાણ' તરીકે ઓળખવામાં આવે છે અને રાજકીય પક્ષોને શાસનનું ચોથું અંગ પણ કહેવામાં આવે છે. પ્રો. મનરો 'લોકશાહી શાસન એ પક્ષીય શાસનનું બીજું નામ છે' એવું કહે છે, ત્યારે રાજકીય પક્ષ લોકશાહીના અભિન્ન અંગ તરીકે ઉપસી આવે છે. હ્યુબર રાજકીય પક્ષની મહત્ત્વ સ્પષ્ટ કરતાં કહે છે, "પ્રજાતાંત્રિક યંત્રને ચલાવવા માટે રાજકીય પક્ષ ઈંધણ સમાન છે" એટલે કે લોકશાહીને ગતિશીલ રાખવામાં રાજકીય પક્ષ નિર્ણાયક બને છે ત્યારે આધુનિક પ્રતિનિધિત્વવાળી સરકાર અને સંસદ બંને પર પક્ષનું નિયંત્રણ રહે છે. સરકાર અને સંસદ એ માત્ર બંધારણીય અવધારણા છે. વાસ્તવમાં સત્તાનો ઉપયોગ તો રાજકીય પક્ષ જ કરે છે. રાજકીય પક્ષની કેટલીક મર્યાદાઓ હોવા છતાં પણ તે રાજકીય પક્ષોએ સામાજિક પરિવર્તન, આધુનિકીકરણ અને રાજકીય વિકાસ માટેનું અગત્યનું સંગઠન છે જે એક નિર્વિવાદ બાબત છે.

રાજકીય પક્ષોની ક્ષતિઓને ધ્યાનમાં લઈને એવી ટીકા કરવામાં આવી છે કે રાજકીય પક્ષો અનિષ્ટ છે; પરંતુ, આપણે રાજકીય પક્ષો અંગેના અભ્યાસ પરથી કહી શકીએ કે પક્ષો 'અનિવાર્ય અનિષ્ટ' છે કારણ કે આધુનિક રાજકીયજીવન પક્ષો વિના શક્ય નથી. રાજકીય પક્ષોની હાજરી જ રાજકીય જીવનને ધબકતું બનાવે છે. લોકશાહી રાજ્યવ્યવસ્થામાં એક કરતાં વધારે રાજકીય પક્ષો હોવાથી સત્તા મેળવવા માટે તંદુરસ્ત હરીફાઈ ચાલતી હોય છે. આ કારણે લોકશાહીનું સંચાલન રાજકીય પક્ષો દ્વારા થાય છે એટલું જ નહિ; પરંતુ, લોકશાહી સરકાર હંમેશા

પક્ષની સરકાર હોય છે. રાજકીય પક્ષો લોકશાહીનું સ્વરૂપ જાળવી રાખવામાં, બંધારણીય સંસ્થાઓને જાળવવામાં અને મજબૂત બનાવવામાં સહાયક બને છે. લોકશાહીને જીવંત રાખવામાં, મજબૂત કરવામાં, વિકસાવવામાં રાજ્યના આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રના વિકાસમાં સહાયક બનીને અથવા તો સરકારની નીતિઓની ટીકા કરીને અથવા સમસ્યાઓના સમાધાન અંગેના પોતાના વિચારો રજૂ કરીને લોકોને સતર્ક કરવાની ભૂમિકા રાજકીય પક્ષો જે રીતે ભજવી રહ્યા છે તે તેની મહત્તા દર્શાવે છે. આમ, રાજકીય પક્ષો લોકશાહી માટે પ્રાણવાયુની ગરજ સારે છે તેથી રાજકીય પક્ષોની ગેરહાજરીમાં લોકશાહીનું સ્થાન બિનલોકશાહી રાજ્યવ્યવસ્થા લે છે.

★ **તમારી પ્રગતિ ચકાસો (ચ)**

**૧. રાજકીય પક્ષનું મહત્ત્વ દર્શાવો.**

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૧૩.૭ સારાંશ :

લોકશાહી રાજ્યવ્યવસ્થામાં રાજકીય પક્ષોનો એક અભિન્ન અંગ તરીકે સ્વીકાર થતાં રાજ્યશાસ્ત્રના અભ્યાસી તરીકે આપણે આ પ્રકરણમાં રાજકીય પક્ષની કામગીરીની છણાવટ કરી તે લોકશાહીને માટે કેટલી ઉપકારક છે તે તેનાથી સ્પષ્ટ થાય છે. રાજકીય પક્ષની આ સકારાત્મક કામગીરી લોકતંત્ર માટે અનેકગણી ફાયદાકારક સાબિત થઈ છે. રાજકીય પક્ષના આ ફાયદાઓને કારણે જ વિશ્વસમુદાય લોકતંત્ર તરફ આકર્ષાયો છે અને વિશ્વના નવોદિત રાજ્યો પણ વધુ ને વધુ લોકતંત્રનો સ્વીકાર કરતાં રહ્યાં છે. રાજકીય પક્ષોને કારણે રાજ્યવ્યવસ્થા ખુબ જ સુંદર રીતે ચાલે છે. તેની સામે કોઈ પડકારો કે અવરોધો નથી એવું પણ નથી. બલકે આ રાજ્યવ્યવસ્થામાં સામેના અવરોધને પહોંચી વળવામાં રાજકીય પક્ષની અનેક મર્યાદાઓને કારણે સફળતા મળી નથી તે પણ સ્વીકારવું રહ્યું. રાજકીય પક્ષની અનેક મર્યાદાઓ પણ રહી છે તેમ છતાં આજના સમયમાં રાજકીય પક્ષની અવગણના પણ શક્ય નથી એટલે જ રાજકીય પક્ષને અનિવાર્ય અનિષ્ટ તરીકે જોવામાં આવે છે. આ રાજકીય પક્ષની કેટલીક ખામીઓ હોવા છતાં પણ તેનાં મહત્ત્વનો સ્વીકાર કરવો પડે છે.

## ૧૩.૮ કેટલાંક ઉપયોગી પુસ્તકો :


૧. **Almond & Powell : Comparative Politics a Development Approach.**

૨. **Herman Finer : The Theory and Practice of Modern Goverment.**

૩. **M.Ostrogorski : Democracy and Party System.**

૪. નેમા જી.પી. : રાજનીતિક સમાજશાસ્ત્ર.

૫. લવાનિયા એમ. એમ. : રાજનીતિક સમાજશાસ્ત્ર.

૬. પંડ્યા હસમુખ : લોકશાહી રાજ્યવ્યવસ્થા તત્ત્વ અને વ્યવહાર.

૭. પાઠક અને પંડ્યા : રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-૨

૮. આર. ડી. બ્રહ્મભટ્ટ : રાજ્યતંત્ર.

## ૧૩.૯ તમારી પ્રગતિ ચકાસો.

**ખરાં-ખોટાં જણાવો.**

૧. રાજકીય પક્ષ એવું સંગઠન છે જે નેતૃત્વ પૂરું પાડવાનું અને સત્તા પ્રાપ્ત કરવાનું છે.

૨. સત્તા જાળવી રાખવી એ રાજકીય પક્ષનું પાયાનું લક્ષણ છે.

૩. રાજકીય પક્ષ પ્રજા અને સરકારની વચ્ચે કડીરૂપ બની રહે છે.

૪. લોકશાહી શાસન એ પક્ષીય શાસનનું બીજું નામ છે.

૫. રાજકીય પક્ષ સરકારની શાખાઓ વચ્ચે સંકલનનું કાર્ય કરે છે.

## ૧૩.૧૦ તમારી પ્રગતિ ચકાસોના જવાબો

૧. ખરૂં

૨. ખરૂં

૩. ખરૂં

૪. ખરૂં

૫. ખરૂં

એકમ ૧૪

# સ્થાનિક સ્વશાસનની સરકાર – ૦૧

## રૂપરેખા

૧૪.૦ ઉદ્દેશો
૧૪.૧ પ્રસ્તાવના
૧૪.૨ સ્થાનીય સ્વશાસનની સરકાર : અર્થ
૧૪.૩ સ્થાનીય સ્વશાસનની સરકારનું મહત્ત્વ
 ૧૪.૩.૧ સત્તાનું વિકેન્દ્રીકરણ
 ૧૪.૩.૨ કાર્યવિભાજન
 ૧૪.૩.૩ પ્રજાની સહભાગિતા
 ૧૪.૩.૪ તાલીમશાળા
 ૧૪.૩.૫ સમય, શક્તિ અને નાણાનો બચાવ
 ૧૪.૩.૬ લોકશાહીને મજબૂત કરે છે.
૧૪.૪ સારાંશ
૧૪.૫ ચાવીરૂપ શબ્દો
૧૪.૬ તમારી પ્રગતિ ચકાસો
૧૪.૭ તમારી પ્રગતિ ચકાસોના જવાબ
૧૪.૮ સંદર્ભ સૂચિ

## ૧૪.૦ ઉદ્દેશો

આ એકમનાં અભ્યાસથી તમે નીચેનાં મુદ્દાઓ સમજી શકશો.

- સ્થાનીય સ્વશાસનની સરકારનો ખ્યાલ અને અર્થ જાણી શકશો.
- સ્થાનીય સ્વશાસનની સરકારનું મહત્ત્વ સમજી શકશો.

## ૧૪.૧ પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો ! આ પહેલાનાં એકમમાં તમે રાજકીય પક્ષોનાં કાર્યો અને મહત્ત્વ અંગે વિગતવાર અભ્યાસ કર્યો. આ એકમમાં આપણે સ્થાનિક સરકાર વિશે અભ્યાસ કરીશું. સ્વાભાવિક છે કે તમારા મનમાં એ જાણવાની જિજ્ઞાસાવૃત્તિ થાય કે આ સ્થાનિક સરકાર એટલે શું ? તેનાં હેતુઓ શું છે ? તેનું મહત્ત્વ શું ? આ સમગ્ર બાબતોની ચર્ચા આપણે આ એકમમાં કરીશું.

## ૧૪.૨ સ્થાનીય સ્વશાસનની સરકાર : અર્થ

લોકશાહીનો સ્વીકાર કર્યો હોય તેવા દેશોમાં સરકારનું એકતંત્રી કે સમવાયતંત્રી માળખું અમલમાં હોય છે. સંસદીય સરકાર અને પ્રમુખીય સરકારમાંથી કોઈ એક સરકાર અમલમાં હોય છે. આધુનિક સમયમાં રાજ્યનો કાર્યભાર વધતો જાય છે. વસતિ વૃદ્ધિની સાથે જરૂરિયાતોની હારમાળા સર્જાય છે. દરેક તબક્કે કેન્દ્ર સરકાર એક સમયે, એક સાથે, ઝડપથી દરેક પાસે પહોંચી શકતી નથી. જરૂરિયાતોના ખ્યાલમાંથી અને વિકેન્દ્રીકરણની જરૂરિયાતમાંથી સ્થાનીય સ્વશાસનનો ખ્યાલ ઉદ્દભવ્યો છે. સ્થાનીય શાસનને અલગ-અલગ દેશોમાં અલગ-અલગ નામે ઓળખવામાં આવે છે. દા.ત. ફ્રાંસમાં સ્થાનીય પ્રશાસન, અમેરિકામાં મ્યુનિસિપલ શાસન, ભારતમાં સ્થાનીય સ્વશાસન કે સ્થાનિક સરકારથી ઓળખાય છે.

સ્થાનીય સ્વશાસન એક એવી વ્યવસ્થા છે જેમાં સત્તાનું વિકેન્દ્રીકરણ જોવા મળે છે. સ્થાનિક લોકોનાં પાયાના પ્રાથમિક પ્રશ્નો અને સમસ્યાઓ જેવી કે રસ્તા, પાણી, વાહનવ્યવહાર, વીજળી, સ્વાસ્થ્ય, આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ સ્થાનિક સરકાર અને સ્થાનિક લોકો દ્વારા જ કરવામાં આવે. લોકશાહી રાજ્યોમાં સ્થાનીય સ્વશાસનની સંસ્થાઓ લોકોમાં રાજકીય જાગૃતિ લાવી લોકશાહીની તાલીમ પૂરી પાડે છે. સ્થાનીય શાસન પ્રત્યેક વ્યક્તિની ઉન્નતિ અને સામાજિક નિયંત્રણ તથા વિકાસની એક સમજૂતી છે. લોકશાહી શાસનમાં સ્થાનીય શાસનની સંસ્થાઓનું ઘણું મહત્ત્વ છે. હર્મન ફાઈનરના મત અનુસાર "'**સ્થાનીય સ્વશાસન**' એક એવી સત્તા છે જેમાં સ્થાનીય શક્તિ આપણા જીવનનું નિરીક્ષણ, નિદર્શન અને નિયંત્રણ કરે છે. તથા આપણને સુષુપ્તાવસ્થામાંથી જગાડીને સજાગ કરે છે. જેનાથી આપણે આપણા કર્તવ્યો તથા સમાજ પ્રત્યેની આપણી ભૂમિકા ભજવી શકીએ."

એનસાઈકલોપિડીયા બ્રિટાનિકામાં જણાવ્યા અનુસાર "સ્થાનીય સ્વશાસનનું તાત્પર્ય એવી સત્તાથી છે જે એક વિસ્તારના કાર્યોને નિશ્ચિત કરે છે અને તેને પૂર્ણ કરે છે. આ સરકાર પ્રાદેશિક સરકારથી નાની હોય છે. સ્થાનીય એટલે કે સીમાબધ્ધ ક્ષેત્ર. પરંતુ આનાથી વિપરીત સ્થાનીય સ્વશાસન એટલા માટે મહત્ત્વપૂર્ણ હોય છે કેમ કે તેને સ્થાનીય કામ કરવાનો અને તે પ્રમાણેની સ્વતંત્રતા મેળવવાનો અધિકાર છે." સ્થાનિક સ્વશાસનની સરકારમાં વાપરવામાં આવેલ શબ્દોનો અર્થ કરવામાં આવે તો 'સ્થાનિક' શબ્દ એવું સૂચવે છે કે એવી સંસ્થાઓ જે રાજ્યના કેન્દ્રથી ભૌગોલિક અંતર ધરાવતા વિસ્તાર સાથે સંલગ્ન હોય. જેમાં સ્થાનિક વિસ્તારોનાં વહીવટ તંત્રનો ખ્યાલ અભિપ્રેત હોય. બીજો શબ્દ 'સ્વ' અને 'શાસન' છે. જેનો અર્થ થાય છે સ્વ (પોતાના/લોકો) દ્વારા ચાલતું શાસન.

સ્થાનિક સ્વશાસનની સરકાર એટલે એવી સરકાર જે રાજ્યનાં પ્રાદેશિક સ્તરે આવેલા સ્થાનિક વિસ્તારોનાં કાર્યો સ્થાનિક લોકો જ સ્થાનિક સંસ્થાઓ દ્વારા કરે છે. સ્થાનિક વહીવટતંત્રની જવાબદારી પણ સ્થાનિક સંસ્થાઓ સંભાળતી હોવાથી તેમની પાસે સત્તા પણ છે. સ્થાનિક સરકારમાં 'સ્વશાસન' શબ્દ અગત્યનો છે. 'સ્વશાસન' એટલે પોતાનું પોતાના પરનું શાસન સ્થાનીય સ્વશાસનની સરકારનાં અર્થઘટન અંગે સમજૂતી મેળવ્યા બાદ હવે કેટલીક વ્યાખ્યાઓનો અભ્યાસ કરી વધુ સ્પષ્ટતા મેળવીએ.

### (૧) પ્રા. એ. સી. કપુર

"નગરપાલિકાઓ, જિલ્લામંડળો (બોર્ડ્ઝ), પંચાયતો તથા અન્ય સંસ્થાઓ જે ચોક્કસ વિસ્તાર સાથે કે સ્થાનિક પ્રદેશ સાથે સંબંધિત હોય તેમજ તેમાં રહેતા લોકો માટે મહત્ત્વનાં હોય તેવા કાર્યો તેમને સોંપવાની તેમજ તેમનો અમલ કરવાની કાર્યવાહીને-કારોબારીને સ્થાનિક સરકાર કહેવામાં આવે છે."

(૨) **સિદગ્વિક હેન્રી**

"એકતંત્રી સરકારમાં સ્થાનિક સરકારનાં સ્થાનિક તંત્રો કેન્દ્રીય ધારાસભાથી સંપૂર્ણ ગૌણ સ્થાન ધરાવે છે. પરંતુ તેઓ નિમણૂક તેમજ નિર્ણયો લેવા બાબતે અંશતઃ કેટલીક નાણાકીય બાબતો પર અંકુશ રાખવા બાબતે કેન્દ્રીય કારોબારીથી થોડા સ્વતંત્ર હોય છે."

## ૧૪.૩ સ્થાનીય સ્વશાસનની સરકારનું મહત્ત્વ

આધુનિક રાજ્યનાં કાર્યક્ષેત્રમાં દિવસેને દિવસે સતત વધારો થઈ રહ્યો છે. રાજ્ય પોતાનાં કાર્યો સારી રીતે કરી શકે તે માટે વિકેન્દ્રીત વ્યવસ્થાની જરૂર પડે તે સ્વાભાવિક છે. સરકારો વચ્ચે કાર્યવિભાજન અને સત્તાનું વિભાજન વહીવટમાં સરળતા લાવે છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો કાર્યભાર હળવો કરતી સ્થાનિક સ્વશાસનની સરકારો ઘણું મહત્ત્વ ધરાવે છે. ખાસ કરીને લોકશાહી સરકાર ધરાવતા વિશાળ જનસમુદાય ધરાવતા દેશમાં સ્થાનિક સરકારો ખૂબ પાયાની છે. વિશાળ વસતિ અને વિસ્તાર ધરાવતા રાજ્યોમાં સ્થાનિક સરકાર દ્વારા પ્રજાકલ્યાણકારી પ્રવૃત્તિઓ અને કાર્યો ઝડપથી અને સરળતાથી કરી શકાય છે. નીચેના મુદ્દાઓ સ્થાનિક સ્વશાસનની સરકારનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે.

### ૧૪.૩.૧ સત્તાનું વિકેન્દ્રીકરણ :

લોકોની ભાગીદારીએ લોકશાહીનો પાયાનો આધાર છે. લોકશાહીમાં સત્તાનું વિકેન્દ્રીકરણ થયેલું હોય તો સ્થાનિક સરકારો વધુ સારી રીતે કાર્ય કરી શકે છે. લોકશાહીનું વિકેન્દ્રીકરણ અગત્યનું છે. તે એક રાજકીય આદર્શ છે અને સ્થાનિક સ્વશાસનની સરકાર તેનું સંસ્થાકીય સ્વરૂપ છે. સ્થાનિક કક્ષાએ રાજકીય નિર્ણયો કરવાની, તેનો અમલ કરવા માટે સ્વતંત્ર રસ્તાઓ શોધવાની, નાણાકીય સંચાલનની અને વહીવટ કરવાની સ્વાયતત્તા લોકશાહી વિકેન્દ્રીકરણનાં માધ્યમથી સ્થાનિક લોકોને આપવામાં આવે છે. સત્તા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર તથા સ્થાનિક સરકાર વચ્ચે સ્પષ્ટ વહેંચાયેલી હોય છે. પરિણામે કેન્દ્ર અને રાજ્ય સરકારનું ભારણ ઘટે છે.

### ૧૪.૩.૨ કાર્યવિભાજન :

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર તથા સ્થાનિક સરકાર વચ્ચે કાર્યોનું સ્પષ્ટ વિભાજન થયેલું હોવાથી કાર્યદક્ષતા વધે છે. કાર્યો બેવડાતા નથી. અમૂક કાર્યો કોણ કરશે ? તેની જો સ્પષ્ટતા ન હોય તો કાર્યો કરવાના જ રહી જાય છે. સ્થાનિક સ્વશાસનનાં કાર્યો સ્પષ્ટ હોવાથી સ્થાનિક પ્રશ્નોનો ઉકેલ સહેલાઈથી લાવી શકાય છે. પ્રજાના પ્રશ્નોનાં ઉકેલમાં સ્થાનિક પ્રતિનિધિઓ રસ લે છે. ભૌગોલિક રીતે નજીક હોવાથી પ્રશ્નોનાં ઉકેલમાં સરળતા રહે છે.

### ૧૪.૩.૩ પ્રજાની સહભાગિતા :

પ્રજા રાજકીય રીતે વધુ જાગૃત બને છે. આ જાગૃતિને કારણે સ્થાનિક પ્રશ્નોમાં સ્થાનિક ઘટનાઓમાં અને સ્થાનિક ચૂંટણીઓમાં તેની સહભાગિતામાં વધારો થાય છે. લોકો પોતાના માટે સારા-નરસાનો ભેદ પારખતા પણ શીખે છે. પ્રત્યક્ષ રીતે લોકશાહીની ગતિવિધિઓમાં ભાગ લેવાની તક સ્થાનિક સરકાર આપે છે. જેમાંથી સ્થાનિક નેતૃત્વનો વિકાસ થાય છે.

### ૧૪.૩.૪ તાલીમશાળા :

સ્થાનિક સરકાર લોકશાહીની તાલીમશાળા બને છે. આ સાથે તે વહીવટીતંત્ર

માટે પણ પ્રયોગશાળાની ગરજ સારે છે. નવા પ્રયોગોનો વિચાર અને અમલીકરણ અહીં શકય બને છે. સ્થાનિક સંસ્થાઓ પ્રજાને વહીવટમાં ભાગ લેવાની, કાર્યો કરવાની તક આપે છે. જે એક રીતે લોકશાહીની તાલીમ બની રહે છે. સ્થાનિક કક્ષાએ તાલીમ લીધેલા લોકો આગળ જતા ધારાસભાનાં પ્રતિનિધિઓ કે સંસદ સભ્યો બનતા હોય છે. આ અનુભવ તેમને આગળ જતા ખૂબજ કામ આવે છે.

**૧૪.૩.૫ સમય, શક્તિ અને નાણાનો બચાવ :**

સ્થાનિક સ્વશાસનની સરકાર સ્થાનિક પ્રશ્નોને સહેલાઈથી અને ઝડપથી ઉકેલે છે. કેન્દ્ર સરકારનું કાર્યક્ષેત્ર વિસ્તૃત હોય છે તે ઝડપી સ્થાનિક કક્ષાએ કાર્ય કરી શકતી નથી. જ્યારે સ્થાનિક સરકારોને કારણે માનવ શક્તિ ઓછી વપરાય છે, કાર્યો ઝડપી બને છે અને સાથે નાણાનો પણ દુર્વ્યય થતો નથી.

**૧૪.૩.૬ લોકશાહીને મજબૂત કરે છે. :**

દરેક દેશમાં સરકારનો ગમે તે પ્રકાર અમલમાં હોય તેની થોડીઘણી મર્યાદાઓ કે ત્રુટિઓ રહેવાની જ. લોકશાહી દેશમાં લોકશાહીની કેટલીક ત્રુટિઓ કે મર્યાદાઓને દૂર કરવામાં સ્થાનિક સરકાર અગત્યની ભૂમિકા ભજવે છે. જેમ કે તે પ્રજાને રાજકીય શિક્ષણ પૂરૂં પાડે છે. પ્રજા સ્થાનિક વિકાસનાં કાર્યોમાં રસ લેતી થાય છે. પ્રજાનો કે લોકોની આવડતનો લાભ સીધી રીતે વિકાસના કાર્યોમાં લઈ શકાય છે. લોકો પોતાના અધિકારો અને ફરજો અંગે વધુ સભાન બને છે. સ્થાનિક રાજકરણને સમજતી પ્રજા રાજય અને કેન્દ્ર કક્ષાનાં રાજકરણને અને સરકારને વધુ સારી રીતે સમજી શકે છે. નાગરિક ગુણોનો વિકાસ આગળ જતાં લોકશાહીને મજબુત કરવામાં ઉપયોગી બને છે. અસમાનતાઓમાં પણ સમાનતા લાવે છે. વિવિધતામાં પણ એકતા જળવાય છે. સહકાર અને સંકલનના ગુણો તથા નેતૃત્વના ગુણોનો વિકાસ થાય છે જે અંતે તો લોકશાહીને મજબૂત કરે છે.

## ૧૪.૪ સારાંશ

વહીવટી સરળતા ખાતર સ્થાનિક પ્રદેશોને વિવિધ વિભાગોમાં વિભાજિત કરી સ્થાનિક જવાબદારી અને કાર્યોની સોંપણી કરી વહીવટ સંભાળતી સરકારને સ્થાનિક સરકાર તરીકે ઓળખવામાં આવે છે.

સ્થાનિક સરકારનાં મુખ્ય બે પ્રકારો છે એક છે શહેરી સ્થાનિક સરકાર જેમાં નગરપાલિકા અને મહાનગરપાલિકાનો સમાવેશ થાય છે. બીજી છે ગ્રામીણ સ્થાનિક સરકાર સામાન્ય રીતે તેમાં ગ્રામ પંચાયત, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનો સમાવેશ થાય છે. સ્થાનિક સરકાર મુખ્યત્વે સત્તાનું અને કાર્યનું વિકેન્દ્રીકરણ શકય બનાવે છે. પ્રજા રાજકીય જવાબદારીથી જાગૃત અને સભાન બની મદદરૂપ થાય છે. સ્થાનિક સરકારો લોકશાહીની તાલીમશાળા સમાન છે તે લોકશાહી મૂલ્યોને પોષક વાતાવરણ પૂરૂં પાડે છે આ સાથે કેન્દ્ર સરકાર અને રાજય સરકારોનો કાર્યભાર પણ હળવો થાય છે. અમલદારશાહીની મર્યાદાઓને દૂર કરે છે. સમય, શક્તિ અને નાણાનો દુર્વ્યય ઓછો થાય છે. લોકમતનું ઘડતર પણ આ સ્થાનિક સરકારો કરે છે. પ્રજામાં સરકારની યોજનાઓને સમજવાની ભાવના કેળવે છે. પ્રજાને સરકારનાં કાર્યોમાં ભાગ લેવાની એક ઉત્તમ તક સ્થાનિક સરકાર પુરી પાડે છે.

## ૧૪.૫ ચાવીરૂપ શબ્દો

- **સ્વશાસન** : પોતાનું પોતાની ઉપરનું શાસન

- **સત્તાનું વિકેન્દ્રીકરણ :** સત્તાનું વિભાજન. કેન્દ્ર સરકાર, એકમ સરકારો અને સ્થાનિક સરકારો વચ્ચે સત્તાનું વિભાજન.

## ૧૪.૬ તમારી પ્રગતિ ચકાસો.

**(ક) નીચે આપેલ ખરા-ખોટા જણાવો.**

૧. સ્થાનિક સ્વશાસનની સરકારો લોકશાહીની તાલીમશાળા છે.

૨. સ્થાનિક સરકારોને કારણે સમય, શક્તિ અને નાણાનો દુર્વ્યય થાય છે.

૩. પ્રજાની રાજકીય સભાનતા સ્થાનિક સરકારોને કારણે ઘટે છે.

૪. સ્થાનિક સ્વશાસનની સરકાર પ્રજામાં નાગરિકતાનાં ગુણોનો વિકાસ કરવામાં મદદરૂપ થાય છે.

૫. સ્થાનિક સરકારના મુખ્ય બે પ્રકારો છે. શહેરી સ્થાનિક સરકાર અને ગ્રામીણ સ્થાનિક સરકાર.

**(ખ) વિગતવાર પ્રશ્નોનાં જવાબ આપો.**

**૧) સ્થાનીક સ્વશાસનની સરકારનો અર્થ આપી તેનું મહત્ત્વ વિગતવાર સમજાવો.**

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

---------------------------------------------------------------

## ૧૪.૭ તમારી પ્રગતિ ચકાસોના જવાબ.

**(ક) ખરાં ખોટાં નાં જવાબો.**

૧. ખરું

૨. ખોટું

૩. ખોટું

૪. ખરું

૫. ખરું

## ૧૪.૮ સંદર્ભ સૂચિ


૧. શુકલ ગજેન્દ્ર બી. : "ભારતમાં શહેરી સ્થાનિક સરકાર" યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૫

૨. પાઠક અને પંડયા : "રાજયશાસ્ત્રનો પરિચય ભાગ-૨" અનડા પ્રકાશન, અમદાવાદ.

૩. પંડયા હસમુખ : "સરકારીતંત્રનો પરિચય-૨" અનડા બુક ડીપો, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨

૪. **EPA**-૦૩ : વિકાસવહીવટ, બ્લોક ૦૫ (વિકેન્દ્રીકરણ અને વિકાસ),

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

૫. પંડ્યા હસમુખ : "રાજ્યશાસ્ત્રનાં સિદ્ધાંતો" અનડા બુક ડીપો, અમદાવાદ, ૨૦૦૭

એકમ ૧૫

# સ્થાનિક સ્વશાસનની સરકાર – ૦૨

## રૂપરેખા


૧૫.૦ ઉદ્દેશો

૧૫.૧ પ્રસ્તાવના

૧૫.૨ સ્થાનિક સ્વશાસનની સરકારનાં કાર્યો

- ૧૫.૨.૧ પ્રાથમિક સવલતો પૂરી પાડવાનું કાર્ય
- ૧૫.૨.૨ શૈક્ષણિક અને તબીબી વિષયક કાર્યો
- ૧૫.૨.૩ સ્વચ્છતા અને સફાઈને લગતા કાર્યો
- ૧૫.૨.૪ આર્થિક બાબતો સાથે સંકળાયેલ કાર્યો
- ૧૫.૨.૫ દસ્તાવેજો નિભાવવાનું કાર્ય
- ૧૫.૨.૬ કરવેરા નાંખવાનું અને ઉઘરાવવાનું કાર્ય
- ૧૫.૨.૭ પ્રજાકીય સવલતો અને કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ કરવાનું કાર્ય
- ૧૫.૨.૮ વિવિધ સમિતિઓનું ગઠન, બેઠક અને અમલીકરણ
- ૧૫.૨.૯ સરકારની વિવિધ યોજનાઓને કાર્યાન્વિત કરવાનું કાર્ય

૧૫.૩ સ્થાનિક સ્વશાસનની સરકારનાં ફાયદા-ગેરફાયદાઓ

- ૧૫.૩.૧ ફાયદાઓ
- ૧૫.૩.૨ ગેરફાયદાઓ

૧૫.૪ સારાંશ

૧૫.૫ ચાવીરૂપ શબ્દો

૧૫.૬ તમારી પ્રગતિ ચકાસો

૧૫.૭ તમારી પ્રગતિ ચકાસોના જવાબ

૧૫.૮ સંદર્ભ સૂચિ


## ૧૫.૦ ઉદ્દેશો

આ એકમનાં અભ્યાસથી તમે નીચેના મુદ્દાઓની સમજ પ્રાપ્ત કરી શકશો.

- વિદ્યાર્થીઓ સ્થાનિક સ્વશાસનની સરકારનાં કાર્યો અંગેની સમજ કેળવશે.
- વિદ્યાર્થીઓ સ્થાનિક સ્વશાસનની સરકારનાં ફાયદા-ગેરફાયદા જાણી શકશે.

## ૧૫.૧ પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો, તમે સરકારી તંત્રવ્યવસ્થા અંગે અભ્યાસ કરો છો ત્યારે કેન્દ્ર સરકારનું પાયાનું એકમ સ્થાનિક સ્વશાસનની સરકાર છે. અગાઉનાં એકમમાં તમે સ્થાનિક સ્વશાસનની સરકારનો અર્થ અને મહત્ત્વ વિષે અભ્યાસ કર્યો છે. હવે આ એકમમાં આપણે તેના કાર્યો અને ફાયદા-ગેરફાયદાનો અભ્યાસ કરીશું. આધુનિક સમયમાં રાજયનાં કાર્યોમાં સતત વધારો થઈ રહ્યો છે. વસ્તી વૃદ્ધિની સાથે લોકોની જીવનશૈલી અને જરૂરિયાતોમાં પણ ઘણું પરિવર્તન આવી રહ્યું છે. આવા સમયે સ્થાનિક સ્વશાસનની સરકારનાં કાર્યક્ષેત્રમાં પણ વધારો થાય તે સ્વાભાવિક છે. જેનો વિગતવાર અભ્યાસ આપણે કરીએ.

## ૧૫.૨ સ્થાનિક સ્વશાસનની સરકારનાં કાર્યો

સ્થાનિક સ્વશાસનની સરકારનાં કાર્યોની સમજૂતી પ્રાપ્ત કરીએ એ પહેલાં સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓની સમજૂતી મેળવવી જરૂરી છે. સામાન્ય રીતે દરેક દેશની સ્થાનિક વ્યવસ્થા અલગ-અલગ જોવા મળે છે. આમ છતાં સામાન્ય રીતે શહેરી સ્થાનિક સરકાર અંતર્ગત નગરપાલિકા અને મહાનગરપાલિકાનો સમાવેશ થાય છે. જ્યારે ગ્રામીણ સ્થાનિક સરકાર અંતર્ગત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે. આ દરેક સંસ્થાઓનું કાર્ય ચોક્કસ પ્રકારનું છે. પોતાનાં વિસ્તારમાં આ સંસ્થાઓ આપવામાં આવેલ સ્વાયતતાનો ઉપયોગ કરી પોતાના કાર્યો કરે છે. જેની સમજૂતી મેળવીએ.

### ૧૫.૨.૧ પ્રાથમિક સવલતો પૂરી પાડવાનું કાર્ય :

સ્થાનિક સરકારોનું અગત્યનું કાર્ય એ છે કે તે સ્થાનિક લોકોની પ્રાથમિક નાનામાં નાની જરૂરિયાતોનું ધ્યાન રાખીને સવલતો પૂરી પાડે. પાણીની વ્યવસ્થા, ગટર વ્યવસ્થા, જાહેર કુવા કે તળાવની જાળવણી કરવી, દીવાબત્તી કે વીજળીને લગતા કાર્યો કરવા, રસ્તાઓ બનાવવા અને યોગ્ય રીતે નિભાવવા, ખેતીવાડી કે સહકારી પ્રવૃત્તિઓને લગતા કાર્યો વગેરેનો પ્રાથમિક કાર્યોમાં સમાવેશ થાય છે. આ સાથે સ્થાનિક સરકાર મરજિયાત પ્રકારનાં કાર્યો છતાં પણ મહત્ત્વનાં કાર્યો કરીને પ્રજાની સેવા કરે છે.

### ૧૫.૨.૨ શૈક્ષણિક અને તબીબી વિષયક કાર્યો :

સ્થાનિક લોકોને શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડવી એ સ્થાનિક સરકારનું મહત્ત્વનું કાર્ય છે. પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ જરૂરિયાત મુજબ બનાવવી, તેની મરામ્મત કરવી અને દેખરેખ રાખવી તથા નિરક્ષરતાનું પ્રમાણ ઘટાડીને સાક્ષરતાનો દર વધારવો. આ ઉપરાંત આરોગ્યની જાળવણી કરે છે. ચેપી રોગો અટકાવવા વિવિધ પ્રયત્નો કરે છે. રોગચાળો ફાંટી નિકળે ત્યારે રસીકરણ અને અન્ય સુવિધાઓ નાગરિકોને પુરી પાડે છે. સરકારી દવાખાનાઓ બંધાવવાનું કાર્ય કરે છે.

### ૧૫.૨.૩ સ્વચ્છતા અને સફાઈને લગતા કાર્યો :

જાહેર રસ્તાઓ અને જાહેર જગ્યાએ સ્વચ્છતા જાળવી સફાઈ કરાવવાનું કાર્ય કરે છે. રસ્તાઓ, પુલો, જળમાર્ગો, ગરનાળાની જાળવણી કરે છે. નગરપાલિકા કે મહાનગર પાલિકા દ્વારા કચરાનાં યોગ્ય નિકાલ માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. ઉકરડાનો યોગ્ય નિકાલ થાય તે જોવાનું કાર્ય પણ કરે છે. ગંદકી ધરાવતા વિસ્તારમાં સ્વચ્છતા જાળવવાનો પ્રયત્ન કરે છે.

### ૧૫.૨.૪ આર્થિક બાબતો સાથે સંકળાયેલ કાર્યો :

સ્થાનિક કક્ષાએ નાના-નાના ઉદ્યોગો અને લઘુ ઉદ્યોગોનું સર્જન કરીને સ્થાનિક લોકોને રોજગારી આપવાનું કાર્ય કરે છે. જેથી મોટો ફાયદો એ થાય છે કે સ્થાનિક લોકોની આર્થિક ક્ષમતાનો લાભ લઈ શકાય છે અને લોકોને ઉપાર્જનમાં મદદ કરીને હકારાત્મક અને તંદુરસ્ત વાતાવરણનું સર્જન થાય છે જો કે વ્યવહારમાં ચિત્ર અલગ પણ જોવા મળે છે. આમ છતાં સ્થાનિક સરકાર પોતાના ક્ષેત્રમાં લોકોને રોજગારીની તક પૂરી પાડવાનો પ્રયત્ન કરે છે. ગ્રામ પંચાયતમાં, તાલુકા પંચાયતમાં, જિલ્લા પંચાયતમાં તથા શહેરી સંસ્થાઓમાં શિક્ષિત લોકોને નોકરી કરવાની તક મળે છે.

### ૧૫.૨.૫ દસ્તાવેજો નિભાવવાનું કાર્ય :

સ્થાનિક સરકાર જન્મની નોંધ, મૃત્યુની નોંધ, લગ્નની નોંધ રાખે છે. જમીન અને મહેસૂલને લગતા અગત્યના દસ્તાવેજો નિભાવે છે. વિવિધ સમિતિઓ અને સભાની મીટીંગોના એજન્ડા અને કાર્યનોંધને સાચવે છે. સરકારના વિવિધ પરિપત્રો અને વાર્ષિક કામગીરીના અહેવાલો વગેરેનું દસ્તાવેજીકરણ કરે છે. વહીવટી જરૂરિયાત ધરાવતા તમામ બાબતોનાં દસ્તાવેજોને લગતા કાર્યો કરવાનું કાર્ય કરે છે.

### ૧૫.૨.૬ કરવેરા નાંખવાનું અને ઉઘરાવવાનું કાર્ય :

સ્થાનિક સરકારની આવકનાં સ્ત્રોતોમાં એક આવક કર દ્વારા પ્રાપ્ત થતી આવક છે. સમયાંતરે કરવેરા વસૂલવાનું કાર્ય તે કરે છે. જરૂરીયાત મુજબ તેની સમિતિઓનું ગઠન કરવામાં આવે છે. લોકો વિવિધ પ્રકારના વેરાઓ ભરે છે. જેમ કે પાણી વેરો, મકાન વેરો, સફાઈ વેરો, મનોરંજન કર વગેરે. જે-તે સ્થાનિક સરકારના નિયમાનુંસાર કર વસૂલ કરવાનું કાર્ય કરવામાં આવે છે.

### ૧૫.૨.૭ પ્રજાકીય સવલતો અને કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ કરવાનું કાર્ય :

મનોજંનનને લગતી સવલતો જેમ કે થિયેટરો, બગીચાઓ, જાહેર ફરવાલાયક સ્થળો, ધાર્મિક સ્થળો, વ્યાયામ શાળા, પુસ્તકાલય, આરામગૃહો, ધર્મશાળા, ન્હાવા-ધોવાનાં ઘાટ વગેરે બનાવવા તથા બનાવેલાં હોય તેની જાળવણી કરવાનું કાર્ય સ્થાનિક સરકાર કરે છે. આ ઉપરાંત વિવિધ વર્ગોના કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન અને અમલીકરણ કરે છે. દા.ત. સ્ત્રી કલ્યાણને લગતી પ્રવૃત્તિ, સમાજ કલ્યાણને લગતી પ્રવૃત્તિ, બાળ વિકાસને લગતી પ્રવૃત્તિ, દિવ્યાંગ અને વિશિષ્ટ વ્યક્તિઓના કલ્યાણને લગતી પ્રવૃત્તિ, નબળા વર્ગોના વિકાસને લગતી પ્રવૃત્તિ વગેરે જેવી કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ કરે છે.

### ૧૫.૨.૮ વિવિધ સમિતિઓનું ગઠન, બેઠક અને અમલીકરણ :

સ્થાનિક સરકારનું મુખ્ય કાર્ય પોતાની સ્વશાસનની અંતર્ગત આવતી સંસ્થાઓ અંતર્ગત વિવિધ સભા કે સમિતિઓનું ગઠન કરવાનું છે. દા.ત. પાણી સમિતિ, બાંધકામ સમિતિ, સામાજિક ન્યાય સમિતિ, શૈક્ષણિક સમિતિ વગેરે. સમયાંતરે તેની બેઠક બોલાવવાનું કાર્ય, ચેરમેન અને પ્રતિનિધીઓ સાથે ચર્ચા-ગોષ્ઠી કરવાનું કાર્ય તે કરે છે. સ્થાનિક પ્રશ્નો અંગે ચર્ચા કરી તેના ઉકેલો વિષે પણ ગોષ્ઠી થાય છે. આ સમગ્ર પ્રક્રિયામાં સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન થાય તે જરૂરી છે. સ્થાનિક સરકાર પોતે નિર્ધારીત કરેલા હેતુઓને પૂર્ણ કરવા માટે આયોજન કરી તેનું અમલીકરણ કરે છે.

### ૧૫.૨.૯ સરકારની વિવિધ યોજનાઓને કાર્યાન્વિત કરવાનું કાર્ય :

સ્થાનિક સરકારનું સૌથી અગત્યનું કાર્ય એ છે કે સ્થાનિક પ્રજા માટે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે અમલમાં આવતી વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી રાખી તેનો વધુને વધુ લાભ લાભાર્થીઓ સુધી પહોંચાડવો.

સરકારની યોજનાઓને સફળ બનાવવા તથા ખરા અર્થમાં પ્રજાના સર્વાંગી વિકાસ માટેની પ્રવૃત્તિઓ હાથ ધરવી એ તેનું મુખ્ય કાર્ય છે. સરકારી યોજનાના અમલીકરણમાં જરૂર પડે તો તાલીમ વર્ગોનું આયોજન કરવાનું કાર્ય પણ કરે છે.

## ૧૫.૩ સ્થાનિક સ્વશાસનની સરકારનાં ફાયદા-ગેરફાયદાઓ

### ૧૫.૩.૧ ફાયદાઓ :

(૧) સ્થાનિક પ્રશ્નોનો ઉકેલ, સ્થાનિક જગ્યાએ જ સહેલાઈથી લાવી શકાય છે.

(૨) સરકારની વિવિધ વિકાસ યોજનાઓને સફળ બનાવે છે.

(૩) વિવિધતાને પોષક એવું હકારાત્મક અને તંદુરસ્ત વાતાવરણ કાર્યક્ષમતામાં વધારો કરે છે.

(૪) સ્થાનિક નેતૃત્વનો વિકાસ થાય છે.

(૫) પ્રજાનું ખરા અર્થમાં રાજકીયકરણ થાય છે.

(૬) અમલદારશાહી દૂર કરે છે.

(૭) આર્થિક ભારણ ઘટે છે.

(૮) પ્રયોગશાળાની ગરજ સારે છે.

આ અગાઉનાં એકમમાં આપણે સ્થાનિક સ્વશાસનનાં મહત્ત્વની વિગતવાર સમજૂતી પ્રાપ્ત કરી છે. સ્થાનિક સ્વશાસનની સરકારનાં ફાયદાઓની સાથે તેનાં કેટલાક ગેરફાયદાઓ કે ભયસ્થાનો પણ છે જે સમજીએ.

### ૧૫.૩.૨ સ્થાનિક સ્વશાસનની સરકારનાં ગેરફાયદાઓ :

**(૧) સંકલન અને સહકારનો અભાવ :**

સામાન્ય રીતે સ્થાનિક સરકારમાં વિવિધ સંસ્થાઓ, સમિતિઓ અને ઘટકો વચ્ચે યોગ્ય સંકલનનો અભાવ જોવા મળે છે. વિવિધ જૂથો કે પક્ષો વચ્ચેની ખેંચતાણને કારણે સહકારથી કાર્ય થઈ શકતું નથી.

**(૨) અધિકારી અને પદાધિકારી વચ્ચે સંઘર્ષનાં પ્રશ્નો :**

સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓમાં જે અધિકારીઓ કે કર્મચારીઓ લિખિત પરીક્ષા આપીને પસંદગી પામી ફરજ બજાવે છે તેઓ અમલદારશાહીમાં કાર્ય કરે છે. જ્યારે પદાધિકારીઓ પ્રજા દ્વારા ચૂંટાઈને આવતા હોવાથી તેઓ વચ્ચે ઘર્ષણ થયા વગર રહેતું નથી. સ્થાનિક લોકો ને આ બન્ને વચ્ચેનાં ઘર્ષણનો સામનો કરવો પડે છે. અધિકારી અને પદાધિકારી વચ્ચે નાની બાબતામાં પણ અહંમનાં પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેથી સ્થાનિક સ્વશાસનની સરકાર પોતાના મૂળ હેતુઓને પાર પાડવામાં મુશ્કેલી અનુભવે છે.

**(૩) દરેક ઘટનાનું રાજકીયકરણ :**

સ્થાનિક કક્ષાએ બનતી કોઈપણ ઘટનાને રાજકારણ સાથે જોડી દેવામાં આવે છે. જેનાથી સામાજિક સમરસતા તો જોખમમાં મૂકાય જ છે. આ સાથે વિવિધ વર્ગો અને જૂથો વચ્ચે વૈચારિક વૈમનસ્ય ઊભુ કરે છે. સ્થાનિક પક્ષો દરેક ઘટનાને રાજકીય રંગ આપી લાભ ઉઠાવવાનો પ્રયત્ન કરે છે. બીજી બાજુ વહીવટનું પણ રાજકીયકરણ થતું જાય છે. વહીવટમાં ભ્રષ્ટાચાર, લાગવગ અને દબાણનું પ્રમાણ વધી રહ્યું છે. પરિણામે સ્વશાસનની સંસ્થાઓ પોતાની સ્વાત્રંતતા મુજબ કાર્ય કરી શકતી નથી.

**(૪) નિયંત્રણો અને અંકુશ :**

સ્થાનિક સ્વશાસનની સરકાર ઉપર કેન્દ્ર સરકાર અને વધુ રાજ્ય સરકારનું નિયંત્રણ અને અંકુશ જોવા મળે છે. મર્યાદિત પ્રમાણમાં આ અંકુશ જરૂરી છે. પરંતુ વારંવાર નાની બાબતોમાં મૂકવામાં આવતું નિયંત્રણ સ્થાનિક સરકારની કાર્યક્ષમતા ઉપર અસર કરે છે. સ્થાનિક સરકારોએ આર્થિક બાબતો ઉપર રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર ઉપર મોટાભાગે આધાર રાખવો પડે છે. સ્થાનિક કક્ષાએ અને ઉપલી કક્ષાએ વિરોધી પક્ષોની સરકાર અમલમાં હોય તો કાર્ય કરવામાં મુશ્કેલી અનુભવાય છે. દોષારોપણ વધી જાય છે.

**(૫) પ્રાદેશિક સંકુચિતતાને બઢાવો મળે છે.**

સ્થાનિક સ્વશાસનની સરકારમાં પ્રતિનિધિઓ મોટાભાગે સ્થાનિકના જ હોવાથી પોતાના પ્રદેશ પ્રત્યેની ભાવના એક સમયે પ્રદેશવાદ ઊભો કરે છે. જ્યારે રાષ્ટ્રીયહિત કરતાં પણ પ્રદેશવાદની ભાવના દ્રઢ બને ત્યારે રાષ્ટ્ર માટે મોટો ખતરો ઊભો કરે છે. આ સંકુચિતતાની ભાવનાને કારણે રાષ્ટ્રહિત જોખમમાં મુકાય છે. મારા પણાની ભાવનામાંથી અલગતાવાદની ભાવના પણ ઉદ્દભવે છે. જે આગળ જતા લોકશાહી માટે મોટો પડકાર ઊભો કરે છે.

**(૬) જ્ઞાતિવાદ – જાતિવાદ અને જૂથવાદને ઉત્તેજન :**

સ્થાનિક સ્વશાસનની સરકારમાં સ્થાનિક પ્રજાની જ્ઞાતિ, જાતિ અને જૂથવાદની અસર રાજકરણ ઉપર વધુ જોવા મળે છે. રાજકીય પક્ષો પણ પોતાની મતબેંક ચાલુ રાખવા માટે પરોક્ષ રીતે જ્ઞાતિવાદ અને જાતિવાદને પ્રોત્સાહન આપે છે. જે લાંબાગાળે રાષ્ટ્રીય એકતા માટે ખતરો બને છે. પ્રતિનિધિઓની પસંદગીમાં પણ જ્ઞાતિવાદ અને જાતિવાદની અસર જોવા મળે છે.

## ૧૫.૪ સારાંશ

સ્થાનિક સ્વશાસનની સરકાર લોકશાહીનો પાયાનો આધાર સ્તંભ છે. લોકોની પ્રાથમિક જરૂરિયાતો અંગે પોતાની વાચા આપીને તેનો ઉકેલ લાવવાનું કાર્ય તે કરે છે. સ્થાનિક સરકાર પોતાના ફરજિયાત કરવાનાં કાર્યો તો કરે છે સાથે મરજિયાત પ્રકારનાં કાર્યો પણ કરે છે. લોકોની સુખાકારીમાં વધારો કરવા નવતર પ્રયોગો પણ કરવામાં આવે છે. સ્થાનિક સ્વશાસનની સરકારને માળખાગત પ્રશ્નો નડતા હોવા છતાં એકંદરે તે સારૂં કાર્ય કરે છે. સંચાલકીય પ્રશ્નોનો ઉકેલ તે મેળવીને આગળ વધે છે. સ્થાનિક સરકારનાં ફાયદાઓ ઘણા છે. ટૂંકા સમયમાં ઝડપથી કાર્ય થઈ શકે છે. પ્રજાનો અને સ્થાનિક સંસાધનોનો મહત્તમ ઉપયોગ શકય બને છે. સ્થાનિક પ્રશ્નો સરળતાથી ઉકેલી શકાય છે. આમ છતાં તેની કેટલીક મર્યાદાઓ કે ભયસ્થાનો અથવા ગેરફાયદો પણ છે. જરૂરી નથી કે દરેક જગ્યાએ આ ભયસ્થાનો એક સમાન રીતે પ્રવર્તમાન હોય જ. રાજકારણ હોય ત્યાં વત્તા-ઓછા પ્રમાણમાં જ્ઞાતિવાદ, પ્રાદેશિક સંકુચિતતા, રાજકીયકરણનો અતિરેક વગેરે ભયસ્થાનો રહેવાના જ. આમ છતાં આ સરકારો પોતાની સ્વાયતતાનો ઉપયોગ કરીને મજબૂત લોકશાહી માટે અવિરતપણે પોતાનું કાર્ય કરી રહી છે.

## ૧૫.૫ ચાવીરૂપ શબ્દો

**પ્રદેશવાદ :** ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં રહેતા લોકો પોતાના પ્રદેશ પ્રત્યે શ્રેષ્ઠતાની લાગણી અનુભવે અને અન્ય પ્રદેશ પ્રત્યે તિરસ્કાર અને નફરતનો ભાવ ઊભો કરે તેને પ્રદેશવાદ કહે છે.

## ૧૫.૬ તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચે આપેલ બહુવિકલ્પ પ્રશ્નોના જવાબ આપો.**

**(૧) સ્થાનિક સરકારનાં કાર્યો છે ______**

અ. પ્રાથમિક સવલતો પૂરી પાડવાનું કાર્ય

બ. શૈક્ષણિક અને તબીબી વિષયક કાર્યો

ક. ઉપરોક્ત બન્ને

ડ. ત્રણમાંથી એક પણ નહીં

**(૨) સ્થાનિક સરકાર કરવેરાનાં સંદર્ભે કયું કાર્ય કરે છે ?**

અ. કરવેરા નાંખવાનું કાર્ય

બ. કરવેરા ઉઘરાવવાનું કાર્ય

ક. ઉપરોક્ત બન્ને

ડ. તટસ્થ

**(૩) સ્થાનિક સરકારનો ફાયદો એ છે કે –**

અ. સ્થાનિક પ્રશ્નોનો ઉકેલ સહેલાઈથી આવે છે.

બ. પ્રશ્નો ઉકેલાતા જ નથી.

ક. સ્થાનિક નેતૃત્વનો વિકાસ થાય છે.

ડ. અ અને ક

**(૪) સ્થાનિક સ્વશાસનની સરકારનો ગેરફાયદો એ છે કે –**

અ. અધિકારી અને પદાધિકારી વચ્ચે સંઘર્ષ.

બ. સંકલન અને સહકારનો અભાવ.

ક. પ્રાદેશિક સંકુચિતતાને બઢાવો મળે છે.

ડ. ઉપરોક્ત ત્રણેય

**(૫) સ્થાનિક સરકારમાં હોય છે –**

અ. સત્તાનું વિકેન્દ્રીકરણ

બ. સત્તાનું કેન્દ્રીકરણ

ક. ભ્રષ્ટાચાર મુક્ત શાસન

ડ. ત્રણ પૈકી એક પણ નહીં

**(ખ) નીચે આપેલા પ્રશ્નોના વિગતવાર જવાબ આપો.**

**૧. સ્થાનિક સ્વશાસનની સરકારનાં કાર્યોની છણાવટ કરો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**૨. સ્થાનિક સ્વશાસનની સરકારનાં ફાયદા-ગેરફાયદાની વિગતવાર ચર્ચા કરો.**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## ૧૫.૭ તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

**(ક) બહુવિકલ્પ પ્રશ્નોના જવાબો.**

૧. ઉપરોક્ત બન્ને (ક)

૨. ઉપરોક્ત બન્ને (ક)

૩. અ અને ક (ડ)

૪. ઉપરોક્ત ત્રણેય (ડ)

૫. સત્તાનું વિકેન્દ્રીકરણ (અ)

## ૧૫.૮ સંદર્ભ સૂચિ


૧. શુક્લ ગજેન્દ્ર બી. : 'ભારતમાં શહેરી સ્થાનિક સરકાર' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૫

૨. પાઠક અને પંડયા : 'રાજ્યશાસ્ત્રનોપરિચય' ભાગ-૨, અનડા પ્રકાશન, અમદાવાદ, આઠમી આવૃત્તિ, ૧૯૯૩

૩. પંડયા હસમુખ : 'સરકારી તંત્રનો પરિચય-૨' અનડા બુક ડીપો, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨

નોંધ

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-89456-27-1

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી


(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. / બી.એ. ઓનર્સ -રાજ્યશાસ્ત્ર
PSCM 102 / PSCS 102
PSCMJ 102 / PSCMN 201
સરકારી તંત્ર વ્યવસ્થા
(મુખ્ય તથા ગૌણ)










# સંયુક્ત રાષ્ટ્રો

5

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. *BAOU*ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયના પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રાને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે, જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.

અસ્તુ !

કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાય,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**સંપાદનઃ**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| ડૉ.દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ.પુષ્પાબહેન મોતિયાની | નિવૃત્ત ડીન અને અધ્યક્ષ, શાંતિ સંશોધન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

**વિષય સલાહકાર સમિતિ( PAC):**

| | |
|---|---|
| ડૉ. દીપ્તિબા કે.ગોહિલ | આસિસ્ટન્ટ પ્રોફેસર અને રાજયશાસ્ત્ર વિભાગાધ્યક્ષ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ. |
| ડૉ. ડી.ડી.ઝાલા | નિવૃત્ત અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કોલેજ, એમ. કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| પ્રો. (ડૉ.) પ્રિયવદન એમ. પટેલ | નિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા. |
| ડૉ.ગજેન્દ્રસિંહ પી. જાડેજા | એસોસિએટ પ્રોફેસર અને અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કોલેજ, એમ.કે. બી. યુનિવર્સિટી, ભાવનગર. |
| ડૉ. હેમાબહેન જીકાદરા | એસોસિએટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર , ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| શ્રીમતી રંજનબાળા ગોહિલ | રાજ્યશાસ્ત્ર વિભાગાધ્યક્ષ અને કાર્યકારી પ્રિન્સીપાલ, શ્રીમતી ગાંધી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભાવનગર |

**લેખનઃ**

| | |
|---|---|
| ડૉ. અશોકકુમાર બી. પુરોહિત | આસિસ્ટન્ટપ્રોફેસર, રાજ્યશાસ્ત્ર, એમ.એ.પરીખ , ફાઈનઆર્ટ્સએન્ડઆર્ટ્સકોલેજ, પાલનપુર, હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| ઉર્વિકા એસ. પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી , અમદાવાદ |


પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

ISBN: "978-93-89456-28-8"

પ્રકાશન વર્ષ : 2020

# વિભાગ 05
# સંયુક્ત રાષ્ટ્રસંઘ

**એકમ : 16**
**સંયુક્ત રાષ્ટ્રસંઘ-1** 5

**એકમ : 17**
**સંયુક્ત રાષ્ટ્રસંઘ-2** 21

# વિભાગ 05

## સંયુક્ત રાષ્ટ્રસંઘ

સરકારી તંત્રવ્યવસ્થા  પેપર નંબર **02** ના આ વિભાગ **05** માં બે એકમો છે.

એકમ : **16** સંયુક્ત રાષ્ટ્રસંઘ-**1** માં સંયુક્ત રાષ્ટ્રસંઘનો ઉદ્દભવ અને વિકાસ આલેખવામાં આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્રસંઘનું ખતપત્ર, હેતુઓ અને સિદ્ધાંતો સમજાવવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના મુખ્ય અંગોથી માહિતગાર બનશો.

એકમ : **17** સંયુક્ત રાષ્ટ્રસંઘ-**2** માં સંયુક્ત રાષ્ટ્રસંઘની મુખ્ય સિદ્ધિઓ અને મર્યાદાઓથી વાકેફ બનશો.

એકમ ૧૬

# સંયુક્ત રાષ્ટ્રસંઘ - ૧

# (United Nations Organization-1)

## રૂપરેખા

૧૬.૦ ઉદ્દેશો

૧૬.૧ પ્રસ્તાવના

૧૬.૨ સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉદ્દભવ પાછળના પરિબળો

૧૬.૩ સંયુક્ત રાષ્ટ્રસંઘનું ખતપત્ર, હેતુઓ અને સિદ્ધાંતો

૧૬.૪ સંયુક્ત રાષ્ટ્રસંઘનું સભ્યપદ

૧૬.૫ સંયુક્ત રાષ્ટ્રસંઘના મુખ્ય અંગો

૧૬.૬ સારાંશ

૧૬.૭ તમારી પ્રગતિ ચકાસો

૧૬.૮ સંદર્ભ સૂચિ

## ૧૬.૦ ઉદ્દેશો

આ એકમમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના માટેના જવાબદાર પરિબળો, તેનું ખતપત્ર, તેના હેતુઓ અને સિદ્ધાંતોની વિચારણા કરવામાં આવી છે. આ એકમ વાંચ્યા પછી તમે નીચેની બાબતો વિશે ચર્ચા કરી શકશો.

- સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉદ્દભવ માટેના જવાબદાર પરિબળો વિશે જાણકારી મેળવી શકશો.
- સંયુક્ત રાષ્ટ્રસંઘ સ્થાપના સમયની અને અત્યારની જરૂરિયાત સમજી શકશો.
- સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્રની જોગવાઈઓ વિશે જાણી શકશો.
- સંયુક્ત રાષ્ટ્રસંઘના હેતુઓ અને સિદ્ધાંતોનું વિવરણ કરી શકશો.
- સંયુક્ત રાષ્ટ્રસંઘના મુખ્ય અંગો અને તેમની કામગીરી અંગે સમજાવી શકશો.

## ૧૬.૧ પ્રસ્તાવના

પ્રથમ વિશ્વયુદ્ધને કારણે વિશ્વમાં ભયંકર માનવ સંહાર અને પારાવાર તારાજી સર્જાઈ. વિશ્વમાં ફરીથી આવો વિશ્વવિગ્રહ ન થાય તથા વિશ્વશાંતિ અને સામૂહિક સલામતી જળવાય તેવા ઉમદા હેતુથી રાષ્ટ્રસંઘની ૧૦મી જન્યુઆરી,૧૯૨૦ના રોજ સ્થાપના કરવામાં આવી. રાષ્ટ્રો વચ્ચે ઉદ્દભવતા મતભેદો અને વિવાદોને રાષ્ટ્રસંઘના માધ્યમથી આંતરરાષ્ટ્રીય સ્તરે ઉકેલીને વિશ્વયુદ્ધમાંથી માનવજાતિને ઉગારી શકાય તે તેનો મુખ્ય ઉદ્દેશ હતો. પરંતુ રાષ્ટ્રસંઘની આવી આશા ફળીભૂત થઈ શકી નહીં અને વિશ્વને દ્વિતીય વિશ્વવિગ્રહના માઠાં પરિણામો ભોગવવાનો વારો આવ્યો. યુરોપના રાષ્ટ્રોની

સત્તા-લાલસા, યુ.એસ.એ. જેવી મહાસત્તાની ગેરહાજરી, જાપાન, જર્મની અને ઈટાલી જેવા રાષ્ટ્રોમાં સરમુખત્યારશાહીનો ઉદય તેમજ કેટલાંક રાજકીય કારણોને લીધે રાષ્ટ્રસંઘ અસરકારક કામગીરી કરી શક્યું નહીં. પરિણામે ઈ.સ.૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતા જ રાષ્ટ્રસંઘનો અંત આવ્યો. બીજા વિશ્વયુદ્ધ બાદ રાજ્યો વચ્ચેના સંઘર્ષો ટળે, રાજ્યો વચ્ચેના વિવાદોનો આંતરરાષ્ટ્રીય સંસ્થાના માધ્યમથી ચર્ચા દ્વારા ઉકેલ આવે અને વિશ્વશાંતિ અને સલામતી જળવાય તે હેતુસર સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી.

## ૧૬.૨ સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉદ્દભવ પાછળના પરિબળો

વર્સેલ્સની અન્યાયી સંધિ, રાષ્ટ્રસંઘની નિષ્ફળતા, હિટલરની સામ્રાજ્યવાદી નીતિ તથા તત્કાલીન ઉદ્દભવેલી અન્ય રાજકીય પરિસ્થિતિઓને કારણે વિશ્વમાં અશાંતિ, અસલામતી, ભય અને ધિક્કારનું વાતાવરણ સર્જાયું. પરિણામે ૧૯૩૯માં દ્વિતીય વિશ્વવિગ્રહ ફાટી નીકળ્યો. દ્વિતીય વિશ્વવિગ્રહ દરમિયાન જ મિત્રરાજ્યો દ્વારા યુદ્ધ પછીની વિશ્વ વ્યવસ્થામાં શાંતિ, સલામતી અને સહકાર જળવાય તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા. બીજા વિશ્વયુદ્ધની ભયાનકતા, પારાવાર જાનહાનિ અને સંપત્તિને થયેલા ભયંકર નુકસાનને જોતા હવે ત્રીજું વિશ્વયુદ્ધ ન થાય તે માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા. યુ.એસ.એ. ના પ્રમુખ એફ. ડી. રુઝવેલ્ટે ૬ જાન્યુઆરી,૧૯૪૧ના રોજ તેમની ધારાસભા એટલે કે કૉંગ્રેસ સમક્ષ કરેલા ઉદબોધનમાં ચાર સ્વતંત્રતાઓની ઘોષણા કરી જે આ પ્રમાણે હતી. (૧) વાણી સ્વાતંત્ર્ય (૨) ધાર્મિક સ્વાતંત્ર્ય (૩) ન્યૂનતમ જીવનધોરણની ખાતરી માટે જરૂરિયાતમાંથી મુક્તિ અને (૪) ભયમાંથી મુક્તિ. પ્રમુખ રુઝવેલ્ટે જાહેર કરેલ ચાર સ્વતંત્રતાઓનો આ સિદ્ધાંત સયુંક્ત રાષ્ટ્રોની સ્થાપના માટે પથદર્શક બની રહ્યો.

બીજું વિશ્વયુધ્ધ ચાલું હતું ત્યારે જ ૧૪મી ઓગસ્ટ,૧૯૪૧ના રોજ યુ. એસ. એ.ના પ્રમુખ રૂઝવેલ્ટ અને બ્રિટનના વડાપ્રધાન ચર્ચિલ દ્વારા એક સંયુક્ત જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. બીજા વિશ્વયુદ્ધ પછીના સુંદર ભાવિ વિશ્વના નિર્માણ માટે દરેક રાષ્ટ્રને માર્ગદર્શક બની રહે તેવા રાષ્ટ્રનીતિના સામાન્ય સિદ્ધાંતો તેમાં પ્રતિપાદિત કરવામાં આવ્યા. ઈતિહાસમાં તેને એટલૅંટિક ખતપત્ર **(Atlantic charter)** તરીકે ઓળખવામાં આવે છે. આ ખતપત્ર સયુંક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના માટે પાયાનું પગથિયું બની રહ્યું.

૧લી જાન્યુઆરી,૧૯૪૨ના રોજ વૉશિંગ્ટન ખાતે યુ. એસ. એ., યુ. કે., સોવિયેત રશિયા અને ચીન સહિત ૨૬ મિત્ર રાષ્ટ્રોના પ્રતિનિધિઓની બેઠક મળી. જેમાં એટલૅંટિક ખતપત્રને સમર્થન આપીને તેના પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. મિત્ર રાષ્ટ્રોએ સુસંગઠિત થઈ, પરસ્પર પૂરતો સહકાર આપીને દુશ્મન રાષ્ટ્રોને કોઈ પણ ભોગે મહાત કરવાની ઘોષણા કરી. મિત્ર રાષ્ટ્રોના આ સંગઠનને સયુંક્ત રાષ્ટ્રસંઘ  નામ આપવામાં આવ્યું. ધરી-રાષ્ટ્રો (જાપાન,જર્મની અને ઈટાલી) વિરૂદ્ધ લડનારા મિત્ર રાષ્ટ્રોના સંગઠનનું નામ સયુંક્ત રાષ્ટ્રસંઘ રાખવાનું સૂચન યુ. એસ. એ.ના પ્રમુખ રૂઝવેલ્ટ દ્વારા સૂચવવામાં આવ્યું હતું. જેનો સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો. સયુંક્ત રાષ્ટ્રસંઘની ઘોષણાથી આંતરરાષ્ટ્રીય રાજકારણ અને સંબંધોમાં નવો વળાંક આવ્યો. સયુંક્ત રાષ્ટ્રસંઘમાં જોડાવાથી અત્યાર સુધી અલગતાવાદી નીતિ અખત્યાર કરનાર યુ. એસ. એ.નો આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ખુલ્લેઆમ પ્રવેશ થયો. યુ. એસ. એ. દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનો હલ કરવા તમામ રીતે સાથ-સહકાર આપવાની ખાતરી આપવામાં આવી. સયુંક્ત રાષ્ટ્રોની ઘોષણાથી આધુનિક સયુંક્ત રાષ્ટ્રસંઘનો પાયો નંખાયો.

આ ઉપરાંત તહેરાન સંમેલન(૧૯૪૩), બ્રેટનવૂડઝ સંમેલન(૧૯૪૪), મોસ્કો સંમેલન(૧૯૪૪), ડમ્બાર્ટન ઑક્સ પરિષદ(૧૯૪૪), યાલ્ટા પરિષદ(૧૯૪૫) વગેરે સંમેલનોએ સંયુકત રાષ્ટ્રસંઘની પૂર્વભૂમિકા બાંધવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. ૨૫ એપ્રિલ થી ૨૫ જૂન,૧૯૪૫ દરમ્યાન

સાનફ્રાન્સિસ્કો ખાતે યુ. એસ. એ., બ્રિટન, સોવિયેત સંઘ અને ચીનની આગેવાની હેઠળ ૫૦ મિત્ર રાષ્ટ્રોના પ્રતિનિધિઓની પરિષદ યોજાઈ. પરિષદમાં બે મહિનાની ગહન ચર્ચા વિચારણાને અંતે સંયુક્ત રાષ્ટ્રસંઘના બંધારણને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું. પરિષદમાં ઉપસ્થિત રહેલા રાષ્ટ્રોના પ્રતિનિધિઓએ સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્રનો સર્વાનુમતે સ્વીકાર કરીને તેના પર હસ્તાક્ષર કર્યા. ૨૪મી ઓક્ટોબર,૧૯૪૫ના દિવસે સંયુક્ત રાષ્ટ્રસંઘ **(United Nations Organization)**ની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા અત્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘ **(U.N.)** તરીકે ઓળખાય છે. યુ. એન. ઓ. નો અમલ ૨૪મી ઓક્ટોબરે થયો હોવાથી દર વર્ષે ૨૪મી ઓક્ટોબર યુ. એન. દિવસ તરીકે ઉજવાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘનું મુખ્ય કાર્યાલય ન્યૂયોર્ક (યુ. એસ. એ.) ખાતે આવેલું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની અધિકૃત ભાષા અંગ્રેજી, ફ્રેંચ, રશિયન, સ્પેનિશ, ચીની અને અરબી છે.

## ૧૬.૩ સંયુક્ત રાષ્ટ્રસંઘનું ખતપત્ર, હેતુઓ અને સિદ્ધાંતો

- **સંયુક્ત રાષ્ટ્રસંઘનું ખતપત્રઃ**

સંયુક્ત રાષ્ટ્રસંઘનું ખતપત્ર એ મહત્ત્વનો પવિત્ર દસ્તાવેજ છે. આપણે અગાઉ ઉલ્લેખ કર્યો તેમ સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્ર પર સાનફ્રાન્સિસ્કો સંમેલનના અંતે હાજર રહેલા રાષ્ટ્રોએ સહી કરી અને ૨૪મી ઓક્ટોબર,૧૯૪૫ના રોજ ખતપત્ર અમલમાં આવ્યું. ખતપત્રને ૧૯ પ્રકરણો અને ૧૧૧ અનુચ્છેદોમાં વહેંચવામાં આવ્યું છે. તેમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉદ્દેશો, સિદ્ધાંતો, સંયુક્ત રાષ્ટ્રસંઘનું સ્વરૂપ, સભ્યપદ, સંયુક્ત રાષ્ટ્રસંઘના અંગોની રચના, કાર્યો, સત્તાઓ વગેરે અંગે જોગવાઈઓ કરવામાં આવી છે. ખતપત્રમાં સુધારણાની વ્યવસ્થા પણ કરી હોવાથી આવશ્યકતા પ્રમાણે કેટલાક અનુચ્છેદોમાં સુધારા પણ કરવામાં આવ્યા છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્રના અનુચ્છેદ એકમાં હેતુઓ અને અનુચ્છેદ બેમાં સિદ્ધાંતોનું વર્ણન કરવામાં આવ્યું છે.

- **સંયુક્ત રાષ્ટ્રસંઘના હેતુઓ :**

સંયુક્ત રાષ્ટ્રસંઘના હેતુઓનો ઉલ્લેખ ખતપત્ર અનુસાર આ પ્રમાણે કરી શકાય.

(૧) વિશ્વમાં શાંતિ અને સલામતીની જાળવણી કરવી અને તે હેતુસર કોઈ રાષ્ટ્ર દ્વારા બીજા રાષ્ટ્ર પર થતાં સશસ્ત્ર આક્રમણની સામે સલામતીના અસરકારક સામૂહિક પગલાંઓ લેવાં.

(૨) રાષ્ટ્રો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો વિકસાવવા. સમાન અધિકારો અને લોકોના આત્મનિર્ણયના સિદ્ધાંતનો આદર કરવો.

(૩) આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક કે માનવીય સ્વરૂપની આંતરરાષ્ટ્રીય સમસ્યાઓના ઉકેલ માટે, માનવ અધિકારોના આદરની અભિવૃદ્ધિ અને પ્રોત્સાહન માટે તથા જાતિ, લિંગ, ભાષા કે ધર્મના ભેદભાવ વગર દરેકને મૂળભૂત સ્વાતંત્ર્યો પ્રાપ્ત થાય તે માટે રાષ્ટ્રોનો સહકાર મેળવવો.

(૪) યુ. એન. ના ઉદ્દેશોની પ્રાપ્તિ માટેના રાષ્ટ્રોના કાર્યો વચ્ચે સુસંવાદિતા લાવવા કેન્દ્ર બની રહેવું.

- **સંયુક્ત રાષ્ટ્રસંઘના સિદ્ધાંતો :**

સંયુક્ત રાષ્ટ્રસંઘના હેતુઓ સિદ્ધ કરવા માટે સંઘ અને તેના સભ્યોએ આ પ્રમાણેના સિદ્ધાંતો અનુસાર કાર્યો કરવાના રહેશે.

(૧) સંયુક્ત રાષ્ટ્રસંઘ બધા સભ્યોના સાર્વભૌમ સમાનતાના સિદ્ધાંત પર આધારિત છે.

(૨) બધા સભ્યો ખતપત્ર અનુસાર ગ્રહણ કરેલી જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકતાથી પરિપૂર્ણ કરશે.

(૩) બધા સભ્યોએ શાંતિ, સલામતી અને ન્યાય ભયમાં ન મૂકાય તે રીતે શાંતિમય સાધનો દ્વારા આંતરરાષ્ટ્રીય વિવાદોનો ઉકેલ લાવવાનો રહેશે.

(૪) દરેક સભ્યરાષ્ટ્ર પોતાના આંતરરાષ્ટ્રીય સંબંધોમાં કોઈપણ રાજ્યની પ્રાદેશિક અખંડિતતા કે રાજકીય સ્વતંત્રતા સામે ધમકી કે બળપ્રયોગ કરવાથી દૂર રહેશે.

(૫) દરેક સભ્ય સયુંક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ખતપત્રને અનુરૂપ હાથ ધરવામાં આવતાં કોઈપણ કાર્યમાં દરેક પ્રકારની સહાય કરશે. તેમજ સયુંક્ત રાષ્ટ્રસંઘ દ્વારા જે રાજ્ય વિરુદ્ધ નિવારાત્મક કે અમલીકરણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હોય તેવા રાજ્યને સહાય કરવાથી દૂર રહેશે.

(૬) સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતરી આપશે કે જે રાજ્યો સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્યો નથી તેવા રાજ્યો પણ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવા માટે સંઘના સિદ્ધાંતો અનુસાર વર્તે.

(૭) સંયુક્ત રાષ્ટ્રસંઘ કોઈ રાજ્યના આંતરિક કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ કરશે નહિ.

## ૧૬.૪ સંયુક્ત રાષ્ટ્રસંઘનું સભ્યપદ

સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્યપદ અંગે ખતપત્રના પ્રકરણ-૧માં જોગવાઈ કરવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના સમયે ૫૧ મૂળ સભ્યરાજ્યો હતા. સાનફ્રાંન્સિસ્કો સંમેલનમાં ભાગ લઈને ખતપત્ર ઉપર સહી કરનાર ૫૦ રાષ્ટ્રો હતાં. આથી તે પ્રારંભિક સભ્યો **(Original members)** બન્યા. પોલેન્ડ સાન્ફ્રાન્સિસ્કો સંમેલનમાં હાજર ન હતું પરંતુ પાછળથી તેણે ખતપત્રને સ્વીકારતા તેનો પ્રારંભિક સભ્યોમાં સમાવેશ થયો. સમય જતાં આંતરરાષ્ટ્રીય સંગઠન તરીકે સંયુક્ત રાષ્ટ્રસંઘની પ્રતિષ્ઠા અને વ્યાપ વધતો ગયો અને ઘણાં રાષ્ટ્રો ઉત્તરોતર તેમાં સામેલ થયા. ઈ.સ.૨૦૧૧માં દક્ષિણ સુદાન સંયુક્ત રાષ્ટ્રસંઘનું સભ્ય બનતાં હાલમાં તેની કુલ સભ્યસંખ્યા ૧૯૩ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘનું સભ્યપદ વિશ્વના બધા રાજ્યો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘનું સભ્ય બનવા માંગતું કોઈ પણ શાંતિ ચાહક રાજ્ય, સંઘના ખતપત્રમાં સમાવિષ્ટ જવાબદારીઓ સ્વીકારે, જવાબદારીઓ વહન કરવાની તેની ઈચ્છા અને ક્ષમતા હોય, ત્યારે સલામતી સમિતિની ભલામણથી સામાન્ય સભામાં સભ્યપદ અંગે નિર્ણય લેવામાં આવે છે. દરેક રાજ્ય સાર્વભૌમ હોવાથી કોઈપણ સભ્ય રાજ્ય ઈચ્છે ત્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્યપદનો ત્યાગ પણ કરી શકે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ રાષ્ટ્રનું સભ્યપદ વિલંબિત, સમાપ્ત કે પુનઃસમાવેશ કરવાની જોગવાઈ પણ ખતપત્રમાં કરવામાં આવી છે.

## ૧૬.૫ સંયુક્ત રાષ્ટ્રસંઘના મુખ્ય અંગો :

સંયુક્ત રાષ્ટ્રસંઘ વિશે વિસ્તારપૂર્વક સમજવા માટે તેના મુખ્ય અંગોની વિસ્તૃત જાણકારી મેળવવી આવશ્યક છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના છ મુખ્ય અંગો છે. જેમાં સામાન્ય સભા, સલામતી સમિતિ, આર્થિક અને સામાજિક સમિતિ, વાલીપણા સમિતિ, આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલત અને સચિવાલયનો સમાવેશ થાય છે. યુ.એન.ના ખતપત્રમાં કરેલી જોગવાઈઓ પ્રમાણે દરેક અંગની રચના કરવામાં આવે છે. તેમજ દરેક અંગને ચોક્કસ જવાબદારી સોંપેલી છે. તેનું દરેક અંગ પોતાના ક્ષેત્રમાં પ્રશંસનીય કામગીરી કરી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના છ મુખ્ય અંગોની રચના અને કાર્યોની અત્રે ચર્ચા કરવામાં આવી છે.

### ૧૬.૫.૧ સામાન્ય સભા( General Assembly)

#### સામાન્ય સભાની રચના :

સામાન્ય સભા એ સંયુક્ત રાષ્ટ્રસંઘનું મહત્ત્વનું અંગ છે. યુ.એન.ના ખતપત્રના પ્રકરણ ચારમાં અનુચ્છેદ ૯ થી ૨૨ હેઠળ સામાન્ય સભાની રચના,

કાર્યો અને સત્તાઓ વિશે જોગવાઈ કરવામાં આવી છે. તે દરેક સભ્યરાષ્ટ્રોનું પ્રતિનિધિત્વ કરનારી સંસ્થા છે. સામાન્ય સભામાં દરેક સભ્ય રાજ્ય વધુમાં વધુ પાંચ પ્રતિનિધિઓ મોકલી શકે છે. તેમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના બધા સભ્યોનો સમાવેશ થાય છે. તેમાં કોઈ પણ નિર્ણય 'એક સભ્ય-એક મત' સિદ્ધાંતના આધારે લેવાય છે અને દરેક સભ્યના મતનું મૂલ્ય સરખું હોય છે. નીતિ ઘડતર અને વિચારવિમર્શની બાબતમાં સામાન્ય સભા મધ્યવર્તી સ્થાન ધરાવે છે. સામાન્ય સભાની બેઠક સામાન્ય રીતે વર્ષમાં એક વખત સપ્ટેમ્બરથી ડિસેમ્બર મહિનામાં નિયમિતપણે મળે છે. આમ છતાં જરૂર પડે તો સામાન્ય સભાનું ખાસ સત્ર કે ખાસ કટોકટી સત્ર પણ બોલાવવામાં આવે છે. સામાન્ય સભા પોતાના એક પ્રમુખ અને ૨૧ ઉપપ્રમુખને એક વર્ષની મુદત માટે ચૂંટે છે. પ્રમુખ સામાન્ય સભાની કાર્યવાહીનું નિયમન કરે છે. વર્ષ ૧૯૫૩માં સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાના પ્રથમ મહિલા અધ્યક્ષ બનવાનું માન ભારતના શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતને ફાળે જાય છે. તે જ રીતે વર્ષ ૧૯૭૭માં સામાન્ય સભાને હિંદી ભાષામાં સંબોધન કરનાર પ્રથમ ભારતીય શ્રી અટલ બિહારી વાજપેયી (તત્કાલીન વિદેશમંત્રી) હતા.

**સામાન્ય સભાના કાર્યો :**

સામાન્ય સભાના કાર્યો આ પ્રમાણે છે :

- સામાન્ય સભા સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્રના વ્યાપમાં આવતા તમામ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરીને તેના યોગ્ય અમલ માટે ભલામણો કરે છે.
- આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની જાળવણી માટે સહકારના સામાન્ય સિદ્ધાંતો પર વિચારવિમર્શ કરીને યોગ્ય ભલામણો સૂચવે છે. વિશ્વશાંતિ અને સલામતી માટે નિઃશસ્ત્રીકરણ મહત્વની બાબત હોવાથી તેના પર પણ ખાસ ધ્યાન દોરવામાં આવે છે.
- સામાન્ય સભા ચૂંટણી વિષયક કાર્યો પણ કરે છે. જેમ કે, સલામતી સમિતિના બિન કાયમી સભ્યોની ચૂંટણી, આર્થિક અને સામાજિક સમિતિના સભ્યોની ચૂંટણી, વાલીપણા સમિતિના સભ્યોની ચૂંટણી, આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશોની ચૂંટણી તેમજ સલામતી સમિતિની ભલામણના આધારે સંયુક્ત રાષ્ટ્રોના સામાન્ય મંત્રી **(Secretary-General)** ની નિમણૂંક કરે છે.
- તે નવા સભ્યોના પ્રવેશ અંગે, ચાલુ સભ્યોના સભ્યપદને સ્થગિત કરવા કે સભ્યોને પુનઃપ્રવેશ આપવા બાબતે ચર્ચા વિચારણા ના અંતે નિર્ણયો લે છે.
- તે સંયુક્ત રાષ્ટ્રસંઘની આવક અને ખર્ચ અંગે વિચારણા કરીને અંદાજપત્રને મંજૂર કરે છે. સત્રમાં સભ્યરાષ્ટ્રોના નાણાંકીય ફાળાની સમીક્ષા પણ કરવામાં છે. કોઈ સભ્યની બાકી રહેલી ફાળાની રકમ જલદી જમા કરાવવા ટકોર પણ કરવામાં આવતી હોય છે. કોઈ ખાસ કાર્ય માટે વધુ નાણાંની જરૂરિયાત ઊભી થાય તો તે અંગે સભ્યરાષ્ટ્રોને અપીલ પણ કરવામાં આવે છે.
- સલામતી સમિતિ અને સંયુક્ત રાષ્ટ્રસંઘના અન્ય અંગો દ્વારા સામાન્ય સભામાં કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવે છે. સામાન્ય સભામાં તેના પર ચર્ચા કરવામાં આવે છે તેમજ તેને બહાલી આપે છે.
- સામાન્ય સભા જ્યારે રાષ્ટ્રો વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધોને હાનિ પહોંચાડે તેવી કોઈ પરિસ્થિતિનું નિર્માણ થાય ત્યારે એ બાબત ઉપર શાંતિપૂર્ણ સમાધાનનો રાહ અપનાવવા રાષ્ટ્રોને ભલામણ કરે છે. રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થપાય અને સંબંધો વધુ ગાઢ બનીને વિકસે તે માટે પ્રયત્ન કરે છે અને કોઈ મુદ્દાને લઈને કડવાશ ઉત્પન્ન થાય તો તેને દૂર કરે છે.

- આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકીય સહકારને ઉત્તેજન મળે તે માટે પ્રયાસ કરે છે. આંતરરાષ્ટ્રીય કાયદાને રાજકીય દંડશક્તિનું પીઠબળ ન હોવા છતાં તેનું યોગ્ય પાલન થાય તે વિશ્વના હિતમાં છે. આથી સામાન્ય સભા આંતરરાષ્ટ્રીય કાયદાનું સંહિતાકરણ, વિકાસ અને પાલન માટે સૂચન કરે છે. આંતરરાષ્ટ્રીય કાયદાના શિક્ષણ, સંશોધન, પ્રસાર અને રાષ્ટ્રો દ્વારા તેની વ્યાપક કદર થાય તે માટે વિવિધ પ્રકારના કાર્યક્રમો પણ નિર્ધારિત કરે છે. કાયદાના શાસનને ઉત્તેજન આપવા તે પ્રયત્નશીલ છે.
- વિશ્વમાં માનવ અધિકારો અને મૂળભૂત વ્યક્તિ સ્વાતંત્ર્યોનું સંરક્ષણ અને સંવર્ધન થાય, લોકોને સાચા અર્થમાં માનવ અધિકારો અને ન્યાયનો સાક્ષાત્કાર થાય તે માટે સામાન્ય સભા ચિંતિત છે અને તે માટે સંબંધિત રાષ્ટ્રોને સૂચનો કરે છે.
- આર્થિક, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, માનવતાવાદી તથા આરોગ્ય જેવા ક્ષેત્રોમાં રાષ્ટ્રોનો સહયોગ પ્રાપ્ત કરવા તે અનુરોધ કરે છે અને પ્રસ્તુત ક્ષેત્રોમાં સંશોધન હાથ ધરે છે.
- ૩જી નવેમ્બર,૧૯૫૦ના રોજ સામાન્ય સભામાં શાંતિ માટે એકતા **(Uniting for peace)** ઠરાવ પસાર કરવામાં આવ્યો. આ ઠરાવથી સામાન્ય સભાનું મહત્ત્વ અને પ્રભાવ વધ્યો. પ્રસ્તુત ઠરાવ અનુસાર જો સલામતી સમિતિ, કાયમી સભ્યોના વિશેષાધિકારના કારણે એકમત ન થઈ શકે તથા શાંતિ અને સલામતી જાળવવાની પોતાની પ્રાથમિક જવાબદારી નિભાવવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં સામાન્ય સભા તરત જ આવી બાબત પર વિચારણા કરશે. તેમજ શાંતિની જાળવણી કે પુનઃસ્થાપના માટે જરૂરી સામૂહિક પગલાં લેવા રાષ્ટ્રોને સૂચન કરશે.

ઉપરોક્ત ચર્ચા પરથી કહી શકાય કે, વિશ્વમાં શાંતિ, સલામતી, મૈત્રીપૂર્ણ સંબંધો અને સહકાર જેવી બાબતોને લઈને સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા સામાન્ય સભામાં મહત્ત્વપૂર્ણ ચર્ચાઓ હાથ ધરવામાં આવી છે. તેમજ તે અંતર્ગત ભલામણો પણ કરવામાં આવી છે. આ ઉપરાંત છેલ્લા કેટલાક દાયકાથી વિશ્વના લોકોની સુખાકારીમાં અભિવૃદ્ધિ, માનવ વિકાસ, લૈંગિક સમાનતા અને ન્યાય, દારુણ ગરીબી અને ભૂખમરાની નાબૂદી, રોગોની નાબૂદી અને તંદુરસ્તીની જાળવણી, ટકાઉ**(Sustainable)** વિકાસ અને પર્યાવરણની જાળવણી જેવા મુદ્દાઓ સામાન્ય સભાની ચર્ચાના કેન્દ્રસ્થાને રહ્યાં છે. તેમજ આ અંગે જરૂરી ઠરાવો પસાર કરીને તેને ચરિતાર્થ કરવા તે પ્રતિબદ્ધ છે.

સામાન્ય સભામાં લેવાતા નિર્ણયો બાબતે કહી શકાય કે, મહત્ત્વની બાબતો પર સામાન્ય સભા હાજર અને મત આપનારા ૨/૩ સભ્યોની બહુમતીથી નિર્ણયો લે છે. જ્યારે સામાન્ય બાબતો ઉપર હાજર અને મત આપનારા સભ્યોની બહુમતીથી નિર્ણયો લેવામાં આવે છે. છેલ્લા કેટલાંક સમયથી આંતરરાષ્ટ્રીય મહત્ત્વના મુદ્દાઓ પર નિર્ણયો લેવા માટે સભ્યોની સર્વસંમતિ સાધવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

## ૧૬.૫.૨ સલામતી સમિતિ (Security Council)

સલામતી સમિતિ એ સત્તા, કાર્યવાહી અને મોભાની દૃષ્ટિએ સંયુક્ત રાષ્ટ્રસંઘના મુખ્ય અંગો પૈકીનું મહત્ત્વનું અંગ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના ધ્યેયોને હાંસલ કરવા અને ખાસ કરીને શાંતિ અને સલામતીની જાળવણી માટેની જવાબદારી અદા કરવા ખતપત્ર દ્વારા તેને વિશેષ સ્થાન અને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે. સલામતી સમિતિના નિર્ણયો બધા જ સભ્યો માટે બંધનકર્તા છે. સલામતી સમિતિના નિર્ણયોનો બધા સભ્ય રાષ્ટ્રોએ સ્વીકાર અને અમલ કરવો પડે છે. આથી બીજા અંગોની સરખામણીએ સલામતી સમિતિએ મહત્ત્વનું સ્થાન અને પ્રતિષ્ઠા મેળવી છે.

**સલામતી સમિતિની રચના :**

સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્રના અનુચ્છેદ ૨૩ અનુસાર સલામતી સમિતિ ૧૫ સભ્યોની બનેલી છે. આ સમિતિમાં ૫ કાયમી સભ્યો અને ૧૦ બિન કાયમી સભ્યોનો સમાવેશ થાય છે. સલામતી સમિતિમાં યુ.એસ.એ., બ્રિટન, ફ્રાંસ, રશિયા અને ચીન કાયમી સભ્યપદ ધરાવે છે. બાકીના ૧૦ બિન કાયમી સભ્યોની ચૂંટણી સલામતી સમિતિની ભલામણના આધારે સામાન્ય સભા બે વર્ષની મુદત માટે કરે છે. જે બિન કાયમી સભ્યની બે વર્ષની મુદત પૂર્ણ થતી હોય તેમને તરત જ બીજી વખત ચૂંટી શકાતા નથી. અત્યારે સલામતી સમિતિનું વિસ્તૃતીકરણ કરવાની માંગ થઈ રહી છે. સલામતી સમિતિના કાયમી સભ્યોની સંખ્યા વધારીને તેમાં સ્થાન મેળવવા ભારત, બ્રાઝિલ, જાપાન અને જર્મની જેવા દેશો પ્રબળ દાવેદારી અને પ્રયત્નો કરી રહ્યા છે.

સલામતી સમિતિનો પ્રત્યેક સભ્ય એક મત ધરાવે છે. કાર્યસંબંધી **(Procedural)** બાબતો પર નિર્ણય કોઈ પણ નવ સભ્યોના હકારાત્મક મતથી લેવામાં આવે છે. બીજી તમામ બાબતો અંગેનો નિર્ણય પણ નવ સભ્યોના હકારાત્મક મતથી લેવામાં આવે છે પરંતુ નવ સભ્યોમાં પાંચ કાયમી સભ્યોના મત સામેલ થવા જોઈએ. કાર્યવિધિ સિવાયની બીજી બાબતો પર નિર્ણય લેવા માટે પાંચ કાયમી સભ્યોની એકમતી સધાય તે અનિવાર્ય છે. કોઈ મહત્ત્વના પ્રશ્ને પાંચ કાયમી સભ્યોમાંથી કોઈ એક કે વધુ સભ્યો સહમત ન થાય તો ઠરાવ સ્વીકૃત થતો નથી. તેનું કારણ એ છે કે સલામતી સમિતિમાં બિન કાયમી સભ્યોની તુલનામાં કાયમી સભ્યોને મતદાન અને નિર્ણય પ્રક્રિયામાં વિશેષ દરજ્જો આપવામાં આવ્યો છે. સલામતી સમિતિના કાયમી પાંચ સભ્યોને નિષેધાધિકાર**(Right to Veto)** આપવામાં આવેલ છે. વીટો**(Veto)** એટલે સલામતી સમિતિના કાયમી સભ્ય રાજ્યને મહત્ત્વની **(Substantive)** બાબતોમાં નકારાત્મક મત આપવાની વિશેષ મતદાનીય સત્તા. જો કોઈ કાયમી સભ્ય સલામતી સમિતિની બેઠકમાં ગેરહાજર રહે અને મતદાન ન કરે તો તેને વીટો ગણવામાં આવતો નથી અને ઠરાવ પસાર થઈ શકે છે. દા.ત. ઈ.સ.૧૯૫૦માં ઉત્તર કોરિયા સામે લશ્કરી પગલાં લેવાના પ્રશ્ને સોવિયેત રશિયા સલામતી સમિતિની બેઠકમાં ગેરહાજર રહ્યું હતું.

અત્રે ઉલ્લેખ કરવો ઘટે કે બીજા વિશ્વયુદ્ધ પછી બે મહાસત્તાઓ અમેરિકા અને સોવિયેત રશિયા વચ્ચે શરૂ થયેલા ઠંડાયુદ્ધના કારણે સંયુક્ત રાષ્ટ્રસંઘ વીટોના દુરુપયોગનું રંગમંચ બની ગયું હતું. વીટોનો સૌથી વધુ ઉપયોગ કે દુરુપયોગ યુ.એસ.એસ.આર દ્વારા કરવામાં આવ્યો છે. મહાસત્તાઓ કોઈ બાબત પોતાને ગેરલાભ કરતી હોય તો વીટોના પ્રયોગ દ્વારા તે અંગે સલામતી સમિતિને નિર્ણય લેતાં અટકાવવા પ્રયત્ન કરતી હોય છે. ઠંડા યુદ્ધ દરમિયાન ખાસ કરીને કોઈ પગલાંના અમલીકરણ બાબતે બંને મહાસત્તાઓ દ્વારા સલામતી સમિતિને લકવાગ્રસ્ત બનાવવાના પ્રયાસો થયા હતા.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના સમયથી જ સલામતી સમિતિમાં મહાસત્તાઓને અપાયેલ કાયમી સભ્યપદ અને વીટો પાવર બિનલોકશાહી હોવાથી ટીકાપાત્ર બનેલ છે. તે બાબત સંયુક્ત રાષ્ટ્રસંઘના સમાનતાના સિદ્ધાંતની વિરુદ્ધ છે. આમ છતાં તત્કાલીન રાજકીય વાસ્તવિકતાઓનો પણ સ્વીકાર કરવો રહ્યો. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં મહાસત્તાઓની સામેલગીરી વિશ્વ શાંતિ અને સામૂહિક સલામતી જાળવવા અનિવાર્ય છે તે સમયે તેમ માનવામાં આવ્યું. વીટો પાવર ન આપવામાં આવ્યો હોત તો યુ.એસ.એ. અને યુ.એસ.એસ.આર. જેવી મહાસત્તાઓ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં જોડાઈ હોત કે કેમ તે પ્રશ્ન છે. તેની સ્થાપનામાં મહાસત્તાઓએ વિશેષ રસ દાખવીને આગેવાની લીધી હતી. તેમજ ભવિષ્યમાં પણ તેના ધ્યેયો પ્રાપ્ત કરવા મહાસત્તાઓનો સાથ-સહકાર જરૂરી હતો. આથી સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્રના ઘડવૈયાઓએ વીટોની જોગવાઈ દ્વારા આંતરરાષ્ટ્રીય રાજકીય વાસ્તવિકતાઓનો સ્વીકાર કર્યો હશે તેમ કહી શકાય.

સલામતી સમિતિનું પ્રમુખપદ એક મહિના માટે સભ્યરાજ્યોના નામના

અંગ્રેજી વર્ણાનુક્રમ અનુસાર દરેક સભ્યને સોંપવામાં આવે છે. કાર્યવિધિના કામચલાઉ નિયમો પ્રમાણે સલામતી સમિતિની બેઠક પ્રમુખ જરૂર જણાય ત્યારે ગમે તે સમયે બોલાવી શકે છે. સમિતિની બેઠકો વચ્ચે ૧૪ દિવસથી વધારે સમયનો અંતરાલ ન હોવો જોઈએ.સમિતિના કોઈ સભ્ય દ્વારા બેઠક બોલાવવાની વિનંતી કરવામાં આવે, જ્યારે કોઈ વિવાદ કે પરિસ્થિતિ સલામતી સમિતિના ધ્યાને લાવવામાં આવે, સામાન્ય સભા દ્વારા સૂચન કરવામાં આવે કે કોઈ બાબત સોંપવામાં આવે અથવા તો સામાન્ય મંત્રી દ્વારા કોઈ મુદ્દે સલામતી સમિતિનું ધ્યાન દોરવામાં આવે ત્યારે પ્રમુખ બેઠક બોલવે છે. તેના સભ્યો સમિતિની દરેક બેઠકમાં પ્રતિનિધિત્વ કરતા હોય છે. સલામતી સમિતિ પોતાની જવાબદારીઓને પહોંચી વળવા માટે સતત કાર્યશીલ રહે છે. વર્ષ ૨૦૧૭માં સમિતિની ૨૯૬ બેઠકો મળી હતી અને ૬૧ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. આ આંકડાઓ પરથી સલામતી સમિતિની કામગીરી અને વ્યસ્તતાનો ખ્યાલ આવી શકે છે.

**સલામતી સમિતિના કાર્યો અને સત્તાઓ**

વિશ્વમાં શાંતિ અને સલામતીની જાળવણી કરવાની પ્રાથમિક જવાબદારી સલામતી સમિતિની છે. વિશ્વશાંતિ સામે ખતરો પેદા થાય, શાંતિનો ભંગ થાય અથવા તો કોઈ રાજ્ય બીજા રાજ્ય પર આક્રમણ કરે તો તેને અટકાવવાનું કે દૂર કરવાનું કામ સલામતી સમિતિનું છે. શાંતિ અને સલામતી જાળવવા સંયુક્ત રાષ્ટ્રસંઘ વતી તાત્કાલિક અને અસરકારક પગલાં લેવાનું કાર્ય અને જવાબદારી સલામતી સમિતિને સોંપવામાં આવી છે.

શાંતિ સામે ભય કે આક્રમણ કર્યાની ફરિયાદ સમિતિ સમક્ષ કરવામાં આવે છે ત્યારે સૌ પ્રથમ સલામતી સમિતિ આવા પ્રશ્નનો શાંતિમય સાધનો દ્વારા ઉકેલ લાવવા પ્રયાસ કરે છે. જવાબદાર પક્ષોને શાંતિનો માર્ગ અપનાવવાની ભલામણ કરે છે. તે લોકશાહી ઢબે શાંતિમય સાધનો વડે સમસ્યાનું સમાધાન કરાવવા માર્ગદર્શક સિદ્ધાંતો કે સમાધાનની ચોક્કસ શરતો અનુસરવા ભલામણ કરવાનો અધિકાર ધરાવે છે.

તે આંતરરાષ્ટ્રીય ઘર્ષણો તરફ દોરી જતાં વિવાદ કે પરિસ્થિતિઓની તપાસ કરે છે. સમિતિ ક્યારેક સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રીને વિવાદનું શાંતિના માર્ગે સમાધાન કરાવવા વિનંતિ કરે છે.

શાંતિમય સાધનો દ્વારા જો વિવાદ કે પરિસ્થિતિ ન ઉકેલાય તો અન્ય વૈકલ્પિક જરૂરી પગલાં લેવાની પણ તે સત્તા ધરાવે છે. જેમ કે, જવાબદાર રાષ્ટ્ર પર આર્થિક પ્રતિબંધો લાદવા, નાણાંકીય દંડ અને નિયંત્રણો મૂકવા, હથિયારો પર પ્રતિબંધ મૂકવો, સંદેશા વ્યવહાર બંધ કરી દેવા, રાજદ્વારી સંબંધો તોડી નાખવા વગેરે પગલાં લઈ શકે છે. આ ઉપરાંત જળ, સ્થળ અને વાયુ માર્ગો દ્વારા કાર્યવાહી કરવાની તેને સત્તા છે.

સલામતી સમિતિ રાષ્ટ્રો વચ્ચેના વિવાદોના સુખદ સમાધાન માટે મધ્યસ્થીની ભૂમિકા ભજવે છે. શાંતિમય સમાધાન માટે કોઈ ખાસ રાજદૂત પણ નીમે છે. કોઈ રાષ્ટ્ર જ્યારે અન્ય રાષ્ટ્ર વિરુદ્ધ કોઈ વિવાદના સંદર્ભમાં ફરિયાદ કરે છે ત્યારે વિવાદ શું છે તે જાણી તેનો ઉકેલ સૂચવવા તટસ્થ દેશોના સભ્યોનું બનેલું પંચ પણ મોકલે છે. દા.ત. ઈ.સ.૧૯૪૮માં ભારતે સલામતી સમિતિ સમક્ષ કાશ્મીરનો પ્રશ્ન રજૂ કર્યો ત્યારે ભારત-પાકિસ્તાનના કાશ્મીર વિવાદ અંગે પાંચ સભ્યોનું બનેલું પંચ નીમવામાં આવ્યું હતું અને પંચે સમાધાનની યોજના રજૂ કરી હતી.

સલામતી સમિતિ દ્વારા શાંતિ નિરીક્ષણ મિશન**(Peace Observation Mission)** પણ મોકલવામાં આવતા હોય છે. તેમાં સૈન્યની જરૂર રહેતી નથી કે શસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવતો નથી. તે માત્ર યુદ્ધવિરામની સ્થિતિનું નિરીક્ષણ અને અહેવાલ રજૂ કરે છે. પંચમાં સૈન્ય કે વહીવટી અધિકારીઓને સામેલ કરવામાં આવે છે. દા.ત. સલામતી સમિતિ દ્વારા વર્ષ ૧૯૯૧માં અંગોલાની ગૃહ યુદ્ધની સ્થિતિ થાળે પાડવા મિશન મોકલવામાં આવ્યું હતું.

કેટલાક કિસ્સાઓમાં હલકા પ્રકારના શસ્ત્રો ધરાવતું નાનું સૈન્ય જૂથ બે રાષ્ટ્રો વચ્ચેનું યુદ્ધ પૂરું થયા બાદ સ્થપાયેલી શાંતિને જાળવી રાખવા મોકલવામાં આવે છે. તે બંન્ને ઝઘડતા પક્ષકારો દ્વારા યુદ્ધવિરામની શરતોનું પાલન થાય તેમજ ફરીથી યુદ્ધ ફાટી ન નીકળે તેનું ધ્યાન રાખે છે. સંઘર્ષ બાદની પરિસ્થિતિનું નિયમન કરવા તે બફર તરીકેની ભૂમિકા પણ ભજવે છે.

સલામતી સમિતિને બળ પ્રયોગ સિવાયના અન્ય સાધનો દ્વારા અપેક્ષિત સફળતા ન મળે તો અંતિમ રસ્તા તરીકે લશ્કરી પગલાં લેવાની પણ સત્તા છે. ખતપત્રના અનુચ્છેદ ૪૩ મુજબ તેને પોતાની કામગીરી માટે આંતરરાષ્ટ્રીય સશસ્ત્ર દળો, સહાયતા અને સવલતો મેળવવાનો અધિકાર છે. તેના દ્વારા શાંતિ જાળવવાના પગલાં લેવા આંતરરાષ્ટ્રીય સૈન્ય તૈયાર કરવાનો પ્રયોગ ઘણી વખત કરવામાં આવ્યો છે. સલામતી સમિતિને ક્યારેક સૈન્ય કાર્યવાહી કરવાની ફરજ પણ પડતી હોય છે. દા.ત. ઈ.સ.૧૯૫૦માં ઉત્તર કોરિયાએ દક્ષિણ કોરિયા પર આક્રમણ કર્યું ત્યારે સંયુક્ત રાષ્ટ્રે ઉત્તર કોરિયા વિરુદ્ધ લશ્કરી કાર્યવાહી કરવી પડી. તે જ રીતે ઈ.સ.૧૯૯૧માં ઈરાકે કુવૈત પર આક્રમણ કર્યું ત્યારે સલામતી સમિતિએ ન છૂટકે ઈરાક વિરુદ્ધ લશ્કરી પગલું ભરવું પડ્યું હતું.

ઠંડા યુદ્ધ બાદ સલામતી સમિતિ દ્વારા મોટા પાયે શાંતિ જાળવવાના પગલાં હાથ ધરવામાં આવ્યા છે. કેટલાક દેશોમાં પ્રવર્તતી આંતરવિગ્રહની પરિસ્થિતિમાં શાંતિ સ્થાપવામાં સલામતી સમિતિએ પ્રશંસનીય કામગીરી કરી છે.

### ૧૬.૫.૩ આર્થિક અને સામાજિક પરિષદ (Economic and Social Council)

આર્થિક અને સામાજિક સમિતિ અંગે ખતપત્રના પ્રકરણ - ૧૦માં અનુચ્છેદ ૬૧થી ૭૨ હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. આ પરિષદ આર્થિક અને સામાજિક ક્ષેત્રે સરાહનીય કામગીરી બજાવી રહી છે. પરિષદમાં હાલ કુલ ૫૪ સભ્યો છે. આર્થિક અને સામાજિક પરિષદના સભ્યોની ચૂંટણી ત્રણ વર્ષની મુદત માટે સામાન્યસભા કરે છે. પરિષદના ૧/૩ એટલે કે ૧૮ સભ્યો દર વર્ષે નિવૃત્ત થાય છે અને તેટલા નવા ચૂંટાઈને ઉમેરાય છે. નિવૃત્ત થતા સભ્યને તરત જ બીજી મુદત માટે ચૂંટી શકાય છે. દરેક સભ્ય એક મત ધરાવે છે. પરિષદની બેઠકમાં નિર્ણય હાજર અને મત આપનાર સભ્યોની બહુમતીથી લેવાય છે.

તેની બેઠક વર્ષમાં બે વાર મળતી હોય છે. પરિષદના અધ્યક્ષનો કાર્યકાળ એક વર્ષનો હોય છે. અધ્યક્ષ તરીકેના ઉમેદવાર સામાન્ય રીતે નાના દેશોમાંથી પસંદ કરવામાં આવે છે. કોઈ ખાસ રાજ્યના કોઈ પ્રશ્ન પર વિચારણા હાથ ધરવામાં આવે છે ત્યારે પરિષદની બેઠકમાં સંબંધિત રાજ્યને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવે છે. સંબંધિત રાજ્ય ચર્ચામાં હાજર રહી શકે પરંતુ મત આપી શકતા નથી.

આર્થિક અને સામાજિક પરિષદ ટકાઉ વિકાસની ચર્ચા અને નૂતન વિચાર માટે આંતરરાષ્ટ્રીય મંચ પૂરું પાડે છે. તે માને છે કે વિશ્વના લોકોનો આર્થિક અને સામાજિક વિકાસ થાય તો જ કાયમી વિશ્વશાંતિ સ્થાપી શકાય. આંતરરાષ્ટ્રીય સમાજની આર્થિક અને સામાજિક પ્રગતિ તથા વિકાસ થવો અનિવાર્ય છે. તે સામાજિક સમસ્યાઓના ક્ષેત્રે સંશોધન હાથ ધરી તેના કાયમી ઉકેલની દિશામાં પ્રયત્ન કરે છે. તે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સ્વાસ્થ્ય, પર્યાવરણ જેવા વિવિધ ક્ષેત્રોમાં વિશ્વના રાષ્ટ્રોનો સહકાર સાધી વિકાસની દિશામાં આગળ વધવાની નેમ ધરાવે છે.

તે સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવીય બાબતોને લગતા અને વિકાસને લગતા વિભાગોનું સંકલન કરીને તેના વિવિધ કાર્યક્રમોને માર્ગદર્શન પૂરું પાડે છે. તેમજ વિકાસલક્ષી કાર્યક્રમોનો યોગ્ય અમલ થાય તે માટે પ્રયત્ન કરે છે. તે યુવા અને મહિલાઓના કલ્યાણ, સશક્તિકરણ અને વિકાસ માટે પ્રતિબદ્ધ છે. વિકાસ સામેના પડકારોનો સામનો કરવા વૈશ્વિક ખાનગી ક્ષેત્રો અને સંસ્થાનોની ભાગીદારીને પ્રોત્સાહન આપે છે.

### ૧૬.૫.૪ વાલીપણા સમિતિ (Trusteeship Council )

પ્રથમ વિશ્વ યુદ્ધ પછી જર્મની અને તુર્કીના સંસ્થાનો પર દેખરેખ, નિયંત્રણ અને વહીવટ કરવાનો અધિકાર રાષ્ટ્રસંઘના સભ્યરાજ્યોને સોંપવામાં આવ્યો. આ સંસ્થાનોને ત્રણ ભાગમાં વર્ગીકૃત કરવામાં આવ્યા. તેમનો ઉત્કર્ષ થાય તથા તેઓ સ્વશાસન પ્રાપ્ત કરે તે માટે તેમને મદદ કરવાની જવાબદારી અલગ અલગ સભ્યરાજ્યોને સોંપવામાં આવી. આ પ્રથા મેન્ડેટ પ્રથા તરીકે પણ ઓળખાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા અપનાવવામાં આવેલી વાલીપણા પ્રથા **(Trusteeship system)** એ મેન્ડેટ પ્રથાનું સુધારેલું સ્વરૂપ છે.

સમાનતા અને આત્મનિર્ણયનો અધિકાર એ સંયુક્ત રાષ્ટ્રસંઘનો મહત્ત્વનો સિદ્ધાંત છે. આથી વિશ્વના બધા જ દેશોની પ્રગતિ થાય, પરાધીન દેશોને રાજકીય સ્વતંત્રતા અને સ્વશાસન મળે, ગુલામીનો શિકાર બનેલા પ્રદેશોના લોકો સાથે માનવીય વ્યવહાર કરવામાં આવે તે માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ કટિબદ્ધ છે. આ હેતુને સિદ્ધ કરવા માટે ઈ.સ.૧૯૪૫માં વાલીપણા સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિમાં ખતપત્ર પ્રમાણે વાલીપણા તંત્ર હેઠળ આવતા પ્રદેશોનો વહીવટ કરતા સભ્યો, સલામતી સમિતિના કાયમી સભ્યો અને સામાન્ય સભા દ્વારા ત્રણ વર્ષ માટે ચૂંટવામાં આવતા સભ્યોનો સમાવેશ થાય છે.

સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદનો ભોગ બનેલા જે દેશો અત્યાર સુધી પૂર્ણ સ્વરાજ પ્રાપ્ત નથી કરી શક્યા તેવા દેશોને આંતરરાષ્ટ્રીય વાલીપણા વ્યવસ્થા હેઠળ આવરી લેવામાં આવ્યા. તેમજ એવું સ્વીકારવામાં આવ્યું કે પરતંત્ર અને અલ્પવિકસિત દેશોના કલ્યાણ અને વિકાસ માટે વિકસિત અને પ્રગતિશીલ રાજ્યોએ વાલી તરીકેની ભૂમિકા ભજવવી જોઈએ. પછાત અને અલ્પવિકસિત દેશોના આર્થિક, સામાજિક અને રાજકીય હિતોની દેખભાળ રાખવી જોઈએ તેમજ તેમને વિકાસમાં સહયોગ કરવો જોઈએ.

વાલીપણા સમિતિ સામાન્ય સભા અને સલામતી સમિતિને વાલીપણા તંત્રના સંદર્ભમાં સહાય કરે છે. તે વહીવટી સત્તાધિકારી દ્વારા રજૂ કરેલા અહેવાલ પર વિચારણા કરે છે. અરજીઓ સ્વીકારીને તેના પર તપાસ કરે છે. વાલીપણા હેઠળના પ્રદેશોની મુલાકાત લે છે. વાલીપણા પ્રદેશોના રહીશોની આર્થિક, સામાજિક, રાજકીય તથા શૈક્ષણિક પ્રગતિ થાય તે માટે પ્રયત્ન કરે છે. તે અંગેનો વાર્ષિક પ્રગતિ અહેવાલ સામાન્ય સભામાં રજૂ કરવામાં આવે છે. બીજા વિશ્વ યુદ્ધ બાદ પરતંત્ર અને અલ્પ વિકસિત પ્રદેશોની રાજકીય સ્વતંત્રતા અને રહીશોના ઉત્કર્ષ માટે આ સમિતિએ પ્રશંસનીય કામગીરી કરી છે. વાલીપણા તંત્ર હેઠળ આવતા તમામ પ્રદેશો હવે ગુલામીની દશામાં રહ્યાં નથી. તે તેની મોટી સફળતા છે. વાલીપણા સમિતિના ધ્યેયો પરિપૂર્ણ થઈ ગયા છે. છેલ્લે ઈ.સ.૧૯૯૪માં યુ.એસ.એ. દ્વારા પ્રશાસિત પેસિફિક ટાપુ પલાઉ સ્વતંત્ર થયો તે સાથે વાલીપણા સમિતિના કાર્યોનો પણ અંત આવ્યો. આથી ઈ.સ.૧૯૯૪થી વાલીપણા સમિતિ નિષ્ક્રિય અવસ્થામાં છે. તેના કાર્યો વિલંબિત કરેલ છે. આ સમિતિની નાબૂદી અંગે સામાન્ય સભામાં દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી હતી પરંતુ સામાન્ય સભાએ આ અંગે અત્યાર સુધી કોઈ નિર્ણય કર્યો નથી.

### ૧૬.૫.૫ આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત (International Court of Justice)

આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત એ સંયુક્ત રાષ્ટ્રસંઘનું મહત્વનું ન્યાયિક અંગ છે. આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતની સ્થાપના ઈ.સ.૧૯૪૫માં કરવામાં આવી છે. તેનું વડુ મથક નેધરલેન્ડના હેગ શહેર ખાતે આવેલું છે. આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત ૧૫ ન્યાયાધીશોની બનેલી છે. ન્યાયાધીશોની ચૂંટણી સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભા અને સલામતી સમિતિ દ્વારા કરવામાં આવે છે. ન્યાયાધીશોની ચૂંટણી માટે બંન્ને અંગોમાં અલગ અલગ મતદાન યોજાય છે. ન્યાયાધીશ માટેના ઉમેદવારને ચૂંટવા માટે સામાન્ય સભા અને સલામતી સમિતિ બંન્નેમાં સંપૂર્ણ બહુમતી મળવી જરૂરી છે. પ્રત્યેક ન્યાયાધીશનો કાર્યકાળ ૯ વર્ષનો હોય છે. જે ન્યાયાધીશની મુદત પુરી થતી હોય તેમને તરત જ બીજી મુદત માટે ચૂંટી શકાય છે. જેમ કે,ભારતના દલવીર ભંડારીને વર્ષ ૨૦૧૭માં તેમની અગાઉની

મુદત પુરી થતાં બીજી વખત આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતના ન્યાયાધીશ તરીકે પુનઃચૂંટવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના દરેક સભ્ય રાજ્ય આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતના ન્યાયાધીશ માટેના ઉમેદવારની દરખાસ્ત કરી શકે છે પરંતુ નયાયાધીશ બન્યા પછી તે સંબંધિત રાજ્યના પ્રતિનિધિ ગણાતા નથી. ઉમેદવારે ન્યાયાધીશ તરીકેનો હોદ્દો સંભાળ્યા પછી નિષ્પક્ષ અને સભાનતાપૂર્વક પોતાની ફરજો અદા કરવાની રહે છે. અદાલત પોતાના એક પ્રમુખ અને ઉપપ્રમુખને ત્રણ વર્ષની મુદત માટે ચૂંટે છે.

આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતના કાર્યક્ષેત્રમાં મુખ્ય બે બાબતોનો સમાવેશ થાય છે. એક, તે રાજ્ય રાજ્ય વચ્ચેના વિવાદોનો ઉકેલ આપે છે. કોઈ પણ સભ્ય રાજ્ય તેમાં ન્યાય મેળવવા અપીલ કરી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્ર ઉપર સહી કરનાર તમામ સભ્ય રાજ્યો આંતરરાષ્ટ્રીય કાયદાનો અમલ કરવા અને આંતરરાષ્ટ્રીય અદાલતના ચુકાદાનો આદર કરવા બંધાયેલા છે. આમ છતાં આંતરરાષ્ટ્રીય અદાલતના ચુકાદાનો પક્ષકારો પાસે ફરજિયાત અમલ કરાવી શકાતો નથી. આથી ઘણીવાર એવું બને છે કે આંતરરાષ્ટ્રીય અદાલતના ચુકાદો પક્ષકારને પોતાના હિતમાં હોય તો પાલન કરે છે. જો તે પક્ષકારના લાભ વિરુદ્ધમાં હોય તો તેની સાથે સહમત થતા નથી. જો કોઈ સંબંધિત રાજ્ય અદાલતના ચુકાદાની અવગણના કરે તો તે અંગે સલામતી સમિતિનું ધ્યાન દોરી શકાય છે. પરંતુ ઇતિહાસમાં એવા કિસ્સાઓ પણ મોજુદ છે કે ખુદ સલામતી સમિતિના યુ.એસ.એ., ચીન વગેરે જેવા કાયમી સભ્યોએ જ આંતરરાષ્ટ્રીય અદાલતના ચુકાદાની અવહેલના કરી હોય. બીજું કે, સંયુક્ત રાષ્ટ્રસંઘના કોઈ અંગ કે એજન્સીઓ દ્વારા અદાલત પાસે કાનૂની મુદ્દે અભિપ્રાય આપવા વિનંતિ કરે છે ત્યારે અદાલત સલાહકારી અભિપ્રાય આપે છે. આ અભિપ્રાય માત્ર સલાહના સ્વરૂપમાં જ હોય છે. તેથી યુ.એન. ના અંગો કે એજન્સીઓ માટે અદાલતની સલાહનો અમલ કરવો બંધનકર્તા નથી.

ન્યાયાધીશ તરીકેની ઉમેદવાર વ્યક્તિ ઉચ્ચ નૈતિક ચારિત્ર્ય ધરાવતી હોવી જોઈએ. તે જે રાજ્યના નાગરિક હોય તે રાજ્યમાં ઉચ્ચ ન્યાયવિષયક હોદ્દો ધારણ કરવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ. તે આંતરરાષ્ટ્રીય કાયદાના નિષ્ણાંત હોય અથવા કાયદા ક્ષેત્રે ઉચ્ચ ખ્યાતિ ધરાવતા હોવા જોઈએ.

### ૧૬.૫.૬ સચિવાલય (Secretariat) :

સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્રના પ્રકરણ ૧૫માં અનુચ્છેદ ૯૭ થી ૧૦૧માં સચિવાલયની રચના અને કાર્યપદ્ધતિ સંબંધી જોગવાઈ કરવામાં આવી છે. સચિવાલય એ સંયુક્ત રાષ્ટ્રસંઘનું મહત્ત્વનું વહીવટી મુખ્ય અંગ છે. સંઘની વિશાળ વહીવટી કામગીરી સચિવાલયને સોંપવામાં આવી છે .વહીવટી સરળતા અને અસરકારકતા માટે તે વિવિધ કચેરીઓ અને વિભાગો હેઠળ વહેંચાયેલું છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી સચિવાલયના વડા છે. તેનું મુખ્ય કાર્યાલય યુ.એસ. એ.ના ન્યૂયોર્કમાં આવેલું છે.

- **મહામંત્રી (Secretary-General) :**

સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રીનું પદ ગૌરવ અને પ્રભાવશાળી ગણાય છે. તેઓ સંયુક્ત રાષ્ટ્રસંઘના મુખ્ય વહીવટી અધિકારી તરીકે સેવા બજાવે છે. તેઓ સંયુક્ત રાષ્ટ્રસંઘના નેતા અને પ્રવક્તા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના વર્તમાન મહામંત્રી એંટોનિયો ગુટેરેસ **(Antonio Guterres)** છે. જેઓ પોર્ટુગલના વતની છે અને ૧લી જાન્યુઆરી ૨૦૧૭થી સામાન્ય મંત્રીનું પદ શોભાવી રહ્યા છે.

- **મહામંત્રીની નિમણૂંક :**

મહામંત્રીની નિમણૂંક સલામતી સમિતિની ભલામણના આધારે સામાન્ય સભા કરે છે. તેઓની નિમણૂંકમાં સલામતી સમિતિની ભૂમિકા મહત્ત્વની છે. મહામંત્રી તરીકેના ઉમેદવારની પંસદગી એ મહત્ત્વનો નિર્ણય હોવાથી સલામતી સમિતિમાં ૯ સભ્યોની બહુમતીથી ઠરાવ પસાર કરવામાં આવે છે. જેમાં પાંચ કાયમી સભ્યોના હકારાત્મક મત સામેલ થવા જરૂરી છે. મહામંત્રી તરીકેની પસંદગી માટે વિધિવત ઠરાવ કરે તે પહેલાં તે અંગે સલામતી સમિતિના સભ્યોનો

વિચાર કે અભિપ્રાય જાણવા બિનસત્તાવાર મત **(Straw poll)** મેળવવામાં આવતા હોય છે. તેના દ્વારા કોણ શું વલણ ધરાવે છે અને કઈ તરફ મતદાન કરશે તે જાણી શકાય છે. કોઈ કાયમી સભ્યને કોઈ ઉમેદવાર સામે વાંધો હોય તો તે વીટોનો ઉપયોગ કરશે તેમ પહેલેથી જ ખ્યાલ આવી જાય છે. દા.ત.વર્ષ ૨૦૦૬માં ભારતના શશી થરૂર મહામંત્રીના ઉમેદવારની સ્પર્ધામાં હતા પરંતુ બિનસત્તાવાર ચૂંટણીમાં જ તેમને કાયમી બધા સભ્યોનું સમર્થન ન મળતાં તેમણે ઉમેદવારી પાછી ખેંચી હતી. મહામંત્રી તરીકેના ઉમેદવારની બાબતમાં કોઈ કાયમી સભ્ય વીટોનો ઉપયોગ કરી શકે છે. જો કોઈ કાયમી સભ્ય વીટોનો ઉપયોગ કરે તો તેવા ઉમેદવારની ભલામણનો ઠરાવ પસાર થઈ શકતો નથી. સલામતી સમિતિની ખાનગી બેઠકમાં મહામંત્રી તરીકેના ઉમેદવારના પ્રશ્ને ચર્ચા કરીને નિર્ણય લેવામાં આવે છે.

- **મહામંત્રી પદના ઉમેદવાર માટેની લાયકાત :**

મહામંત્રીના સ્થાન માટેના ઉમેદવાર સામાન્ય રીતે પ્રણાલી પ્રમાણે મહાસત્તાઓમાંથી આવતા હોતા નથી. પરંતુ નાના અને તટસ્થ દેશોમાંથી પ્રાદેશિક્તા ક્રમને ધ્યાનમાં રાખીને ઉમેદવારની પસંદગી થતી હોય છે. મહામંત્રીનું પદ એ રાજકીય હોદ્દા જેવું ગણાય છે. તેના માટે કોઈ ચોક્કસ લાયકાતો સૂચવવામાં આવી નથી. પરંતુ આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સંયુક્ત રાષ્ટ્રસંઘને મજબૂત અને અસરકારક નેતૃત્વ પૂરું પાડવાની ક્ષમતા ઉમેદવારમાં હોય તે અપેક્ષિત છે. રાષ્ટ્રીય કે વૈશ્વિક રાજકીય અનુભવ અને રાજદ્વારી કૌશલ્ય ધરાવતા ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવે છે. અત્યાર સુધીના તમામ મહામંત્રીઓ પોતાના દેશમાં કે યુ.એન.માં ઉચ્ચ પદ પર રહેલા છે અને વિશાળ રાજકીય અને વહીવટી અનુભવ ધરાવે છે. ઉમેદવાર જે દેશમાંથી આવતો હોય તે દેશના સલામતી સમિતિના સભ્યો ખાસ કરીને કાયમી સભ્યો સાથેના સંબંધો, આંતરરાષ્ટ્રીય રાજકીય સમીકરણો અને ઉમેદવારના વ્યક્તિત્વનો પ્રભાવ જેવા અનૌપચારિક પરિબળો પણ ઉમેદવારની પસંદગીમાં ભાગ ભજવતા હોય છે.

- **મહામંત્રીના હોદ્દાની મુદત :**

સામાન્ય રીતે પાંચ વર્ષ માટે મહામંત્રીની નિયુક્તિ કરવામાં આવે છે. તેમની તે જ હોદ્દા માટે પુનઃનિયુક્તિ કરી શકાય છે. પરંપરા પ્રમાણે મહામંત્રીની વધુમાં વધુ બે મુદત સુધી નિયુક્તિ કરવામાં આવે છે. અત્યાર સુધીના મહામંત્રીઓનો કાર્યકાળ નીચેના કોષ્ટક પરથી જાણી શકાશે.

| ક્રમ | મહામંત્રીનું નામ | રાષ્ટ્રીયતા | કાર્યકાળ |
|---|---|---|---|
| ૧ | ગ્લેડવિન જેબ (કાર્યકારી) | બ્રિટિશ | ૨૪-૧૦-૧૯૪૫ થી ૨-૨-૧૯૪૬ |
| ૨ | ટ્રિગ્વે લી | નોર્વે | ૨-૨-૧૯૪૬ થી ૧૦-૯-૧૯૫૨ |
| ૩ | દાગ હેમરશિલ્ડ | સ્વિડન | ૧૦-૪-૧૯૫૩ થી ૧૮-૯-૧૯૬૧ |
| ૪ | યુ થાન્ટ | મ્યાનમાર | ૩૦-૧૧-૧૯૬૧ થી ૩૧-૧૨-૧૯૭૧ |
| ૫ | કુર્ત વાલ્ધેઈમ | ઓસ્ટ્રિયા | ૧-૧-૧૯૭૨ થી ૩૧-૧૨-૧૯૮૧ |
| ૬ | ઝેવિયર પૅરેઝ ડી ક્યુએલર | પેરુ | ૧-૧-૧૯૮૨ થી ૩૧-૧૨-૧૯૯૧ |
| ૭ | બુટ્રોસ ઘાલી | ઈજિપ્ત | ૧-૧-૧૯૯૨ થી ૩૧-૧૨-૧૯૯૬ |
| ૮ | કોફી અન્નાન | ઘાના | ૧-૧-૧૯૯૭ થી ૩૧-૧૨-૨૦૦૬ |
| ૯ | બાન કી મૂન | દક્ષિણ કોરિયા | ૧-૧-૨૦૦૭ થી ૩૧-૧૨-૨૦૧૬ |
| ૧૦ | એંટોનિયો ગુટેરેસ | પોર્ટુગલ | ૧-૧-૨૦૧૭ થી આજ પર્યંત |

- **મહામંત્રીની ભૂમિકા :**

સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી એ મુખ્ય વહીવટી અમલદાર, નેતા, કૂટનીતિજ્ઞ, મધ્યસ્થી, ક્રિયાશીલ તરીકેની એમ બહુવિધ ભૂમિકા ભજવવાની હોય છે. તેઓ ખતપત્રને સુસંગત વિવિધ કાર્યો કરે છે. તેમણે સામાન્ય સભા, સલામતી સમિતિ કે આર્થિક અને સામાજિક પરિષદ અને બીજા સંયુક્ત રાષ્ટ્રસંઘના અંગો દ્વારા સોંપાયેલા કાર્યો કરવાના હોય છે. તેમના મતે કોઈ બાબત આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની જાળવણી માટે ખતરારૂપ છે તો તેવી બાબતે સલામતી સમિતિનું ધ્યાન દોરે છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની નીતિ અને કાર્યક્રમોના અમલીકરણની મહત્ત્વની જવાબદારી તેઓ નિભાવે છે. આ ઉપરાંત વહીવટી વડા તરીકે તેઓ રોજિંદો વહીવટ સંભાળે છે. તેમના નિયંત્રણ હેઠળ વિશાળ અધિકારી અને કર્મચારી વર્ગ કામ કરતો હોય છે. તેઓ માર્ગદર્શન, પ્રેરણા અને કુશળ નેતૃત્વ પૂરું પાડે છે. તેઓ સંઘના અંગોની વિવિધ બેઠકોમાં ઉપસ્થિત રહીને સલાહ સૂચન આપે છે. તેમણે રાષ્ટ્રસંઘના અંગોના પ્રમુખો, સભ્યરાજ્યોના વડાઓ, નેતાઓ વગેરે સાથે પત્રવ્યવહાર કરવો પડે છે. તેમણે વિવિધ પત્રોનો યોગ્ય પ્રત્યુત્તર પાઠવવો પડે છે. તેઓ તેમની સાથે જરૂરી પરામર્શન કરે છે તેમજ સતત તેમના સંપર્કમાં રહે છે. તેમણે વૈશ્વિક ઘટનાઓ અને અદ્યતન પ્રવાહોથી માહિતગાર રહેવું પડે છે. તેઓ પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય પડકારોનો સામનો કરે છે. વિશ્વશાંતિ જાળવવા પોતાનો અસરકારક અવાજ રજૂ કરે છે. તેઓ ખતપત્રમાં સૂચિત કાર્યક્ષેત્રની સાથે સાથે પોતાની દીર્ઘ દ્રષ્ટિ અને ક્રિયાશીલતાનો ઉપયોગ કરીને, વિશ્વ ભાગીદારી દ્વારા શાંતિ તથા સામૂહિક અને ટકાઉ સલામતી માટે નવીન કાર્યક્રમોને વેગ આપે છે. તેઓ ઝઘડતા દેશો કે જૂથો વચ્ચે શાંતિ સ્થાપવા તટસ્થ મધ્યસ્થી તરીકેની મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. તેઓ સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વર્ષ દરમિયાન થયેલી કામગીરીનો અહેવાલ અને આગામી વર્ષના કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરાવી સામાન્ય સભામાં રજૂ કરે છે. તેઓ સંયુક્ત રાષ્ટ્રસંઘનું અંદાજપત્ર સામાન્ય સભામાં મંજૂરી માટે રજૂ કરે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના વિવિધ વિભાગો, કચેરીઓ, એજન્સીઓ, પ્રોજેક્ટ વગેરેના અધ્યક્ષો સાથે સંકલન સાધે છે. તે સંયુક્ત રાષ્ટ્રસંઘની વિવિધ પ્રવૃતિઓ અને કામગીરીનું દસ્તાવેજીકરણ કરાવે છે. તેમજ મહત્ત્વના દસ્તાવેજોનું પ્રકાશન પણ કરાવે છે. તે માનવ અધિકારો, માનવ વિકાસ, ટકાઉ વિકાસ, પર્યાવરણ, ક્લાયમેટ ચેન્જ, ગરીબી જેવા મહત્ત્વના પ્રશ્નો પર સંશોધન કરાવી, સંશોધનના તારણોના આધારે સંબંધિત અંગોને જરૂરી કાર્યવાહી કરવા અનુરોધ કરે છે. આથી કહી શકાય કે સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના કાર્યોનો વ્યાપ દિવસે દિવસે વધતો જતો હોવાથી મહામંત્રીની જવાબદારીઓ પણ વિશેષ બની છે.

## ૧૬.૯ સારાંશ

દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ વિશ્વમાં શાંતિ, સલામતી, રાષ્ટ્રો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો અને સહકાર, માનવ અધિકારોને પ્રોત્સાહન અને જતન વગેરે જેવા ઉદ્દેશોની પ્રાપ્તિ માટે વર્ષ ૧૯૪૫માં સંયુક્ત રાષ્ટ્રસંઘ નામની આંતરરાષ્ટ્રીય સંસ્થાની રચના કરવામાં આવી. સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્રની જોગવાઈઓ મુજબ તેના વિવિધ અંગોની રચના કરી તેમને જવાબદારીઓ સોંપવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની સરાહનીય કામગીરીને કારણે વિશ્વમાં શાંતિ અને સલામતી સ્થપાઈ તેમજ જળવાઈ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની અસરકારક ભૂમિકાને કારણે વિશ્વ વિકાસની તરફ આગળ વધી રહ્યું છે.

## ૧૬.૭ તમારી પ્રગતિ ચકાસો

૧. સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્ર વિશે ટૂંકમાં જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૨. સંયુક્ત રાષ્ટ્રસંઘનો ઉદ્દભવ અને વિકાસ સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૩. સંયુક્ત રાષ્ટ્રસંઘના હેતુઓ અને સિદ્ધાંતો સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૪. સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્યપદ અંગે ટૂંકમાં માહિતી આપો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૫. સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના માટેના મુખ્ય પરિબળોનું ટૂંકમાં વર્ણન કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૬. સામાન્ય સભાની રચના અને કાર્યોનું વર્ણન કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૭. સલામતી સમિતિની રચના અને સત્તાઓ સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

૮. આર્થિક અને સામાજિક સમિતિની રચના અને કાર્યો વર્ણવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................

૯. વાલીપણા સમિતિ વિશે સમજૂતી આપો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................

૧૦. આંતરરાષ્ટ્રીય અદાલતની રચના અને તેના કાર્યક્ષેત્ર વિશે સમજાવો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................

૧૧. સચિવાલયની સમજૂતી ટૂંકમાં આપો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................

૧૨. સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રીની ભૂમિકા સ્પષ્ટ કરો.

........................................................................
........................................................................
........................................................................
........................................................................

## ૧૬.૮ સંદર્ભ સૂચિ


૧. પટેલ મંગુભાઈ રામદાસ : આંતરરાષ્ટ્રીય સંબંધો : ભાગ-૨, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૧૯૬૯.

૨. રાવલ આર. એલ. : આંતરરાષ્ટ્રીય સંબંધો : ભાગ-૧, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, તૃતિય આવૃત્તિ, ૧૯૯૪.

૩. Chase, Eugene P. (1950). The United Nations in Action, Mcgraw Hill Book Comp.Inc. New York.

૪. Nicholas H.G. (1962). The United Nations-As a Political Institutions, Oxford University Press, London, II Ed.

૫. United Nations (2015). Charter of the United Nations and Statute of the International Court of Justice, UN, DPI, New York.

૬. United Nations (2017). The Sustainable Development Goals, UN, DPI, New York.
૭. United Nations (2017). World Statistics Pocketbook 2017, UN, DESA, New York.

એકમ ૧૭

# સંયુક્ત રાષ્ટ્રસંઘ - ૨

**(United Nations Organization-2)**

## રૂપરેખા


૧૭.૦ ઉદ્દેશો

૧૭.૧ પ્રસ્તાવના

૧૭.૨ સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુ.એન.)ની મુખ્ય સિદ્ધિઓ

૧૭.૩ વિશ્વ કલ્યાણ અને વિકાસની દિશામાં સંયુક્ત રાષ્ટ્રસંઘની સફળતા

૧૭.૪ સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુ.એન.)ની મર્યાદાઓ

૧૭.૫ સારાંશ

૧૭.૬ તમારી પ્રગતિ ચકાસો

૧૭.૭ કેટલાંક ઉપયોગી પુસ્તકો


## ૧૭.૦ ઉદ્દેશો

આ એકમમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની મહત્વની સિદ્ધિઓ અને તેની મર્યાદાઓની ચર્ચા કરવામાં આવી છે. આ એકમનું વાંચન તમને નીચેની બાબતોમાં મદદરૂપ થશે.

- સંયુક્ત રાષ્ટ્રસંઘની લોકકલ્યાણવાદી પ્રવૃતિઓનો ખ્યાલ આવશે.
- સંયુક્ત રાષ્ટ્રસંઘની મુખ્ય સફળતાઓથી વાકેફ થશો.
- સંયુક્ત રાષ્ટ્રસંઘની એજન્સીઓની કામગીરી વિશે માહિતગાર થશો.
- સંયુક્ત રાષ્ટ્રસંઘની એજન્સીઓના ઉમદા કાર્યોમાં તમારો પણ સહયોગ આપી શકશો.
- સંયુક્ત રાષ્ટ્રસંઘની કેટલીક મર્યાદાઓનો ખ્યાલ આવશે.

## ૧૭.૧ પ્રસ્તાવના

સંયુક્ત રાષ્ટ્રસંઘના ઉદ્ભવ અને વિકાસની અગાઉના પ્રકરણમાં ચર્ચા કર્યા પછી કહી શકાય કે બીજા વિશ્વયુદ્ધની ભયાનકતા અને વિનાશકતા જોયા પછી ત્રીજા વિશ્વયુદ્ધની કલ્પના પણ ધ્રુજાવનારી છે. હવે પછી વિશ્વયુદ્ધની યાતના,નુકસાન અને સંહારથી મનુષ્યજાતિને બચાવવા સિવાય છૂટકો નથી. યુદ્ધમાં ઘાતક અણુશસ્ત્રોનો ઉપયોગ સમગ્ર માનવ સમુદાયના અસ્તિત્વને નષ્ટપ્રાય કરી દે તેમ હતું. પ્રથમ વિશ્વયુદ્ધને અંતે રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી પરંતુ તેની કેટલીક મર્યાદાઓને કારણે તે નિષ્ફળ ગયું હતું. પરંતુ રાષ્ટ્રસંઘની નિષ્ફળતાથી સાંપડેલી હતાશા ખંખેરીને પુનઃ વિશ્વશાંતિ, સામૂહિક સલામતી અને સહ-અસ્તિત્વના માર્ગે આગળ ધપવા વિશ્વના કેટલાક રાજકીય નેતાઓએ ગંભીર પ્રયત્નો કર્યા. જેના પરિણામ સ્વરૂપે ઇ.સ.૧૯૪૫માં સંયુક્ત રાષ્ટ્રસંઘનો જન્મ થયો.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના જે હેતુઓ માટે કરવામાં આવી હતી તે હેતુઓ મહદઅંશે પરિપૂર્ણ થયા છે. દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ અત્યાર સુધી કોઈ વિશ્વવિગ્રહ થયો નથી તે જ સંયુક્ત રાષ્ટ્ર સંઘની સૌથી મોટી સફળતા છે. કેટલાક છૂટાછવાયા યુદ્ધો કે આંતરવિગ્રહોને બાદ કરતાં એકંદરે વિશ્વશાંતિ જળવાઈ રહી છે. દુનિયાના કેટલાક રાજકીય નેતાઓની સામ્રાજ્યવાદી માનસિકતા કે આક્રમણખોર વૃતિને યુ.એન.ના માધ્યમથી નાથી શકાઈ છે. ઈરાક અને ઉત્તર કોરિયા સામે યુ.એન. દ્વારા લીધેલા પગલાં અને તેમાં મળેલી સફળતા આનું ઉત્તમ ઉદાહરણ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘને રાજકીય અને બિન રાજકીય ક્ષેત્રે મળેલી સફળતાનો વિગતે ખ્યાલ મેળવવો આવશ્યક છે. આથી સંયુક્ત રાષ્ટ્રસંઘને પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ અને સંયુક્ત રાષ્ટ્ર સંઘને પોતાનું ધ્યેય હાંસલ કરવામાં પડતી કેટલીક અવરોધરૂપ મુશ્કેલીઓની ચર્ચા પ્રસ્તુત એકમમાં કરવામાં આવી છે.

## ૧૭.૨ સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુ.એન.)ની મુખ્ય સિદ્ધિઓ

સંયુક્ત રાષ્ટ્રસંઘ ની મુખ્ય સિદ્ધિઓને રાજકીય ક્ષેત્રે અને બિનરાજકીય ક્ષેત્રે બે ભાગમાં વહેંચીને તેનો વિગતે ખ્યાલ મેળવી શકાય. સંયુક્ત રાષ્ટ્રસંઘને વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવા રાજકીય ક્ષેત્રે મળેલી સફળતાની ચર્ચા કરીએ તો કહી શકાય કે ગ્રીસ, સિરિયા, પેલેસ્ટાઈન, સુએઝ નહેર, કોંગો, વિયેટનામ, યુગોસ્લાવિયા, હૈતી, હંગેરી, રવાંડા વગેરે દેશોની સમસ્યાઓ અને કટોકટીઓ ઉકેલવામાં સંયુક્ત રાષ્ટ્રસંઘે સહાય કરી છે.તેમજ તેમાં સંયુક્ત રાષ્ટ્ર સંઘને સારી એવી સફળતા પણ મળી છે.તેમાંની કેટલીક રાજકીય કટોકટીઓ અને તેના ઉકેલમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની ભૂમિકાની અહી ચર્ચા કરીએ.

### (૧) કોરિયાની કટોકટી(ઈ.સ.૧૯૫૦-૧૯૫૩) :

કોરિયાની કટોકટી એ સંયુક્ત રાષ્ટ્રસંઘ માટે શાંતિ અને સલામતી જાળવવાની બાબતમાં પ્રથમ કસોટી હતી. દ્વિતિય વિશ્વ યુદ્ધ પછી કોરિયાના બે ભાગલા થયા અને ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા એમ બે સ્વતંત્ર રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યા.ઉત્તર કોરિયાને સોવિયત સંઘનું સમર્થન હતું. જ્યારે દક્ષિણ કોરિયાને યુ.એસ.એ.નું સમર્થન હતું. ૨૫ જૂન ૧૯૫૦માં ઉત્તર કોરિયા એ દક્ષિણ કોરિયા પર આક્રમણ કર્યું. ઉત્તર કોરિયાની સામ્યવાદ પ્રેરિત સરકારને સોવિયેત સંઘ અને ચીનનો આડકતરો ટેકો હતો. આથી ઉત્તર કોરિયાના આક્રમણથી વિશ્વ શાંતિ અને સલામતી ડહોળાય તેમ હતી. સમસ્યાનો ઉકેલ લાવવા માટે તાત્કાલિક ધોરણે સલામતી સમિતિની બેઠક બોલાવવામાં આવી. સોવિયેત સંઘ ઈચ્છતું ન હતું કે યુ.એન.કોરિયાની કટોકટીમાં હસ્તક્ષેપ કરે અને ઉત્તર કોરિયા સામે શાંતિ ભંગ બદલ પગલાં લે.આથી તે સલામતી સમિતિની બેઠકમાં ગેરહાજર રહ્યું.પરંતુ યુ.એસ.એ.સહિત બાકીના સલામતી સમિતિના સભ્યોએ ઉત્તર કોરિયાના આક્રમણને ગેરવાજબી ગણાવી પોતાના લશ્કરી દળોને તાત્કાલિક ધોરણે દક્ષિણ કોરિયામાંથી પાછા હટાવી લેવા ચેતવણી આપી.ઉત્તર કોરિયાએ સલામતી સમિતિની સૂચનાની અવગણના કરી.આથી સયુંક્ત રાષ્ટ્રોને આ ગંભીર કટોકટીના ઉકેલ માટે લશ્કરી કાર્યવાહીનો ઉપયોગ કરવાની સૌ પ્રથમવાર ફરજ પડી. અમેરિકાના સેનાપતિ મેકઆર્થરની આગેવાની હેઠળ લગભગ ૧૬ રાષ્ટ્રોની સંયુક્ત સેનાએ લશ્કરી કાર્યવાહીમાં ભાગ લીધો. પરિણામ સ્વરૂપ ઉત્તર કોરિયાને પીછેહટ કરવાની ફરજ પડી.બંન્ને દેશો વચ્ચે યુદ્ધ વિરામ અને શાંતિ સમજૂતી થઈ.આથી કહી શકાય કે સંયુક્ત રાષ્ટ્રસંઘના સફળ પ્રયત્નોથી કોરિયાના યુદ્ધને વિશ્વ યુદ્ધમાં પરિણમતાં અટકાવ્યું.

### (૨) સુએઝ નહેર વિવાદ (૧૯૫૬) :

સુએઝ નહેર વિશ્વના ઈતિહાસ અને રાજકારણમાં મહત્વનું સ્થાન ધરાવે છે. ઈજીપ્તમાંથી પસાર થતી અને ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્રને જોડતી કડી તરીકે આ નહેર વિશ્વ વેપારમાં જળ પરિવહન માટે ઘણી મદદરૂપ બની છે. ફ્રાંસની સુએઝ કેનાલ કંપની એ વર્ષ ૧૮૫૯ થી ૧૮૬૯ એમ દસ વર્ષમાં આ નહેરનું બાંધકામ કરી ૧૭ નવેમ્બર ૧૮૬૯માં તેને ઉપયોગ માટે ખુલ્લી મુકી હતી. સુએઝ

કેનાલ કંપની અને મિસર એટલે કે ઇજીપ્ત સરકાર વચ્ચે થયેલી સમજૂતી પ્રમાણે ૯૯ વર્ષ સુધી નહેર પર કંપનીનો અધિકાર રહેશે ત્યાર બાદ મિસર સરકારને સોંપી દેવામાં આવશે.આ નહેરમાં બ્રિટન અને ફ્રાંસના આર્થિક હિતો સમાયેલા હતા. બ્રિટને નહેરના રક્ષણ માટે પોતાનું સૈન્ય પણ ખડકી દીધું હતુ.મિસરમાં ગ્રેટ બ્રિટનની સેનાનો વિરોધ પણ થયો.એવામાં જ ૨૬જુલાઇ ૧૯૫૬ના રોજ મિસરના રાષ્ટ્રપતિ નાસરે સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ કર્યું. નાસરે નહેર પર સરકારનો કબ્જો કરી બ્રિટન અને ફ્રાંસના સૈનિકોને તાત્કાલિક મિસર છોડી દેવા હુકમ કર્યો. નાસરે સુએઝના કરેલા રાષ્ટ્રીયકરણથી બ્રિટન અને ફ્રાંસને આંચકો લાગ્યો. આથી બ્રિટન અને ફ્રાંસના આર્થિક અને રાજકીય હિતો જોખમાયા.તેથી પૂર્વ આયોજન મુજબ પ્રથમ ઇઝરાઇલે મિસર પર આક્રમણ કર્યું અને ત્યારબાદ બ્રિટન અને ફ્રાંસ યુદ્ધમાં જોડાઇ ગયા.સયુંક્ત રાષ્ટ્રસંઘ માટે સુએઝ નહેર સંકટ ભારે ચિંતાનો વિષય બન્યો. કારણ કે સલામતી સમિતિના કાયમી સભ્યો એવા બ્રિટન અને ફ્રાંસે જ સયુંકત રાષ્ટ્રસંઘના ખતપત્રનો છડેચોક ભંગ કર્યો હતો. બ્રિટન અને ફ્રાંસના વીટો પાવરને લીધે સયુંક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિ અસરકારક કામગીરી કરી શકે તેવી સ્થિતિમાં ન હતી. આથી સામાન્ય સભામાં બ્રિટન અને ફ્રાંસના આક્રમણની નિંદા કરી યુદ્ધ બંધ કરવા ઠરાવ પસાર કરવામાં આવ્યો. સયુંક્ત રાષ્ટ્રોના પ્રયત્નોથી યુદ્ધ બંધ થયુ અને ઇઝરાઇલ, બ્રિટન અને ફ્રાંસે મિસરમાંથી પોતાના સૈનિકો હટાવવા પડ્યા. આથી કહી શકાય કે સયુંક્ત રાષ્ટ્રોને સુએઝ સંકટ ઉકેલવામાં સફળતા મળી અને વિશ્વ યુદ્ધની સંભાવના પણ ટળી.

### (૩) ક્યુબાની કટોકટી (૧૯૬૨):

યુ.એસ.એ.અને સોવિયેત સંઘ વચ્ચે ચાલી રહેલા ઠંડા યુદ્ધને કારણે ઇ.સ.૧૯૬૨માં ક્યુબાની કટોકટી સર્જાઇ. યુ.એસ.એ.તેના પ્રતિસ્પર્ધી સોવિયેત સંઘ પર નિયંત્રણ રાખવા માંગતુ હોવાથી તેણે ઇટાલી અને તુર્કીમાં મિસાઇલ્સ ગોઠવી હતી. સામાપક્ષે સોવિયેત સંઘે પણ યુ.એસ.એથી બિલકુલ નજીકના ક્યુબામાં શસ્ત્ર સંરજામ અને અણુ મિસાઇલ્સ ગોઠવીને સત્તાનું સંતુલન જાળવવા તખ્તો રચ્યો. ક્યુબામાં ઇ.સ.૧૯૫૯માં ફિડલ કાસ્ટ્રોની સામ્યવાદી સરકાર શાસનમાં આવી હતી. ફિડલ કાસ્ટ્રો સોવિયેત સંઘ તરફી રૂખ ધરાવતા હતા.આ બાબત મૂડીવાદી અમેરિકાને પસંદ ન હોય તે સ્વાભાવિક છે. સોવિયેત સંઘે વર્ષ ૧૯૬૦માં ક્યુબાને અણુશસ્ત્રો આપવાની જાહેરાત કરતાં જ અમેરિકા તણાવમાં આવી ગયું.ક્યુબા અણુશસ્ત્રો અને મિસાઇલ્સથી સજ્જ બને તો અમેરિકાની સલામતી ભયમાં મૂકાય તેમ હતી.આથી અમેરિકાએ ૧૯૬૨માં ક્યુબાની ફરતે નાકાબંધી કરીને ક્યુબામાં પરમાણું મિસાઇલ્સ પ્રવેશતી રોકવા પ્રયત્ન કર્યો. આથી યુ.એસ.એ. અને સોવિયેત સંઘ વચ્ચે તંગદીલી વધી.વિશ્વમાં ત્રીજુ વિશ્વ યુદ્ધ થશે તેવી દહેશત ફેલાઇ. સમગ્ર વિશ્વ ક્યુબાના સંકટને કારણે ચિંતાતુર બન્યું. આખરે સયુંક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી ઉથાંટે મધ્યસ્થી કરતાં પરિસ્થિતિ થાળે પડી. સયુંક્ત રાષ્ટ્રસંઘના પ્રયત્નોથી વિશ્વને ત્રીજા વિશ્વ યુદ્ધની ઘાતમાંથી ઉગારી શકાયું. આથી કહી શકાય કે યુ.એસ.એ.અને સોવિયેત સંઘ વચ્ચેના ઠંડા યુદ્ધને કારણે ઉદ્ભવેલી ક્યુબાની કટોકટીનો ઉકેલ સયુંક્ત રાષ્ટ્રસંઘના માધ્યમથી લાવી શકાયો.

### (૪) કુવૈત કટોકટી (૧૯૯૦) :

ઇરાન અને ઇરાક વચ્ચે ઇ.સ.૧૯૮૦થી ૧૯૮૮ દરમ્યાન ચાલેલા યુદ્ધથી ઇરાક આર્થિક રીતે ખુવાર થઇ ગયું હતું. યુદ્ધ દરમિયાન કુવૈતે ઇરાકને લોન સ્વરૂપે આર્થિક સહાય પણ કરી હતી. યુદ્ધ બાદ ઇરાક કુવૈતને નાણાં ભરપાઇ કરવા સક્ષમ ન હતું.ઇરાકે કુવૈતને આર્થિક દેવું માફ કરવાની વિનંતી કરી પરંતુ કુવૈત ઇરાકનું દેવું સંપૂર્ણ માફ કરવા તૈયાર ન થતાં બંન્ને દેશો વચ્ચેના સંબંધો વણસ્યા. આથી ઇરાકે કુવૈત પર ત્રાંસી શારડી**(Slant drilling)**થી ઇરાકનું ખનિજ તેલ ચોરવાનો આક્ષેપ મૂક્યો. એટલું જ નહિં પરંતુ ૨જી ઓગસ્ટ ૧૯૯૦ના રોજ ઇરાકે તેના પડોશી દેશ કુવૈત પર આક્રમણ કર્યું. આથી કુવૈતનું સાર્વભૌમત્વ ભયમાં મૂકાયું. આથી સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિ એ ઇરાકના કુવૈત

પરના આક્રમણની ઘટનાને વખોડી કાઢીને તાત્કાલીક ધોરણે કુવૈતમાંથી સૈન્ય પરત ખેંચવા આખરી પ્રસ્તાવ પસાર કર્યો. ઈરાકે સંયુક્ત રાષ્ટ્રસંઘની વિનંતીની અવગણના કરી.આથી સંયુક્ત રાષ્ટ્ર સંઘને ઈરાક વિરુદ્ધ લશ્કરી કાર્યવાહી કરવાની ફરજ પડી. જેમાં સંયુક્ત રાષ્ટ્રસંઘને કુવૈતની એકતા,અખંડિતતા અને સાર્વભૌમત્વનું રક્ષણ કરવામાં સફળતા મળી.

**(૫) નિઃશસ્ત્રીકરણ ક્ષેત્રે મળેલી સફળતા :**

સંયુક્ત રાષ્ટ્ર સંઘનો ઉદેશ વિશ્વમાં શાંતિ અને સામૂહિક સલામતી જાળવવાનો છે. બીજા વિશ્વ યુદ્ધ પછી યુ.એસ.એ.. અને યુ.એસ.એસ.આર. વચ્ચે શરૂ થયેલા ઠંડા યુદ્ધને કારણે બંને રાષ્ટ્રો વચ્ચે શસ્ત્રો વધારવાની સ્પર્ધા શરૂ થઇ. વિશ્વની બીજી મહાસત્તાઓ અને રાષ્ટ્રોએ પણ સલામતી અને સત્તાનું સતુંલન જાળવી રાખવાના બહાને શસ્ત્રીકરણને પ્રોત્સાહન આપ્યુ. રાસાયણિક અને જૈવિક મહાવિનાશક શસ્ત્રો,પ્રક્ષેપાસ્ત્રો અને ખાસ કરીને અણુશસ્ત્રો ધરાવતા રાષ્ટ્રોની સંખ્યામાં ઉત્તરોતર વધારો થવા લાગ્યો. આથી વિશ્વ સમક્ષ અશાંતિ અને અસલામતીનો ગંભીર પડકાર ઉભો થયો.આ પડકારનો બધા રાષ્ટ્રોએ સામૂહિક સામનો કરીને તેનો સુખદ ઉકેલ લાવવામાં જ વિશ્વનું હિત રહેલું હતું. સામૂહિક વિનાશ નોંતરનારા આણવીક, જૈવિક, રાસાયણિક શસ્ત્રો અને ટેક્નોલોજીનું ઉત્પાદન અને ખરીદ વેચાણ પર મર્યાદા,નિયંત્રણ અને નિયમન કરાવવા માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા. જેમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ એ મહત્વની ભૂમિકા ભજવી છે. નિઃશસ્ત્રીકરણ એ વિશ્વ શાંતિ સ્થાપવા માટેની પૂર્વ શરત છે. વિશ્વમાંથી સામૂહિક વિનાશકારી શસ્ત્રોનું ઉત્પાદન ઘટાડવા કે ઉત્પાદનને નિયંત્રિત કરવા,રાષ્ટ્રોના સંરક્ષણ બજેટમાં ઘટાડો કરવા અને ખાસ કરીને અણુશસ્ત્રોનો અપ્રસાર કરવા સંયુક્ત રાષ્ટ્રસંઘ એ ગંભીર પયત્નો કર્યા છે. અણુશસ્ત્રોના પ્રસારને મર્યાદિત કરતી અણુ બિનપ્રસાર સંધિનો અમલ કરાવવા સંયુક્ત રાષ્ટ્રસંઘે કમર કસી છે. અણુ ઉર્જાનો માનવજાતિનો વિનાશ કરવા ઉપયોગ ન થાય,વિવિધ રાષ્ટ્રો દ્વારા અણુ ઉર્જાનો લશ્કરી ક્ષેત્રે ઉપયોગ ન થાય તેમજ અણુ ઉર્જાનો શાંતિ અને વિકાસ માટે હકારાત્મક ઉપયોગ થાય તે માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા આણવીક ઉર્જા એજન્સી અને સંયુક્ત રાષ્ટ્ર નિઃશસ્ત્રીકરણ પંચની પણ રચના કરવામાં આવી છે. આ દિશામાં આ બંન્ને સંસ્થાઓએ સરાહનીય કામગીરી કરી રહી છે. નિઃશસ્ત્રીકરણ વિષય ઉપર ગંભીર વિચાર વિમર્શ દ્વારા નીતિ અને માર્ગદર્શિકા તૈયાર કરી તેનો અમલ કરાવવાના હેતુસર સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભા દ્વારા ત્રણ વિશેષ સત્રો પણ બોલાવવામાં આવ્યા છે.

**(૬) લૈગિંક સમાનતા અને મહિલા સશક્તિકરણ :**

સમાજમાં સ્ત્રી અને પુરુષ બંન્નેને પોતાના સર્વાંગી વિકાસ માટે સમાન તક અને દરજ્જો મળવો જોઈએ. સૈદ્ધાંતિક રીતે સ્ત્રી-પુરુષ સમાનતાનો ખ્યાલ બધા જ લોકશાહી રાષ્ટ્રો એ સ્વીકાર્યો હોવા છતાં વ્યવહારમાં લૈગિંક અસમાનતા એ વિશ્વ સામે સૌથી મોટો પડકાર છે. સમાજમાં સ્ત્રીઓને સમાન હક અને દરજ્જો મળે, આર્થિક, સામાજિક, રાજકીય એમ તમામ ક્ષેત્રે સ્ત્રીઓની ભાગીદારી સુનિશ્ચિત થાય, રાજકીય સત્તા માળખાં અને નિર્ણય પ્રક્રિયામાં સ્ત્રીઓની ભાગીદારી વધે, સ્ત્રીઓ આર્થિક રીતે સામર્થ્યવાન બને, સ્ત્રીઓ પ્રત્યે અન્યાય,અત્યાચાર,હિંસા દૂર થાય તે માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા સફળ પ્રયત્નો કરવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા લૈગિંક ન્યાય અને સમાનતા સ્થાપવાની દિશામાં મેક્સિકો(૧૯૭૫), ડેનમાર્કની રાજધાની કોપનહેગન(૧૯૮૦), કેન્યાની રાજધાની નૈરોબી(૧૯૮૫) અને ચીનની રાજધાની બેઈજિંગ(૧૯૯૫) ખાતે ચાર વૈશ્વિક સંમેલનો પણ યોજવામાં આવ્યા છે. વૈશ્વિક સ્તરે સમાજમાં સ્ત્રીઓના અધિકારો અને તકોમાં અભિવૃદ્ધિ થાય તે હેતુસર સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વર્ષ ૧૯૭૫ને આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ અને ઈ.સ.૧૯૭૬-૧૯૮૫ને આંતરરાષ્ટ્રીય મહિલા દશક તરીકે ઉજવવામાં આવેલ છે. લૈગિંક સમાનતા અને સ્ત્રી સશક્તિકરણ ક્ષેત્રે કામગીરી કરવા માટે ઈ.સ.૨૦૧૦માં સંયુક્ત રાષ્ટ્રસંઘ મહિલા એકમની પણ સ્થાપના કરવામાં આવી છે.

## ૧૭.૩ વિશ્વ કલ્યાણ અને વિકાસની દિશામાં સંયુક્ત રાષ્ટ્રસંઘની સફળતા

સંયુક્ત રાષ્ટ્રસંઘ વિશ્વમાં શાંતિ, સલામતી, સહકાર અને મૈત્રીભાવની સ્થાપના અને જાળવણી થાય તે માટે ઉપરાંત વિશ્વના લોકો માટે વિવિધ કલ્યાણલક્ષી પ્રવૃતિઓ પણ કરે છે. આ દિશામાં તેને નોંધપાત્ર સફળતા મળી છે. તેની દેખરેખ,માર્ગદર્શન કે નિયંત્રણ હેઠળ અન્ય પણ ઘણી સંસ્થાઓ, સંઘો, સમિતિઓ અને પંચો વિશ્વ કલ્યાણ અને વિકાસ માટે સતત કાર્યરત રહે છે.જેમાંની મહત્વની કેટલીક સંસ્થાઓની જાણકારી મેળવવી જરૂરી હોવાથી પ્રસ્તુત એકમમાં તેનો ખ્યાલ મેળવીશું

**સંયુક્ત રાષ્ટ્રસંઘની મહત્વની કેટલીક સંસ્થાઓ.**

### (૧) આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (I.M.F.)

બીજા વિશ્વયુદ્ધ બાદ વિશ્વના રાજ્યોના અર્થતંત્રોને ભારે નુકસાન થયું અને વિશ્વની નાણાંકીય વ્યવસ્થા ખોરવાઇ. આ પરિસ્થિતિમાંથી ઝડપી બહાર આવી આર્થિક વિકાસને વેગ આપવાના હેતુથી બ્રેટનવુડ્ઝ પરિષદની ફળશ્રુતિ સ્વરૂપે ઇ.સ.૧૯૪૫માં આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની સ્થાપના કરવામાં આવી. તેનું મુખ્યમથક વૉશિંગ્ટન (ડી.સી.)ખાતે આવેલું છે. આ સંસ્થા આંતરરાષ્ટ્રીય આર્થિક સહકારને ઉત્તેજન મળે, આંતરરાષ્ટ્રીય વેપારમાં અભિવૃદ્ધિ થાય, રાજ્યોનો આર્થિક વૃદ્ધિ અને વિકાસનો દર જળવાય તેમજ તેમાં ઉત્તરોતર પ્રગતિ થાય, વિનિમય દરની સ્થિરતા જળવાય,આંતરરાષ્ટ્રીય નાણાંકીય કટોકટીનું નિવારણ થાય વગેરે જેવા ઉદ્દેશો પાર પાડવા માટે કાર્ય કરે છે. તે સભ્યરાજ્યોની આર્થિક અને નાણાંકીય નીતિ પર દેખરેખ રાખે છે તેમજ સરકારોને નીતિવિષયક સલાહ સૂચનો આપે છે. તે વિદેશી હૂંડિયામણની સમસ્યા કે નાણાંકીય કટોકટી અનુભવતા રાજ્યોને શરતોને આધીન ટૂંકા ગાળા માટે લોન પણ આપે છે.

### (૨) વિશ્વ બેંક સમૂહ :

વિશ્વના રાજ્યોની દારૂણ ગરીબીમાં ઘટાડો થાય, લોકોની સુખાકારી અને સમૃદ્ધિમાં ઉત્તરોતર વધારો થાય, લોકોના જીવન ધોરણમાં ગુણાત્મક સુધારો થાય તેમજ ટકાઉ વિકાસને ઉત્તેજન મળે તે માટે વૈશ્વિક સ્તરે વિશ્વબેંક સમૂહ કાર્યરત છે. વિશ્વબેંક સમૂહમાં મુખ્ય પાંચ સંગઠનોનો સમાવેશ થાય છે.

**(I)** ઇન્ટરનેશનલ બેંક ફોર રીકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ **(IBRD)**

**(II)** ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સી**(IDA)**

**(III)** ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન**(IFC)**

**(IV)** ઇન્ટરનેશનલ સેંટર ફોર સેટલમેન્ટ ઓફ ઇન્વેસ્ટમેન્ટ ડિસ્પ્યૂટ્સ **(IC SID)**

**(V)** મલ્ટિલેટરલ ઇન્વેસ્ટમેન્ટ ગેરંટી એજન્સી**(MIGA)**

ઇન્ટરનેશનલ બેંક ફોર રીકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટની સ્થાપના ઇ.સ.૧૯૪૫માં કરવામાં આવી છે. બેંકનું મુખ્યમથક વૉશિંગ્ટન (ડી.સી.) ખાતે આવેલું છે. હાલમાં તેના ૧૮૯ સભ્યો છે. વિશ્વ નાણાં ભંડોળનું સભ્યપદ મેળવનાર રાજ્યને આપોઆપ વિશ્વબેંકનું સભ્યપદ મળી જાય છે. વિશ્વબેંકના સભ્ય બનવા માટે વિશ્વ નાણાં ભંડોળના સભ્ય બનવું ફરજિયાત છે. જો કોઇ વિશ્વ નાણાં ભંડોળના સભ્ય તરીકે દૂર થાય તો તેનું વિશ્વબેંકમાંથી પણ સભ્યપદ દૂર થાય છે. જોકે વિશ્વબેંકના સભ્ય તરીકે ચાલુ રહેવા માટે વિશિષ્ટ જોગવાઇ પણ કરવામાં આવી છે.

ઇન્ટરનેશનલ બેંક ફોર રીકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ **(IBRD)** સામાન્ય રીતે વિશ્વ બેંક તરીકે પણ ઓળખાય છે. વિશ્વ બેંકમાં ઇન્ટરનેશનલ બેંક ફોર રીકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ અને ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સી બંનેનો સમાવેશ થાય છે. ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સીની સ્થાપના ઇ.સ.૧૯૬૦માં તેના પૂરક તરીકે કરવામાં આવી છે. તે વિશ્વબેંક

સમૂહનો એક ભાગ છે. ઐતિહાસિક રીતે જોઇએ તો દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ વર્ષ ૧૯૪૪માં યુ.એસ.એ.ના ન્યૂહેમ્પશાયરમાં બ્રેટનવુડ્ઝ ખાતે ૪૪ સંધિ રાષ્ટ્રોના પ્રતિનિધિઓની બેઠક મળી હતી. જેને બ્રેટનવુડ્ઝ પરિષદ તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વયુદ્ધમાં જોડાયેલા મિત્રરાષ્ટ્રોના બરબાદ અને જર્જરિત થઇ ગયેલા અર્થતંત્રોનું પુનઃનિર્માણ કરીને વિકાસને વેગ આપવો, વિશ્વ નાણાંકીય વ્યવસ્થામાં સ્થિરતા અને નિયમન, આંતરરાષ્ટ્રીય લેણ-દેણમાં દ્વિપક્ષીય સંધિને સ્થાને બહુપક્ષીય સંધિ પ્રણાલીની સ્થાપના, ચલણ, વિનિમય દર વગેરે અંગેના ધોરણો અને નિયમો સ્થાપિત કરવા વગેરે પરિષદના મુખ્ય હેતુઓ હતા. પરિષદમાં ચર્ચાવિચારણાના અંતે લેવાયેલા નિર્ણયોના પરિણામસ્વરૂપે વિશ્વની બે મોટી અને મહત્વની જોડિયા નાણાંકીય સંસ્થાઓનો જન્મ થયો. આ બંને સંસ્થાઓ છે (૧) વિશ્વ નાણાં ભંડોળ અને (૨) ઈન્ટરનેશનલ બેંક ફોર રીકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ**(IBRD)**. આ બંનેની કાર્યપદ્ધતિમાં તફાવત એ છે કે વિશ્વ નાણાં ભંડોળ વિશ્વમાં નાણાંકીય વ્યવસ્થા અને સ્થિરતા જળવાય તે બાબતનું મુખ્ય ધ્યાન રાખે છે. તેમજ તે માટે જરૂર પડેતો સભ્યોને ટૂંકા ગાળાની લોન આપે છે. વિશ્વ બેંક આંતરરાષ્ટ્રીય સમાજમાંથી ગરીબી દૂર થાય, અસમાનતાઓ દૂર થાય, ઉત્પાદનમાં વધારો થાય, સભ્યોનો આર્થિક, ભૌતિક, સામાજિક વિકાસ થાય, ટકાઉ વિકાસને ઉત્તેજન મળે તે માટે વિવિધ વિકાસલક્ષી પ્રવૃતિઓ હાથ ધરે છે. તેમજ તેના સભ્યો અને ખાસ કરીને વિકાસશીલ દેશોને વિકાસ માટે લાંબાગાળાની લોન આપે છે. તે વિકાસશીલ દેશોને પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક આરોગ્ય સેવાઓ, સ્વચ્છ પાણી, સ્વચ્છતા, કૃષિ, ગ્રામીણ વિકાસ, ભૌતિક અને સામાજિક આંતર માળખાકીય સુવિધાઓ, વિવિધ પ્રોજેક્ટ્સ અને રસ્તાઓ બનાવવા વગેરે માટે લોન આપે છે.

### (૩) યુનેસ્કો (UNESCO) :

યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના ઈ.સ. ૧૯૪૬માં કરવામાં આવી છે. તેનું મુખ્યમથક ફ્રાંસના પેરિસ ખાતે આવેલું છે. તે શિક્ષણ, વિજ્ઞાન અને સંસ્કૃતિના માધ્યમથી શાંતિ સ્થાપવા પ્રયત્ન કરે છે. આંતરરાષ્ટ્રીય સહકાર દ્વારા શિક્ષણ, વિજ્ઞાન અને સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરે છે. વિશ્વની તમામ સંસ્કૃતિઓને સમાન દરજ્જો મળે, વિશ્વ વારસાનું સંરક્ષણ અને સંવર્ધન થાય, વિશ્વના તમામ બાળકો અને નાગરિકોને ગુણવત્તાવાળું શિક્ષણ ઉપલબ્ધ થાય, વિજ્ઞાન અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો વિકાસ થાય તે માટે તે વિવિધ નીતિ અને કાર્યક્રમોનું ઘડતર કરીને તેને અમલમાં મૂકે છે.

### (૪) યુનિસેફ (UNICEF)

બાળકોના ઉત્કર્ષ અને વિકાસ માટે કામ કરતી યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ઈમર્જન્સી ફંડ **(UNICEF)** એજન્સીની સ્થાપના ઈ.સ. ૧૯૪૬માં કરવામાં આવી છે. બાળકોના તંદુરસ્ત સર્વાંગી વિકાસ માટે વિશ્વના દેશોમાં હકારાત્મક પરિસ્થિતિઓનું નિર્માણ થાય, બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણની તકો ઉપલબ્ધ થાય, બાળકોના આરોગ્યની જાળવણી અને સુધારો થાય, બાળમૃત્યુદરમાં ઘટાડો થાય, રોગોની નાબૂદી થાય, બાળકોના અધિકારોનું રક્ષણ થાય વગેરે માટે આ સંસ્થા સતત કાર્યશીલ છે. આ સંસ્થાનું વડુંમથક યુ.એસ.એ.ના ન્યૂયોર્ક ખાતે આવેલું છે.

### (૫) વિશ્વ આરોગ્ય સંસ્થા (W.H.O.)

વિશ્વના લોકોના સ્વાસ્થ્યની જાળવણી અને સુધારણા માટે કામ કરતી વિશ્વ આરોગ્ય સંસ્થાની સ્થાપના ઇ.સ. ૧૯૪૮માં કરવામાં આવી છે. તેનું મુખ્યમથક સ્વિત્ઝરલેન્ડના જીનીવા ખાતે આવેલું છે. તે વિશ્વભરના લોકોની શારીરિક અને માનસિક તંદુરસ્તીની સુરક્ષા, લોકોના જીવન ધોરણમાં ગુણાત્મક સુધારો અને સુખાકારીમાં ઉત્તરોત્તર વધારો થાય તે માટે સતત કાર્યશીલ છે.

### (૯) આંતરરાષ્ટ્રીય મજદૂર સંગઠન (ILO):

આંતરરાષ્ટ્રીય મજદૂર સંગઠનએ સંયુક્ત રાષ્ટ્રસંઘની સૌથી જૂની એજન્સી છે.તેની સ્થાપના પ્રથમ વિશ્વયુદ્ધ બાદ ઈ.સ.૧૯૧૯માં કરવામાં આવી હતી. સામાજિક ન્યાયના આધાર પર સ્થાયી વિશ્વશાંતિ સ્થાપી શકાય છે તેવા ઉદ્દેશ સાથે કામ કરતી આ સંસ્થા સાથે હાલમાં ૧૮૭ સભ્યદેશો જોડાયેલા છે. સંસ્થાનું મુખ્યમથક સ્વિત્ઝરલેન્ડના જીનીવા ખાતે આવેલું છે. આંતરરાષ્ટ્રીય મજદૂર સંગઠનએ મજદૂરોનું હિત, કલ્યાણ, મજદૂરોની સમસ્યાઓ, સામાજિક સંરક્ષણ, કોઈપણ જાતના ભેદભાવ વગર તમામને રોજગારીની વધુ તકો ઉપલબ્ધ થાય, રોજગારની સલામતી, મજદૂરોના અધિકારોનું સંરક્ષણ અને સંવર્ધન, મજદૂરીના ધોરણો નિર્ધારિત કરવા, મજદૂરોનું શોષણ અટકાવવું, કામના પ્રમાણમાં યોગ્ય વેતન, મજદૂરોનું સ્વાસ્થ્ય,બાળ મજૂરી અટકાવવી, વેઠપ્રથા નાબૂદી વગેરે વિષયો પર આંતરરાષ્ટ્રીય ફલક પર પ્રશંસનીય કામ કરે છે.સંસ્થાને તેની ઉમદા કામગીરી માટે વર્ષ ૧૯૬૯માં નોબલ પારિતોષિક પણ એનાયત થયેલ છે.

આ ઉપરાંત કૃષિ અને ખાદ્ય સંગઠન **(FAO)**, સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ **(UNDP)**, સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ **(UNEP)**, આંતરરાષ્ટ્રીય સંદેશાવ્યવહાર સંઘ **(ITU)**, આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંઘ **(ICAO)**, આંતરરાષ્ટ્રીય આણ્વિક શક્તિ એજન્સી **(IAEA)**, યુનિવર્સલ પોસ્ટલ યુનિયન **(UPU)**, વગેરે જેવી એજન્સીઓ પણ પ્રશંસનીય કામગીરી કરી રહી છે.

## ૧૭.૪ સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુ.એન.)ની મર્યાદાઓ

સંયુક્ત રાષ્ટ્રસંઘે રાજકીય ક્ષેત્ર કરતાં પણ બિનરાજકીય ક્ષેત્રે ઘણી સફળતા હાંસલ કરીને માનવ સમાજની ઉત્તમ સેવા કરી છે. માનવ અધિકારોનું રક્ષણ, ગરીબી અને ભૂખમરાની પરિસ્થિતિમાંથી છૂટકારો, શિક્ષણ, આરોગ્ય, વિકાસ અને પર્યાવરણના ક્ષેત્રે સંયુક્ત રાષ્ટ્ર સંઘે નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેની સભ્યસંખ્યા,કાર્યોનો વ્યાપ અને લોકસ્વીકૃતિની દ્રષ્ટિએ સંયુક્ત રાષ્ટ્રસંઘે વિશ્વની સૌથી મોટી અને મહત્વની આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકેનું સ્થાન, દરજ્જો અને પ્રતિષ્ઠા હાંસલ કરી છે. આમ છતાં સાથે સાથે કહેવું જોઈએ કે સંયુક્ત રાષ્ટ્રસંઘની કેટલીક મર્યાદાઓ પણ છે.અહીં તેની કેટલીક મર્યાદાઓની ચર્ચા કરીએ.

(૧) સંયુક્ત રાષ્ટ્રસંઘમાં તમામ સભ્યોને સમાન પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું હોવા છતાં તેના પર મહાસત્તાઓ અને તેમાં પણ ખાસ કરીને યુ.એસ.એ.નું આધિપત્ય સ્થાપનાથી માંડીને આજદિન સુધી રહેવા પામ્યું છે. તેમજ મહાસત્તાઓ પોતાના હિતોને સંતોષવા સંયુક્ત રાષ્ટ્રસંઘનો રાજકીય મંચ તરીકે ઉપયોગ કરે છે. આથી કેટલાક અભ્યાસુઓ એવી આલોચના કરે છે કે યુ.એન. આંતરરાષ્ટ્રીય રાજકારણનું રંગમંચ બની ગયું છે. યુ.એસ.એ.જેવી મહાસત્તા પોતાના હિતો સાધવા યુ.એન.ના માધ્યમથી અને પોતાના નેતૃત્વ હેઠળ કોઈ સામે લશ્કરી પગલાં લેવા તૈયાર થાય તેવું પણ બનતું આવ્યું છે. આથી એવી ટીકા કરવામાં આવી કે મહાસત્તાઓએ પોતાનો અંગત સ્વાર્થ સાધવા યુ.એન.નો ભરપૂર ઉપયોગ કર્યો છે.

(૨) સલામતી સમિતિમાં પણ પાંચ જ કાયમી સભ્યોનું વર્ચસ્વ રહ્યું છે. તેમજ સલામાતી સમિતિના કાયમી સભ્યોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો નથી. સલામતી સમિતિનું વિસ્તૃતીકરણ કરીને તેના કાયમી સભ્યોની સંખ્યા વધારવામાં આવે તેવી માંગણી થઈ રહી છે.ભારત, બ્રાઝિલ, જાપાન અને જર્મની જેવી સત્તાઓ સલામતી સમિતિમાં કાયમી સભ્યપદની માંગણી કરી રહ્યાં છે.

(૩) સલામતી સમિતિમાં મહાસત્તાઓ દ્વારા વીટોનો પ્રયોગ પોતપોતાના રાષ્ટ્રીય હિતોને સંતોષવા થતો રહ્યો છે. મહાસત્તાઓ પોતાના હિતોને પોષે તેવા સલામતી સમિતિના પગલાંને સમર્થન આપે અને જો કોઈ મહાસત્તાને એમ લાગે કે સલામતી સમિતિની વિશ્વશાંતિ અને સલામતી

જાળવવાની કાર્યવાહી મહાસત્તાના હિતની વિરુદ્ધ છે તો તે વીટોનો ઉપયોગ પણ કરે. ખાસ કરીને યુ.એસ.એ.અને યુ.એસ.એસ.આર. વચ્ચે ચાલેલા ઠંડાયુદ્ધના સમયગાળા દરમ્યાન આવી સમસ્યા બહુ ગંભીર હતી. મહાસત્તાઓ વચ્ચે ચાલતા સત્તાના ગજગ્રાહના કારણે સંયુક્ત રાષ્ટ્રસંઘ ઈચ્છીત અને અપેક્ષિત ભૂમિકા ભજવી શકતું નથી.

(૪) સંયુક્ત રાષ્ટ્રસંઘ શાંતિ અને સલામતી જાળવવાનું કાર્ય તો કરે છે પરંતુ તે માટે તેની પાસે પોતાનું કાયમી લશ્કર નથી.તેણે સભ્યરાજ્યો પાસેથી સૈન્ય એકત્રિત કરવું પડે છે. યુ.એન.દ્વારા શાંતિ જાળવવાનાં મોટા લશ્કરી પગલાંઓમાં મહાસત્તાઓની મદદ લેવી પડે છે. આવા શાંતિ રક્ષક પગલાંઓમાં આધુનિક શસ્ત્રો અને તાલીમબદ્ધ એવા સૈનિકોની વધુ માત્રામાં અને વધુ સંખ્યામાં જરૂર પડે છે.તેમજ સૈનિકોનો રહેવા-જમવાનો પણ ખર્ચ થતો હોય છે.આથી આવા શાંતિ રક્ષક પગલાંઓ વધુ ખર્ચાળ પણ હોય છે.

## ૧૭.૫ સારાંશ

ઉપરોક્ત ચર્ચા પરથી કહી શકાય કે સંયુક્ત રાષ્ટ્રસંઘની થોડાઘણા અંશે મર્યાદાઓ હોવા છતાં વિશ્વ સમક્ષ અત્યારે યુ.એન.નો કોઈ વિકલ્પ નથી તે બાબત સ્વીકારવી પડે તેમ છે. તેમજ બિનરાજકીય ક્ષેત્રે યુ.એન.ની કામગીરી પ્રશંસાને પાત્ર છે. આપણાં દેશની વાત કરીએતો ભારત યુ.એન.નું સ્થાપક સભ્ય છે. ભારતે સંયુક્ત રાષ્ટ્ર સંઘને પહેલેથી જ સમર્થન આપ્યું છે. તેમજ ભારતે યુ.એન.ને આપેલા ટેકામાં સાતત્ય પણ જળવાઈ રહ્યું છે.ભારતે યુ.એન.ને આર્થિક તેમજ શાંતિ રક્ષક પગલાંઓમાં લશ્કરી સહયોગ પણ આપ્યો છે.

## ૧૭.૬ તમારી પ્રગતિ ચકાસો.

**૧. સંયુક્ત રાષ્ટ્રસંઘની રાજકીય ક્ષેત્રે મળેલી સફળતાઓ વર્ણવો.**

........................................................

........................................................

........................................................

........................................................

**૨. સંયુક્ત રાષ્ટ્રસંઘની બિનરાજકીય ક્ષેત્રે મળેલી સફળતાઓ વર્ણવો.**

........................................................

........................................................

........................................................

........................................................

**૩. સંયુક્ત રાષ્ટ્રસંઘની મહત્વની સંસ્થાઓ જણાવો.**

........................................................

........................................................

........................................................

........................................................

**૪. સંયુક્ત રાષ્ટ્રસંઘની કામગીરીની સમીક્ષા કરો.**

........................................................

........................................................

..............................................................

..............................................................

૫. સંયુક્ત રાષ્ટ્રસંઘની મર્યાદાઓ જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## ૧૭.૭ કેટલાંક ઉપયોગી પુસ્તકો


૧. પટેલ મંગુભાઈ રામદાસ : આંતરરાષ્ટ્રીય સંબંધો : ભાગ-૨, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૧૯૬૯.

૨. રાવલ આર. એલ. : આંતરરાષ્ટ્રીય સંબંધો : ભાગ-૧, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, તૃતિય આવૃત્તિ, ૧૯૯૪.

૩. Chase, Eugene P. (1950). The United Nations in Action, Mcgraw Hill Book Comp.Inc. New York.

૪. Nicholas H.G. (1962). The United Nations-As a Political Institutions, Oxford University Press, London, II Ed.

૫. United Nations (2015). Charter of the United Nations and Statute of the International Court of Justice, UN, DPI, New York.

૬. United Nations (2017). The Sustainable Development Goals, UN, DPI, New York.

૭. United Nations (2017). World Statistics Pocketbook 2017, UN, DESA, New York.

નોંધ

નોંધ

## નોંધ

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**Dr. Babasaheb Ambedkar Open University**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**